અશ્લીલતાથી દૂર રહી, સ્વચ્છતા અને સંસ્કારિતાને અપનાવી પ્રસિદ્ધ થતાં
'ગુજરાત ટુડે'
દૈનિકને સ્ત્રીઓ અને બાળકોને વંચાવવા ઘરમાં વસાવો.
(લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ દ્વારા જનહિતાર્થે પ્રકાશિત)

નીડર, નિષ્પક્ષ, નિઃસ્વાર્થ, નિપુણ, સેવાભાવી, સહયોગી, સુસ્પષ્ટ, સંસ્કારી પ્રતિભા સાથે પ્રસિદ્ધ થતું દૈનિક

ગુજરાત ટુડે

GUJARAT TODAY (Daily) તા.૧૭-૬-૨૦૨૨ શુક્રવાર AHMEDABAD SINCE-1991

કરન્સી માર્કેટ	
US.ડોલર	૭૮.૦૭
પાઉન્ડ	૯૭.૭૧
યુરો	૮૧.૬૫
સઉદી રિયાલ	૨૦.૮૧
સોનુ (૧૦ ગ્રા.૨૪ કૅરેટ)	૫૨,૪૨૦
ચાંદી (૧ કિલો)	૬૧,૧૫૦

Regd. No.Guj.168/2020-2022 Valid up to Dt. 31-12-2022 ● તંત્રી : મુસ્તુફાખાન ● E-mail : gujarattodaydaily@gmail.com
For Advertisement:gtadvt@yahoo.co.in • RNI. No. 48870/91 ● વર્ષ-૩૧ અંક-૩૧૮ ● ૧૬ ઝિલ્કદ હિજરી ૧૪૪૩ ● 17 JUNE - 2022 ● PAGES 12 ● ₹ ૬.૦૦

સેનાના ઉમેદવારોએ નોકરીની સુરક્ષા અને પેન્શન મુદ્દે ભારે ચિંતા વ્યક્ત કરતાં

અગ્નિપથ યોજના વિરૂદ્ધ જલદ પ્રદર્શન, ટ્રેનો સળગાવાઈ

ઉત્તરપ્રદેશ, હરિયાણા, મધ્યપ્રદેશ જેવા ભાજપશાસિત રાજ્યોમાં ભારે હિંસા, પોલીસ દ્વારા પ્રદર્શનકારીઓ પર ટિયરગેસનો મારો ચલાવાયો, લાઠીચાર્જ અને હવામાં ગોળીબારની પણ ઘટનાઓ સર્જાઈ

બિહારમાં અનેક રેલવે સ્ટેશનો અને ટ્રેનોને નિશાન બનાવાઈ, માર્ગો પર ચક્કજામ કરાયો, ભાજપના મહિલા ધારાસભ્યની કાર પર હુમલામાં પાંચ ઘાયલ, ધારાસભ્ય માંડ બચ્યા, રાજસ્થાનમાં હાઈવે, રેલવે ટ્રેક અવરોધાયા

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૬

સશસ્ત્ર દળો માટે કટ્ટરપંથી ભરતી યોજના અગ્નિપથ સામેના વિરોધ પ્રદર્શનો ગુરૂવારે હિંસક બની ગયા હતા કારણ કે, સેનાના ઉમેદવારોએ સતત બીજા દિવસે બિહાર સહિતના દેશના કેટલાક રાજ્યોમાં રેલ અને માર્ગ વ્યવહાર ખોરવ્યો હતો. કેટલાક સ્થળોએ ટ્રેનોને સળગાવી દેવાઈ હતી, રેલ અને માર્ગ વ્યવહાર ખોરવાઈ ગયો હતો, બસોની કાચની બારીઓ તોડાઈ હતી અને શાસક ભાજપ પક્ષ સહિત રાહદારીઓએ નવી ટૂંકાગાળાની યોજના પાછી ખેંચવા માટેની માગણી કરતાં આકોશિત યુવાનોએ પથ્થરમારો કર્યો હતો. હિંસક પ્રદર્શન હવે દેશના અનેક રાજ્યોમાં ફેલાઈ ગયો છે. બિહાર ઉપરાંત હરિયાણા, ઉત્તરપ્રદેશ અને રાજસ્થાનમાં પણ આ પ્રદર્શનો ઉગ્ર બની ગયા છે. હરિયાણાના પલવલ જિલ્લામાં સેનાના ઉમેદવારો દ્વારા પથ્થરમારો અને હિંસા કરાતાં ફોન ઈન્ટરનેટ અને એસએમએસ સેવા ૨૪ કલાક માટે સ્થગિત કરી દેવાઈ છે. હિંસક ટોળાએ માર્ગો પરના વાહનોને આગચંપી કરતાં કેટલાક રાજ્યોમાં પોલીસ દ્વારા હવામાં ગોળીબાર કરવામાં આવ્યો હતો. કેટલાક રેલવે સ્ટેશનો પર પ્રદર્શનો અને તોડફોડને કારણે બિહારમાં ૨૨ ટ્રેનો રદ કરવાની ફરજ પડી હતી અને પાંચ ટ્રેનોનો પ્રવાસ ટૂંકાવવો પડ્યો હતો તેમ પૂર્વ મધ્ય રેલવેએ જણાવ્યું હતું. બિહારના ભાભુઆ રોડ રેલવે સ્ટેશન પર લાઠીઓ ચલાવતા પ્રદર્શનકારીઓએ ઈન્ટરસીટી એક્સપ્રેસ ટ્રેનની કાચની બારીઓ તોડી નાખી હતી અને એક કોચને આગ ચાંપી દીધી હતી. 'ભારતીય સૈન્ય પ્રેમીઓ' એવા બેનર પકડીને તેઓએ નવી ભરતી યોજનાને નકારી કાઢવા સૂત્રોચ્ચારો કર્યા હતા. નવાડામાં કોર્ટમાં જઈ રહેલા ભાજપના ધારાસભ્ય અરૂણા દેવીની કાર પર આંદોલનકારીઓએ પથ્થરમારો કરીને હુમલો કર્યો હતો જેમાં ધારાસભ્ય સહિત પાંચ લોકો ઘાયલ થયા હતા. નવાડામાં ભાજપની ઓફિસમાં પણ તોડફોડ કરાઈ હતી. પોલીસ ફરિયાદ દાખલ કરવા માટે હચમચી ગયા હોવાનું જણાવતા ભાજપના આ ધારાસભ્યે કહ્યું કે, મારી કાર પર લાગેલા પાર્ટીના ઝંડાને જોઈને પ્રદર્શનકારીઓ ઉશ્કેરાઈ ગયા હતા અને તેને તેમણે ફાડી નાખ્યો હતો. મારા ડ્રાઈવર, બે સુરક્ષા કર્મીઓ અને અન્ય બે લોકો આ ઘટનામાં ઘાયલ થયા છે. બિહારના આરાહ રેલવે સ્ટેશન પર પોલીસ પર પથ્થરમારો કરનારા પ્રદર્શનકારીઓની વિશાળ ભીડને વિખેરવા માટે ટિયરગેસના શેલનો મારો ચલાવાયો હતો. વીડિયો ફૂટેજમાં દેખાય છે કે, રેલવે કર્મચારીઓ આગ બુઝાવવાના યંત્રોનો ઉપયોગ કરી રહ્યા છે જે પ્રદર્શનકારીઓ દ્વારા પાટાઓ પર ફર્નિચર ફેંકવા તથા તેને લગાવેલી આગને કાબૂમાં લેવાનો પ્રયાસ કરી રહ્યા છે. બિહારના જહાનાબાદમાં વિદ્યાર્થીઓએ પથ્થરમારો કર્યો હતો જેમાં પોલીસ સહિત અનેક લોકો ઘાયલ થયા હતા. પોલીસે રેલવે ટ્રેક પરથી તેમને ભગાવવા માટે પીછો કર્યો હતો જેઓ રેલવે વ્યવહારને રોકવા માટે પાટા પર ઉતરી પડ્યા હતા. રેલવે સ્ટેશન પર નાટ્યાત્મક દશ્યો જોવા મળ્યા હતા જેમાં પોલીસ અને પ્રદર્શનકારીઓ એકબીજા પર પથ્થરમારો કરી રહ્યા હતા. પોલીસે વિરોધ પ્રદર્શન કરનારાઓને ડરાવવા માટે તેમની તરફ બંદૂક પણ તાણી હતી. નવાડામાં યુવકોના એક જૂથે જાહેર ક્રોસિંગ પર ટાયર સળગાવ્યા હતા અને ઓફ ડ્યૂટી યોજનાને પરત ખેંચવાની માંગ કરતા નારેબાજી કરી હતી. તેમણે નવાડા સ્ટેશન પર પણ ટ્રેક જામ કરીને ટ્રેક પર ટાયરો સળગાવ્યા હતા. ઘટનાસ્થળેથી મળેલા વીડિયોમાં રેલવે સંપત્તિને નુકસાન પહોંચાડનારી ભીડમાંથી કેટલાક લોકો પીએમ નરેન્દ્ર મોદી અંગે અપશબ્દો બોલતા નજરે પડ્યા હતા. ટૂર ઓફ ડ્યૂટી યોજના અગ્નિપથમાં ચાર વર્ષની મર્યાદા માટે કરારના આધારે જવાનોની ભરતીનો પ્રસ્તાવ છે જે બાદ મોટાભાગના નોકરિયાતો માટે ગ્રેજ્યુઈટી અને પેન્શનના લાભ વિના અનિવાર્ય સેવા નિવૃત્તિનો પ્રસ્તાવ છે. નવી ભરતી યોજનાનો ઉદ્દેશ્ય સરકારના ભારે વેતન અને પેન્શન બિલોમાં કાપ કરવું અને હથિયારોની ખરીદી માટે નાણાં છૂટા કરવાનો છે. સહરસામાં રેલવે ટ્રાફિક બાધિત થવાથી રોકવા માટે પોલીસ દ્વારા પ્રદર્શનકારીઓનો પીછો કરાતાં વિદ્યાર્થીઓએ રેલવે સ્ટેશન પર પથ્થરમારો કર્યો હતો. હિંસક ટોળાએ છપરામાં પણ લાઠીઓ સાથે માર્ગો પર ઉતરી આવીને રાજ્યની બસોમાં તોડફોડ કરી હતી. પાડોશી ઉત્તરપ્રદેશ અને હરિયાણામાંથી પણ હિંસાના અહેવાલ મળ્યા હતા.

અગ્નિપથ વિરોધી દેખાવ એમપીના ગ્વાલિયર સુધી પહોંચ્યા, રેલવે સ્ટેશન પર તોડફોડ

સશસ્ત્ર દળો માટે નવી અગ્નિપથ ભરતી યોજનાનું વિરોધ પ્રદર્શન મધ્યપ્રદેશના ગ્વાલિયરમાં પણ પહોંચ્યું હતું જ્યાં બિરલાનગર રેલવે સ્ટેશન પર ભારે તોડફોડ જોવા મળી હતી. કચરાના ડબ્બાઓને આગ લગાવાઈ હતી અને તેમને રેલવે ટ્રેક પર ફેંકી દેવાયા હતા તથા કેટલીક ટ્રેનોની બારીઓના કાચ તોડી નખાયા હતા. રેલવે સ્ટેશન પર સ્ટેશન માસ્તરના રૂમમાં પણ તોડફોડ કરાઈ હોવાના વીડિયો સામે આવ્યા હતા. પ્રદર્શનકારીઓએ કંટ્રોલ સિસ્ટમ તોડી હોવાનો પણ આરોપ લગાવાયો હતો. બિહારના સારણ જિલ્લામાં આવેલા છપરામાં એક ટ્રેનની આગચંપીની ઘટના પછી ગ્વાલિયરમાં આ ઘટના બની હતી. પૂર્વના રાજ્ય બિહારમા અનેક શહેરોમાં ભારે હિંસા ભડકી હતી. વિરોધ પ્રદર્શનને કારણે ગુરગાંવ-જયપુર માર્ગ પરિવહન વ્યવહાર પણ ખોરવાયો હતો.

'અગ્નિપથ' યુવાઓમાં અસંતોષ વધારશે : ભાજપના સાંસદ વરૂણ ગાંધીની રાજનાથને ચેતવણી

કેન્દ્ર સરકારની અગ્નિપથ યોજનાની વિવિધ જોગવાઈઓ પર સવાલ ઉઠાવતાં ભાજપના સાંસદ વરૂણ ગાંધીએ ગુરૂવારે જણાવ્યું હતું કે, આના કારણએ યુવાઓમાં વધુ પ્રમાણમાં અસંતોષ ઉભો થશે. તેમણે સાથે જ સરકારને પોતાનુ વલણ સ્પષ્ટ કરવા જણાવ્યું હતું. ઉલ્લેખનીય છે કે, અગ્નિપથ યોજનાની ટૂંકાગાળાના કરાર આધારિત સૈનિકોની ભરતીની જોગવાઈ કરાઈ છે જેના કારણે તેમને ગ્રેજ્યુઈટી અને પેન્શન જેવા લાભો મળશે નહીં. સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહને લખેલા પત્રમાં વરૂણ ગાંધીએ જણાવ્યું હતું કે, યુવાઓએ સૈનિકોની ભરતી પ્રક્રિયામાં ધરમૂળથી પરિવર્તન અંગે તેમની સામે પ્રશ્નો અને શંકાઓ ઉપજાવી છે. જેમાં એવો પણ પ્રસ્તાવ છે કે, યોજના અંતર્ગત ૭૫ ટકા કર્મીઓ ચાર વર્ષમાં પેન્શન વિના જ સેવાનિવૃત્ત થઈ જશે. વરૂણ ગાંધીએ જણાવ્યું કે, ૭૫ ટકા સૈનિકો ચાર વર્ષમાં જ સેવાનિવૃત્ત થઈ જશે અને તેમની કુલ સંખ્યા દરેક વર્ષે વધતી જશે આનાથી યુવાઓમાં વધુ અસંતોષ ફેલાશે. તેમણે પૂછ્યું કે, આ સેવાનિવૃત્ત સૈનિકો માટે કઈ સંભાવનાઓ હશે જ્યારે કોર્પોરેટ ક્ષેત્ર ૧૫ વર્ષ બાદ સેવાનિવૃત્ત થનારા નિયમિત સૈન્ય કર્મીઓને પણ કામ પર રાખવામાં વધારે રસ દેખાડતા નથી. ચાર વર્ષની સેવા તેમની તાલીમને બાધિત કરશે અને તેમને બીજી નોકરી અથવા વધુ શિક્ષણ મેળવવામાં પણ મુશ્કેલીઓનો સામનો કરવો પડશે કેમ કે તેઓ સમાન યોગ્યતાવાળા લોકો કરતાં મોટા હશે ઉપરાંત તેમણે નાણાકીય મુશ્કેલીઓનો પણ સામનો કરવો પડશે. માત્ર છ મહિનાની પ્રાથમિક તાલીમવાળા આ સૈનિકો હાલના રેજિમેન્ટલ માળખાઓમાં અડચણનું કારણ બની શકે છે. રાજનાથસિંહને લખેલા પત્રમાં તેમણે કહ્યું કે, માત્ર ૨૫ ટકા અગ્નિવીર ચાર વર્ષ પછીચાલુ રહેશે જે યોજનાના પરિણામે તાલીમના ખર્ચની બરબાદી થશે અને સુરક્ષા બજેટ પર બિનજરૂરી બોજ પડશે.

તોડફોડની પ્રક્રિયા કાનૂન અંતર્ગત થઈ છે ? : સુપ્રીમની યોગી સરકારને નોટિસ

સુપ્રીમે કહ્યું; ડિમોલિશન પર મનાઈ ના મૂકી શકાય પણ સરકારો કાયદાની પ્રક્રિયાનું પાલન કરે

આગામી ત્રણ દિવસમાં યોગી સરકારને બુલડોઝર ચલાવવા મામલે જવાબ આપવા કહેવાયું

એવી પણ માહિતી મળી છે કે, બદલો લેવાની કાર્યવાહી થઈ રહી છે, આરોપ સાચા પણ હોઈ શકે, જે રીતે બુલડોઝર ફેરવાય છે ત્યાં કાયદાની પ્રક્રિયાનું પાલન જરૂરી : સુપ્રીમ કોર્ટ

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૬

ઉત્તરપ્રદેશમાં તોફાનોના કથિત આરોપીઓ સંબંધિત સંપત્તિઓને તોડી પાડવા મુદ્દે સર્જાયેલા ભારે વિવાદ વચ્ચે સુપ્રીમ કોર્ટે ગુરૂવારે જણાવ્યું હતું કે, તે આવા પગલાંઓ પર સ્ટે ના મૂકી શકે પણ સાથે રાજ્ય સરકારોને કહ્યું કે, તેઓ પ્રક્રિયાનું સંપૂર્ણ પાલન કરે. ઉત્તરપ્રદેશ સરકારી તંત્ર દ્વારા કાયદાકીય પગલાંનું પાલન કર્યા વિના આડેધડ એક જ સમુદાયની મિલકતો પર જે રીતે બુલડોઝર ફેરવાઈ રહ્યા છે તેની વિરૂદ્ધમાં જમિયત ઉલેમા-એ-હિંદ સંગઠન દ્વારા કાયદાકીય પ્રક્રિયા વિના આગળની ડિમોલિશનની કાર્યવાહી રોકવાની માંગ સાથે અરજી દાખલ કરાઈ હતી જેની સુનાવણી સુપ્રીમે ગુરૂવારે કરી હતી. સુપ્રીમ કોર્ટે યોગી આદિત્યનાથની સરકારને ત્રણ દિવસની અંદર એક સોગંદનામું રજૂ કરવા માટે આદેશ આપ્યો છે. સુપ્રીમ કોર્ટે આ સાથે જ આ અંગે આગામી અઠવાડિયે સુનાવણી રાખી છે. સુપ્રીમ કોર્ટે ઉત્તરપ્રદેશની યોગી સરકારને ત્રણ દિવસમાં સોગંદનામા સાથે જવાબ રજૂ કરવા કહ્યું છે જ્યારે બુલડોઝરની કાર્યવાહી રોકવા માટે કોઈ વચગાળાનો આદેશ આપ્યો ન હતો. આ મામલે હવે મંગળવારે સુનાવણી થશે. જસ્ટિસ એ.એસ. બોપન્ના અને જસ્ટિસ વિક્રમનાથની બેંચે આ સુનાવણી કરી હતી. અરજકર્તાઓ તરફથી વરિષ્ઠ વકીલ સી.યુ. સિંહે કોર્ટમાં સુનાવણી દરમિયાન કહ્યું કે, આ મામલો અત્યંત જરૂરી છે. ૨૧મી એપ્રિલના રોજ સુપ્રીમ કોર્ટે વચગાળાનો આદેશ જારી કર્યો હતો. આ માત્ર જહાંગીરપુરી માટે જ હતો, જેમાં યથાસ્થિતિ જાળવી રાખવાનું કહેવાયું હતું. પરંતુ યુપી મામલે નોટિસ કરાઈ જેમાં વચગાળાનો આદેશ અપાયો ન હતો. સિંહે કહ્યું કે, ઉત્તરપ્રદેશમા મકાનો અને દુકાનો ધ્વસ્ત કરાઈ રહી છે. નિવેદનો અપાઈ રહ્યા છે કે, આ ગુંડાઓ છે, આવા સમયે ધ્વસ્તીકરણ થઈ રહ્યું છે. તેમણે કહ્યું કે, જે યુપીમાં ચાલી રહ્યું છે તે ક્યારેય જોવામાં આવ્યું નથી. એટલે સુધી કે ઈમરજન્સીમાં પણ આવું થયું ન હતું. ગેરકાયદેસર ઠેરવીને બિલ્ડિંગો તોડી પાડવામાં આવી રહી છે. આરોપીના મકાનો તોડી પડાય છે. આ તમામ પાકા મકાનો છે. ઘણા ૨૦ વર્ષ કરતાં પણ જૂના છે. અનેક મકાનો અન્ય સભ્યોના નામે છે પણ તેમને પણ તોડી પડાયા છે. સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે પૂછ્યું કે, આમાં કાનૂની પ્રક્રિયાનું પાલન થયું છે ? જવાબમાં સિહે કહ્યું કે, કોઈ પ્રક્રિયા નથી થઈ. એક કેસમાં તો આરોપીની પત્નીના નામનું મકાન પણ ધ્વસ્ત કરી દેવાયું હતું. જમિયતને વકીલ સિંહે કહ્યું કે, કોર્ટે તરત કાર્યવાહી પર રોક લગાવે. જ્યારે જસ્ટિસ બોપન્નાએ કહ્યું કે, નોટિસો જારી થાય છે અમને તેની જાણકારી છે. યુપી તરફથી વરિષ્ઠ સોલિસિટર જનરલ તુષાર મહેતાએ કહ્યું કે, જહાંગીરપુરી મામલામાં કોઈપણ પ્રભાવિત પક્ષ અહીં હાજર નથી. જમિયતે સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરી છે અને એક રાજકીય પક્ષે અરજી દાખલ કરી છે. યુપી તંત્ર તરફથી હરીષ સાલ્વે પણ હાજર થયા હતા જેમણે પ્રયાગરાજમાં ૧૦મી મેના રોજ નોટિસ અપાઈ હતી. ૨૫મી મેના રોજ ડિમોલિશનનો આદેશ જારી કરાયો હતો. કાનપુરમાં પણ નોટિસ અપાઈ હતી. સુપ્રીમ કોર્ટે ત્યારબાદ યુપી સરકારને સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે, કોઈપણ તોડફોડની કાર્યવાહી કાનૂની પ્રક્રિયા અનુસાર થવી જોઈએ. રાજ્યએ સુરક્ષાની ખાતરી કરવી જોઈએ. એવા પણ અહેવાલ છે કે, આ બદલાની કાર્યવાહી છે. આ આરોપ સાચે પણ હોઈ શકે અને ખોટા પણ. જે રીતે મકાનો ધ્વસ્ત કરાય છે તે કાનૂની પ્રક્રિયાના પાલનમાં રહીને થવા જોઈએ. તુષાર મહેતાના સવાલ પર સુપ્રીમે કહ્યું કે, અમે પ્રક્રિયાના પાલન અંગે નોટિસ જારી કરીશું અને પહેલાં રાજ્ય સરકાર પોતાનો જવાબ રજૂ કરે. અમે તોડફોડ રોકવાના આદેશ જારી કરી શકતા નથી પરંતુ યુપી સરકારે કાનૂની પ્રક્રિયાનું પાલન કરવું પડશે.

ગેરકાયદેસર રીતે બુલડોઝર ના ફેરવો, સુપ્રીમની યોગી સરકારને ચેતવણી

સત્તાધારી ભાજપના સભ્યો દ્વારા પયગમ્બર હઝરત મુહમ્મદ (સ.અ.વ.) સાહેબ અંગે અપમાનજનક ટિપ્પણી કરવાના વિરોધમાં સામેલ લોકોને નિશાન બનાવીને ઉત્તરપ્રદેશમાં બુલડોઝર નીતિ લાગુ કરવાની વચ્ચે સુપ્રીમ કોર્ટે ગુરૂવારે જણાવ્યું હતું કે, ડિમોલિશન કાયદાની પ્રક્રિયા અંતર્ગત થવું જોઈએ અને તેમાં બદલાની ભાવના ના હોવી જોઈએ. પ્રયાગરાજ અને કાનપુર તંત્રને ત્રણ દિવસમાં સુપ્રીમ કોર્ટમાં આ અંગે જવાબ રજૂ કરવા કહેવાયું છે. સુપ્રીમના જજોએ કહ્યું કે, બધું નિષ્પક્ષ રીતે થવું જોઈએ, અમને આશા છે કે, તંત્ર કાયદાનું પાલન કરીને કાર્યવાહી કરશે. કોઈપણ અનિચ્છનિય ઘટના ના બને તેની સુરક્ષાની ખાતરી કરો. જમિયત ઉલેમા-એ-હિંદ દ્વારા દાખલ કરાયેલી અરજીમાં કહેવાયું કે, કોર્ટે યુપી સરકારને કહેવું જોઈએ કે, કાયદાનો ભંગ કરીને કોઈપણ કાર્યવાહી ના થાય તેનું ધ્યાન રાખવું જોઈએ. એવા આરોપો લગાવાયા છે કે, કાનપુર, સહારનપુર અને પ્રયાગરાજમાં વિરોધ પ્રદર્શનમાં સામેલ એક જ સમુદાયના લોકોને નિશાન બનાવીને ડિમોલિશનની કાર્યવાહી કરવામાં આવી છે. એવો પણ આરોપ લગાવાયો કે, મકાનો ધ્વસ્ત કરાયા પછી નોટિસો પાઠવાઈ હતી. આ બધું ગેરબંધારણીય અને આઘાતજનક રીતે થઈ રહ્યું છે. એક જ સમુદાયને નિશાન બનાવીને કરવામાં આવી રહ્યું છે.

'ભાજપની કેન્દ્ર સરકારે હિટલરની જેમ માત્ર ગેસ ચેમ્બર બાંધવાનું જ બાકી રાખ્યું છે' : શિવસેના

(એજન્સી) મુંબઈ, તા.૧૬

શિવસેનાએ દાવો કર્યો છે કે, ભાજપ માત્ર કોંગ્રેસના દિવંગત નેતાઓ પંડિત જવાહરલાલ નહેરૂ, ઈન્દિરા ગાંધી અને રાજીવ ગાંધીની યાદોને ભૂંસી નાખવા જ ઈચ્છતી નથી પરંતુ તે નહેરૂ-ગાંધી વંશની દરેક સંભાવનાઓને પણ 'નષ્ટ' કરવા માંગે છે. સેનાના મુખપત્ર 'સામના'ના સંપાદકીયમાં મની લોન્ડ્રીંગ કેસમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા કોંગ્રેસના વરિષ્ઠ નેતા રાહુલ ગાંધીની પૂછપરછ પર કેન્દ્ર પર આકરા પ્રહારો કરવામાં આવ્યા હતા. આ મરાઠી દૈનિકમાં કહેવામાં આવ્યું છે કે, રાહુલ ગાંધી પર સવાલ કરીને ભાજપ એ બતાવવાનો પ્રયાસ કરી રહી છે કે, તે કોઈનો પણ કોલર પકડી શકે છે, વ્યક્તિ ગમે તેટલો શક્તિશાળી હોય તે તેને હેરાન કરી શકે છે અને શિવસેનાએ તેને ભાજપનો સત્તાનો ઘમંડ ગણાવ્યો હતો. આ લેખમાં આક્ષેપ કરવામાં આવ્યો છે કે, ભાજપ કોંગ્રેસના દિવંગત નેતાઓ પંડિત જવાહરલાલ નહેરૂ, ઈન્દિરા ગાંધી અને રાજીવ ગાંધીની યાદોને ભૂંસી નાખવા જ ઈચ્છતી નથી પરંતુ તે નહેરૂ-ગાંધી વંશની દરેક સંભાવનાઓને પણ 'નષ્ટ' કરવા માંગે છે. આજે તેઓએ રાહુલ ગાંધીને હેરાન કર્યા છે અને સોનિયા ગાંધીને પણ કરી શકે છે, કાલે તે આની કોઈ પણ હોઈ શકે છે. ભાજપ માત્ર હવે પોતાના વિરોધીઓને ખતમ કરવા માટે હિટલર દ્વારા બાંધવામાં આવેલ ઝેરી ગેસ ચેમ્બર બનાવવા સિવાય બધુ કરી ચૂક્યો છે. આ સરકાર પાસેથી કાયદાની સમાનતા આશા કેવી રીતે રાખી શકાય ? આજે શિવસેના, રાષ્ટ્રીય જનતા દળ (RJD), સમાજવાદી પાર્ટી, ઝારખંડ મુક્તિ મોરચા, કોંગ્રેસ, તૃણમૂલ કોંગ્રેસ (TMC) જેવી પાર્ટીઓ અને તેના નેતાઓ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટના સ્કેનર હેઠળ છે, ત્યારે આ એજન્સી ક્યારેય ભાજપના રાજકારણી પર દરોડા પાડતી જોવા મળતી નથી. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટનું એકમાત્ર કામ મહારાષ્ટ્રના ભૂતપૂર્વ પ્રધાન અનિલ દેશમુખ, રાજ્ય પ્રધાન નવાબ મલિક (આ બંને હાલમાં જેલમાં છે), અભિષેક બેનરજી (ટીએમસી), સંજય રાઉત, અનિલ પરબ (બંને શિવસેના) અને લાલુ પ્રસાદ યાદવ (RJD) પર આરોપ કરવાનું છે. રાહુલ ગાંધીની નેશનલ હેરાલ્ડ મની લોન્ડ્રીંગ કેસમાં પૂછપરછના સતત ત્રીજા દિવસે બુધવારે ED સમક્ષ હાજર થયા હતા, આ એજન્સીએ મીડિયા સંસ્થા અને તેના માલિક યંગ ઈન્ડિયન અંગે નિર્ણય લેવામાં તેમની વ્યક્તિગત ભૂમિકા વિશે જવાબ માંગ્યો છે. કોંગ્રેસે દાવો કર્યો છે કે, આ કેસમાં કોઈ એફઆઈઆર અથવા નિર્ધારિત ગુનો નથી, જેના આધારે પ્રિવેન્શન ઓફ મની લોન્ડ્રીંગ એક્ટ (PMLA) હેઠળ કેસ દાખલ કરવામાં આવ્યો હતો અને રાહુલ ગાંધી અને તેમની માતા કોંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધીને સમન્સ મોકલવામાં આવ્યા હતા. શિવસેનાએ કહ્યું છે કે, એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ નેશનલ હેરાલ્ડ મની લોન્ડ્રીંગ કેસમાં એફઆઈઆરની નકલ પણ પ્રદાન કરી શક્યું નથી, જેની માંગ કોંગ્રેસના નેતા અને ભૂતપૂર્વ કેન્દ્રીય નાણાપ્રધાન પી.ચિદમ્બરમ્ દ્વારા કરવામાં આવી હતી, ન તો તેઓ તેમના દ્વારા પૂછવામાં આવેલા પ્રશ્નોના જવાબો આપી શકે છે.

સેનામાં જવા ઈચ્છુક ઉમેદવારો કેન્દ્રની અગ્નિપથ યોજનાનો વિરોધ શા માટે કરી રહ્યા છે

(એજન્સી) તા.૧૬

કેન્દ્ર દ્વારા તદ્દન નવી ટૂંકાગાળાની સેનાની ભરતી નીતિ, 'અગ્નિપથ'ની જાહેરાત કર્યાના અમુક કલાકો પછી જ આર્મીમાં નોકરી કરવા ઈચ્છતા ઉમેદવારોએ આ યોજના સામે વિરોધ કરવાનું શરૂ કર્યું હતું. આ સ્કીમના સ્પષ્ટીકરણોથી નારાજ આ વિદ્યાર્થીઓ ગુરૂવારે બીજા દિવસે પણ દેશના વિવિધ ભાગોમાં વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે. મોટાભાગના વિરોધીઓ એવા ઉમેદવારો છે જેઓ છેલ્લા બે વર્ષથી સંરક્ષણ ક્ષેત્રમાં પ્રવેશની રાહ જોઈ રહ્યા છે.

અગ્નિપથ યોજના હેઠળ સૈનિકોની ભરતી ૧૭.૫ થી ૨૧ વર્ષની વય મર્યાદામાં આશરે રૂા.૩૦,૦૦૦-૪૦,૦૦૦ના વેતન પર કરવામાં આવશે તેમાં મહિલાઓ પણ આ ભરતી યોજના માટે પાત્ર છે. અગ્નિવીરોએ સશસ્ત્ર દળોમાં નોંધણી માટે નિર્ધારિત તબીબી પાત્રતાની શરતોને પૂર્ણ કરવી આવશ્યક છે. અગ્નિપથ યોજના હેઠળ ભરતી કરાયેલા સૈનિકોને ચાર વર્ષ પછી સેવામાંથી મુક્ત કરવામાં આવશે, જો કે, નવી સિસ્ટમમાં સ્ક્રીનીંગના બીજા રાઉન્ડ પછી તેમાંથી લગભગ ૨૫ ટકાને સૈન્યમાં જાળવી રાખવાની જોગવાઈ છે.

ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ અને રાષ્ટ્રીય કૌશલ્ય લાયકાત ફ્રેમવર્ક જેવી માન્યતા પ્રાપ્ત તકનીકી સંસ્થાઓમાંથી વિશિષ્ટ કેમ્પસ ઈન્ટરવ્યુ સાથે આ ત્રણેય સેવાઓ માટે ઓનલાઈન કેન્દ્રીયકૃત સિસ્ટમ દ્વારા નોંધણી હાથ ધરવામાં આવશે. આ નોંધણી 'ઓલ ઈન્ડિયા ઓલ ક્લાસ' આધાર પર આધારિત હશે અને અગ્નિવીરોની શૈક્ષણિક લાયકાત વિવિધ શ્રેણીઓમાં નોંધણી કરવાની રહેશે. અગ્નિવીરોને ત્રણેય સેવાઓમાં લાગુ પડતા જોખમ મુજબ ભથ્થાઓ સાથે આકર્ષક કસ્ટમાઈઝ્ડ માસિક પેકેજ આપવામાં આવશે. આ ચાર વર્ષનો સગાઈનો સમયગાળો પૂરો થવા પર અગ્નિવીરોને એક વખતનું 'સેવા નિધિ' પેકેજ ચૂકવવામાં આવશે.

ઉમેદવારો આ યોજનાની ચાર વર્ષની સેવાની જોગવાઈ સામે આંદોલન કરી રહ્યા છે. વિરોધ કરી રહેલા સૈન્ય ઉમેદવારોએ કહ્યું કે, આ યોજનાથી ન તો નોકરી શોધનારાઓને અને ન તો દેશને તેનો લાભ મળશે. 'અગ્નિપથ યોજના' માં યુવાનોની સૌથી મોટી સમસ્યા એ છે કે, ચાર વર્ષ પછી ૭૫ ટકા યુવાનોએ તેમાંથી બહાર જવું પડશે. એક ઉમેદવારે કહ્યું કે, જે યુવક ૧૭.૫ વર્ષની ઉંમરે અગ્નિવીર બને છે તેની પાસે ન તો કોઈ પ્રોફેશનલ ડિગ્રી હશે કે ન તો કોઈ ખાસ લાયકાત હશે.' જો તેઓ ચાર વર્ષના મર્યાદિત સમયગાળામાં સારૂં પ્રદર્શન કરી શકશે નહીં તો આ સમયગાળા પછી, તેઓ ફરીથી પેન્શન અને અન્ય નિવૃત્તિ લાભો વિના બેરોજગાર થઈ જશે. આર્મીમાં જોડાવવાના ઈચ્છુકોએ જણાવ્યું હતું કે, આ યોજના માત્ર એક સપનું છે. સેનામાં જોડાવા માટે ઘણા લોકો વર્ષોથી સખત મહેનત કરે છે અને તૈયારી કરે છે. આવી સ્થિતિમાં તેઓ ચાર વર્ષની નોકરી સ્વીકારતા નથી. વિરોધ કરી રહેલા વિદ્યાર્થીઓએ સરકારને આ યોજના તાત્કાલિક પાછી ખેંચવાની અપીલ કરી છે. બિહાર, રાજસ્થાન, ઉત્તરપ્રદેશ, દિલ્હી અને મધ્યપ્રદેશ સહિત દેશના અનેક ભાગોમાં હિંસક વિરોધ ફાટી નીકળ્યો છે. બિહારમાં, જહાનાબાદ, બક્સર, મુઝફ્ફરાબાદ, ભોજપુર, સારણ, મુંગેર, નવાદા અને કૈમુર સહિત આઠ જિલ્લાઓમાં યુવાનો વિરોધ કરી રહ્યા છે. બિહાર, રાજસ્થાન અને ગુરૂગ્રામના ઉમેદવારોએ રેલ અને રોડ ટ્રાફિકને ખોરવી નાખ્યો હતો. રાજસ્થાનના સીકર અને ગુરૂગ્રામ અને રેવાડીના બિલાસપુર અને સિદ્રાવલી વિસ્તારોમાં સેંકડો યુવાનો રસ્તા પર ઉતરી આવ્યા હતા. વિરોધકર્તાઓ માંગ કરી રહ્યા છે કે, અગાઉ જે રીતે ભરતી કરવામાં આવતી હતી તે રીતે જ ભરતી કરવામાં આવે અને નવી યોજનાને પાછી ખેંચવામાં આવે. વિદ્યાર્થીઓ એ બાબતે પણ ચિંતિત છે કે, અગ્નિપથનો ઉપયોગ બંધારણીય રીતે મંજૂર કરાયેલા અનામત લાભોને દૂર કરવા માટે કરવામાં આવશે. અગાઉ, ૧૩ ઝોનલ રિક્રુટિંગ ઓફિસ (ZROs) દ્વારા સૈન્ય ભરતીનું આયોજન કરવામાં આવતું હતું. દાનાપુર ZRO સમગ્ર બિહાર અને ઝારખંડમાં ભરતી મેળાનું આયોજન કરે છે, જેમાં સૌથી તાજેતરમાં માર્ચ ૨૦૨૧માં મુઝફ્ફરપુરમાં આયોજન કરવામાં આવ્યું હતું.

મુસ્લિમ ધર્મગુરૂઓએ મુસ્લિમોને આજે શુક્રવારે દેશમાં શાંતિ જળવાઈ રહે તે માટે અપીલ કરી

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૬

કાલે શુક્રવાર છે અને મુસ્લિમો સામૂહિક નમાઝ માટે એકઠા થાય છે ત્યારે ગુરૂવારે મુસ્લિમ મૌલવીઓ અને ધાર્મિક નેતાઓએ શુક્રવારે મુસ્લિમ સમુદાયને શાંતિ જાળવવાની હાકલ કરી છે અને લોકોને વિનંતી કરી છે કે તેઓ કોઈપણ અફવાઓ પર ધ્યાન ન આપે અને ૧૭ જૂને કોઈપણ પ્રકારનો વિરોધ ન કરે. આ અપીલ પથ્થરમારો અને સૂત્રોચ્ચાર સહિતની હિંસાની અનેક ઘટનાઓ જે ગયા શુક્રવારે ૧૦ જૂનના રોજ સમગ્ર દેશમાં નોંધાઈ હતી તેને અનુસરીને કરવામાં આવી છે. ભાજપના નિલંબિત પ્રવક્તા નુપુર શર્મા અને પક્ષમાંથી હાંકી કાઢેલા નેતા નવીન કુમાર જિંદાલ દ્વારા કરવામાં આવેલી કથિત ટિપ્પણી સામે મુસ્લિમોએ વિરોધ કરવાનું શરૂ કર્યું હતું. આવતીકાલે શુક્રવારની નમાજ દરમિયાન શાંતિપૂર્ણ સ્થિતિ જાળવવા માટે પોલીસ અને વહીવટીતંત્રના અધિકારીઓએ બેઠક યોજી હતી. જમાત-ઉલામા-એ-હિંદના પ્રમુખ સુહૈબ કાસ્મીએ કહ્યું કે, ઈસ્લામ શાંતિનો ધર્મ છે અને આપણે તે મુજબ વર્તન કરવું જોઈએ. ઈસ્લામમાં, પયગમ્બર હઝરત મુહમ્મદ (સ.અ.વ.) સાહેબએ ક્ષમાના અનેક ઉદાહરણ સ્થાપિત કર્યા છે અને આપણે પણ તેનું પાલન કરવું જોઈએ. આવતીકાલે એટલે કે શુક્રવારે દેશભરમાં નમાઝ શાંતિપૂર્ણ રીતે યોજવામાં આવે એ સમગ્ર દેશમાં મુસ્લિમોએ ભાઈચારો, પ્રેમ અને અહિંસાનો સંદેશ આપવો જોઈએ. ગયા શુક્રવારે એટલે કે ૧૦ જૂને જે બન્યું તેનું પુનરાવર્તન ન થવું જોઈએ, જેથી દેશના મુસ્લિમો, ખાસ કરીને યુવાનો કોઈના દ્વારા ગેરમાર્ગે ન દોરાય. રાંચીના કાઝી-એ-શહર, મૌલાના મોહમ્મદ ફરીદીએ કહ્યું કેઃ રાંચી લોકોના ભાઈચારા અને એકતા માટે પ્રખ્યાત છે. અહીંના લોકો ખૂબ જ શાંતિથી રહે છે. હું તે રાંચીને ફરીથી જોવા માંગુ છું. હું લોકોને વિનંતી કરું છું કે તેઓ શુક્રવારની નમાજ પછી શાંતિથી ઘરે જાય અને કાયદો અને વ્યવસ્થાનું પાલન કરે. હું લોકોને વિનંતી કરું છું કે એવું કોઈ પણ પગલું ન ભરે જેનાથી આપણી અને આપણા રાજ્યની બદનામી થાય. તેમણે ખાસ કરીને યુવા પેઢીને રાજ્યમાં શાંતિ જાળવવા અપીલ કરી હતી. ઓલ ઈન્ડિયા શિયા પર્સનલ લો બોર્ડના પ્રમુખ મૌલાના તહઝીબુલ હસને જણાવ્યું હતું કે, ગયા શુક્રવારે અફવાઓ ફેલાઈ હતી જેણે લોકો વચ્ચે ભાઈચારા અને સૌહાર્દને અસર કરી હતી. મને ખાતરી છે કે આ શુક્રવારે પરિસ્થિતિ શાંતિપૂર્ણ રહેશે. હું પ્રાર્થના કરું છું કે પરિસ્થિતિ શાંતિપૂર્ણ રહે અને લોકોમાં એકતા જળવાઈ રહે. તેમણે લોકોને ભાઈચારાને નુકસાન પહોંચાડતી કોઈપણ અફવાઓ પર ધ્યાન ન આપવા અનુરોધ કર્યો છે. ગયા શુક્રવારે ઉત્તર પ્રદેશના કેટલાક ભાગોમાં સૂત્રોચ્ચાર અને પથ્થરમારા સહિત હિંસાની અનેક ઘટનાઓ નોંધાઈ હતી. પ્રયાગરાજમાં પોલીસ અને દેખાવકારો વચ્ચે અથડામણ થઈ હતી. ઉત્તર પ્રદેશના પ્રયાગરાજના અટાલા વિસ્તારમાં અથડામણ દરમિયાન પથ્થરમારો પણ કરવામાં આવ્યો હતો. ઉત્તર પ્રદેશના સહારનપુરમાં પણ જોરદાર વિરોધ જોવા મળ્યો હતો. રાંચીમાં ૧૦ જૂને શુક્રવારની નમાજ બાદ વિરોધ ફાટી નીકળ્યો હતો. આ વિરોધ હિંસક બનતા બે લોકોના મોત થયા હતા અને અન્ય કેટલાક લોકો ઘાયલ થયા હતા. આ વિરોધને પગલે ઈન્ટરનેટ સેવાઓ પણ બંધ કરી દેવામાં આવી હતી.

સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશને હાર્ટએટેક આવતા સારવાર માટે દિલ્હી ખસેડાયા : સૂત્રો

જસ્ટિસ શાહે એક ટૂંકા વીડિયો સંદેશમાં કહ્યું 'હું ઠીક છું'

(એજન્સી) તા.૧૬

સુપ્રીમના જસ્ટિસ અને ગુજરાત હાઈકોર્ટના પૂર્વ જજ એમ.આર. શાહને હિમાચલમાં બીમાર પડતા તેમને તાબડતોબ એર એમ્બુલન્સ દ્વારા દિલ્હી લઈ જવાયા હતા. હિમાચલમાં તેમને છાતીમાં દુઃખાવો ઉપડતા તેઓ બેચેન બન્યા હતા, તેમને હાર્ટએટેક આવ્યો હોવાનું જણાવાઈ રહ્યું છે. સુપ્રીમ કોર્ટ અને ચીફ જસ્ટિસ એન.વી. રમાન્ના આ ઘટનાને કારણે ચિંતિત બન્યા હતા અને તેમણે ગૃહમંત્રાલય સાથે વાત કરી હોવાનું પણ કહેવાઈ રહ્યું છે. સુપ્રીમ કોર્ટ આ ઘટનાને લઈને કેન્દ્રીય ગૃહ મંત્રાલયના સંપર્કમાં છે. જસ્ટિસ એમ.આર.શાહના અંગત સચિવે એએનઆઈને જણાવ્યું હતું કે, જસ્ટિસ શાહને છાતીમાં ખૂબ દુઃખાવો છે. તેમને એરલિફ્ટ કરીને દિલ્હી પહોંચાડવાની તૈયારી કરી લેવામાં આવી છે તેની વધુ સારવાર દિલ્હીમાં કરવામાં આવશે. જસ્ટિસ એમ.આર.શાહે ૧૯ જુલાઈના રોજ કહ્યું હતું કે, ૧૯૮૨માં તેમને વકીલ તરીકે નામાંકિત કરવામાં આવ્યા હતા. તેઓ ગુજરાત હાઈકોર્ટમાં સિવિલ, ક્રિમિનલ, કોન્સ્ટિટ્યુશનલ, ટેક્સેશન, લેબર, સર્વિસ અને કંપનીની બાબતોમાં પ્રેક્ટિસ કરતા હતા તેમજ જમીન, બંધારણીય, શિક્ષણમાં નિષ્ણાત હતા. શાહને ૭ માર્ચ, ૨૦૦૪ના રોજ ગુજરાત હાઈકોર્ટના એડિશનલ જજ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. ૨૨ જૂન, ૨૦૦૫ના રોજ તેમને કાયમી ન્યાયાધીશ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. ૧૨ ઓગસ્ટ ૨૦૧૮માં તેમને પટના હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા. ૨ નવેમ્બર ૨૦૧૮ના રોજ તેમને ભારતની સુપ્રીમ કોર્ટમાં નિયુક્ત કરવામાં આવ્યા હતા. જસ્ટિસ એમ.આર. શાહને દિલ્હીની એક હોસ્પિટલમાં દાખલ કરાયા હતા, જ્યાં તેમની તબિયત સારી હોવાનું જણાવાઈ રહ્યું છે. જસ્ટિસ શાહના કાર્યકાળને પૂર્ણ થવામાં હજુ એક વર્ષની વાર છે અને તેઓ ૧૫ મે ૨૦૨૩ના રોજ નિવૃત્ત થશે.

'રિટર્ન ગિફ્ટ વીડિયો વિવાદ'

જેલમાં યુવકો સાથે પોલીસકર્મીએ કરેલી મારપીટના વીડિયો અંગે સહારનપુર પોલીસે તપાસના આદેશો આપ્યા

યુપી પોલીસે અગાઉ આ વીડિયો અંગે કોઈ જાણકારી ન હોવાનું કહ્યું હતું

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૬

હિરાસ્તમાં યુવકોને માર મારવામાં હોવાના વાયરલ વીડિયો કેસમાં નવો વળાંક આવ્યો છે. સમગ્ર મામલામાં યુ-ટર્ન લેતા ઉત્તર પ્રદેશના સહારનપુરના એસપી રાજેશ કુમારે કહ્યું છે કે તેઓ વીડિયોની સત્યતા જાણવા માટે તપાસ કરી રહ્યા છે. જો વીડિયો સાચો જણાશે તો આરોપીઓ સામે ચોક્કસ કાર્યવાહી કરવામાં આવશે. એસપીનું આ નિવેદન આશ્ચર્યજનક છે કારણ કે ગઈકાલ સુધી તેઓ માનવા તૈયાર ન હતા કે આવી કોઈ ઘટના બની છે. તેમણે કહ્યું હતું કે અમને ખબર નથી કે આ વીડિયો ક્યાંનો છે, જો અમને આ અંગે કોઈ ફરિયાદ મળશે તો અમે જોઈશું કે આગળ શું કરી શકાય.

સત્ય જાણવા માટે તપાસ ચાલુ છે

આ સમગ્ર મામલે SSP આકાશ તોમરે કહ્યું કે, "સિટી એસપી વીડિયોની સત્યતા જાણવા માટે તપાસ કરી રહ્યા છે જેથી જો જરૂર પડે તો સમગ્ર મામલે કાર્યવાહી કરી શકાય. હકીકતમાં, શુક્રવારની નમાજ પછી હિંસાની ઘટના પછી, યુપી ભાજપના એક ધારાસભ્યએ ટ્વિટર પર પોલીસ દ્વારા નિર્દયતાથી માર મારવામાં આવેલા યુવાનોનો વીડિયો શેર કર્યો અને કહ્યું, 'તોફાનીઓને ભેટ પરત'(રિટર્ન ગિફ્ટ). અહીં સહારનપુરના એસપી રાજેશ કુમારે કહ્યું હતું કે આ મામલે કોઈ તપાસ થઈ રહી નથી, કારણ કે હજુ સુધી કોઈએ ફરિયાદ નોંધાવી નથી. ઉલ્લેખનીય છે કે ટ્વિટર પર શેર કરવામાં આવેલા વીડિયોમાં જોવા મળી રહ્યું છે કે બે જવાનો દ્વારા કરવામાં આવી રહેલા લાકડી ઓના મારથી નવ યુવકો બચવાનો પ્રયાસ કરી રહ્યા છે. તેમજ તેમને ત્યાંથી જવા દેવા માટે વિનંતી કરે છે.

અનેક જિલ્લાઓમાં હિંસક અથડામણ થઈ હતી

નોંધપાત્ર રીતે, ઉત્તર પ્રદેશ પોલીસે દેખાવકારો પર કડક કાર્યવાહી કર્યાના બે દિવસ બાદ આ વીડિયો વાયરલ થયો હતો. હકીકતમાં, ભાજપના સસ્પેન્ડેડ પ્રવક્તા નૂપુર શર્માએ પયગમ્બર મુહમ્મદ (સ.અ.વ.) સાહેબ અને ઈસ્લામ વિરૂદ્ધ વાંધાજનક અને સાંપ્રદાયિક ટિપ્પણી કર્યા પછી યુપીના કેટલાક જિલ્લાઓમાં હિંસક અથડામણો ફાટી નીકળી હતી. આ કેસમાં પોલીસે અનેક લોકોની અટકાયત કરી હતી. આ પછી જ આ વીડિયો સામે આવ્યો છે.

જેટ ફ્યૂલના ભાવો અત્યાર સુધીની સર્વોચ્ચ સપાટીએ પહોંચતા સ્પાઈસ જેટે હવાઈ ભાડામાં ૧૫ ટકા વધારો કરવાની માંગ કરી

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૬

ભારતમાં એવિયેશન ટર્બાઈન ફ્યૂલ (એટીએફ)ના ભાવ ઓલ-ટાઈમ હાઈ સપાટીએ પહોંચી ગયા છે જેના કારણે આગામી દિવસોમાં વિમાની ભાડામાં પણ જોરદાર વધારો થાય તેવી શકયતા છે. જેટ ફ્યૂલ મોંઘું થવાથી એરફેર પહેલેથી વધી ગયા છે ત્યારે હવે તેમાં વધુ ઉછાળો આવે તેવી શકયતા છે. એરલાઈન ઈન્ડસ્ટ્રીના નિષ્ણાતો માને છે કે, એટીએફના ભાવવધારા પછી હવાઈભાડામાં ઓછામાં ઓછા ૧૦થી ૧૫ ટકાનો વધારો થશે. દિલ્હીમાં હવે એટીએફનો ભાવ ૧૦૦૦ લિટર દીઠ ૧.૪૧ લાખ રૂપિયા છે જ્યારે કોલકાતામાં ૧.૪૬ લાખ રૂપિયા અને મુંબઈમાં ૧.૪૦ લાખ રૂપિયા છે. ચેન્નઈમાં ૧૦૦૦ લિટર એટીએફનો ભાવ રૂા.૧.૪૬ લાખ રૂપિયા છે. સ્પાઈસજેટના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર અજયસિંહે જણાવ્યું કે, એટીએફના ભાવમાં તીવ્ર વધારા અને રૂપિયાના મૂલ્યમાં જોરદાર ઘટાડા પછી ડોમેસ્ટિક એરલાઈન્સ પાસે એરફેરમાં તાત્કાલિક વધારો કરવા સિવાય બીજો કોઈ વિકલ્પ નથી. જો ૧૦થી ૧૫ ટકા સુધીનો વધારો કરવામાં નહીં આવે તો એરલાઈન્સ માટે કામગીરી ચલાવવી મુશ્કેલ બની જશે તેમ તેમણે કહ્યું હતું. વિમાનના પ્રવાસીઓએ હવેથી એર ટિકિટ માટે વધારે ખર્ચ કરવો પડશે. ૨૦૨૨માં એરફેરમાં તીવ્ર વધારો થયો છે. મે મહિનામાં કેટલાક ફેવરિટ રૂટ પર એરફેરમાં ૧૦થી ૭૫ ટકા સુધી વધારો થયો છે. છેલ્લા કેટલાક ક્વાર્ટરમાં એરલાઈન્સે ભારે ખોટનો સામનો કરવો પડ્યો છે. ભારતમાં એરલાઈન્સ ચલાવવામાં ૩૦થી ૪૦ ટકા જેટલો ખર્ચ એટીએફ પાછળ થાય છે. ફ્યૂલ મોંઘું થવાથી તેના નફાના માર્જિનને અસર થાય છે. રશિયા યુક્રેન યુદ્ધના કારણે એટીએફના ભાવમાં તીવ્ર વધારો થયો છે કારણ કે બજારમાંથી રશિયન ઓઈલ સાવ જતું રહ્યું છે. જૂન ૨૦૨૧થી અત્યાર સુધીમાં એટીએફના ભાવમાં ૧૨૦ ટકા કરતા વધુ વધારો થયો છે. આ વધારો ટકાવી શકાય તેમ નથી. ભારતમાં કેન્દ્ર સરકારે એટીએફ પરના ટેક્સમાં ઘટાડો કરવો જોઈએ કારણ કે, ભારતમાં ટેક્સના દર સૌથી ઊંચા છે તેમ એક્સપર્ટે જણાવ્યું હતું. દરમિયાન ઝારખંડ સરકારે એટીએફ પરના વેટમાં ઘટાડો કરવાનો નિર્ણય લીધો છે. અગાઉ એટીએફ પર ૨૦ ટકા વેટ લાગતો હતો, તેની જગ્યાએ હવેથી વેટનો દર ચાર ટકા કરવામાં આવ્યો છે.

સમગ્ર બિહારમાં અગ્નિપથ વિરૂદ્ધ ઉગ્ર પ્રદર્શનો થતાં ટ્રેનોમાં આગચંપી

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૬

કેન્દ્ર સરકારની સેનામાં ટૂંકા ગાળાની ભરતી અગ્નિપથ યોજના બહાર પડાતાં સતત બીજા દિવસે તેનો વિરોધ ચાલુ રહ્યો જ્યારે બિહારમાં ટ્રેનોમાં આગચંપી કરાઈ, બસોના બારીના કાચ તોડાયા, સત્તાધારી ભાજપના ધારાસભ્ય પર જીવલેણ હુમલો થયો અને પોલીસ તથા દેખાવકારો વચ્ચે પથ્થરમારો થયો હતો. રેલવે ટ્રેક બ્લોક કરનારા યુવાનોના ટોળાને વિખેરવા માટે પોલીસે ટિયરગેસના શેલ છોડ્યા હતા તથા લાઠીચાર્જ કર્યો હતો. જો કે પ્રદર્શનકારીઓએ રેલવે ટ્રેક અને માર્ગો પર ટાયરો સળગાવ્યા હતા અને કેન્દ્રની આ યોજનાનો જોરદાર વિરોધ કર્યો હતો. બિહારમાંથી વિવિધ સ્થળોએ જતી ૨૨ ટ્રેનો રદ કરવી પડી હતી જ્યારે કેટલીક ટ્રેનોના અંતર ટૂંકાવાયા હતા. જો કે, હિંસા બદલ પોલીસ ફરિયાદ કે ધરપકડોના મોડા સુધી કોઈ અહેવાલ મળ્યા ન હતા.

અગ્નિપથ યોજનાથી યુવાઓ રોષે ભરાયા, તેમને ફુલટાઈમ જોબ આપો : કેન્દ્રને કેજરીવાલે કહ્યું

(એજન્સી) તા.૧૬

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ ગુરૂવારે અગ્નિપથ યોજનાનો વિરોધ કરી રહેલા યુવાનોના સમર્થનમાં બહાર આવ્યા અને કેન્દ્ર સરકારને અપીલ કરી કે યુવાનોને માત્ર ચાર વર્ષ નહીં પણ જીવનભર દેશની સેવા કરવાની તક આપવામાં આવે. દાયકાઓ જૂની સંરક્ષણ ભરતી પ્રક્રિયામાં ધરમૂળથી ફેરફાર કરીને કેન્દ્ર સરકારે મંગળવારે આર્મી, નેવી અને એરફોર્સમાં સૈનિકોની ભરતી માટે 'અગ્નિપથ' યોજનાની જાહેરાત કરી, જે હેઠળ સૈનિકોની ટૂંકાગાળા માટે કરારના આધારે ભરતી કરવામાં આવશે. જે ચાર વર્ષના સમયગાળા માટે રહેશે. કેજરીવાલે ટ્વિટમાં કહ્યું કે, કેન્દ્ર સરકારને મારી અપીલ છે કે, યુવાનોને ચાર વર્ષ નહીં પણ આખી જિંદગી દેશની સેવા કરવાનો મોકો મળવો જોઈએ. છેલ્લા બે વર્ષથી સૈન્યમાં ભરતીની ગેરહાજરીને કારણે ઈચ્છુક યુવાનો લાયકાત કરતા મોટા થઈ ગયા છે, તેમને પણ તક આપવી જોઈએ. તેમણે કહ્યું કે, યુવાનો 'ક્રોધિત' છે અને સમગ્ર દેશમાં અગ્નિપથ યોજનાનો વિરોધ કરી રહ્યા છે. સરકારની આ જાહેરાતથી ખાસ કરીને બિહારમાં સેનામાં જોડાવાની ઈચ્છા ધરાવતા યુવાનોમાં ગુસ્સો છે. ગુરૂવારે બહારના દિલ્હીના નાંગલોઈ રેલવે સ્ટેશન પર એક ડઝનથી વધુ મહત્ત્વાકાંક્ષી યુવાનોએ પાટા પર સૂઈને ટ્રેનનો રૂટ બ્લોક કરી દીધો હતો. સેનાની ભરતીમાં કેન્દ્ર સરકારની નવી યોજના સામે દેશમાં દરેક જગ્યાએ વિરોધ થઈ રહ્યો છે. શ્રેણીબદ્ધ ટ્વિટમાં કેજરીવાલે કહ્યું, 'યુવાનો ખૂબ ગુસ્સે છે. તેમની માંગ એકદમ યોગ્ય છે. આર્મી આપણા દેશનું ગૌરવ છે, આપણા યુવાનો દેશ માટે પોતાનું આખું જીવન આપવા માંગે છે, તેમના સપનાઓને ચાર વર્ષમાં બાંધીને ના રાખો.'

અગ્નિપથ યોજનાના વધી રહેલા વિરોધ વચ્ચે સરકારે તે અંગે સ્પષ્ટતા જારી કરી

(એજન્સી) તા.૧૬

તાજેતરમાં જાહેર કરાયેલી અગ્નિપથ યોજના હેઠળ સશસ્ત્ર દળોમાં ટૂંકા ગાળાની ભરતીને લઈને દેશના મોટાભાગના ભાગોમાં વધી રહેલા વિરોધ વચ્ચે, સરકારી અધિકારીઓએ ગુરૂવારે આ યોજનાને લગતા તથ્યો અંગે એક નોંધ બહાર પાડી છે. આ નોંધમાં કહેવામાં આવ્યું છે કે તે એક ખોટો ખ્યાલ છે કે ૨૧ વર્ષની વયના લોકો અપરિપક્વ અને અવિશ્વસનીય હોય છે અને કોઈ પણ સમયે રેંક્માં અનુભવી લોકો કરતાં વધુ યુવાનો હશે નહીં. પ્રથમ વર્ષમાં ભરતી થનારી અગ્નિવીરોની સંખ્યા સશસ્ત્ર દળોના માત્ર ૩% હશે, આ નોંધમાં કહેવામાં આવ્યું છે કે, રેજીમેન્ટલ સિસ્ટમમાં કોઈ ફેરફાર કરવામાં આવી રહ્યો નથી. હાલની યોજના ફક્ત ખૂબ લાંબા ગાળે, યુવાનો અને અનુભવી સુપરવાઈઝરી રેન્કનું ૫૦%-૫૦%નું યોગ્ય મિશ્રણ લાવશે. નોંધમાં કહેવામાં આવ્યું છે કે તે ખોટી વાત છે કે આ નિર્ણયની જાહેરાત કરતા પહેલા સશસ્ત્ર દળોના ભૂતપૂર્વ અધિકારીઓ સાથે કોઈ પરામર્શ કરવામાં આવ્યો ન હતો. આ દરખાસ્ત લશ્કરી અધિકારીઓ દ્વારા કાર્યરત લશ્કરી અધિકારીઓના વિભાગ દ્વારા બનાવવામાં આવી છે. ઘણા ભૂતપૂર્વ અધિકારીઓએ આ યોજનાના ફાયદાઓ સમજાવ્યા છે અને તેનું સ્વાગત કર્યું છે. આવી ટૂંકા ગાળાની ભરતી પ્રણાલી મોટાભાગના દેશોમાં અસ્તિત્વમાં છે અને યુવા અને ચપળ લોકો સૈન્ય માટે શ્રેષ્ઠ માનવામાં આવે છે. વધુમાં, ચાર વર્ષ પછી આર્મીમાં પુનઃ ઈન્ડક્શન પહેલાં અગ્નિવીરોની કામગીરીનું પરીક્ષણ કરવામાં આવશે. તેથી, સેનાને સુપરવાઈઝરી રેંક માટે પરીક્ષણ અને અજમાયશ કરાયેલા કર્મચારીઓ મળશે. અગ્નવીર સમાજ માટે ખતરો બનશે અને આતંકવાદીઓ સાથે જોડાશે તે સત્ય નથી. આ ભારતીય સશસ્ત્ર દળોની નૈતિકતા અને મૂલ્યોનું અપમાન છે. જે યુવાનોએ ચાર વર્ષ સુધી કામ કરશે તેઓ જીવનભર દેશ માટે પ્રતિબદ્ધ રહેશે. અત્યારે પણ હજારો લોકો સશસ્ત્ર દળોમાંથી નિવૃત્ત થાય છે પરંતુ રાષ્ટ્રવિરોધી દળોમાં જોડાવાના કોઈ કિસ્સા સામે આવ્યા નથી. અગ્નિવીરોનું ભવિષ્ય અસુરક્ષિત છે તેવા દાવા અંગે કહેવામાં આવ્યું છે કે જેઓ ઉદ્યોગસાહસિક બનવા ઈચ્છે છે તેમને નાણાકીય પેકેજ અને બેંક લોન, વધુ અભ્યાસ માટે બ્રિજ કોર્સ, સેન્ટ્રલ આર્મ્ડ પોલીસ ફોર્સમાં નોકરીઓમાં પ્રાથમિકતા મળશે. એવો દાવો કરવામાં આવ્યો છે કે આ યોજનાને કારણે યુવાનો માટે તકો ઘટશે નહીં પરંતુ વધશે. આગામી વર્ષોમાં, અગ્નિવીરોની ભરતી સશસ્ત્ર દળોમાં વર્તમાન ભરતી કરતાં લગભગ ત્રણ ગણી હશે. શિક્ષણ મંત્રાલય દ્વારા એક અખબારી યાદીમાં જણાવાયું છે કે નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઓપન સ્કૂલિંગ (NIOS) સંરક્ષણ સત્તાવાળાઓ સાથે પરામર્શ કરીને એક વિશેષ કાર્યક્રમની સ્થાપના કરી રહી છે જેથી અગ્નિવીર જેમણે ધોરણ ૧૦ પાસ કર્યું છે તેઓ તેમના શિક્ષણને આગળ વધારી શકે અને કસ્ટમાઈઝ્ડ અભ્યાસક્રમો વિકસાવીને ધોરણ ૧૨ નું પ્રમાણપત્ર મેળવી શકે. સંરક્ષણ મંત્રાલયે ૧૪ જૂનના રોજ અગ્નિપથ યોજનાનું અનાવરણ કર્યું હતું, જે સૈનિકો, એરમેન અને ખલાસીઓની નોંધણી માટે સમગ્ર ભારતની મેરિટ-આધારિત ભરતી યોજના છે. આ યોજના હેઠળ, યુવાનોને ૪-વર્ષના સમયગાળા માટે સશસ્ત્ર દળોમાં અગ્નિવીર તરીકે સેવા આપવાની તક પૂરી પાડવામાં આવશે. અગ્નિવીરોની ભરતી ૧૭.૫થી ૨૧ વર્ષની ઉંમર વચ્ચે કરવામાં આવશે. જે ઉમેદવારો ધોરણ X અને XII પાસ છે તેઓ ભરતી પ્રક્રિયા માટે અરજી કરી શકે છે. અન્ય ભાજપ શાસિત રાજ્યોના મુખ્ય પ્રધાનો ઉપરાંત ઉત્તરાખંડના મુખ્ય પ્રધાન પુષ્કર સિંહ ધામીએ ગુરુવારે જણાવ્યું હતું કે આ યોજના રાજ્યના યુવાનો માટે એક સારી તક છે. ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે કહ્યું કે અગ્નિપથ યોજના યુવાનોના જીવનને નવું પરિમાણ આપશે. મુખ્યમંત્રીએ એમ પણ કહ્યું છે કે કેન્દ્ર સરકારની અગ્નિપથ યોજના હેઠળ ભરતી થયેલા સૈનિકોને રાજ્યમાં પોલીસ અને અન્ય સેવાઓમાં ભરતીમાં પ્રાધાન્ય આપવામાં આવશે.

કોટામાં ભાજપની કાર્યસમિતિની બેઠકમાં વિવાદ

વસુંધરા રાજે પક્ષની બેઠકમાં સંબોધન વગર નિકળી ગયા

રાજેને બેઠકમાં સંબોધનનો સમય હતો, ત્રીજા સત્રમાં ૨૫ મિનિટનું તેમનું સંબોધન લિસ્ટમાં નક્કી કરાયું હતું

(એજન્સી) કોટા, તા.૧૬

રાજસ્થાનના કોટા ખાતે ચાલી રહેલી બે દિવસીય બીજેપીની કાર્યસમિતિની બેઠકમાં પૂર્વ મુખ્યમંત્રી વસુંધરા રાજે પહોંચ્યા તો હતા પરંતુ સંબોધન કર્યા વગર જ ત્યાંથી નીકળી ગયા હતા. એવું જાણવા મળ્યું છે કે, આ બેઠકમાં તેમનું સંબોધન પ્રસ્તાવિત હતું. રાજે બુધવારે સવારે ૧૧:૦૦ વાગ્યે બેઠકમાં પહોંચ્યા હતા. લગભગ ૩ કલાકના કાર્યક્રમમાં હાજર રહ્યા બાદ સંબોધન કર્યા વગર જ ત્યાંથી નીકળી ગયા હતા. અહીં તેઓ તમામ પદાધિકારીઓ સાથે સ્ટેજ પર રહ્યા પરંતુ આખી બેઠક સુધી નહોતા રોકાયા. રાજેને બેઠકમાં સંબોધનનો સમય આપવામાં આવ્યો હતો. કાર્યસમિતિએ ત્રીજા સત્રમાં ૨૫ મિનિટનું તેમનું સંબોધન બીજેપીના કાર્યક્રમ લિસ્ટમાં નક્કી કર્યું હતું. તેમાં તેમનો વિષય હતો- ચાર રાજ્યોમાં ઐતિહાસિક વિજય પર અને મોદી સરકાર દ્વારા ૧૦ લાખ યુવાનોની ભરતીની નવી ઘોષણા તથા અગ્નિપથ ભરતી યોજના પર વડાપ્રધાનનું અભિવાદન. જોકે, વસુંધરા રાજે તે પહેલા જ લન્ચ દરમિયાન કાર્યક્રમ છોડીને ત્યાંથી નીકળી ગયા હતા. તેમણે પોતાનું સંબોધન પણ નહોતું આપ્યું. આ અગાઉ રાજે સાથે મંચ પર રાજ્યસભા સાંસદ અને પ્રદેશ ભાજપ પ્રભારી અરુણ સિંહ, સહ પ્રભારી ભારતી બેન સિયાલ, પ્રદેશ અધ્યક્ષ સતીષ પુનિયા, સંગઠન મંત્રી ચંદ્રશેખર, કેન્દ્રીય મંત્રી ગજેન્દ્ર સિંહ શેખાવત, કૈલાશ ચૌધરી, અર્જુન રામ મેઘવાલ, રાજસ્થાન વિધાનસભામાં વિપક્ષના નેતા ગુલાબચંદ કટારીયા, રાજેન્દ્ર રાઠોડ અને અલ્કા ગુર્જર ઉપસ્થિત હતા. પૂર્વ સીએમ વસુંધરા રાજેના અધવચ્ચે ચાલ્યા જવા પર બીજેપીના પ્રદેશ ઉપાધ્યક્ષ મુકેશ દાધીચને પૂછવામાં આવ્યુ તો તેમણે રાજેના કોઈ પણ પ્રકારના સંબોધનનો પ્રસ્તાવિત હોવાનો ઈનકાર કર્યો હતો. જોકે, કાર્યસમિતિની બેઠકના કાર્યક્રમના લિસ્ટમાં આ સંબોધન પ્રસ્તાવિત હતું. આને લઈને વિપક્ષના નેતા ગુલાબચંદ કટારીયાએ કહ્યું કે, આ વિશે હું કહી શકુ કે, વસુંધરા રાજે કાર્યક્રમમાંથી નીકળી ગયા હતા અને પરત નહોતા ફર્યા. ત્યાર પછીના સત્રમાં તેઓ હાજર નહોતા રહ્યા. તેમની અધવચ્ચે ચાલ્યા જવાનું કારણ તેઓ પોતે જ જણાવી શકે છે. બીજી તરફ જ્યારે સતીશ પૂનિયાને મીડિયા દ્વારા કાર્યકારી સમિતિ અને રાજે વિશે પૂછવામાં આવ્યું ત્યારે તેણે કંઈપણ કહેવાનો ઈનકાર કર્યો હતો.

સોફ્ટવેર કંપનીની જોબ છોડી ગધેડીના દૂધનો કારોબાર

કર્ણાટકનો યુવક ગધેડીનું દૂધ વેચીને ધૂમ કમાણી કરે છે

શ્રીનિવાસે ૪૦ ગધેડા રાખ્યા છે અને અત્યાર સુધીમાં તેને ૧૭ લાખ રૂપિયાના ઓર્ડર પણ મળી ગયા છે

(એજન્સી) બેંગલુરૂ, તા.૧૬

કોલેજનો અભ્યાસ કર્યા પછી સારી આઈટી કંપનીમાં વ્હાઈટ કોલર જોબ મળે તે મોટા ભાગના યુવાનોનું સ્વપ્ન હોય છે. પરંતુ કેટલાક લોકો આવી જોબને લાત મારીને કંઈક આશ્ચર્યજનક કરે છે અને તેમાં સફળતા પણ મેળવે છે. કર્ણાટકના દક્ષિણ કન્નડા જિલ્લામાં ૪૨ વર્ષીય એક વ્યક્તિએ સોફ્ટવેર કંપનીની જોબ છોડીને ગધેડીના દૂધનો કારોબાર શરૂ કર્યો છે. નવાઈની વાત એ છે કે તેને આ બિઝનેસમાં આઈટી કંપનીના પગાર કરતા વધુ કમાણી થાય છે. શ્રીનિવાસ ગોવડા નામની વ્યક્તિ પાસે ચાલુ વર્ષ સુધી જોબ હતી. ત્યાર બાદ ડોક્રી ફાર્મ સ્થાપીને ગધેડીના દૂધનો બિઝનેસ શરૂ કર્યો છે. શ્રીનિવાસે ૪૦ ગધેડા રાખ્યા છે અને અત્યાર સુધીમાં તેને ૧૭ લાખ રૂપિયાના ઓર્ડર પણ મળી ગયા છે. શરૂઆતમાં જે લોકો આ સાહસ માટે મજાક ઉડાવતા હતા તેઓ પણ હવે આ બિઝનેસને ગંભીરતાથી લઈ રહ્યા છે. શ્રીનિવાસ હવે જુદા જુદા પેકમાં ગધેડીનું દૂધ સપ્લાય કરવા માંગે છે. શ્રીનિવાસ એક આઈટી પ્રોફેશનલ છે અને તે ગધેડીના દૂધના ૩૦ મિલીનું પેકેટ ૧૫૦ રૂપિયામાં વેચે છે. એટલે કે એક લિટર દૂધનો ભાવ ૫૦૦૦ રૂપિયા જેટલો થયો. આ પ્રોડક્ટ મોલ, શોપ્સ અને સુપરમાર્કેટ દ્વારા વેચાય છે. બીએ ગ્રેજ્યુએટ થયેલા શ્રીનિવાસે સૌથી પહેલા ૨૦૨૦માં જોબ છોડીને એક ફાર્મ શરૂ કર્યું હતું જેમાં કૃષિ અને પશુઓના ઉછેરની વ્યવસ્થા હતી. લગભગ અઢી એકરની જગ્યામાં આ ફાર્મ શરૂ કરવામાં આવ્યું હતું. ગોવડા કહે છે કે અમે ગધેડીના દૂધનું વેચાણ શરૂ કર્યું છે જેના ઘણા બધા ફાયદા છે. અમારૂ સ્વપ્ન છે કે દરેક વ્યક્તિને ગધેડીનું દૂધ મળવું જોઈએ. ગધેડીના દૂધમાં જાદુઈ ઔષધીય ગુણો હોય છે. ચાલુ મહિનામાં જ શરૂ કરવામાં આવેલો આ ફાર્મ કર્ણાટકમાં આ પ્રકારનું પ્રથમ ફાર્મ છે અને આખા દેશમાં આવો બીજો ફાર્મ છે. હાલમાં માત્ર કેરળના અર્નાકુલમ જિલ્લામાં આવું એક ફાર્મ છે. શ્રીનિવાસ કહે છે કે મેં જ્યારે ડોક્રી ફાર્મ શરૂ કરવાની વાત કરી ત્યારે મોટા ભાગના લોકોએ મારી મજાક ઉડાવી હતી. તેઓ કહેતા હતા કે ભારતમાં ડોક્રી ફાર્મને ક્યારેય સફળતા નહીં મળે. તેમનો દાવો છે કે ગધેડીનું દૂધ બહુ સ્વાદિષ્ટ હોય છે, તેની બહુ કિંમત ઉપજે છે અને ઔષધિય ગુણોથી ભરપૂર હોય છે. ગધેડીના દૂધનો ઉપયોગ બ્યૂટી પ્રોડક્ટ બનાવવામાં થાય છે અને આગામી દિવસોમાં તેની ભારે માંગ જોવા મળે તેવી શક્યતા છે.

હૈદરાબાદમાં કોંગ્રેસના દેખાવો હિંસક થયા, અનેકની ધરપકડ

(એજન્સી) તા.૧૬

કોંગ્રેસે હૈદરાબાદમાં પણ રાજભવનને ઘેરવાની યોજના સાથે દેખાવોની શરૂઆત કરી હતી જે બાદમાં હિંસક બની ગયા હતા. આ દરમિયાન પોલીસે રાજભવનનો માર્ગ બ્લોક કરી દીધો હતો. કોંગ્રેસના કાર્યકરોએ આ દરમિયાન ટુ વ્હિલરને આગચંપી કરી હતી અને ટીએસઆરટીસી બસના કાચ તોડી નાખ્યા હતા. પોલીસકર્મીઓ કોંગ્રેસના કાર્યકરોને શાંત કરવાનો પ્રયાસ કરી રહ્યા હતા અને આ દરમિયાન જ સ્થિતિ તંગ બનતાં માથાકૂટ થઈ હતી. પોલીસકર્મીઓ કોંગ્રેસ કાર્યકરોને પાછળ ધકેલવાનો પ્રયાસ કરી રહ્યા હતા. આ દરમિયાન પોલીસે કોંગ્રેસ નેતા રેણુકા ચૌધરીની ધરપકડ કરવાનો પ્રયાસ કર્યો તો તેમણે પોલીસ સબ ઈન્સપેક્ટરનો કોલર જ પકડી લીધો હતો. તેલંગાણા કોંગ્રેસના વડા રેવંત રેડ્ડી, સીએલપી નેતા મલ્લુ ભટ્ટી વિક્રમાર્ક, ગીતા રેડ્ડી અને અન્ય નેતાઓ પણ દેખાવોમાં સામેલ થયા હતા જેમની ધરપકડ કરી લેવામાં આવી હતી અને તેમને શહેરના જુદા જુદા પોલીસ સ્ટેશનોએ લઈ જવાયા હતા. રાહુલ ગાંધીની ઈડી દ્વારા પૂછપરછના વિરોધમાં કોંગ્રેસ વતી રાજભવન ઘેરોની યોજના સાથે દેખાવોની શરૂઆત કરવામાં આવી હતી. પોલીસે આ દરમિયાન તેલંગાણા પ્રદેશ કોંગ્રેસ સમિતિના રાજભવન ઘેરો આહ્વાન પર રાજભવનની સુરક્ષા વધારી દીધી હતી.

સુપ્રીમ કોર્ટના પૂર્વ ન્યાયાધીશ પર ૧.૦૬ કરોડની કમાણીનું ખોટું રિપોર્ટિંગ કરવાનો આરોપ, પૂર્વ જજે એમ્નેસ્ટી સ્કીમનો લાભ લીધો હતો

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૬

સુપ્રીમ કોર્ટના ભૂતપૂર્વ ન્યાયાધીશ અને કાળા નાણાં પર વિશેષ તપાસ ટીમ (SIT)ના ઉપાધ્યક્ષ, ન્યાયાધીશ અરિજિત પસાયતે, ૨૦૨૦માં આવકવેરા વિવાદોના નિરાકરણ માટે સરકારની માફી યોજનાનો લાભ લીધો હતો. કાળા નાણાં પરની SITની અધ્યક્ષતા નિવૃત્ત જસ્ટિસ એમ.બી. શાહ કરી રહ્યા છે. ૨૦૧૪માં જસ્ટિસ પસાયતની નિમણૂક એ નરેન્દ્ર મોદી સરકારનો પ્રથમ કેબિનેટ નિર્ણય હતો. ૨૦૧૯માં આવકવેરા (I-T) વિભાગના કટક એકમે કથિત રીતે જસ્ટિસ પસાયતને એક આદેશ મોકલ્યો હતો જેમાં નોંધ્યું હતું કે, તેમણે ૨૦૧૭-૧૮ માટે તેમની આવક ૧.૦૬ કરોડનો ખોટી રીતે અહેવાલ આપ્યો હતો.

એક વર્ષ પછી જસ્ટિસ પસાયતે પોતે ડાયરેક્ટ ટેક્સ એક્ટ, ૨૦૨૦નો લાભ લીધો હતો, જેમાં વ્યક્તિઓએ વ્યાજ અથવા દંડની રકમ ચૂકવ્યા વિના, ફક્ત વિવાદિત રકમ ચૂકવવાની આવશ્યકતા દ્વારા પ્રત્યક્ષ કર ચૂકવવાના હોય છે. તેઓએ ૩૧ માર્ચ, ૨૦૨૦ પહેલા આવું કર્યું હતું. જો કે, આ યોજનાને ૨૦૨૧ સુધી લંબાવવામાં આવી હતી અને તેને VSV યોજના તરીકે ઓળખવામાં આવી હતી. નોંધનીય રીતે, અધિનિયમની કલમ ૯ જણાવે છે કે, નિયુક્ત સત્તાધિકારી ગુનાના સંદર્ભમાં કોઈ કાર્યવાહી કરશે નહીં અથવા કોઈપણ દંડ લાદવો અથવા વસૂલવો અથવા બાકી ટેક્સના સંદર્ભમાં આવકવેરા કાયદા હેઠળ કોઈપણ વ્યાજ વસૂલ કરશે નહીં. એક્સપ્રેસ રિપોર્ટ કટક I-T વિભાગના ૨૧ પાનાના આદેશમાંથી તારણોની વિગતો આપે છે, જે ૩૧ ડિસેમ્બર, ૨૦૧૯ના રોજ I-Tના ડેપ્યુટી કમિશનર દ્વારા પસાર કરવામાં આવ્યો હતો. આ ઓર્ડર દર્શાવે છે કે, જસ્ટિસ પસાયતની 'પરત' આવકમાં ૧,૦૬,૪૯,૭૬૦ રૂપિયા ઉમેરવામાં આવ્યા હતા. આ રકમ આર્બિટ્રેશન અને ડિસ્પ્યુટ રિઝોલ્યુશન વર્કમાંથી ખર્ચના વધારાના દાવા માટે ઉમેરવામાં આવી હતી. જો કે, આ આદેશ જણાવે છે કે, જસ્ટિસ પસાયતે બાદમાં 'વ્યવસાયિક આવક'ને બદલે 'અન્ય સ્ત્રોતોમાંથી આવક' તરીકે રકમનો સમાવેશ કર્યો હતો. વધુમાં આ ઓર્ડરમાં આઈટી વિભાગ દ્વારા તૈયાર કરાયેલા ભંડોળના પ્રવાહ અને દાવો કરાયેલા 'ખર્ચ' વચ્ચેનો મેળ પણ નોંધવામાં આવ્યો છે, જે વિવાદ અને આર્બિટ્રેશન કાર્ય માટે ૨.૦૧ કરોડ રૂપિયા છે. ભૂતપૂર્વ ન્યાયાધીશે દર્શાવ્યું હતું તેવા ખર્ચાઓને સાબિત કરવા માટે કોઈ બિલ અથવા વાઉચર બનાવવામાં આવ્યા ન હતા. વાસ્તવમાં જસ્ટિસ પસાયતના બેંક સ્ટેટમેન્ટમાં તેમની પુત્રીને આપવામાં આવેલી લોન અથવા ભેટ તરીકે ૧.૩૬ કરોડ રૂપિયાની ચૂકવણી જાહેર કરવામાં આવી હતી, જેનું વર્ણન સેન્ટ્રલ બ્યુરો ઑફ ઇન્વેસ્ટિગેશન (CBI)ના પબ્લિક પ્રોસિક્યુટર તરીકે કરવામાં આવ્યું હતું.

I-T વિભાગે IT એક્ટની કલમ ૨૭૦-એ(૧) હેઠળ ૧,૦૬,૪૯,૭૬૦ રૂપિયાની આવકની ખોટી જાણ કરવા બદલ દંડનિય કાર્યવાહી પણ શરૂ કરી હતી, જેની વિરૂદ્ધ ન્યાયમૂર્તિ પસાયતે અપીલ પણ કરી હતી.

VSV યોજના

અખબારના અહેવાલમાં કહેવામાં આવ્યું છે કે, ભૂતપૂર્વ ન્યાયાધીશે ૩૮.૨૮ લાખ રૂપિયાની 'વિવાદિત' કરની રકમ માટે VSV યોજના હેઠળ રૂા.૩૭.૯૦ લાખ ચૂકવ્યા હતા. આ વિવાદિત કરની ગણતરી રૂા.૧,૦૬,૪૯,૭૬૦ રિટર્ન આવકમાંથી ૩૦% વધારાના કર તરીકે કરવામાં આવી હતી; ૧૫% વધારાનો સરચાર્જ (રૂા.૪.૭૯ લાખ); ૩% શિક્ષણ અને ઉચ્ચ શિક્ષણ ઉપકર (રૂા.૧.૧૦ લાખ) અને I-T એક્ટ (૪૩,૬૧૬)ની કલમ ૨૩૪ હેઠળ વ્યાજ દર્શાવવામાં આવ્યું હતું. જસ્ટિસ પસાયતે પુષ્ટિ કરી હતી કે તેમણે VSV યોજના હેઠળ રૂા.૩૭.૯૦ લાખ ચૂકવ્યા હતા અને અખબારને એ પણ કહ્યું કે, તેમને ખબર નથી કે ખાનગી ૨૦૧૯ આવકવેરા ઓર્ડર કેવી રીતે લીક થયો હતો. તેમણે વધુમાં પુષ્ટિ કરી હતી કે તેમણે આ બાબતે અપીલ દાખલ કરી હતી પરંતુ બાદમાં ટેક્સ ચૂકવવા અને આ મામલો સમાપ્ત કરવા માટે VSV યોજનાનો લાભ લેવાની સલાહ આપવામાં આવી હતી તો હવે શા માટે સમાધાન થયેલો આ મામલો ઊઠાવવો જોઈએ?

અગ્નિપથ યોજના દેશના ભવિષ્ય અને યુવાઓ માટે ઘાતક સાબિત થઈ શકે છે : અખિલેશ યાદવ

અગ્નિપથ કે અગ્નિવીર યોજના હેઠળ આર્મી, નેવી અને એરફોર્સમાં ચાર વર્ષના કરાર આધારિત સૈનિકોની ભરતી કરવાની જાહેરાત કરાઈ

(એજન્સી) તા.૧૬

બસપા પ્રમુખ માયાવતી બાદ સમાજવાદી પાર્ટીના વડા અખિલેશ યાદવે અગ્નિપથ યોજનાને લઈને કેન્દ્રની ભાજપ સરકાર પર આકરા પ્રહારો કર્યા છે. અખિલેશે કહ્યું કે, અગ્નિપથ યોજના યુવાનોના ભવિષ્યને બચાવવા માટે ઘાતક સાબિત થશે.

સપાના વડા અખિલેશ યાદવે ટ્વિટ કર્યું કે, દેશની સુરક્ષા ટૂંકાગાળાની અથવા અનૌપચારિક બાબત નથી, તેના માટે ખૂબ જ ગંભીર અને લાંબાગાળાની નીતિની જરૂર છે. લશ્કરી ભરતીને લઈને જે બેજવાબદારીભર્યું વલણ અપનાવવામાં આવી રહ્યું છે તે દેશના ભવિષ્ય અને દેશના યુવાનોના રક્ષણ માટે ઘાતક સાબિત થશે. અગ્નિપથથી માર્ગ પર આગ ન હોવી જોઈએ. અગ્નિપથ યોજના હેઠળ યુવાનોને પ્રથમ વર્ષ માટે ૪.૭૬ લાખનું વાર્ષિક પેકેજ મળશે. ચોથા વર્ષ સુધીમાં તે વધીને ૬.૯૨ લાખ થશે. આ સિવાય અન્ય જોખમ અને હાડમારી ભથ્થા પણ મળશે. ચાર વર્ષની

સેવા બાદ યુવાનોને ૧૧.૭ લાખ રૂપિયાનું સર્વિસ ફંડ આપવામાં આવશે. આના પર કોઈ ટેક્સ લાગશે નહીં. અગ્નિવીરોની ભરતી આખા દેશમાં હાથ ધરવામાં આવશે. તેમાં મેરીટમાં આવનાર યુવાનોની પસંદગી કરવામાં આવશે. પસંદ કરાયેલા ઉમેદવારો ૪ વર્ષ સુધી સેનામાં અગ્નિવીર તરીકે સેવા આપશે. અગ્નિવીર ચાર વર્ષની સેવા બાદ સેનાની નોકરી છોડી દેશે. આ પછી તે કુશળ નાગરિક તરીકે સમાજમાં શિસ્તબદ્ધ જીવન જીવી શકે છે.

મેરિટના આધારે અને સેનાની જરૂરિયાત મુજબ સેના ૨૫ ટકા અગ્નિવીરોને નિયમિત કેડરમાં સમાવી શકે છે. જવાનો હોલોગ્રાફિક્સ, નાઈટ, ફાયર કંટ્રોલ સિસ્ટમથી સજ્જ હશે. જવાનોના હાથમાં હેન્ડ હેલ્ડ ટાર્ગેટ સિસ્ટમ પણ આપવામાં આવશે. આ માટે ૧૦ અઠવાડિયાથી ૬ મહિના સુધીની તાલીમ આપવામાં આવશે. ૧૭થી સાડા ૨૧ વર્ષ સુધીના યુવાનો આમાં નોકરી મેળવી શકે છે.

અગ્નિપથ યોજના હેઠળ યુવાનો ચાર વર્ષ સુધી સેનામાં જોડાશે અને દેશની સેવા કરશે. સંરક્ષણ દળોના ખર્ચ અને આયુષ્ય ઘટાડવાના સરકારના પ્રયાસોનો આ એક ભાગ છે. ચાર વર્ષ બાદ ૮૦ ટકા સૈનિકોને રાહત મળશે અને સેના તેમને વધુ રોજગારીની તકો પૂરી પાડવામાં મદદ કરશે. દેશની સેવા કરનારા આવા પ્રશિક્ષિત અને શિસ્તબદ્ધ યુવાનો માટે વિવિધ કોર્પોરેશનો નોકરીઓ અનામત રાખવામાં પણ રસ લેશે.

રાષ્ટ્રપતિપદ માટેની ચૂંટણી દરમ્યાન તૃણમૂલ કોંગ્રેસને વિપક્ષી એકતાના કેન્દ્રબિંદુ તરીકે ઊભરવાની આશા

(એજન્સી) તા.૧૬

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીના પ્રયાસોના કારણે વિપક્ષી દળો રાષ્ટ્રપતિની ચૂંટણીમાં એક સંયુક્ત ઉમેદવાર ઉભો રાખવા માટે સંમત થયા છે તેવા સંજોગોમાં તેમની પાર્ટીને સંભવિત ગઠબંધનનું કેન્દ્રબિંદુ બનવાની આશા છે. મમતા બેનરજીએ બુધવારે નવી દિલ્હી ખાતે યોજેલી બેઠકમાં ૨૨ મોટી વિપક્ષી પાર્ટીઓમાંથી ૧૭ પાર્ટીઓના પ્રતિનિધિઓએ હાજરી આપી હતી. આ બેઠકની સાથે જ તૃણમૂલ સુપ્રીમોએ તેમની રાષ્ટ્રીય મહત્વાકાંક્ષાઓ પર ફરી ધ્યાન કેન્દ્રીત કર્યું છે. થોડા મહિના પહેલા જ ગોવા અને ત્રિપુરામાં તૃણમૂલને મળેલી હારને પગલે મમતા બેનરજીની આ મહત્વકાંક્ષાઓ શાંત પડી હતી. બે કલાક સુધી યોજાયેલી આ બેઠકમાં શિવસેના, સીપીઆઈ, સીપીઆઈ(એમ), સીપીઆઈ,(એમએલ), નેશનલ કોન્ફરન્સ, પીડીપી, જેડી (એસ), આરએસપી, આઈયુએમએલ, આરએલડી અને જેએમએમ હાજર રહ્યા હતા. જો કે ટીઆરએસ, આપ, અકાલી દળ અને એઆઈએમઆઈએમએ આ

બેઠકમાં હાજરી આપી ન હતી. આ બેઠક પછી તૃણમૂલના મુખ્ય પ્રવકતા સુખેન્દુ શેખર રોયે જણાવ્યું હતું કે વિપક્ષી પાર્ટીઓએ એક સંયુક્ત ઉમેદવારની જરૂરિયાત અંગે ચર્ચા કરી હતી. આ સંદર્ભમાં બેઠક સફળ રહી હતી. જો કે રાતોરાત કશું શકય નથી, પરંતુ આ એક યોગ્ય શરૂઆત હતી. રોયે આ પણ કહ્યું હતું કે રાષ્ટ્રપતિપદની ચૂંટણી પછી પણ આ પ્રયાસ આગળ વધારવામાં આવશે. રાષ્ટ્રપતિ પદ માટેના કુલ ૧૦.૮૬ લાખ મતોમાંથી ભાજપના નેતૃત્વવાળુ ગઠબંધન ૪૮ ટકા જેટલા મતો ધરાવે છે અને તેને આશા છે કે બિનજોડાણવાદી નીતિ ધરાવતી પ્રાદેશિક પાર્ટીઓ તેને સમર્થન આપશે. રાજકીય વિશ્લેષક બિશ્વનાથ ચકવર્તીએ કહ્યું હતું કે આ બેઠક કેટલીક હદ સુધી સફળ રહી હતી. તેમણે આ પણ કહ્યું હતું કે તૃણમૂલ અધ્યક્ષનો આ પ્રયાસ વિપક્ષી એકતાના કેન્દ્રમાં રહેલી કોંગ્રેસને દૂર કરવાનો છે.

અગ્નિપથ પર ચલાવીને યુવાઓની અગ્નિ પરીક્ષા ન લેવામાં આવે : રાહુલ ગાંધી

તાજેતરમાં કેન્દ્રની મોદી સરકાર દ્વારા લોન્ચ કરવામાં આવેલી અગ્નિપથ યોજના પર કોંગ્રેસ નેતાએ ટ્વિટરના માધ્યમથી આકરા પ્રહાર કર્યા, બિહાર અને અન્ય રાજ્યોમાં ભારે દેખાવો

(એજન્સી) તા.૧૬

કેન્દ્રની અગ્નિપથ યોજના પર બોલતા કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ એવું જણાવ્યું કે પીએમ મોદીએ દેશના બેરોજગાર યુવાનોનો અવાજ સાંભળવો જોઈએ. તેમણે કહ્યું કે, સરકારે યુવાનોની અગ્નિપથ પર ચલાવીને અગ્નિ પરીક્ષા ન લેવી જોઈએ તેને બદલે તેમનો અવાજ સાંભળવો જોઈએ. રાહુલ ગાંધીએ કહ્યું કે, છેલ્લા બે વર્ષથી નો રેન્ક, નો પેન્શન, નો ડાયરેક્ટ રિક્રુટમેન્ટ, ચાર વર્ષ બાદ પણ સુરક્ષિત ભવિષ્ય નહીં. આર્મી માટે સરકારે કોઈ આદર દર્શાવ્યો નથી. તેમણે કહ્યું કે, સરકારે દેશના બેરોજગાર યુવાનોનો અવાજ સાંભળવો જોઈએ. ઉલ્લેખનીય છે કે, જ્યારથી કેન્દ્ર સરકાર સેનામાં ભરતી માટે અગ્નિપથ યોજના લોન્ચ કરી છે ત્યારથી દેશમાં તેની સામે વિરોધ પ્રદર્શન શરૂ થયા છે. બિહાર અને યુપીમાં યુવાનો સરકારની આ યોજના સામે દેખાવ કરી રહ્યા છે અને તેને રદ કરવાની માંગ કરી રહ્યા છે. કેન્દ્ર સરકારે બુધવારે અગ્નિપથ યોજનાની જાહેરાત કરી છે જે હેઠળ ચાર વર્ષ માટે યુવાનોની સેનામાં ભરતી કરવામાં આવશે અને તે પછી તેમને ૧૧ લાખની રકમ આપીને નિવૃત્ત કરી દેવામાં આવશે. કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ સેનામાં ભરતી માટે 'અગ્નિપથ સ્કીમ'ને લઈને કેન્દ્ર સરકાર પર કટાક્ષ કર્યો છે. રાહુલે બુધવારે એક ટ્વિટમાં લખ્યું, 'જ્યારે ભારત બે મોરચે જોખમોનો સામનો કરી રહ્યું છે, ત્યારે અનિચ્છનીય અગ્નિપથ યોજના આપણા સશસ્ત્ર દળોની કાર્યકારી અસરકારકતાને નબળી પાડવા

જઈ રહી છે.' ભાજપ સરકારે આપણી સેનાની ગરિમાનું સન્માન કરવું જોઈએ. સમાધાન બંધ કરવું જોઈએ. પરંપરા, શૌર્ય અને અનુશાસન સાથે. અગાઉ રાહુલે ચીન કેસ, કોરોના, મોંઘવારી અને પેટ્રોલ-ડીઝલના ભાવને પહોંચી વળવામાં કેન્દ્ર સરકારની નિષ્ફળતાના મુદ્દે પણ કેન્દ્ર સરકાર પર આકરા પ્રહારો કર્યા છે. તેમણે પીએમ મોદીના આગામી દોઢ વર્ષમાં ૧૦ લાખ નોકરીઓ આપવાના નિવેદન પર ઝાટકણી કાઢી હતી. રાહુલે ટ્વિટમાં લખ્યું કે જેમ ૮ વર્ષ પહેલા યુવાનોને દર વર્ષે ૨ કરોડ નોકરીઓ આપવાનું વચન આપવામાં આવતું હતું, તેવી જ રીતે હવે ૧૦ લાખ સરકારી નોકરીઓનો વારો છે. પીએમ મોદી નોકરીઓનું સર્જન કરવામાં નહીં, પરંતુ નોકરીઓના નામે બનાવવામાં નિષ્ણાત છે.

બુલડોઝર રાજકારણ કોઈ સંજોગોમાં વ્યાજબી નથી તેના ૪ કારણો

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૬

ઉત્તરપ્રદેશ સરકાર દ્વારા પયગંબર મુહમ્મદ (સ.અ.વ.) પરની વિવાદાસ્પદ ટિપ્પણીને કારણે સસ્પેન્ડ કરાયેલા બીજેપી પ્રવકતા નૂપુર શર્માની વિવાદાસ્પદ ટીપ્પણીઓથી શરૂ થયેલા વિરોધ પ્રદર્શનો પરના હિંસક નિયંત્રણને પગલે, સત્તાવાળાઓએ વિરોધ કરી રહેલા ઘણા મુસ્લિમોના ઘરો તોડી પાડ્યા હતા. પ્રયાગરાજ ડેવલપમેન્ટ ઓથોરિટીએ રવિવાર, ૧૨ જૂનના રોજ જાવેદ મુહમ્મદનું ઘર તોડી પાડ્યું હતું. મુહમ્મદ વેલફેર પાર્ટી ઓફ ઈન્ડિયાના રાષ્ટ્રીય નેતા અને વિદ્યાર્થી કાર્યકર્તા આફરીન ફાતિમાના પિતા છે. આવી આ એક ઘટના નથી. દિલ્હીમાં જહાંગીરપુરી, મધ્યપ્રદેશના ખરગોન અને ઉત્તરપ્રદેશના અન્ય ભાગો સહિત દેશના ઘણા ભાગોમાં કથિત રીતે હિંસા ભડકાવનારા વિરોધીઓની ખાનગી મિલકતો તોડી પાડવામાં આવી હતી. ૧૪મી જૂને, સુપ્રીમ કોર્ટના ભૂતપૂર્વ ન્યાયાધીશો અને વરિષ્ઠ વકીલો દ્વારા ભારતની સર્વોચ્ચ અદાલતને એક પિટિશન પત્ર લખવામાં આવ્યો હતો અને ઉત્તર પ્રદેશ સરકાર દ્વારા મુસ્લિમ વિરોધીઓ કૃત્યો અંગે સુઓમોટો સંજ્ઞાન લેવા કોર્ટને અપીલ કરવામાં આવી હતી. અહીં કેટલાક એવા કારણો આપવામાં આવ્યા છે જેના કારણે કાયદાના નિષ્ણાતો માને છે કે સરકાર વિરોધીઓના મકાનો તોડી પાડવા એ ખોટી પ્રથા છે, અને તે કાયદાના શાસનની વિરૂદ્ધ છે અને નાગરિકોના મૂળભૂત અધિકારોની વિરૂદ્ધ છેઃ

૧. મુસ્લિમ સમુદાયને લક્ષ્યાંકિત કરતી ક્રિયાઓ

વિવિધ રાજ્ય વહીવટીતંત્રો દ્વારા વિવિધ સમયે હાથ ધરવામાં આવેલી આવી ડિમોલિશનની ઝુંબેશમાં લઘુમતી મુસ્લિમ સમુદાયને નિશાન બનાવવામાં આવ્યો હતો. આવા તમામ કિસ્સાઓમાં, માત્ર મુસ્લિમ લોકોના જ મકાનો જ તોડી પાડવામાં આવ્યા હતા, તેમના પર હિંસા આચરવાનો આરોપ લગાવવામાં આવ્યો હતો. જો કે દરેક કિસ્સામાં એ સ્પષ્ટ નથી કે હિંસા કોણે ભડકાવી હતી પરંતુ બંને સમુદાયના લોકો અથડામણમાં સામેલ હતા તે દર્શાવવા માટે પૂરતા પુરાવા ઉપલબ્ધ છે.

ભૂતપૂર્વ ન્યાયાધીશો દ્વારા સુપ્રીમ કોર્ટમાં કરાયેલી અરજીમાં આ પાસાને ખાસ ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. વિરોધીઓને સાંભળવાની અને શાંતિપૂર્ણ વિરોધમાં સામેલ થવાની તક આપવાને બદલે, યુપી રાજ્ય

વહીવટીતંત્રે આવા વ્યક્તિઓ સામે હિંસક પગલાં લેવાની મંજૂરી આપી હોવાનું જણાય છે. પોલીસ અને સત્તાવાળાઓએ જે સંકલિત રીતે કાર્ય કર્યું છે તે સ્પષ્ટ રીતે એવા નિષ્કર્ષ તરફ દોરી જાય છે કે આ ડિમોલિશન એ સામૂહિક ગેરન્યાયિક સજાનું એક સ્વરૂપ છે, જે રાજ્યની નીતિને ગેરકાયદેસર જાહેર કરે છે.

૨. ડિમોલેશન માટેની યોગ્ય પ્રક્રિયાઓ અનુસરવામાં આવી નથી

સત્તાવાળાઓ ગુનામાં સામેલ હોવાના આરોપમાં કોઈની મિલકત તોડી શકતા નથી. તેના પર કાર્યવાહી કરવા માટે કોર્ટનો આદેશ જરૂરી છે. ઘણા કિસ્સાઓમાં આ માટે નોટિસો જારી કરવામાં આવે છે, પરંતુ ડિમોલિશનનો સમય નક્કી કરવામાં આવે છે, અને ચોક્કસ સમુદાયને નિશાન બનાવવામાં આવે છે, જેમાં વિરોધીને અપીલ કરવાનો સમય પણ આપવામાં આવતો નથી. જો કોઈ આ વિવાદ મિલકત પર છે, તો પછી કોર્ટનો આદેશ જરૂરી છે, અને આ સંબંધિત વ્યક્તિને નોટિસ બજાવવી જરૂરી છે, પરંતુ કોઈ નોટિસ વિના અથવા અલગ ગુના માટે મિલકતને તોડી પાડવાની ક્રિયાઓ એ કાયદેસરત નથી.

૩. આ મુદ્દાને પહેલેથી જ કોર્ટમાં પડકારવામાં આવ્યો છે

બિલ્ડીંગ કાયદાના કથિત ઉલ્લંઘનના બહાના હેઠળ ઘરોને બુલડોઝિંગ કરવાનો મુદ્દો ત્રણ અદાલતો, સુપ્રીમ કોર્ટ, અલ્હાબાદ હાઈકોર્ટ અને મધ્યપ્રદેશ હાઈકોર્ટમાં નોંધપાત્ર પડકાર હેઠળ પેન્ડિંગ છે. મૂળભૂત અધિકારો અને યોગ્ય પ્રક્રિયાના ઉલ્લંઘનને ટાંકીને કાર્યવાહીને કોર્ટ સમક્ષ પડકારવામાં આવી છે. અગાઉના ડિમોલિશનનો ભોગ બનેલા લોકોએ કાયદેસરના કારણો વિના સત્તાવાળાઓ દ્વારા બુલડોઝરના મનસ્વી ઉપયોગ માટે પડકાર આપ્યો છે.

અલાહાબાદ હાઈકોર્ટના ભૂતપૂર્વ મુખ્ય ન્યાયાધીશ ગોવિંદ માથુરે ધ ઈન્ડિયન એક્સપ્રેસને જણાવ્યું હતું કે, જ્યારે રહેવાસીઓ કસ્ટડીમાં હોય ત્યારે રવિવારે ઘર તોડવું અસ્વીકાર્ય છે, આ આરોપીને અપીલ કરવાનો સમય આપવામાં આવતો નથી. આ કોઈ તકનીકી મુદ્દો નથી પરંતુ કાયદાના શાસનનો પ્રશ્ન છે.

૪. કાયદાના શાસનનું ઉલ્લંઘન છે

સત્તાધિકારીઓ દ્વારા યોગ્ય પ્રક્રિયા વિનાની કાર્યવાહી બંધારણની ભાવના અને કાયદાના શાસનનું ઉલ્લંઘન કરે છે. આરોપીઓને ડિમોલિશન અંગે કોર્ટમાં વાંધો ઉઠાવવા માટે સમય આપવામાં આવ્યો ન હતો. જ્યારે સુપ્રીમ કોર્ટે ઉત્તરપ્રદેશ સરકારને CAA વિરોધીઓ પાસેથી જાહેર મિલકતોને કથિત નુકસાનની વસૂલાત કરવાના આદેશો પાછા ખેંચવાનો આદેશ આપ્યો, ત્યારે સરકારે ૨૦૨૦ માં ઉત્તરપ્રદેશ રિકવરી ઓફ ડેમેજ ટુ પબ્લિક એન્ડ પ્રાઈવેટ પ્રોપર્ટી બિલ ઘડી કાઢ્યું હતું. આ રીતે રાજ્યએ શાંતિપૂર્ણ વિરોધ પ્રદર્શનો અને હિંસા ભડકાવનારાઓ પ્રત્યે પોલીસની નિષ્ક્રિયતા સાથે રાજ્યમાં તંગ પરિસ્થિતિ ઊભી કરી રહી છે. શાસક વહીવટીતંત્ર દ્વારા આવો ક્રૂર પ્રતિબંધ કાયદાના શાસનમો અસ્વીકાર્ય ઉલ્લંઘન છે અને તે નાગરિકોના અધિકારોનું ઉલ્લંઘન છે, અને બંધારણ અને રાજ્ય દ્વારા ખાતરી આપવામાં આવેલા મૂળભૂત અધિકારોની મજાક છે.

(સોઃ ટુ સર્કલ.નેટ)

પ્રયાગરાજ વહીવટીતંત્રે કથિત આરોપીઓના પોસ્ટરો લગાવ્યા અને તોડી પાડવા માટે વધુ ઘરોની ઓળખ કરી

(એજન્સી) તા.૧૬

ઈસ્લામ વિરૂદ્ધની ટિપ્પણી કરનાર ભાજપના પ્રવકતા વિરૂદ્ધ વિરોધ પ્રદર્શનમાં ભાગ લેનારા લોકોના ઘરોને તોડી પાડવા અંગે પ્રશ્નો ઊઠાવવામાં આવી રહ્યા હોવા છતાં પ્રયાગરાજ જિલ્લા વહીવટીતંત્રે વધુ એવા ૩૪ મકાનોની ઓળખ કરી છે જેને તોડી પાડવામાં આવશે અને એવા ૫૯ લોકોના પોસ્ટર લગાડવામાં આવ્યા છે જેઓ કથિત રીતે આ વિરોધમાં સામેલ હતા અને આ પોસ્ટર શહેરના અટલા વિસ્તારમાં મૂકવામાં આવ્યા છે. પોલીસ દાવો કરે છે કે, તેમની પાસે હિંસામાં ભાગ લેનારા લોકોના પુરાવા છે પરંતુ તેઓ તે વિસ્તારમાં રહે છે કે નહીં તે જાણતી નથી. તેથી આ પોસ્ટરો લગાવવામાં આવ્યા છે. એસએસપી અજયકુમારે કહ્યું છે કે, લોકો અમને આ લોકો વિશે માહિતી આપે તેવી અપેક્ષા રાખીએ છીએ.

કુમારે કહ્યું કે, પોલીસ આ ફરાર બદમાશો સામે વોરંટ જાહેર કરશે તે પછી પણ જો આ બદમાશો પોલીસ કે કોર્ટ સમક્ષ આત્મસમર્પણ નહીં કરે તો તેમના ઘરો તોડી પાડવામાં આવશે. તેમણે એમ પણ કહ્યું છે કે, જે લોકો બદમાશોને આશરો આપશે તેમની વિરૂદ્ધ પણ કેસ નોંધીને કાર્યવાહી કરવામાં આવશે. પ્રયાગરાજના અટલા વિસ્તારમાં હિંસાના સંબંધમાં પોલીસે અત્યાર સુધીમાં ૯૨ લોકોની ધરપકડ કરી છે. પોલીસનો દાવો છે કે, તેણે ૪૦ વધુ બદમાશોની પણ ઓળખ કરી લીધી છે પરંતુ તેઓ ફરાર છે. જિલ્લા પ્રશાસને પ્રયાગરાજ ડેવલપમેન્ટ ઓથોરિટી (PDA)ને આ કેસમાં ધરપકડ કરાયેલા લોકોની સંપત્તિની વિગતો તપાસવા કહ્યું છે. પીડીએએ ૩૪ મકાનોની ઓળખ કરી છે, જેનો દાવો છે કે, તે ગેરકાયદેસર રીતે બાંધવામાં આવ્યા

છે. આ ઘરોને લાલ નિશાનોથી ચિહ્નિત કરવામાં આવ્યા છે અને રહેવાસીઓને ડર છે કે, આ પણ તોડી પાડવામાં આવશે.

દરમિયાન, શહેરના અટલા વિસ્તારમાં ગયા શુક્રવારની હિંસાના કથિત મુખ્ય કાવતરાખોર, જાવેદ મોહમ્મદ ઉર્ફે જાવેદ પંપની નાની પુત્રી સુમૈયા ફાતિમાએ દાવો કર્યો હતો કે તેના પિતા નિર્દોષ છે અને તેણીએ આરોપ મૂક્યો છે કે, તેમને આ કેસમાં ફસાવવામાં આવ્યા છે. તેણીએ કહ્યું કે, મારા પિતા ક્યારેય કોઈ ગેરકાનૂની પ્રવૃત્તિમાં સામેલ થયા નથી, તે એક શાંતિ-પ્રેમાળ નાગરિક છે, લોકોને ખૂબ મદદરૂપ થાય છે અને હકીકતમાં પોલીસ અને જિલ્લાની પ્રસાશન સાથે તેમના હંમેશા સૌહાર્દપૂર્ણ સંબંધો હતા. સુમૈયાએ વધુમાં દાવો કર્યો હતો કે તેના પિતા શુક્રવારે ૧૦ જૂનના રોજ આખો દિવસ ઘરમાં હતા, માત્ર નમાઝ માટે નજીકની મસ્જિદમાં ગયા હતા અને અમે ઘરે તેમની સાથે લંચ લીધું હતું. સાંજે તે ફરીથી નમાઝ અદા કરવા ગયા હતા અને ઘરે પરત ફરતી વખતે પોલીસ તેઓને લઈ ગઈ હતી. લગભગ રાત્રે ૧૨:૩૦ વાગ્યે, મહિલા પોલીસ આવી હતી અને મારી માતા અને ફાતિમાને પોલીસ સ્ટેશન આવવા કહ્યું હતું. મીડિયા સાથે વાત કરતા તેણીએ આરોપ લગાવ્યો કે તેઓ વર્ષોથી હાઉસ ટેક્સ અને વોટર ટેક્સ ભરે છે પરંતુ હવે તેમનું ઘર રાતોરાત ગેરકાયદેસર બની ગયું છે. જાવેદના વકીલે કહ્યું છે કે, પ્રયાગરાજ ડેવલપમેન્ટ ઓથોરિટી (PDA)એ જે ઘર તોડી પાડ્યું છે તે તેમની પત્નીના નામે હતું અને તેના પિતાએ તેને ભેટમાં આપ્યું હતું. આ મિલકતના તમામ રેકોર્ડ દર્શાવે છે કે, આ મિલકત જાવેદ મોહમ્મદની નહીં પણ તેની પત્નીની માલિકીની છે. તેમણે એવો પણ દાવો કર્યો હતો કે તેણે કોર્ટમાં એવી પ્રાર્થના સાથે અરજી કરી છે કે, પીડીએ તેના ક્લાયન્ટ ફાતિમા માટે નવું મકાન બાંધી આપે અને ગેરકાયદેસર કૃત્ય માટે જવાબદાર પીડીએ અધિકારીઓને સજા કરે.

(સૌ. : નેશનલહેરાલ્ડ.ઈન્ડિયા)

ખ્વાજા યુનુસ કસ્ટોડિયલ ડેથ કેસ : ફરિયાદીને દૂર કર્યાના ૪ વર્ષ પછી નવા SPPની નિમણૂક

(એજન્સી) મુંબઈ, તા.૧૬

મહારાષ્ટ્ર સરકારે ખ્વાજા યુનુસના કથિત કસ્ટોડિયલ ડેથ કેસમાં સ્પેશિયલ પબ્લિક પ્રોસિક્યુટર (SPP)ને હટાવ્યાના ચાર વર્ષ પછી, નવા સ્પેશિયલ પબ્લિક પ્રોસિક્યુટરની નિમણૂક કરવામાં આવી છે. સ્પેશિયલ પબ્લિક પ્રોસિક્યુટર પ્રદીપ ઘરત બુધવારે ટ્રાયલ કોર્ટમાં પ્રથમ વખત હાજર થયા હતા. ઘરતની નિમણૂક માટેનું જાહેરનામું મંગળવારે બહાર પાડવામાં આવ્યું હતું. બુધવારે કોર્ટમાં કોઈ સાક્ષી હાજર ન હતા અને હવે કેસની સુનાવણી ૩ ઓગસ્ટ સુધી ટાળી દેવામાં આવી છે. એપ્રિલ ૨૦૧૮માં, અગાઉના ફરિયાદી, ધીરજ મિરાજકરને, યુનુસ પર કથિત રીતે હુમલો કરનાર કેસના પ્રથમ સાક્ષીની જુબાનીના આધારે વધુ ચાર પોલીસકર્મીઓ સામે કાર્યવાહી કરવાની માંગ કરતી અરજી દાખલ કર્યા પછી, તેમને બરતરફ કરવામાં આવ્યા હતા. રાજ્ય સરકારે અગાઉ ચાર પોલીસકર્મી ઓને આરોપી તરીકે ઉમેરવાની મંજૂરી આપી ન હતી. હાલમાં અન્ય ચાર પોલીસકર્મીઓ પુરાવાનો નાશ કરવા અને હત્યાના કેસનો સામનો કરી રહ્યા છે. છેલ્લા ચાર વર્ષમાં,

ટ્રાયલ કોર્ટે સીઆઈડીને ટ્રાયલ શરૂ કરવા માટે પગલાં ન લેવા બદલ ઝાટકણી કરી હતી, જે વિશેષ સરકારી વકીલની નિમણૂકના અભાવે અટકી ગઈ હતી. યુનુસની માતા, આસિયા બેગમે મિરાજકરને પુનઃસ્થાપિત કરવા માટે બોમ્બે હાઈકોર્ટનો સંપર્ક કર્યો હતો, પરંતુ તેણીને હટાવવામાં આવ્યા પછી પણ તે ચાલુ રાખવા માટે તૈયાર ન હતી. ત્યારબાદ, હાઈકોર્ટના નિર્દેશના આધારે, બેગમ દ્વારા રાજ્ય સરકારને ત્રણ વકીલોને વિશેષ સરકારી વકીલ તરીકે નિમણૂક માટે સૂચવવામાં આવ્યા હતા.હાઈકોર્ટે કહ્યું હતું કે રાજ્ય, તેની રીતે SPP તરીકે યોગ્ય ઉમેદવારની પસંદગી કરી શકે છે, ભલે તે બેગમ દ્વારા સૂચવેલા નામોમાંથી ન હોય. ૫૨ભણીના ૨૭ વર્ષીય સોફ્ટવેર એન્જિનિયર યુનુસની ઘાટકોપરમાં થયેલા બોમ્બ વિસ્ફોટ માટે અન્ય કેટલાક લોકો સાથે આરોપી તરીકે ધરપકડ કરવામાં આવી હતી.૨ ડિસેમ્બર, ૨૦૦૨ તેના કથિત સહ-આરોપીઓને બાદમાં વિશેષ અદાલત દ્વારા તમામ આરોપોમાંથી મુક્ત કરવામાં આવ્યા હતા. જ્યારે પોલીસે દાવો કર્યો હતો કે યુનુસ કસ્ટડીમાંથી ભાગી ગયો હતો, તેના તત્કાલીન સહ-આરોપી, જેઓ જાન્યુઆરીમાં ટ્રાયલ કોર્ટ સમક્ષ ફરિયાદ પક્ષના પ્રથમ સાક્ષી હતા, તેણે ૨જૂઆત કરી હતી કે તેણે ૬ જાન્યુઆરી, ૨૦૦૩ના રોજ યુનુસના કપડાં ઉતાર્યા હતા અને તેને માર મારતો જોયો હતો.તે દિવસ પછી તેને ક્યારેય જોયો નથી. ૨૦૦૩માં યુનુસના સહ-આરોપીની ફરિયાદના આધારે પોલીસકર્મીઓ વિરૂદ્ધ FIR નોંધવામાં આવી હતી. ચાર્જશીટમાં ૧૪ પોલીસકર્મીઓના નામ છે, પરંતુ રાજ્ય સરકારે તેમાંથી ૧૦ સામે કાર્યવાહીને મંજૂરી આપી નથી.

સુરતની દ.ગુ. યુનિ.માં

સેનેટ સભ્યોની ટર્મ આગામી ઓગસ્ટ માસમાં પૂર્ણ થતાં એબીવીપી દ્વારા ચૂંટણીની તારીખ જાહેર કરવા માંગ

વિદ્યાર્થી પ્રતિનિધિઓને વિદ્યાર્થીઓના પ્રશ્નો છોડીને રાજકારણમાં રસ પડ્યો હોઈ તેવું લાગે છે, શિક્ષણવિદોમાં ચર્ચા ઊઠી

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૧૬

નર્મદ યુનિવર્સિટીના સેનેટ સભ્યોની મુદત આગામી ઓગસ્ટ મહિનામાં સંપન્ન થતી હોવાથી ત્રણ સિન્ડીકેટ સભ્યોની ટર્મ પર પણ ગાજર લટકેલુ હોવાથી એબીવીપી દ્વારા ચૂંટણીની તારીખ જાહેર કરવા માટે રજૂઆત કરતા શિક્ષણવિદોમાંથી ચર્ચા ઉઠી છે કે વિદ્યાર્થી સંગઠનો વિદ્યાર્થીઓના પ્રશ્નોના બદલે ચૂંટણીમાં રસ લેતા થઇ ગયા છે.

નર્મદ યુનિવર્સિટીમાંથી સેનેટ સભ્યોની ટર્મ આગામી ૨૮ મી ઓગસ્ટના રોજ પૂર્ણ થાય છે. આથી જે સભ્યો સેનેટમાંથી સિન્ડીકેટ બન્યા હતા. તે સભ્યો જો યુનિવર્સિટી દ્વારા સમયસર સેનેટની તારીખ નહીં જાહેર કરે તો આપોઆપ સિન્ડીકેટ સભ્યમાંથી બરખાસ્ત થઇ જાય છે. યુનિવર્સિટીના સુત્રો જણાવે છે કે યુનિવર્સિટી દ્વારા સમયસર ચૂંટણી કરી દેવાય તો પણ આ ત્રણ સભ્યો કશ્યપ ખરચીયા, વિરેન મહિડા અને કનુ ભરવાડે ફરીથી સેનેટમાં ચૂંટાઇને સિન્ડીકેટની ચૂંટણી લડવાની રહે છે. અને આ ચૂંટણી પણ ત્રણેય ત્યારે લડી શકશે કે જયારે ચૂંટણી લડવા માટે તેમના નામો ફાઈનલ થશે ત્યારે? આથી સેનેટની ચૂંટણીને લઈને યુનિવર્સિટીમાં ચર્ચાઓ શરૂ થઈ છે. જેમાં આજે એબીવીપી દ્વારા કુલપતિને આવેદનપત્ર આપી રજુઆત કરી હતી કે ૨૮ મી ઓગસ્ટના રોજ સેનેટની ટર્મ પૂર્ણ થાય છે. ત્યારે નિયમાનુસાર ૫૬ દિવસ પહેલા જાહેર કરવાની હોય છે.આથી ઝડપથી ચૂંટણીની તારીખ જાહેર કરવા માંગ કરાઇ છે.આ માંગને લઈને શિક્ષણવિદોમાં ચર્ચા ઉઠી છે કે વિદ્યાર્થી પ્રતિનિધિઓને વિદ્યાર્થીઓના પ્રશ્નો છોડીને રાજકારણમાં રસ પડ્યો હોઈ તેવું લાગે છે. અને ચૂંટણી જાહેર નહીં કરે તો આંદોલન કરે તો નવાઇ નહીં ? વિદ્યાર્થીઓના અનેક પ્રશ્નો છે. આ પ્રશ્નો પર પણ ધ્યાન આપવુ જોઇએ. નર્મદ યુનિવર્સિટીના સુત્રો જણાવે છે કે અમદાવાદ અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં હજુ સુધી સેનેટનું ઈલેકશન થયુ નથી. જેમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં તો સેનેટનું ઈલેકશન નહીં થતા સભ્યોએ કોર્ટના દ્વાર ખખડાવ્યા છે. જેમાં યુનિવર્સિટી દ્વારા સમયસર મતદાર યાદી તૈયાર થઈ નહીં હોવાનું કારણ જણાવ્યુ છે. આમ નર્મદ યુનિવર્સિટી દ્વારા આગામી દિવસોમાં સેનેટના ઈલેકશનને લઈને શું કરે છે. તે જોવાનું રહ્યું.

મુખ્યમંત્રીની મુલાકાત બાદ

વડોદરા મનપા તંત્ર એકશનમાં ૩૨.૭૦ લાખના ખર્ચે પાણીની લાઈન

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૧૬

વડોદરા શહેરના આજવા રોડ સ્થિત એકતાનગર ખાતે મુખ્યમંત્રીએ ઓચિંતી મુલાકાત લીધી હતી અને સ્થાનિક લોકોના પ્રશ્નો સાંભળ્યા હતા. જેમાં પ્રાથમિક સુવિધાની સમસ્યા હોવાની રજૂઆત બાદ મુખ્યમંત્રીએ કોર્પોરેશનના તંત્રને જરૂરી કાર્યવાહી કરવા સૂચના આપી હતી.

મુખ્યમંત્રીની મુલાકાત બાદ કોર્પોરેશનના સ્થાયી સમિતિના અધ્યક્ષએ એકતા નગર ખાતે સ્થાનિક રહીશોને રૂબરૂ મળી પાણીની સમસ્યા હલ કરવા પ્રયત્ન કર્યો હતો. જેમાં અનેક ગરીબ લોકોએ વેરા ભરપાઇ કર્યા ન હતા તેમ જણાવ્યું હતું. રોડ વિસ્તારમાં આવેલી એકતા નગર ઝુંપડપટ્ટી ખાતે થોડા સમય પહેલા મુખ્યમંત્રીએ ઓચિંતી મુલાકાત લીધી હતી અને સ્થાનિક લોકોના પ્રશ્નો સાંભળ્યા હતા. જેમાં પ્રાથમિક સુવિધાની સમસ્યા હોવાની રજૂઆત બાદ મુખ્યમંત્રીએ કોર્પોરેશનના તંત્રને જરૂરી કાર્યવાહી કરવા સૂચના આપી હતી.

મુખ્યમંત્રીની મુલાકાત બાદ કોર્પોરેશનના સ્થાયી સમિતિના અધ્યક્ષએ એકતા નગર ખાતે સ્થાનિક રહીશોને રૂબરૂ મળી પાણીની સમસ્યા હલ કરવા પ્રયત્ન કર્યો હતો. જેમાં અનેક ગરીબ લોકોએ વેરા ભરપાઇ કર્યા ન હતા તેમ જણાવ્યું હતું. સ્થાનિક લોકોને વેરા ભરપાઇ કરવા અપીલ કરી હતી. જેમાંથી ૫૦ ટકા લોકોએ બાકી વેરાના રૂપિયા ૫૪ લાખ ભર્યા હતા. આ વિસ્તારની પાણી ડ્રેનેજની સમસ્યા હલ કરવા પણ ખાસ બજેટ ફાળવવામાં આવ્યું હતું. જેમાં આજે રૂપિયા ૩૨.૭૫ લાખના ખર્ચે ૨૦૦ મિલીમીટર પહોળી મુખ્ય પાણીની લાઈનનું ખાત મુહૂર્ત સ્થાયી સમિતિના અધ્યક્ષ હીતેન્દ્ર પટેલના હસ્તે કરવામાં આવ્યું હતું. જેમાં પ્રથમ તબક્કામાં ૮૫૦ મીટર લંબાઈની પાણીની લાઈન એકતાનગરમાં નાખવામાં આવશે. જેમાંથી ૩૭૫ જેટલા પરિવારને પાણીનું કનેક્શન પ્રાપ્ત થશે.

વડોદરામાં વડાપ્રધાનના આગમન પૂર્વે રાજકીય નેતાઓની ગાડી પરથી સાયરન ઉતારી લેવા રજૂઆત

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૧૬

વડોદરા કોર્પોરેશનમાં પદાધિકારીઓ પોતાનો મોભો દેખાડવા વાહન ઉપર સાયરન લગાડે છે. વાહન ઉપર સાયરન નહીં લગાડવાના સુપ્રીમ કોર્ટેના અવલોકનની અવગણના કરી સાયરન લગાડેલા વાહન સાથે ઉપસ્થિત રહેવાથી વડાપ્રધાનની ગરીમા ખરડાશે, જેથી તાત્કાલિક ધોરણે આવા વાહનો જપ્ત કરવાની સાથે સાયરન દૂર કરવા રજૂઆત કરવામાં આવી છે. પોલીસ કમિશનર, મ્યુનિસિપલ કમિશનર, કલેક્ટરને વડોદરા શહેરને પાઠવેલા આવેદનપત્રમાં વિશ્વામિત્રી બચાવો સમિતિએ જણાવ્યું હતું કે, વાહનો ઉપર સાયરન અને લાલ લાઈટ અંગે સુપ્રીમ કોર્ટના જસ્ટિસ જી.એસ. સંઘવી અને જસ્ટિસ સી. નાગપ્પનની બેંચ દ્વારા વર્ષ ૨૦૧૩માં એક અવલોકનમાં જણાવ્યું કે, 'વાહન ઉપર સાયરન અને લાલ લાઈટનો રાજકીય અને સેવાના સનદી અધિકારીઓએ પોતાનો મોભો બતાવવા માટે દુરૂપયોગ કરેલો છે અને આ તેમની 'રાજ મેન્ટાલીટી' દેખાડવાનો પ્રયાસ છે.' બેંચ દ્વારા એમ પણ અવલોકન કરવામાં આવેલું કે વાહન ઉપરના સાયરન અને લાલ લાઈટ રોકવા માટેની જવાબદાર ઓથોરિટીની ખૂબ ખરાબ અને આઘાત નિષ્ફળતા છે. વડોદરા મહાનગરપાલિકા ના સંચાલિત પ્રતિનિધિઓ પણ તેમને ફાળવેલી પાલિકાની ગાડીઓ ઉપર સાયરન લગાવી ફરે જ છે પણ કેટલાક તો સાયલન્ટ ઝોનમાં પણ લોકોમાં પોતાનો મોભો દેખાડવા સાયરન વગાડે છે. સુપ્રીમ કોર્ટે તો એમ પણ અવલોકન કરેલું કે 'નિયમોનુસાર સાયરન માત્રને માત્ર એમ્બ્યુલન્સ, ફાયર ફાયટર, બચાવ કામગીરી, પોલીસ વાહનો અને મોટર વ્હીકલ વિભાગના અધિકારીઓએ પણ માત્રે ફરજ દરમ્યાન જ વાપરવું જોઈએ,' આમ વાહન ઉપર સાયરન કે લાલ લાઈટ લગાવવાની માન્યતા કે લાયકાત ધરાવતા નહીં હોવા છતાંય સાયરન લગાવી ફરવું એ કાયદાનો સરેઆમ ભંગ તો છે જ પણ જયારે ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી વડોદરામાં જાહેરસભા કરવા આવી રહેલા છે. ત્યારે તેમની સાથે સુપ્રીમ કોર્ટના સાયરન અને લાલ લાઈટ નહીં લગાવવા અંગેના નિર્ણયની અવગણના કરીને સાયરન સાથેના વાહનો લઈને જોડાવું તે ભારતના વડાપ્રધાનની ગરીમાને નુકસાન કરે છે, જેથી વડોદરા શહેરમાં યોગ્યતા કે માન્યતા નહીં ધરાવતા લોકો પોતાના સરકારી વાહનો ઉપર ગેરકાયદેસર સાયરન લગાવી ફરે છે તે વાહનો જપ્ત કરવા તેમજ સાયરન દૂર કરવા કાર્યવાહીની માંગ છે.

ગ્રામ્ય સ્તરે પોષણની સેવાઓનો વ્યાપ વધારવા જંબુસરના સરપંચોનો તાલીમ કેમ્પ યોજાયો

જંબુસર, તા.૧૬

ગ્રામ્ય લેવલે પોષણની સેવાઓનો વ્યાપ વધારવા અને પોષણ સેવાઓની ગુણવત્તા સુધારવા જંબુસર તાલુકાના સરપંચોનો તાલીમ કેમ્પ અણખી ગાંધીઆશ્રમ ખાતે યોજાયો હતો. જિલ્લા પંચાયત ભરૂચના આદેશ અનુસાર તાલુકા પંચાયતના માર્ગદર્શન હેઠળ અલાઈવ અને થ્રાઈવ સંસ્થા દ્વારા ફોર ક્લાઉન્સ સંસ્થાના સહયોગથી બે દિવસીય તાલીમ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં પ્રોજેક્ટ કોર્ડીનેટર જીગરભાઈ બ્રહ્મભટ્ટ, હરગોવન પટેલે ઉપસ્થિત રહી તાલુકાના સરપંચોને માર્ગદર્શન પૂરૂં પાડવામાં આવ્યું હતું. બાળકો અને માતાનું પોષણ આરોગ્ય સારૂં બને તેમજ આંગણવાડી અને આરોગ્યલક્ષી સેવાઓ લાભાર્થી સુધી પહોંચે તે માટે તાલીમ કેમ્પ યોજાયો હતો.

પીજીવીસીએલ કોડીનારના કર્મચારીઓનું સન્માન કરવામાં આવેલ હતું. જે માર્ચ એન્ડિંગમાં રિકવરીની બેસ્ટ કામગીરી બદલ ઉના ડિવિઝન ઓફિસના એકઝીકયુટીવ એન્જીનીયર બી.બી. માણાવદરીયા, બી.જે. પટેલ તથા કોડીનારના ડેપ્યુટી એન્જિનિયર જે.બી. બારડના જુનિયર એન્જિનિયર રાઠવા, પટેલ તથા ભૂમિકાબેન ચૌહાણના હસ્તે તમામ કર્મચારીઓને શિલ્ડ તથા સર્ટિફિકેટ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. ૪૦ કર્મચારીઓને એપ્રિસીએટ સર્ટિ આપી સન્માનિત કરાયા હતા. આ સમગ્ર કાર્યક્રમનું એન્કરિંગ તેમજ સંચાલન તથા આયોજન દીપક એમ. ગોહિલ જુનિયર આસિસ્ટન્ટ દ્વારા કરવામાં આવેલ હતું. **(તસવીર : અલ્તાફ મુગલ, કોડીનાર)**

સાવરકુંડલામાં તેજસ્વી વિદ્યાર્થીઓને ઈનામ વિતરણ

સાવરકુંડલા લાયન્સ ક્લબ પરિવાર તરફથી હોશિયાર વિદ્યાર્થીઓને ઈનામ વિતરણ કાર્યક્રમ યોજાયો હતો. લાયન્સ ક્લબના પ્રમુખ કરસનભાઇ ડોબરિયા અને દેવચંદભાઈ કપોપરા, કમલભાઈ સેલાર અને ભરતભાઇ બોઘરા સહિતના લાયન્સના તમામ સદસ્યો હાજર રહ્યા હતા. કે.જી.થી કોલેજ સુધીના ૧થી ૩ ક્રમ મેળવેલ વિદ્યાર્થીઓને મહાનુભાવોના હસ્તે ઈનામ વિતરણ કરવામાં આવ્યું હતું. **(તસવીર : ઈદ્રીશ જાદવ, સાવરકુંડલા)**

નૂપુર શર્મા સામે સખત પગલાં લેવાની માંગ

સાણંદ તાલુકા મુસ્લિમ સમાજ દ્વારા પ્રાંત અધિકારીને આવેદનપત્ર અપાયું

(સંવાદદાતા દ્વારા)

વિરમગામ, તા.૧૬

સાણંદ તાલુકા મુસ્લિમ સમુદાય દ્વારા મામલતદાર કચેરી ખાતે પ્રાંત અધિકારીને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું અને નૂપુર શર્મા સામે સખત પગલાં લેવાની માંગ કરવામાં આવી છે.

જ્ઞાનવાપી મસ્જિદને લઈને ચાલી રહેલી ટીવી ડિબેટમાં ભાજપની પૂર્વ રાષ્ટ્રીય પ્રવક્તા નૂપુર શર્માએ આપેલા નિવેદનને લઈને વિવાદનો વંટોળ ઊભો થયો છે જે વિવાદ હજી પણ યથાવત્ જોવા મળે છે.

દેશભરમાં મુસ્લિમ સમાજ દ્વારા વિરોધ પ્રદર્શન કરવામાં આવી રહ્યું છે ત્યારે જમિઅતે ઉલમા-એ-હિન્દ (અર્શદ મદની) સાણંદ તાલુકા મુસ્લિમ સમુદાય દ્વારા મામલતદાર કચેરી ખાતે પ્રાંત અધિકારીને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું અને નૂપુર શર્મા સામે સખત પગલાં લેવાની માંગ કરવામાં આવી રહી છે. દિલ્હી ભાજપના નેતા નૂપુર શર્મા અને બીજા અન્ય નેતા કે જેઓએ નૂપુર શર્માને સમર્થન આપ્યું હતું તેઓની સામે કાર્યવાહી કરી અને નૂપુર શર્માને છ વર્ષ માટે પક્ષમાંથી સસ્પેન્ડ કરવાનો નિર્ણય પણ લીધો હતો અને બીજી તરફ દેશભરના મુસ્લિમ સંગઠનો દ્વારા નૂપુર શર્માનો અલગ-અલગ રીતે વિરોધ કરવામાં આવી રહ્યો છે.

મદ્રેસા-એ-ગુલશને રઝા દ્વારા

ધોળકામાં જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને રાહતદરે ચોપડાઓનું વિતરણ કરાયું

ધોળકા, તા.૧૬

ધોળકા ખાતે જી.કે. મ્યુનિસિપલ દવાખાના નજીક આવેલ મદ્રેસા-એ-ગુલશને રઝા દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ મદ્રેસામાં અને સ્કૂલોમાં અભ્યાસ કરતા જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓ માટે રાહતદરે ચોપડા વિતરણ કરવાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત હાલ ગરીબ અને જરૂરિયાતમંદ બાળકોને રાહતદરે ચોપડાઓનું વિતરણ ચાલુ છે. આ સંસ્થાના અગ્રણીઓ ઈલ્યાસભાઈ મીઠાવાળા અને ઇદરિશભાઈ ઘાંચીએ જણાવ્યું હતું કે હાલ કારમી મોંઘવારીમાં નાત, જાત કે કોમના ભેદભાવ વગર જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને ચોપડાઓનું રાહતદરે વિતરણ કરવામાં આવી રહ્યું છે. જેનાથી લોકોને ઘણી રાહત થઈ છે.

આણંદ જિલ્લામાં તા. ૨૧મી જૂને આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરાશે

આણંદ જિલ્લા કલેકટર મનોજ દક્ષિણીએ આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી અન્વયે યોજાયેલ પત્રકાર પરિષદને સંબોધતા જણાવ્યું હતુ કે, "માનવતા માટે યોગા" થીમ સાથે આણંદ જિલ્લામાં યોજાનાર યોગા દિવસની ઉજવણીમાં જિલ્લાની વિવિધ સ્વૈચ્છીક – સેવાભાવી અને ધાર્મિક સંસ્થાઓની સાથે જિલ્લાભરમાં શાળા, કોલેજ, આઈ.ટી.આઈ., પોલિટેકનિક, યુનિવર્સિટી, નગરપાલિકાની જાહેર જગ્યાઓ, સોસાયટી સહિત રમત-ગમતના મેદાનો સહિતના વિવિધ સ્થળો ઉપરથી અંદાજિત ૫ લાખ લોકો જોડાશે. **(તસવીર : ભુરહાન પઠાણ, આણંદ)**

વડોદરામાં માધવનગરની જેમ કિશનવાડીના મકાનો પણ તૂટી પડે તેવી દહેશત

વિશ્વામિત્રી બચાવો સમિતિ દ્વારા વડાપ્રધાનને રજૂઆત

(સંવાદદાતા દ્વારા)

વડોદરા,તા.૧૬

વડોદરા નુર્મ યોજના હેઠળ નિર્માણ પામેલ માધવનગર આવાસ ૨૦૧૩માં ધરાશાહી થતાં ૧૧ નાગરિકોના મોત નિપજ્યાં હતા. આ દર્દનાક ઘટનાનું પુનરાવર્તન કિશનવાડી નુર્મ આવાસમાં થવાની દહેશત વિશ્વામિત્રી બચાવો સમિતિએ વ્યક્ત કરી ભ્રષ્ટાચારનો જીવતો જાગતો પુરાવો આપવા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને આવેદનપત્ર થકી રજૂઆત કરી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, બીએસયુપી હેઠળ કિશનવાડીમાં આશરે ૮૬ કરોડના ખર્ચે અંદાજે ૯૩ ટાવરોમાં ૩૧૦૦ જેટલા આવાસો માત્ર ૧૦ વર્ષમાં જ જર્જરિત થઈ જતા અનેક સવાલો ઉભા થયા છે.

વિશ્વામિત્રી બચાવો સમિતિએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને આવેદનપત્ર થકી જણાવ્યું છે કે, વર્ષ ૨૦૧૦ થી ૨૦૧૪ સુધી આપ મુખ્યમંત્રી રહ્યા હતા. આ દરમ્યાન રાજ્યમાં સ્લમ ફ્રી સીટી બનાવવા માટે કાચાપાકા મકાનો, ઝુપડા તોડી પુનઃવસન માટે જવાહરલાલ નહેરૂ નેશનલ અર્બન રીન્યુઅલ મિશન યોજના મુજબ કેન્દ્ર સરકારનો ૫૦ ટકા ફાળો, રાજ્ય સરકારનો ૨૦ ટકા ફાળો અને ૩૦ ટકા લાભાર્થીનો ફાળો આપ્યો હતો. વડોદરા કોર્પોરેશન દ્વારા રૂા.૮૬ કરોડના ટેન્ડર બહાર પાડી, કોન્ટ્રાક્ટ આપી, કિશનવાડી વિસ્તારમાં નુર્મ યોજના હેઠળ આશરે ૯૩ જેટલા ટાવરોમાં ૩૧૦૦ આવાસો સહીત આંગણવાડીનું નિર્માણ કર્યું હતું. જે માત્ર ૧૦ થી ૧૨ વર્ષના સમયગાળામાં જ જર્જરિત થઇ ગયા છે. આ આવાસોમાં એકાએક સ્લેબના મોટા ગાબડા પડે છે.ચોમાસામાં પાણી ઉતરશે તો અટલાદરાના માધવ નગરની જેમ ટાવર ધરાશાહી થઇ જમીનદોસ્ત થઇ જવાની અને નિર્દોષોની જાનહાની થવાની પુરેપુરી શક્યતા છે. પાણીની ટાંકીઓ તૂટી ગઈ છે. રોડ-રસ્તા અદ્રશ્ય છે. સાફસુકાઈના અભાવે આવાસો ભયંકર ગંદકી અને દુર્ગંધ થી ખદબદી રહ્યા છે. આંગણવાડી પણ જર્જરિત થઈ ગઈ છે .અગાઉ માધવ નગરના રહીશોએ પણ તેમના ઘરો તુટતા પહેલા, તૂટી જશે તેવી રજુઆત 'વુડા'ના ચેરમેન પાસે કરી હતી. જેને ધ્યાને નહિ લેતા જીવલેણ હોનારત સર્જાઈ હતી. તે પરિસ્થિતિનું આજે ફરી નિર્માણ થયું છે. વડોદરા શહેરમાં ૪૦ વર્ષથી બંધાયેલા નર્મદા ભવન, કુબેર ભાવ જેવા બહુમાળી સરકારી બિલ્ડીંગો છે, એમ.આઈ.જી. અને એલ.આઈ.જી.ના ફ્લેટ છે, સરકારી શાળાઓના બિલ્ડીંગો છે જેમાં કાંકરી સુદ્ધાંય ખરતી નથી તો આપના શાસનમાં કરોડો રૂપિયા ખર્ચી બંધાયેલા મકાનો માત્ર ૧૦ વર્ષમાં તૂટી ને પડી કેમ જાય છે ?

ગત મહિને મેયર અને મ્યુનીસીપલ કમિશ્નરે કિશનવાડી નુર્મના આવાસોમાં પહોચી આવાસોના બાંધકામની સ્થિતિના નિરીક્ષણના બદલે આવાસ પોતે માલિક છે કે ભાડુઆત તેનું ચેકિંગ કરી બે કુટુંબોને માત્ર કલાકોમાં મકાન ખાલી કરાવતા તેઓ રોડ પર આવી ગયા હતા.આમ, હજારો લોકોના જીવને જોખમમાં મુકનાર બાંધકામ કરનાર કોન્ટ્રાક્ટર એજન્સી, દેખરેખ રાખનાર કોર્પોરેશનના જવાબદાર તમામ અધિકારી, રાજ્ય સરકારના જવાબદાર તમામ અધિકારી, કિશનવાડી નુર્મ પ્રોજેક્ટ કન્સલ્ટન્ટ, થર્ડ પાર્ટી ઈન્સ્પેક્શન કરનારી એજન્સી, સહીત તમામ ઉપર ફોજદારી રહે પગલા ભરી તેમની સંપત્તિ પર ટાંચ મુકવામાં આવે તેમજ આ તમામ ૯૩ જેટલા ટાવરોના રહીશો ને રહેવા લાયક આવાસ બનાવી આપવામાં આવે તેવી માંગણી કરી છે.

લાજપોર જેલમાં કેદીના ગુદાના ભાગે છૂપાવેલ મોબાઈલ ફોન મળી આવતા પોલીસ ચોંકી ઊઠી

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૧૬

રાજ્યની અત્યંત આધુનિક ગણાતી લાજપોર મધ્યસ્થ જેલમાં શંકાસ્પદ હિલચાલને પગલે ઇલેક્ટ્રોનિક ઉપકરણથી ચેક કરતા હત્યા-લૂંટના ગુનામાં કેદ કાચા કામના કેદીના ગુદાના ભાગે છૂપાવેલો મોબાઈલ ફોન મળી આવ્યો હતો. પ્રાથમિક તપાસમાં ફોન નાર્કોટીક્સના ગુનામાં છ મહિનાથી કેદ આરોપીનો હોવાની કબૂલાત કરતા બંને વિરૂધ્ધ ફરીયાદ નોંધાવવામાં આવી છે.

લાજપોર મધ્યસ્થ જેલમાંથી મોબાઈલ ફોન મળવાનો સિલસીલો યથાવત રહેવા પામ્યો છે. પરંતુ આશ્ચર્યની બાબત એ છે કે, આ વખતે મોબાઈલ ફોન કેદીઓના બિસ્તર કે પછી સંડાશ-બાથરૂમની વેન્ટીલેશન બારી કે પછી ડ્રેનેજ લાઈનના પાઈપની પાછળથી નહીં પરંતુ કાચા કામના કેદીના ગુદાના ભાગમાંથી મળ્યો છે. ગત બપોર જેલના સુપરવિઝન સ્ટાફને યાર્ડ નં.૯માં શંકાસ્પદ હિલચાલ જણાય હતી. જેથી સુપરવિઝન સ્ટાફે જેલના જડતી સ્કોર્ડને જાણ કરી હતી. જડતી સ્કોર્ડ બેરેક નં. ૬માં કેદ પાંડેસરા પોલીસ સ્ટેશનનો હત્યા અને લૂંટના ગુનાનો કાચા કામના કેદી આકાશસિંગ ઉર્ફે અમરસિંગ અજીતસિંગ સુર્યવંશી (રહે. સુખીનગર, રાજ સિનેમા પાસે, પાંડેસરા) ના શરીર ઉપર નોન લિનીયર જંકશન ડિટેકટરથી ચેક કર્યો હતો. જેમાં તેના શરીરના ગુદાના ભાગે મેટલનું ઇલેકટ્રોનીક વસ્તુ હોવાનું જણાયું હતું. જેથી તેની તલાશી લેવામાં આવી હતી પરંતુ જડતી સ્કોર્ડને કોઇ વસ્તુ મળી ન હતી. જેથી આકાશસિંગને જેલ સ્થિત દવાખાનામાં લઇ જવામાં આવ્યો હતો. જયાં મેડીકલ સ્ટાફ દ્વારા તેની શારિરીક તલાશી લેતા ગુદાના ભાગે છૂપાવેલો કેચોડા કંપનીનો મોબાઈલ ફોન મળી આવ્યો હતો. ગુદાના ભાગે છૂપાવેલો ફોન મળી આવતા જેલનો સ્ટાફ ચોંકી ગયો હતો. આકાશસિંગની પૂછપરછ કરતા મોબાઈલ ફોન નાર્કોટીક્સના ગુનામાં કાચા કામના કેદ અરૂણ સાહેબરાવ મહાડીક (રહે. ૨૨૧, તિરૂપતી રો હાઉસ, ડીંડોલી) નો હોવાની કબૂલાત કરી હતી. જેને પગલે જેલર કે.એસ. ઠાકોરએ આકાશસિંગ અને અરૂણ વિરૂધ્ધ સચિન પોલીસ સ્ટેશનમાં બંને વિરૂધ્ધ ગુનો નોંધાવવાની સાથે મોબાઈલ ફોન એફએસએલમાં મોકલવામાં આવ્યો છે.

ગુજરાતના અનેક શહેરોમાં આવેદન પાઠવાયા

નૂપુર શર્મા સામે કાર્યવાહીની માંગ સાથે મુસ્લિમ એકતા મંચ મેદાનમાં

જૂનાગઢ, તા.૧૬

ભારતીય જનતા પાર્ટીના પૂર્વ રાષ્ટ્રીય પ્રવક્તા દ્વારા થોડા દિવસો પહેલા ખાનગી ન્યુઝ ચેનલના ટીવી કાર્યક્રમમાં મુસ્લિમ ધર્મના મહાન પયગંબર મોહમ્મદ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ સાહેબની શાનમાં ગુસ્તાખી ભર્યા શબ્દનો ઉપયોગ કરતા સમગ્ર મુસ્લિમ સમાજમાં રોષ ફેલાયો છે અને આ વિવાદાસ્પદ વિધાન કરનાર નુપુર શર્મા વિરૂદ્ધ કાર્યવાહીની માંગ સાથે મુસ્લિમ એકતા મંચ દ્વારા રાજ્યપાલ અને સંબોધીને કલેક્ટર અને મામલદાર મારફતે આવેદનપત્ર પાઠવાયા હતા જેમાં સહિયારી સંસ્કૃતિ ધરાવતા દેશમાં કોઈપણ એક ધર્મ ને ટાર્ગેટ કરી એલ-ફેલ નિવેદન આપવા વાજબી નથી તેવી રજૂઆત કરાઇ હતી અને આ પ્રકારની હરકત કરનાર વિરુદ્ધ કાયદેસર કાર્યવાહીની માંગ કરાઈ હતી મુસ્લિમ એકતા મંચના ઈમ્તિયાઝ પઠાણની આગેવાની માં જુનાગઢ, ગીર સોમનાથ, કોડીનાર, ગીર ગઢડા, જેતપુર, અમરેલી, ભુજ કચ્છ, જામકાંડોરણા, રાણાવાવ, ગોંડલ, સુત્રાપાડા, વેરાવળ, વિસાવદર, કોટડા સાંગાણી, જાફરાબાદ, રાજુલા, ભાવનગર, બગસરા, સાવલી, વઢવાણ, મહુવા, ઝાલોદ, ખાંભા, સહિત વિવિધ તાલુકા જિલ્લા મથકોએ રજૂઆત કરાઈ હતી જેમાં શહેરના મુસ્લિમ બિરાદરો મોટી સંખ્યામાં રજૂઆતમાં જોડાયા હતા.

સારી કામગીરીમાં સાબરકાંઠા જિલ્લો પ્રથમ સ્થાને, DGPના હસ્તે પ્રમાણપત્ર એનાયત

પોલીસ મહાનિર્દેશક (DGP) અને મુખ્ય પોલીસ અધિકારીના હસ્તે તા.૧૫/૦૬/૨૨ના રોજ પો.સબ.ઈન્સ.આર.કે.રાવત નેત્રમ કમાન્ડ કન્ટ્રોલને સારી કામગીરી બદલ ગુજરાત રાજ્યમાં સાબરકાઠા જિલ્લાને પ્રથમ ક્રમાંકનું પ્રમાણપત્ર એનાયત કરવામાં આવેલ છે. **(તસવીર : ઈશાક શેઠ, હિંમતનગર)**

પેટ્રોલ પંપ પર મોંઘુ પ્રિમિયમ પેટ્રોલ પૂરાવવા લોકો મજબૂર બન્યાની ફરિયાદો

સરકારી અને ખાનગી કંપનીઓના એકબીજા પર આરોપો : સરકારનું કોઈ તંગી નહીં હોવાનું રટણ

ઈંધણનો જરૂરત કરતાં અડધો પુરવઠો આપવામાં આવી રહ્યો છે : ગુજરાત પેટ્રોલિયમ ડીલર્સના સચિવ

અમદાવાદ, તા.૧૬

પેટ્રોલ અને ડીઝલની છેલ્લા ચારેક દિવસથી સર્જાયેલી તંગીમાં આજે પાંચમા દિવસે પણ ખાસ ફરક નથી પડ્યો. અમદાવાદના ઘણા વિસ્તારોમાં પેટ્રોલ પંપોમાં સ્ટોક ખૂટી પડ્યો હોવાની ફરિયાદો છે, જ્યારે કેટલાક પેટ્રોલ પંપમાં સાદું પેટ્રોલ ખતમ થઈ જતાં પ્રિમિયમ પેટ્રોલ જ વેચાઈ રહ્યું છે, જેનો ભાવ સાદા પેટ્રોલથી ખૂબ જ વધારે છે. પેટ્રોલિયમ ડીલર્સનું કહેવું છે કે હાલ ડિમાન્ડની સામે માંડ ૪૦ ટકા જેટલા પેટ્રોલ ડીઝલ સપ્લાય થઈ રહ્યા હોવાથી આ સ્થિતિ સર્જાઈ છે. પેટ્રોલ ના હોવાના કારણે ટુ વ્હીલર ચાલકોને આમથી તેમ ધક્કા ખાવા પડી રહ્યા છે, તેવી જ રીતે ડીઝલ વાહનો ધરાવતા લોકોને પણ હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. જ્યાં પેટ્રોલ ઉપલબ્ધ છે તે પેટ્રોલ પંપો પર લાંબી લાઈનો પણ જોવા મળી રહી છે. પ્રાપ્ત વિગતો અનુસાર, ખાનગી તેમજ પ્રાઈવેટ ઓઈલ કંપનીઓ તરફથી મળતો સપ્લાય છેલ્લા ૧૫ દિવસથી ઘટી ગયો છે. ફેડરેશન ઓફ ગુજરાત પેટ્રોલિયમ ડીલર્સના સેક્રેટરી ધીમંત ઘેલાણીના જણાવ્યા અનુસાર, પેટ્રોલપંપોને જેટલી જરુર છે તેની સામે માંડ અડધો સપ્લાય આવી રહ્યો છે. ઓઈલ કંપનીઓએ જ સપ્લાય પર કાપ મૂકી દેતા આ સ્થિતિ સર્જાઈ છે. તેના લીધે પેટ્રોલ અને ડીઝલની તંગી વધી જ રહી છે. વળી, બલ્ક કસ્ટમર્સ પણ હવે ડીઝલ લેવા રિટેઈલ પેટ્રોલપંપો પર આવતા હોવાથી તેની ડિમાન્ડ પણ ખૂબ વધી ગઈ છે. ઓઈલ કંપનીઓના સૂત્રોના જણાવ્યા અનુસાર, બલ્કમાં ડીઝલ ખરીદનારાને ઓઈલ કંપનીઓમાંથી અગાઉ સસ્તામાં ડીઝલ મળતું હતું, પરંતુ ક્રુડની કિંમત વધતા બલ્ક ડીઝલની કિંમત પણ વધારી દેવાતા હવે તેઓ પેટ્રોલપંપો પરથી તેની ખરીદી કરી રહ્યા છે. તેના લીધે રિટેઈલ પંપો પર સ્ટોક ઝડપથી ખતમ થઈ રહ્યો છે. સરકારી ઓઈલ કંપનીઓ તેમજ રિટેઈલર્સનો આક્ષેપ છે કે પ્રાઈવેટ પેટ્રોલિયમ કંપનીઓ પૂરતો જથ્થો સપ્લાય ના કરી રહી હોવાના કારણે સરકારી રિફાઈનરીઓ પર બોજ વધઈ રહ્યો છે. જોકે, પ્રાઈવેટ ઓઈલ કંપનીઓ આ આક્ષેપને નકારી રહી છે. તેમનું કહેવું છે કે મોટાભાગના પેટ્રોલપંપ સરકારી કંપનીઓના છે. ગુજરાતમાં ૪૯૦૦ જેટલા પેટ્રોલ પંપો આવેલા છે, જેમાંથી ૯૦૦ની માલિકી પ્રાઈવેટ કંપનીઓની છે જ્યારે બાકીના સરકારી કંપનીઓ ઓપરેટ કરે છે.

માત્ર અમદાવાદ જ નહીં, રાજ્યના અન્ય કેટલાક શહેરો તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં પણ આ જ સ્થિતિ જોવા મળી રહી છે. ઘણા પેટ્રોલ પંપો પર ડીઝલનો જથ્થો પણ ખૂબ જ ઓછો આવી રહ્યો છે. જેના કારણે કેટલીક જગ્યાએ તો હવે બસોને ડીઝલ ભરી આપવાની ના પાડી દેવામાં આવતી હોવાના કિસ્સા પણ સામે આવી રહ્યા છે. રાજ્યમાં પેટ્રોલ અને ડીઝલના સપ્લાયમાં સમસ્યા થઈ હોવાના અહેવાલ છેલ્લા કેટલાક દિવસોથી આવી રહ્યા હતા, પરંતુ સરકાર આવી કોઈ તંગી હોવાનો ઈનકાર કરતી રહી હતી. જોકે, છેલ્લા પાંચ દિવસથી અમદાવાદમાં જોવા મળી રહેલા દ્રશ્યો સાચી સ્થિતિ શું છે તેના સાબિતી આપી રહ્યા છે

વિધાનસભાનું વિશેષ સત્ર–૧૮૨ બાળ ધારાસભ્યો બિલ પર ચર્ચા કરશે

૨ જુલાઈના રોજ વિધાનસભામાં યુવા મોડલ એસેમ્બલીનું આયોજન કરાશે

ધોરણ-૧૧ અને ૧૨ના વિદ્યાર્થી મુખ્યમંત્રી અને વિપક્ષી નેતા બની વિધાનસભામાં બેસશે

વિદ્યાર્થીઓને સરકારની નજીક લાવવાના ભાગરૂપે મોડલ એસેમ્બલીનું આયોજન કરાયું

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૬

રાજ્યની વિધાનસભામાં ૨ જુલાઈના રોજ એક વિશેષ સત્ર મળશે. જેમાં ૧૬થી ૧૮ વર્ષના ૧૮૨ ધારાસભ્યો મળી એક બિલ પર ચર્ચા કરશે અને તે પસાર કરશે. આ વખતે ત્યાં તેમની જ ઉંમરના મુખ્યમંત્રી અને વિપક્ષી નેતા પણ હાજર હશે. ધોરણ-૧૧ અને ૧૨ના વિદ્યાર્થીઓ માટે ૨ જુલાઈના રોજ યુવા મોડલ એસેમ્બલીનું આયોજન કરવામાં આવ્યું છે. વિધાનસભાના અધ્યક્ષ દ્વારા મંજુરી મળ્યા બાદ આ કાર્યક્રમ યોજાશે. જેમાં વિદ્યાર્થીઓ બિલ પર ચર્ચા કરશે. વિદ્યાર્થીઓને સરકારની નજીક લાવવાના પ્રયાસના ભાગરૂપે મોડલ એસેમ્બલીનું આયોજન કરવામાં આવ્યું હોવાનું જાણવા મળે છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, સમગ્ર દેશમાં હાલમાં આઝાદી કા અમૃત મહોત્સવની ઉજવણી ચાલી રહી છે ત્યારે તેના સન્માનમાં ગુજરાત વિધાનસભાના સહયોગથી ૨ જુલાઈ, ૨૦૨૨ના રોજ યુવા મોડલ એસેમ્બલીનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ગુજરાત વિધાનસભામાં ૧૮૨ ધારાસભ્યોની જગ્યાએ બાળકો બેસશે. જેમાંથી ૧ મુખ્યમંત્રી હશે અને ૧ બાળક વિરોધ પક્ષના નેતાની ભુમિકા ભજવશે. આવી જ રીતે દરેક બાળકને અલગ અલગ જવાબદારી સોંપવામાં આવશે. તમામ ૧૮૨ બાળક ધારાસભ્યો કોઈ એક બિલ પર વિધાનસભામાં ચર્ચા કરશે. આ પ્રકારનો કાર્યક્રમ સમગ્ર દેશમાં પ્રથમવાર ગુજરાત વિધાનસભામાં થવા જઈ રહ્યો છે. વિધાનસભાના અધ્યક્ષ નિમાબેન આચાર્ય દ્વારા કાર્યક્રમ માટે મંજુરી પણ આપી હોવાનું જાણવા મળે છે. આ કાર્યક્રમ આજના યુવાનોને સરકારની નજીક લાવવાના પ્રયાસ તરીકે યોજવામાં આવશે. સમગ્ર રાજયના વિદ્યાર્થીઓને વિધાનસભાની કામગીરીની ભાવનાથી પરિચિત કરવાનો આ પ્રયાસ છે. ઘણીવાર વિદ્યાર્થીઓને પોતાના મંતવ્યો સોશિયલ મિડીયા કે અન્ય માધ્યમોમાં રજૂ કરે છે. પરંતુ તેઓને બિલ પસાર કરવા માટેની જરૂરી પ્રક્રિયા સમજાવવા માટે આ પ્રકારનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ માટે સ્કૂલોના વિદ્યાર્થીઓને પસંદ કરવા માટેના માપદંડો નક્કી કરવામાં આવ્યા છે. જેમાં ધોરણ-૧૧ અને ૧૨ તેમજ તાજેતરમાં જ ધોરણ-૧૨ પાસ કરેલા વિદ્યાર્થીઓની પસંદગી કરવામાં આવશે. વિદ્યાર્થીઓ હિન્દી, ગુજરાતી અને અંગ્રેજી ભાષામાં નિપુણતા ધરાવતા હોવા જોઈએ. તેઓ સારા જાહેર વક્તા હોય અને તેમનામાં સમય વ્યવસ્થાપન કૌશલ્ય હોય તે પણ જોવામાં આવશે. વિદ્યાર્થીઓએ આ કાર્યક્રમ માટે ઈન્ટરવ્યુ અને જૂથ ચર્ચામાંથી પણ પસાર થવું પડશે. પોલિટિકલ સાયન્સનો અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને આ કાર્યક્રમ માટે પ્રાથમિકતા આપવામાં આવશે. આ કાર્યક્રમ માટે સ્કૂલ દીઠ ૫ વિદ્યાર્થીઓને જ મંજુરી મળશે.

ધોરણ-૧૨ સાયન્સ ઉત્તરવહી અવલોકન માટે ૫૦ શિક્ષકોને બોલાવાયા

શિક્ષકોને આજે તાલીમ અપાશે અને શનિવારથી અવલોકન કામગીરી કરવાની રહેશે

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૬

ધોરણ-૧૨ સાયન્સમાં શનિવારથી ઉત્તરવહી અવલોકનની કાર્યવાહી શરૂ કરવામાં આવનાર છે. આ માટે અમદાવાદ અને ગાંધીનગરના મળી ૫૦ જેટલા શિક્ષકોને અવલોકન કામગીરીમાં હાજર રહેવા માટે ઓર્ડર કરવામાં આવ્યા છે. આ શિક્ષકોએ ૧૭મીના રોજ તાલીમ માટે અને ૧૮મીથી અવલોકનની કાર્યવાહી માટે હાજર રહેવા માટે સુચના અપાઈ છે. જો બોર્ડના આદેશને અવગણીને કોઈ શિક્ષક હાજર નહીં થાય તો તેમની સામે કાર્યવાહીની ચિમકી પણ ઉચ્ચારવામાં આવી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૨ સાયન્સનું પરિણામ જાહેર કરાયા બાદ ઉત્તરવહી અવલોકન માટેની કાર્યવાહી શરૂ કરી હતી. જેમાં સમગ્ર રાજ્યમાંથી ૭૫૦૦ જેટલા વિદ્યાર્થીઓએ અવલોકન કામગીરી માટે અરજી કરી હતી. ગાંધીનગર જિલ્લા વલાદ ખાતે આવેલી આધારશિલા વિદ્યાસંકુલ ખાતે ૧૮થી ૨૪ જુન સુધી ૭ દિવસ માટે ઉત્તરવહી અવલોકનની કામગીરી ચાલશે. ઉત્તરવહી અવલોકન માટે અમદાવાદ અને ગાંધીનગરના મળી ૫૦ જેટલા શિક્ષકોને ઓર્ડર ઈશ્યુ કરાયા છે.

અમદાવાદ શહેરના ૨૨ જેટલા વિષય નિષ્ણાંતોને અવલોકન માટે હાજર રહેવા માટે જણાવાયું છે. આ શિક્ષકોએ શુક્રવારના રોજ તાલીમ માટે હાજર થવાનું રહેશે અને ત્યારબાદ ૧૮ જૂનથી ૨૪ જૂન સુધી અવલોકનની કામગીરી માટે હાજર થવાનું રહેશે. અવલોકન કેન્દ્ર પર ચાર વર્ગોમાં એક સાથે અવલોકનની કામગીરી ચાલશે. જેમાં રોજ ૭ સેશનમાં અંદાજે ૧૧૮૦ જેટલા વિદ્યાર્થીઓને બોલાવવામાં આવશે. અવલોકનની કામગીરી માટે જે શિક્ષકોને ઓર્ડર ઈશ્યુ કરાયા છે તેમણે નિયત સમયે હાજર થવાનું રહેશે. જો કોઈ શિક્ષક હાજર નહીં રહે તો તેમની સામે કાર્યવાહી કરવામાં આવશે.

શારદાબેન હોસ્પિટલમાં દર્દીઓને પડતી હાલાકી અંગે રજૂઆત

અમદાવાદ, તા.૧૬

શારદાબેન હોસ્પિટલમાં દર્દીઓના પ્રાથમિક પ્રશ્નોને લઈને કાઉન્સિલર ઈકબાલ શેખ અને ઝુલ્ફિખાન તેમજ પૂર્વના સામાજિક અગ્રણીઓ અને દર્દીઓના સગાઓની સાથે સુપ્રિટેન્ડેન્ટને રજૂઆત કરી મ્યુનિસિપલ કમિશનરને એક નકલ અને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. આ આવેદનપત્રમાં જણાવાયું હતું કે, (૧) છેલ્લા એક વર્ષથી મેલ મેડિકલ વોર્ડ રીપેરીંગના નામે બંધ કરવામાં આવ્યું છે જેમાં બાવન ખાટલા (બેડ) છે. વર્તમાન રોગચાળાના કારણે દર્દીઓની સંખ્યા વધતા એક જ મેલ મેડિકલ વોર્ડ હોવાથી ખૂબ જ મુશ્કેલી પડી રહી છે. (૨) સોનોગ્રાફી માટે દરેક દર્દીને દોઢ મહિનાથી પણ વધારે તારીખ આપવામાં આવે છે જેના કારણે ઇમરજન્સી, સર્જિકલ, મેડિકલ અને ગાયનેક દર્દીઓને સમયસર સોનોગ્રાફી ના થવાના કારણે સમયસર નિદાન થતું નથી અને ગરીબ દર્દીઓને બહારથી મોંઘા ભાવે સોનોગ્રાફી કરાવવાની ફરજ પડે છે. (૩) ગાયનેક દર્દીઓની જે વર્ષો જૂની લિફ્ટ હતી તેને સંપૂર્ણ બંધ કરતા ગાયનેક

દર્દીઓ અને તેની સાથે રહેતા સગાઓને ખૂબ મુશ્કેલીનો સામનો કરવો પડે છે. (૪) મેડિકલ અને સર્જિકલના ત્રણ યુનિટો ચાલતા હતા. એક યુનિટમાં ત્રણ સિનિયર ડોક્ટરો સેવા આપતા હતા, ઘણા જ સમયથી ફક્ત બે યુનિટ કરતા ડોક્ટરોની સંખ્યા ઘટી ગઈ છે અને દર્દીઓની સંખ્યા વધી ગઈ છે જેના કારણે ઓ.પી.ડી.માં સવારથી સાંજ સુધી દર્દીઓને નિદાન માટે બેસી રેહવું પડે છે જે ખૂબ જ ગંભીર બાબત કેહવાય. (૫) દર્દીઓને પાણી માટે બે માળ ઉતરી પાર્કિંગમાં મુકેલ કૂલરમાંથી પાણી ભરવા જવાની ફરજ પાડવામાં આવે છે. (૬) કરોડો રૂપિયાનું બજેટ ખર્ચ કરવા છતાં કાર્ડિયોલોજી ડિપાર્ટમેન્ટનો અભાવ છે. પૂર્વ વિસ્તારના દર્દીઓ ખૂબ મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે જે અંગે તાત્કાલિક નિરાકરણ આવે તેવી લાગણી વ્યક્ત કરાઈ હતી.

દમણના દરિયામાં ડૂબી રહેલા બે સહેલાણીઓને દિલધડક ઓપરેશન કરી બચાવાયા

અમદાવાદ, તા.૧૬

વલસાડ જિલ્લાને અડીને આવેલા સંઘપ્રદેશ દમણના દરિયા કિનારે ફરવા આવેલા બે સહેલાણીઓ પાણીમાં તણાઈ ગયા હતા. આ ઘટનાની જાણ સ્થાનિક માછીમારો તેમજ દમણ કોસ્ટ ગાર્ડની ટીમને થતા તેઓએ બંને યુવકોનું રેસ્ક્યૂ ઓપરેશન હાથ ધર્યું હતું. આ દરમિયાન માછીમારોએ દરિયા કિનારાના નજીકથી એક યુવકનું રેસ્ક્યૂ કર્યુ હતું. જ્યારે અન્ય એક યુવક મળી ન આવતા દમણ કોસ્ટગાર્ડની ટીમે મધદરિયામાં હેલિકોપ્ટરની મદદથી સર્ચ ઓપરેશન હાથ ધર્યુ હતું. ત્યારે યુવક દરિયાના પાણીમાં તળાતો જોવા મળ્યો હતો. જેથી તાત્કાલિક દમણ કોસ્ટગાર્ડની ટીમે મધદરિયેથી યુવકનું રેસ્ક્યૂ કરી બચાવી લીધો હતો. સંઘપ્રદેશ દમણ સહેલાણીઓ માટે પસંદગીનું સ્થળ છે. ત્યારે સંઘ પ્રદેશ દમણના દરિયા કિનારે ફરવા ગયેલા ગુજરાતના બે સહેલાણીઓ દરિયામાં ન્હાવા પડતાં તણાવા લાગ્યા હતા.

સિવિલ હોસ્પિટલમાં હડતાળથી સેવાઓ ઠપ, દર્દીઓને પરેશાની

(એજન્સી) તા.૧૬

અમદાવાદ સિવિલમાં ૮ દિવસથી તબીબો વિરોધ નોંધાવી રહ્યા છે. જેમાં વિદેશ અભ્યાસ કરીને આવેલા તબીબો પણ હડતાળ પર છે. તેમાં રેસિડેન્ટ તબીબોની સાથે વિદેશથી આવેલા વિદ્યાર્થીઓ પણ જોડાશે. તેમજ સિવિલમાં ઈન્ટર્નશિપ માટે આવેલા તબીબો આંદોલન કરી રહ્યા છે.

જેમાં અમદાવાદ રેસીડેન્ટ તબીબોની હડતાળનો આજે બીજો દિવસ છે. તેમાં રાજ્ય ભરની ૬ મેડિકલ કોલેજમાં હડતાળ છે. તેમજ અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં આજે પણ સેવાઓ ઠપ્પ રહી હતી. બી.જે. મેડિકલ કોલેજ ખાતે વિરોધ જારી છે. જેમાં ૧૧૦૦ કરતા વધારે તબીબો વિરોધ નોંધાવી રહ્યાં છે.

ઉલ્લેખનીય છે કે, સરકારને ગઈકાલે ૨૪ કલાકનું અલટીમેટમ આપ્યું હતું.

તેમાં કોઈ નિરાકરણ ના આવતા હડતાળ કરવામાં આવી છે. જેમાં ડોકટરો હડતાળ પર જતા દર્દીઓ પરેશાન થયા હતા તથા સિવિલ હોસ્પિટલ ફરી આંદોલનનું મેદાન બની છે. છેલ્લા ૬ દિવસથી સ્ટાઈપેન્ડની માંગ સાથે અન્ય તબીબો પણ હડતાળ પર છે. હવે રેસીડેન્ટ તબીબો હડતાળ પર જતા દર્દીઓની હાલાકી વધી છે.

અન્ય વાહન ચાલકોના જીવ તાળવે ચોંટયા વીડિયો વાયરલ થયો હતો

જાહેર માર્ગ પર દરવાજો ખુલ્લો રાખી સ્ટંટ કરવો કાર ચાલકને ભારે પડ્યો, ધરપકડ કરાઇ

અમદાવાદ, તા.૧૬

અમદાવાદના જાહેર રસ્તા પર કારમાં સ્ટન્ટ થતો હોવાનો વીડિયો વાયરલ થયો છે. ગર્વન્મેન્ટ ઓફ ગુજરાતની ગાડીનો ડ્રાઈવર દરવાજો ખુલ્લો રાખીને બેફામ રીતે ડ્રાઈવ કરતો હતો. જેનો જાગૃત નાગરિકો વીડિયો બનાવીને પોલીસને જાણ કરી હતી. જેના આધારે ટ્રાફિક પોલીસે ડ્રાઈવરની ધરપકડ કરીને આગળની કાર્યવાહી હાથધરી છે. મહત્વનું છે કે રાત્રીના સમયે ઘણી બાઈક કે કાર સવાર યુવકો જોખમી સ્ટંટ કરતાં હોય છે. જાહેર રસ્તા પર અન્ય લોકો પણ પસાર થતા હોય છે તે સમયે ડિંગ હાંકવા આ કરતૂતો કરી નબીરાઓ આવા સ્ટંટથી પોતાનો અને અન્ય વાહન ચાલકનો જીવ જોખમમાં મૂકતાં હોય છે. આજકાલના યુવકો સસ્તી પ્રસિદ્ધિ માટે પોતાનો જીવ જોખમમાં મુકતા પણ અચકાતા નથી.સોશિયલ મીડિયામાં માત્ર લાઈક્સ મેળવવા માટે કેટલાક યુવકો પોતાનો જીવ તો જોખમમાં મુકે જ છે. પણ ઉપરોક્ત બનાવમાં જાગૃત નાગરિકે વીડિયો બનાવી પોલીસ સમક્ષ આ સ્ટંટબાજને ઉઘાડો કર્યો હતો. ગાડી પર ગર્વન્મેન્ટ ઓફ ગુજરાત લેખલું હતું જેથી ડ્રાઈવર રૌફ બતાવવા આ સ્ટંટ કર્યો હોવાનું પ્રાથમિક દ્રષ્ટીએ જણાઈ આવે છે.

સુપ્રીમના જસ્ટીસ શાહને હાર્ટ એટેકના સમાચારને લઇને ગુજરાતના વકીલ આલમમાં ચિંતાનું મોજું

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૬

સુપ્રીમ કોર્ટના ન્યાયમૂર્તિ અને ગુજરાત હાઈકોર્ટના પૂર્વ ન્યાયમૂર્તિ જસ્ટિસ એમ.આર. શાહને હિમાચલ પ્રદેશમાં હાર્ટ એટેક આવ્યાના સમાચાર વળતા હાઈકોર્ટના વકીલ આલમમાં ચિંતાનું મોજું ફરી વળ્યું હતું અને તેઓએ એકબીજાને સંદેસ મોકલીને તેમની તબિયત વિશે સમાચાર પૂછ્યા હતા. દરમિયાન જસ્ટીસ નિરલ મહેતાએ પોતાની કોર્ટની કામગીરી અટકાવી હતી અને જસ્ટીસ શાહની ખબર અંતર પૂછી હોવાનું કોર્ટના અંતરંગ વર્તુળોએ જણાવ્યું હતું. ઉલ્લેખનીય છે કે જસ્ટીસ મહેતા અગાઉ વકીલ તરીકે જસ્ટીસ શાહના વકીલાતના કાર્યકાળ દરમિયાન તેમની સાથે હતા. જસ્ટીસ શાહને એરલિફ્ટ કરીને દિલ્હી વધુ સારવારાર્થે ખસેડાયા હતા. તેમને દિલ્હીની AIIMSમાં દાખલ કરાયા હોવાના મીડિયા રિપોર્ટ્સ આવી રહ્યા હતા. તો તેમણે પોતાના સ્વાસ્થ્યને અંગે માહિતી આપવા માટે એક વીડિયો પણ શેર કર્યો છે. સુપ્રીમ કોર્ટના સિટિંગ જજ જસ્ટિસ શાહે ૧૯ જુલાઈ ૧૯૮૨માં એડવોકેટના રૂપમાં નામાંકિત થયા હતા. તેમણે ગુજરાત હાઈકોર્ટમાં વિવિધ પ્રકારના કેસો લડ્યા હતા. તેઓ ૭ માર્ચ ૨૦૦૪ના રોજ ગુજરાત હાઈકોર્ટના અધિક ન્યાયધીશ તરીકે નિયુક્ત થયો હતા. ત્યારબાદ ૨૨ જૂન ૨૦૦૫માં કાયમી ન્યાયાધીશ તરીકે નિયૂક્ત થયા હતા. તેમણે ૧૨ ઓગસ્ટ ૨૦૧૮ના રોજ પટના હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશના તરીકે બઢતી પામ્યા હતા. તા. ૨ નવેમ્બર ૨૦૧૮ના રોજ સુપ્રીમ કોર્ટમાં ન્યાયમૂર્તિ તરીકે બઢતી પામ્યા હતા. તેઓ ૧૫ મે ૨૦૨૩ના રોજ નિવૃત્ત થનાર છે. ગુજરાતમાં વકીલ આલમમાં ચિંતાનું મોજુ ફરી વળ્યું હતુ અને આ સમાચાર વાયુવેગે ફેલાઈ ગયા હતા.

તેજસ્વી તારલા

ગુજરાત શિક્ષણ બોર્ડ દ્વારા લેવામાં આવેલી ધોરણ ૧૨ની

પરીક્ષાના તાજેતરમાં જાહેર થયેલા પરિણામમાં મેમણ સારાહ જાવેદભાઈએ ૯૯.૪૦ ટકા પર્સેન્ટાઈલ તથા એ-ટુ ગ્રેડ મેળવ્યો હતો. સારાહએ પરીક્ષામાં કુલ ૭૦૦ ગુણમાંથી ૬૩૦ ગુણ મેળવી નોંધપાત્ર દેખાવ કર્યો હતો. વિદ્યાર્થીનીએ પરીક્ષામાં આંકડાશાસ્ત્રમાં ૧૦૦ ગુણમાંથી ૧૦૦ ગુણ તથા એકાઉન્ટમાં ૧૦૦માંથી ૯૮ ગુણ પ્રાપ્ત કર્યા હતા.

સ્કોટલેન્ડ યુનિ. ઓફ એડિનબર્ગના સહયોગમાં યોજાયો "આઇડિયાથોન"

બાયોલોજીકલ-બાયોટેક્નોલોજીકલ પ્રશ્નોના નિવારણ માટેના શ્રેષ્ઠ આઇડિયા પુરષ્કૃત

દેશની અગ્રણી યુનિ.ની ૭૧ ટીમોએ લીધો ભાગ : પ્રથમ ત્રણને ઇનામ અપાયા

(સંવાદદાતા દ્વારા) ગાંધીનગર, તા.૧૬

આઝાદી કા અમૃત મહોત્સવની ઉજવણી અંતર્ગત "આઈડીયાઝ@૭૫"ની થીમ પર સમાજને વ્યાપકપણે અસર કરતી વિવિધ બાયોલોજીકલ અને બાયો ટેક્નોલોજીકલ સમસ્યાઓના નિવારણ માટેના શ્રેષ્ઠ આઈડિયાને પ્રોત્સાહન આપી, પુરસ્કૃત કરવાના મુખ્ય હેતુ સાથે ગુજરાત બાયોટેક્નોલોજી યુનિવર્સિટી દ્વારા સ્કોટલેન્ડની યુનિવર્સિટી ઓફ એડિનબર્ગના સહયોગથી એક દિવસીય 'આઈડિયાથોન'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગુજરાત બાયોટેક્નોલોજી યુનિવર્સિટીના ડીન, પ્રો.રચિત સક્સેનાએ જી.બી.યુ.ના અનન્ય અને નવીન અભ્યાસક્રમ અંગે વિસ્તૃત માહિતી આપી હતી. આ ઉપરાંત, જી.બી.યુ.ના ડેપ્યુટી રજીસ્ટ્રાર વિમલ શાહે સ્વાગત પ્રવચનમાં 'આઈડિયાઝ@૭૫'ના ભાગરૂપે આઈડિયાઝની ઉજવણી કરવા માટેના આ કાર્યક્રમને પ્રકાશિત કર્યો હતો. આ આઈડિયાથોનમાં સમગ્ર ભારતમાં પ્રતિનિધિત્વ ધરાવતી આઈ.આઈ.ટી-બોમ્બે, આઈ.આઈ.ટી-વારાણસી, દિલ્હી યુનિવર્સિટી, તેજપુર યુનિવર્સિટી, ગુજરાત યુનિવર્સિટી, ઈન્સ્ટિટ્યૂટ ઑફ એડવાન્સ રિસર્ચ, ડી.વાય. પાટિલ યુનિવર્સિટી, ઈન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સ, એમ. એસ. યુનિવર્સિટી, યુનિવર્સિટી ઑફ પેટ્રોલિયમ એન્ડ એનર્જી, કેન્સર અને ટ્રાન્સલેશનલ રિસર્ચ લેબ્સ, પારૂલ અને એમિટી સહિતની યુનિવર્સિટીમાંથી ૭૦થી વધુ ટીમોમાં બી.એસ.સી અને બી.ટેકના કુલ ૩૦૦થી પણ વધુ વિદ્યાર્થીઓએ ભાગ લઇ પોતાના વિવિધ આઈડિયાઝની પ્રસ્તુતિઓ આપી હતી. આ કાર્યક્રમની ઉચ્ચ સ્તરીય જ્યુરીમાં પ્રો.પીટર ડોર્નર, ડૉ. પાંડર બાર્ટ, પ્રો. ડેવિડ ગ્રે, ડૉ. તરૂણ શર્મા, ડૉ. સંગ્રામ લેંકા, ડૉ. ચિરાયુ દેસાઈ, ડૉ. રવિન્દ્ર સિંહ અને અનિર્બાન પાલિત દ્વારા ભાગ લેનાર વિદ્યાર્થીઓના શ્રેષ્ઠ આઈડિયાઝની પસંદગી કરી હતી, જેમાં પ્રથમ સ્થાન મેળવનાર ગુજરાત યુનિવર્સિટીના સાગર પટેલને રૂા. ૫૧,૦૦૦, દ્વિતીય સ્થાન મેળવનાર પી.ડી.પાટીલ ઈન્સ્ટીટ્યુટ ઓફ એપ્લાઈડ સાયન્સના નેન્સી પટેલ અને તેમની ટીમને રૂા. ૩૧,૦૦૦ તેમજ તૃતીય સ્થાન મેળવનાર ડી.વાય.પાટીલ બાયો ટેક્નોલોજી અને બાયો ઈન્ફોર્મેટીક્સ ઈન્સ્ટીટ્યુટના કાર્તિક કૃષ્નનને રૂા. ૩૧,૦૦૦નું રોકડ પુરસ્કાર આપવામાં આવ્યું હતું.

સ્કોડાના શો-રૂમના નાણાકીય ઝઘડામાં થયેલી ફરિયાદમાં આરોપી દર્શાવાયેલા

સિનિયર એડવોકેટ આઇ.એચ. સૈયદના આસિસ્ટન્ટને પોલીસે સમન્સ આપીને હાજર થવાનું કહેતા મામલો હાઇકોર્ટમાં પહોંચ્યો

અગાઉ સૈયદને સોફ્ટ ટાર્ગેટ બનાવ્યા હોવાનું હાઇકોર્ટે અવલોકન કરીને આગોતરા જામીન આપેલા છે ત્યારે તેમના આસિસ્ટન્ટ સામે સમન્સ આવતા હાઇકોર્ટમાં પડકાર, સરકારને જવાબ આપવા કરાયો નિર્દેશ

અમદાવાદ, તા.૧૬

અમદાવાદના એસજી હાઈવે પર આ વેલા સ્કોડા શો-રૂમ બંધ થયા બાદ રૂા.૧૪૨ સંદર્ભે કરોડની લેવડ દેવડ સંદર્ભે બે વેપારી પક્ષકારો વચ્ચેના વિવાદમાં હાજર રહેલા સિનિયર એડવોકેટ આઈ.એચ. સૈયદના કેસમાં નવો વળાંક આવ્યો હતો.

આ કેસમાં હાઈકોર્ટે સૈયદને સોફ્ટ ટાર્ગેટ બનાવ્યા હોવાનું અવલોકન કરીને આગોતરા જામીન આપ્યા બાદ તેમના આસીસ્ટન્ટને પોલીસ દ્વારા હાજર રહેવા માટે સમન્સ પાઠવવામાં આવતા મામલો ફરી હાઈકોર્ટમાં પહોંચ્યો હતો અને ચીફ જસ્ટીસ સમક્ષ સુનાવણી માટે રજૂઆત કરવામાં આવી હતી. એડવોકેટ સૈયદના આસિસ્ટન્ટને પોલીસ દ્વારા સીઆરપીસીની કલમ ૪૧ (એ) હેઠળ હાજર થવા માટે સમન્સ અને નોટિસ પાઠવતા વકીલ આલમમાં આશ્ચર્ય ફેલાયું હતું અને પોલીસના આ પગલાને પડકારતી અરજી કરવામાં આવી હતી. આ કેસની પ્રાથમિક સુનાવણી બાદ હાઈકોર્ટે સરકારને પૃચ્છા કરી હતી કે, આરોપી વતી કોર્ટમાં કેસ દાખલ કરનાર વકીલને પોલૂસ સમન્સ કે નો ટિ સ કેવી રી તે આ પી શકે ? આ ગંભીર બાબત છે, આવુ થવુ ન જોઈએ. આ અંગે સરકાર જવાબ આપે.

વિરલ શાહ નામના વેપારીએ નાણાકીય વિવાદના મુદ્દે ગેરકાયદેસર રી તે ગોં ધી રાખવા , માર મારવો , ખંડણી માગવાના કેસમાં વેપારીઓ કુરેન અમીન, ઈક્ષીત અમીન, ઝનકાર સોલંકી અને આઈ. એચ. સૈયદ સહિતનાની સામે ગત તા. ૧૫ મેના રોજ પેથાપુર પોલીસ મથકમાં ફરિયાદ કરી હતી. તે ફરિયાદને પડકારતી અરજી સૈયદે કરી હતી જે હાઈકોર્ટે ના મંજૂરી કરી હતી. ત્યારબાદ તેમણે નીચલી કોર્ટમાં કરેલી આગોતરા જામીન અરજી પણ નામંજૂર કરાઈ હતી.

ત્યારબાદ હાઈકોર્ટમાં અરજી કરવામાં આવતા જસ્ટીસ નિખીલ કેરીયેલની કોર્ટે મંજૂર કરી હતી. આ કેસમાં આ રો પી વતી કેસ લડવા મા ટે અરજી કરના ર વકીલને કોર્ટે નોટીસ આપી હતી.

પોલીસનો તરફથી દાવો કરવામાં આવ્યો હતો કે, સૈયદને જ્યારે જામીન નહોતા મળ્યા ત્યારે તેમના વતી વકીલતનામુ ફાઈલ કરનાર અનીક કાદરીએ તેઓને મદદ કરીને આશરો આપ્યો હતો. જો કે તેને પડકારવામાં આવતા રજૂઆત કરવામાં આવી હતી કે, કોઈ વકીલ આરો પી વતી કો ર્ટમાં અરજી કરે અને વકીલાતનામુ ફા ઈલ કરે તો તેને પો લી સ સમન્સ કે નો ટિ સ કેવી રી તે પા ઠવી શકે? પોલીસ ધરપકડ કરી શકે તેવી શક્યતા છે. જો આવું જ થાય તો આ કેસમાં કેટલા ક વરીષ્ઠ વકીલોએ પણ કોર્ટમાં રજૂઆત કરેલી છે. જેથી ભવિ ષ્યમાં આ વકી લ બા દ કો ર્ટમાં રજૂઆ ત કરના ર સિ નિ યર કા ઉન્સિ લને પણ પો લી સ સમન્સ કે નો ટિ સ પા ઠવે. આ કેસ સિંગલ જજ દ્વારા નોટ બિફોર મી કહીને સાંભળવાનો ઈનકાર કરવામાં આવ્યો હતો અને ઝડપથી સુનાવણી કરવા ચિફ જસ્ટીસને રજૂઆત કરાઇ હતી. ત્યારબાદ જસ્ટીસ સમીર દવેની કોર્ટમાં મોકલાઇ હતી.

આગોતરા જામીનની અરજીને સુપ્રીમ કોર્ટમાં પડકાર

સિનિયર એડવોકેટ આઈ.એચ. સૈયદને જામીન આપવાના ગુજરાત હાઈકોર્ટના હુકમ સામે ફરિયાદી વિરલ શાહ દ્વારા સુપ્રીમ કોર્ટમાં સ્પેશિયલ લીવ પિટિશન કરવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે, ફરિયાદીએ કરેલા આક્ષેપ મુજબ આરોપીઓએ જ્યારે તેને એક એગ્રીમેન્ટ ઉપર સહી કરવાની ધમકી આપી તે સૈયદ દ્વારા બનાવવામાં આવ્યો હતો અને તેઓ પણ કથિત ઘટના વખતે હાજર હતા. જો કે હાઈકોર્ટે એવું અવલોકન કર્યું હતું કે, ફરિયાદમાં સૈયદની ભૂમિકા અંગે કોઈ સ્પષ્ટ આક્ષેપો કરવામાં આવ્યા નથી. આથી તેમને આગોતરા જામીન મળવા જોઈએ.

સુરેન્દ્રનગરના પાટડીમાં નવી કોમર્સ કોલેજ શરૂ કરવા મુખ્યમંત્રીએ કરી જાહેરાત

છેવાડાના વિસ્તારોમાં પાયાની સુવિધાઓ પહોંચાડી લોકોને મુખ્ય ધારામાં સામેલ કર્યા

ગુજરાતના ગામડાઓના અંધારા સરકારે જ્યોતિગ્રામ યોજનાથી ઉલેચ્યા : CM

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૧૬

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના દિશાદર્શનમાં ગુજરાતમાં બે દાયકામાં અંતરિયાળ વિસ્તારો સુધી પાણી, વીજળી, આરોગ્ય, શિક્ષણ, આવાસ જેવી પાયાની સુવિધાઓ પહોંચાડીને સરકારે છેવાડાના માનવીને વિકાસની મુખ્યધારામાં સામેલ કર્યા છે. તેને પરિણામે ગુજરાત સર્વગ્રાહી વિકાસનું આગવું મોડલ બન્યું છે. આ સાથે તેમણે પાટડી ખાતે નવી કોમર્સ કોલેજ શરૂ કરવાની જાહેરાત પણ કરી હતી. મુખ્યમંત્રીએ સુરેન્દ્રનગર જિલ્લાના પાટડીથી રાજ્યની જનતાને વીજ ઊર્જાના ૧૫ પ્રકલ્પો સમર્પિત કર્યા હતા. કુલ રૂા.૧૩૪ કરોડના વિવિધ વિકાસકાર્યોના ખાતમુહૂર્ત અને લોકાર્પણ તેમણે કર્યા હતા. આ પ્રસંગે તેમણે વધુમાં જણાવ્યું કે, ગુજરાતના ગામડાઓના અંધારા સરકારે જ્યોતિગ્રામ યોજનાથી ઉલેચ્યા છે. સરકારે વિદ્યાર્થીઓને અભ્યાસ માટે અવિરત વીજળી અને ગામમાં જ અદ્યતન આરોગ્ય સેવાઓ આપીને સૌના જીવનમાં પ્રકાશ પાથર્યો છે. તેમણે કહ્યું કે, દેશના ગ્રોથ એન્જિન એવા ગુજરાતમાં વિકાસની ગતિ વધુ વેગવાન બનાવવા તેમની ટીમ સતત કાર્યવ્યરત છે. તેમણે શિક્ષણ, સ્વાસ્થ્ય અને સુરક્ષા જેવી મૂળભૂત બાબતો પ્રત્યે ધ્યાન કેન્દ્રિત કરીને સૌનો વિકાસ કરવાની નેમ વ્યક્ત કરી હતી. શિક્ષણ ક્ષેત્રે ગુજરાતે મેળવેલી સિદ્ધિઓ અંગે તેમણે જણાવ્યું કે, એક સમયે રાજ્યનો ડ્રોપ આઉટ રેશિયો ૩૮ ટકા હતો જે ઘટીને ૪ ટકા સુધી પહોંચ્યો છે. ગુજરાતમાં ઘરઆંગણે ઉચ્ચ શિક્ષણની તમામ સુવિધાઓ ઉપલબ્ધ છે. અગરિયા અને વિચરતી જાતિના બાળકોના શિક્ષણ માટે ખાસ વ્યવસ્થા કરીને આ સમુદાયને સમાજના મુખ્યપ્રવાહમાં જોડવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. રાજ્યના શિક્ષણમંત્રી જીતુ વાઘાણીએ જણાવ્યું હતું કે, પાટડી સહિતના ગુજરાતના અંતરિયાળ વિસ્તારોમાં શિક્ષણ ક્ષેત્રે તમામ શ્રેષ્ઠ સુવિધાઓ પૂરી પાડવા માટે રાજ્ય સરકાર કટિબદ્ધ છે. ઊર્જામંત્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં ઊર્જા વ્યવસ્થાનું એટલું સુદ્રઢ માળખુ ગોઠવાયું છે કે, સમગ્ર વિશ્વમાં ઊર્જાની કટોકટી સર્જાઈ છે અને ગુજરાતમાં માથાદીઠ વીજ વપરાશ વધ્યો છે તેમ છતાં રાજ્ય સતત અને સાતત્યપૂર્ણ વીજ પુરવઠો પૂરો પાડી રહ્યું છે. આ અવસરે મુખ્યમંત્રીએ મિશન મંગલમ યોજના હેઠળના ગ્રામ્ય સખી સંઘોને તેમજ પ્રોડ્યુસર ગ્રુપ સંઘોને સહાયના ચેક તેમજ નગરપાલિકા વિસ્તારમાં નલ સે જલ યોજનાના મંજૂરી હુકમ અને મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજનાના ચેકોનું વિતરણ કર્યું હતું.

ઈઝરાયેલ : ધાર્મિક ઝિયોનિઝમના સ્મોટ્રિચે વેસ્ટ બેંકમાં સત્તા મજબૂત કરવા માટેના બિલની દરખાસ્ત રજૂ કરી

(એજન્સી) તા.૧૬

ધાર્મિક ઝિયોનિઝમ રાજકીય જોડાણના વડા, બેઝાલલ સ્મોટ્રિચ નેસેટમાં એક કાયદાની દરખાસ્ત કરવાની યોજના બનાવી રહ્યા છે જે વડા પ્રધાન નફ્તાલી બેનેટની સરકારને ખંડિત કરવા માટે, કબજાગ્રસ્ત પશ્ચિમ કાંઠા પર ઈઝરાયેલી સાર્વભૌમત્વ લાદશે. ઈઝરાયેલની સંસદમાં વિરોધ પક્ષો બેનેટની સરકાર પર દબાણ લાવી રહ્યા છે, જેની પાસે સંસદીય બેઠકોમાંથી માત્ર અડધી બેઠકો છે અને પક્ષપલટાને કારણે તેણે તેની બહુમતી ગુમાવી દીધી છે. સ્મોટ્રિચના સાર્વભૌમત્વ કાયદાની આ દરખાસ્ત જો પસાર થશે, તો ઈઝરાયેલી કાયદાઓ પશ્ચિમ કાંઠે લાગુ થશે, જે પછી જોડાણ દ્વારા ઔપચારિક રીતે તે ઈઝરાયેલનો ભાગ બનશે. હાલમાં, ઈઝરાયેલી લશ્કરી આદેશો અને કટોકટી કાયદા પશ્ચિમ કાંઠે લાગુ થાય છે. જૂનની શરૂઆતમાં, નેસેટ બેનેટની સરકારને ઈઝરાયેલના નાગરિક અધિકારક્ષેત્ર હેઠળ વસાહતીઓને લાવતા કટોકટી કાયદાનું નવીકરણ કરવામાં નિષ્ફળ ગયું હતું. જો કે, સ્મોટ્રીચની દરખાસ્તને સંસદમાં રજૂ કરતાં પહેલા કાયદાની મંત્રી સમિતિમાં મત મેળવવો પડશે. રવિવારે સમિતિના મતમાં કાયદો મંજૂર થવાની શક્યતા ઓછી છે કારણ કે બેનેટનું ગઠબંધન પશ્ચિમ કાંઠે યથાવત સ્થિતિ જાળવી રાખવાનું પસંદ કરશે. ઈઝરાયેલ

રાજકીય પ્રક્રિયામાં પેલેસ્ટિનિયન ઓથોરિટી (PA) સાથે જોડાશે નહીં તેવી તેમની સ્પષ્ટ સ્થિતિ હોવા છતાં, બેનેટે કહ્યું હતું કે તેમનો દેશ પશ્ચિમ કાંઠાને જોડશે નહીં. ઈઝરાયેલ હેયોમના મતે, બેનેટની પાર્ટી અને ગઠબંધન ભાગીદાર અને યામિનાના નેતા આયેલેટ શેક દ્વારા કાયદા વિરુદ્ધનો મત તેમને લાંબા ગાળે રાજકીય રીતે નુકસાન પહોંચાડશે.

'ઝાયોનિઝમ વધુ મહત્ત્વનું છે'

ધાર્મિક ઝિયોનિઝમના સ્ત્રોતોએ જણાવ્યું હતું કે ઝાયોનિઝમ કોઈપણ નાના રાજકારણ કરતાં વધુ મહત્વપૂર્ણ છે, બેનેટ અને નાણા પ્રધાન અવિગડોર લિબરમેનની વસાહતીઓ અંગે કટોકટી કાયદાનું નવીકરણ કરવામાં નિષ્ફળ રહેવા બદલ ટીકા કરી છે. સ્મોટ્રીચની દરખાસ્તને વસાહતીઓના નેતાઓ દ્વારા આવકારવામાં આવી હતી. માઉન્ટ હેબ્રોન પ્રાદેશિક પરિષદના વડા, યોચાઈ દામારીએ જણાવ્યું હતું કે ઈઝરાયેલનું સાર્વભૌમત્વ પશ્ચિમ કાંઠે તત્કાલ લાગુ કરવું જોઈએ. તેમણે પશ્ચિમ કાંઠે રહેતા લગભગ ૭૫૦,૦૦૦ વસાહતીઓ વિશે કહ્યું કે, આ માત્ર એવી વસ્તી છે કે જે ટેક્સ ચૂકવે છે, સેનામાં સ્વયંસેવકો અને તમામ બચાવ કેન્દ્રોમાં છે પરંતુ હજુ પણ સાર્વભૌમ અધિકારો વિના રહે છે. આ ઐતિહાસિક અન્યાયને નાબૂદ કરવાનો સમય આવી ગયો છે. ઐતિહાસિક મહત્વ સાથેનો આ પ્રસ્તાવ પસાર થવો જોઈએ. પશ્ચિમ કાંઠે યહૂદી વસાહતોની મ્યુનિસિપલ કાઉન્સિલોના એક છત્ર જૂથ યેશા કાઉન્સિલે પણ આ પ્રસ્તાવને આવકાર્યો હતો. તેણે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, જુડિયા અને સમરિયામાં સાર્વભૌમત્વ લાગુ કરવું એ રાષ્ટ્રીય હિત છે અને તમામ રહેવાસીઓ માટે સમાન અધિકારોને સક્ષમ કરવાનો શ્રેષ્ઠ માર્ગ છે. સાર્વભૌમત્વ ચળવળના નેતાઓ, જે પશ્ચિમ કાંઠાના જોડાણ માટે ઝુંબેશ ચલાવે છે, તેમણે એક નિવેદનમાં જણાવ્યું હતું કે તેઓને આશા છે કે જમણેરી પક્ષો આ દરખાસ્તની તરફેણમાં મતદાન કરશે, વ્યક્તિગત અને રાજકીય વિચારણાઓને બાજુ પર રાખીને ઈઝરાયેલને જુડિયા અને સમરિયામાં સાર્વભૌમત્વ લાગુ કરવાની ઐતિહાસિક જરૂરિયાતને સમજવી જોઈએ.

અધિકાર સંગઠન કહે છે કે ઈઝરાયેલે ગાઝામાં ૧૫ વર્ષમાં ૫,૪૧૮ પેલેસ્ટીનીઓને મારી નાખ્યા છે

(એજન્સી) જેરૂસલેમ, તા.૧૬

અલ-મેઝાન સેન્ટર ફોર હ્યુમન રાઈટ્સે ઘોષણા કરી હતી કે ૧૫ વર્ષ દરમિયાન, ઈઝરાયેલના લશ્કરી હુમલામાં ઘેરાયેલા ગાઝા પટ્ટીમાં ૫,૪૧૮ પેલેસ્ટીનીઓ માર્યા ગયા છે. '૧૫ વર્ષ ખૂબ લાંબા' શીર્ષક હેઠળના અહેવાલમાં, સંસ્થાએ જણાવ્યું છે કે પીડિતોમાં ૨૩ ટકા બાળકો અને નવ ટકા મહિલાઓ હતી. ૧૪ જૂન ૨૦૦૭ અને ૧૪ જૂન ૨૦૨૨ની વચ્ચે, ઈઝરાયેલના હુમલાઓએ ૩,૧૧૮ વ્યાપારી સુવિધાઓ, ૫૫૭ ફેક્ટરીઓ, ૨,૨૩૭ વાહનો, ૨,૭૫૫ જાહેર સુવિધાઓ, ૧૨,૬૩૧ રહેણાંક એકમો અને ૪૧,૭૮૦ અન્યને આંશિક રીતે નુકસાન પહોંચાડ્યું છે, રિપોર્ટ ઉમેર્યું.

તે નિર્દેશ કરે છે કે ઈઝરાયેલી કબજેદાર દળોએ પરિમિતિની વાડને પાર કરવાનો પ્રયાસ કરતા પેલેસ્ટીની બાળકો સામે અતિશય અને ઘાતક બળનો ઉપયોગ કર્યો હતો અને ઉમેર્યું હતું કે તેઓએ ૨૦૪ બાળકોની ધરપકડ કરી હતી. અધિકાર જૂથે જણાવ્યું હતું કે ઈઝરાયેલી સત્તાવાળાઓએ તબીબી સારવાર મેળવવા માટે ગાઝા છોડવા ઈચ્છતા પેલેસ્ટીનીઓ માટે નિષેધાત્મક અને જટિલ પરમિટ શાસન મૂક્યું છે. ૨૦૧૦ અને ફેબ્રુઆરી ૨૦૨૨ની વચ્ચે, ઈઝરાયેલી સત્તાવાળાઓએ દર્દીઓની ૩૦ ટકા પરમિટની વિનંતીઓને કાં તો નકારી કાઢી હતી અથવા વિલંબિત કરી હતી, તેમાં જણાવાયું હતું કે નકારવામાં આવેલી અને વિલંબિત પરમિટને લીધે ૭૨ દર્દીઓ મૃત્યુ પામ્યા હતા, જેમાંથી દસ બાળકો અને ૨૫ સ્ત્રીઓ હતી. માનવતાવાદી સંગઠને આંતરરાષ્ટ્રીય સમુદાયને માનવ અધિકારોના ઉલ્લંઘન સાથે વ્યવહાર કરવામાં બેવડા ધોરણોથી દૂર રહેવા અને ગાઝા પર લાદવામાં આવેલા ઘેરાબંધીને સમાપ્ત કરવા માટે તેની કાનૂની અને

નૈતિક જવાબદારી ઓ નિભાવવા હાકલ કરી છે.તેઓએ પેલેસ્ટીનીઓ સામે યુદ્ધ અપરાધો કરનારા તમામ લોકોને જવાબદાર ઠેરવવા અને તેમની સામે કાર્યવાહી કરવી જોઈએ, એમ અહેવાલમાં ભાર મૂકવામાં આવ્યો હતો યુરો-મેડ હ્યુમન રાઈટ્સ મોનિટર અહેવાલ આપે છે કે ઈઝરાયેલે ગાઝાની ગરીબી રેખા નીચે જીવતા ૨.૩ મિલિયન વસ્તીમાંથી અડધાથી વધુ સાથે ગેરકાયદેસર નાકાબંધી લાદી છે ત્યારથી ગાઝાપટ્ટીમાં બેરોજગારી અને ગરીબીના દરમાં તીવ્ર વધારો થઈ રહ્યો છે.

ઈઝરાયેલી સેનાએ જેરૂસલેમમાં પેલેસ્ટીનીનું ઘર તોડી પાડ્યું

(એજન્સી) જેરૂસલેમ, તા.૧૬

બુધવારે સવારે, ઈઝરાયેલી સૈનિકોએ પશ્ચિમ કાંઠે, કબજા હેઠળની રાજધાની જેરૂસલેમની દક્ષિણપૂર્વમાં, સુર બાહેર શહેરમાં એક પેલેસ્ટીનીના ઘરને તોડી પાડ્યું હતું. મીડિયા સૂત્રોએ જણાવ્યું હતું કે ઘણા સૈન્યના વાહનો અને બુલડોઝરોએ શહેર પર આક્રમણ કર્યું અને બહેદ્દીન રબાયા પરિવારની માલિકીના ઘરને ઘેરી લીધું હતું અને તેમની મિલકતમાંથી બળજબરીથી દૂર કરતા પહેલા વાડી અલ-હુમસ પડોશ તરફ આગળ વધ્યા હતા. તેઓએ જણાવ્યું કે ઘર પચાસ ચોરસ મીટરનું હતું, જેમાં પરિવારના ચાર સભ્યો રહે છે. મિલકતને તોડી પાડતા પહેલા, સૈનિકોએ આખા વિસ્તારને બંધ કરીને ખાલી કરાવી દીધો હતો. કુટુંબ તેમની મિલકત માટે પરમિટ મેળવવાનો પ્રયાસ કરી રહ્યું છે અને તાજેતરમાં ૨૦,૦૦૦ શેકેલ દંડ ચૂકવ્યો છે અને કાનૂની પેપરવર્ક ચાલુ હતા, પરંતુ શહેરે તેમની અપીલ નકારી કાઢી અને મિલકતને તોડી પાડવાનો આદેશ આપ્યો હતો.

UKની સેવ ધ ચિલ્ડ્રન સંસ્થાએ ચેતવણી આપી; ઈઝરાયેલની નાકાબંધી હેઠળ ગાઝાના ૮૦% બાળકો ડિપ્રેશનથી પીડાઈ રહ્યા છે

(એજન્સી) તા.૧૬

સેવ ધ ચિલ્ડ્રન દ્વારા પ્રકાશિત થયેલા એક અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, ગાઝા પટ્ટીમાં પાંચમાંથી ચાર બાળકો ઈઝરાયેલની નાકાબંધી હેઠળ જીવવાના પરિણામે હતાશા, ઉદાસી અને ભયથી પીડાઈ રહ્યા છે. 'ટ્રેપ્ડ' શીર્ષક ધરાવતા, યુકે ચેરિટીના આ અહેવાલમાં ગાઝામાં ૪૮૮ બાળકો અને ૧૬૮ માતા-પિતા અને સંભાળ રાખનારાઓ સાથેના ઈન્ટરવ્યુની વિગતોનો સમાવેશ થાય છે અને ૨૦૧૮માં તેમના છેલ્લા સંશોધનની સરખામણીમાં પરિસ્થિતિ વધુ ખરાબ થઈ હોવાનું જણાવ્યું છે. ડિપ્રેશન અને ડરના લક્ષણોની પીડાતા બાળકોની સંખ્યા ૫૫ ટકાથી વધીને ૮૦ ટકા થઈ ગઈ છે. આ રિપોર્ટમાં ભય અનુભવનારા બાળકોની સંખ્યામાં નોંધપાત્ર વધારો દર્શાવવામાં આવ્યો છે, જે ૨૦૧૮માં ૫૦ ટકાની સરખામણીમાં ૮૪ ટકા, જ્યારે નર્વસ બાળકોની સંખ્યા ૫૫ ટકાની સરખામણીએ વધીને ૮૦ ટકા થઈ છે, અને ઉદાસીનતા કે ડિપ્રેશન ૬૨ ટકાથી વધીને

૭૭ ટકા થઈ ગયું છે. દરમિયાન આવા બાળકોની ટકાવારી ૫૫ ટકાથી વધીને ૭૮ ટકા થઈ છે. અલ-મેઝાન સેન્ટર ફોર હ્યુમન રાઈટ્સે જાહેર કર્યું હતું કે ૨૦૦૭થી ગાઝા પટ્ટીમાં ઈઝરાયેલી લશ્કરી હુમલામાં ૫,૪૧૮ પેલેસ્ટિનિયન માર્યા ગયા છે. અધિકૃત પેલેસ્ટીની પ્રદેશોમાં સેવ ધ ચિલ્ડ્રનનાં ડિરેક્ટર જેસન લીએ કહ્યું કે, આ અહેવાલ માટે અમે જે બાળકો સાથે વાત કરી હતી તે ડર, ચિંતા, ઉદાસીનતા અને દુઃખની કાયમી સ્થિતિમાં જીવી રહ્યા છે, તેઓ હિંસાના ડરના લીધે ઊંઘ લઈ શકતા નથી અથવા ધ્યાન કેન્દ્રિત કરવામાં અસમર્થતા અનુભવે છે. સેવ ધ ચિલ્ડ્રને એવો પણ અહેવાલ આપ્યો છે કે ગાઝાના અડધાથી વધુ બાળકો આત્મહત્યા કરવા અને પાંચમાંથી ત્રણ બાળકો પોતાને નુકસાન કરવા અંગે વિચાર કરે છે. ઈઝરાયેલે ૨૦૦૭થી ગાઝા પટ્ટી પર ઘેરો ઘાલ્યો છે, જેણે પેલેસ્ટીન પ્રદેશમાં આજીવિકાને ખરાબ રીતે અસર કરી છે. સેવ ધ ચિલ્ડ્રને ઈઝરાયેલી સરકારને આ નાકાબંધી હટાવવા અને કબજાનો અંત લાવવા માટે તાત્કાલિક પગલાં ભરવા વિનંતી કરી છે. તેમાં કહેવામાં આવ્યું છે કે, અમે તમામ પક્ષોને આ સંઘર્ષના મૂળ કારણોનો ઉકેલ લાવવા અને સલામતી અને ગૌરવ સાથે તમામ બાળકો અને પરિવારોની સુરક્ષા માટે પગલાં લેવા હાકલ કરીએ છીએ. અમારે સંઘર્ષ અને આર્થિક વંચિતતાનો તાત્કાલિક અંત કરવાની જરૂર છે. આ બાળકોના જીવનમાં ભારે તણાવ છે, તેમજ ગાઝા પટ્ટીમાં બાળકો અને તેમના પરિવારોની ખરાબ પરિસ્થિતિનો સામનો કરવાની સંભાવના અને તેઓને ટેકો આપવા માટેની પ્રવૃત્તિઓ તાત્કાલિક હાથ ધરવાની જરૂર છે.

ગૌરવવંતા ગુજરાતની વણથંભી વિકાસયાત્રાને મળશે વેગ

દેશના લોકલાડીલા વડાપ્રધાન
શ્રી નરેન્દ્રભાઈ મોદીની
પ્રેરક ઉપસ્થિતિમાં

ગુજરાત ગૌરવ અભિયાન
૧૮ જૂન ૨૦૨૨, વડોદરા

મધ્ય ગુજરાતના ૫ જિલ્લાઓમાં **૩.૨૧,૦૦૦ કરોડથી** વધુના
વિવિધ વિકાસકાર્યોનું **ખાતમુહૂર્ત, લોકાર્પણ** અને **ભૂમિપૂજન**

પોષણ સુધા યોજના
૩.૧૧૮ કરોડના ખર્ચે તમામ આદિજાતિ તાલુકાઓમાં સગર્ભા અને ધાત્રી માતાઓને આંગણવાડી કેન્દ્રમાં એક વખતનું સંપૂર્ણ ભોજન

૧૬ હજાર કરોડથી વધુના રેલવે વિભાગના પ્રકલ્પો
૩.૧૦૭૪૯ કરોડના ૫ જુદા જુદા પ્રોજેક્ટનું લોકાર્પણ
તેમજ ૫૬૨૦ કરોડના ૧૩ જુદા જુદા પ્રોજેક્ટનું ભૂમિપૂજન

કેન્દ્રીય વિશ્વવિદ્યાલયનું શિલાન્યાસ
વડોદરા જિલ્લાના ડભોઇ તાલુકાના કુંઢેલા ગામે ૧૦૦ એકરમાં ૭૪૩ કરોડના ખર્ચે વિવિધ વિષયોના ભણાતર માટે આધુનિક સુવિધાઓથી સજ્જ ૫ એકેડેમીક બ્લોક જેમાં ૨૫૦૦ જેટલા વિદ્યાર્થીઓને મળશે એજ્યુકેશન માટે સ્ટેટ ઓફ ધ એન્વાયરમેન્ટ

મુખ્યમંત્રી માતૃશક્તિ યોજના
૩.૮૧૧ કરોડના ખર્ચે પ્રથમ વારની સગર્ભા મહિલા અને પ્રથમ બાળક (૨ વર્ષ સુધીના)ની માતાને ૧૦૦૦ દિવસ સુધી ૨ કિગ્રા ચણા, ૧ કિગ્રા તુવેરદાળ, ૧ લીટર ખાદ્યતેલનું વિનામૂલ્યે વિતરણ

પ્રધાનમંત્રી આવાસ યોજના
વર્ષ ૨૦૨૪ સુધીમાં "સૌને ઘર" જેવી વડાપ્રધાનશ્રીની સંકલ્પનાને ચરિતાર્થ કરવા ૩.૩૩૦૦ કરોડના ખર્ચે અંદાજીત ૧ લાખ ગ્રામીણ અને ૪૧ હજાર શહેરી આવાસોનું લોકાર્પણ/ખાતમુહૂર્ત

૩.૫૯.૯૯ કરોડના ખર્ચે પાવાગઢ ખાતે
નવનિર્મિત મંદિરના સુવર્ણ શિખરે ધ્વજારોહણ, માર્ગ પહોળો કરવાનું, મંદિર પરિસરનું વિસ્તૃતિકરણ તેમજ પ્રવાસીઓની સુવિધાઓના કાર્યોનું લોકાર્પણ

નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે-તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.

તંત્રીલેખ .....

ગુજરાત ટુડે
શુક્રવાર ૧૭ જૂન ૨૦૨૨
૧૬ ઝિલકદ હિજરી ૧૪૪૩
જેઠ વદ ચોથ સંવત ૨૦૭૮

અગ્નિપથ યોજનાનો પથ સર્વસ્વીકાર્ય બનવો જોઈએ

ભારતીય સેનામાં સૈનિકોની ભરતીની જૂની પ્રક્રિયાને ખતમ કરીને સરકારે સ્પષ્ટ સંકેત આપ્યો છે કે તે સેનામાં સુધારા કરવામાં ખચકાશે નહીં. આર્મી, એરફોર્સ અને નેવીમાં સૈનિકોની ભરતી હવે 'અગ્નિપથ પ્રવેશ યોજના' દ્વારા કરવામાં આવશે. આ એક મોટી અસરો ઊભી કરનારું પગલું છે કારણ કે સેનાની નોકરીમાં જવાનોની ભરતી કરવામાં મૂળભૂત ફેરફાર કરવામાં આવ્યો છે. આ આમૂલ પરિવર્તનને કારણે જવાનોની નોકરી પહેલા જેવી રહેશે નહીં. હવે સેનામાં ભરતી માટેની ઉંમર સાડા સત્તર વર્ષથી એકવીસ વર્ષ નક્કી કરવામાં આવી છે.

આ યોજના હેઠળ પસંદ કરાયેલા સૈનિકોને 'અગ્નિવીર' કહેવામાં આવશે અને તેઓને ચાર વર્ષ માટે નોકરી પર રાખવામાં આવશે. આ અગ્નિવીરોની સેવા ચાર વર્ષ પૂર્ણ થયા બાદ સમાપ્ત થશે. પરંતુ તેમાંથી ૨૫ ટકાને જ તેમના સારા સર્વિસ રેકોર્ડના આધારે કાયમી ધોરણે સેનામાં સામેલ કરવામાં આવશે. સૈન્યના આ નવા જવાનોને વીમો, ફિક્સ પગાર અને નિવૃત્તિ પર જમા પૈસા મળશે, પરંતુ પેન્શન નહીં મળે. એટલે કે આવનારા સમયમાં હવે સેનાના જવાનો પણ કોન્ટ્રાક્ટની નોકરી મેળવશે.

આ પ્રકારના સુધારા સેના માટે કેટલા ફાયદાકારક સાબિત થશે તે કહેવું મુશ્કેલ છે. જો કે, સરકારે અગ્નિવીર યોજનાના લાભ ગણાવ્યા છે. આ યોજના વિશે સરકારના દાવા મુજબ, અગ્નિવીરોને એવી રીતે પ્રશિક્ષિત કરવામાં આવશે કે ચાર વર્ષ પછી તેઓ અન્ય ક્ષેત્રોમાં પણ કામ શોધી શકશે. ઉદાહરણ તરીકે, સશસ્ત્ર પોલીસ દળો, રાજ્ય પોલીસ દળો, સુરક્ષા દળો જેવી નોકરીઓમાં તેમને પ્રાથમિકતા આપવામાં આવી શકે છે. એવો અંદાજ છે કે આગામી ચાર વર્ષમાં એક લાખ ચોર્યાસી હજાર અગ્નિવીરોની ભરતી કરવામાં આવશે અને તેમાંથી દર વર્ષે સાડા અગિયાર હજારને કાયમી ધોરણે આ સેવામાં સામેલ કરવામાં આવશે.

જ્યાં સુધી પગાર અને પૈસાની વાત છે, તો આવા અગ્નિવીરને પહેલા વર્ષમાં દર મહિને ત્રીસ હજાર રૂપિયા મળશે. આ પૈસા ચોથા વર્ષે વધીને ચાલીસ હજાર રૂપિયા થઈ જશે. આ પગારના ત્રીસ ટકા અગ્નિવીર કોર ફંડમાં જશે. આ જમા રકમ નિવૃત્તિ સમયે આપવામાં આવશે. પરંતુ મુશ્કેલ પ્રશ્ન એ છે કે ચાર વર્ષ પછી બહાર થઈ જનારા અગ્નિવીરો વ્યવહારિક રીતે અન્યત્ર કેટલો ખર્ચ કરી શકશે ? દેશમાં રોજગાર સંકટ કાયમી થઈ ગયું છે. અન્ય દળોમાં પણ ભરતીઓ જાહેર કરવામાં આવતી નથી. આવી સ્થિતિમાં, હજારો યુવાનોએ દર વર્ષે સેના છોડ્યા પછી ફરીથી નવી રોજગારની શોધમાં રહેવું પડશે.

તો છેવટે, આ યોજનાથી કોને ફાયદો થશે ? ઉલ્લેખનીય છે કે સરકાર વર્ષોથી સૈનિકોના પેન્શનના બોજના મુદ્દે ઝઝૂમી રહી છે. હાલમાં દેશમાં લગભગ ૨૪થી ૨૫ લાખ ભૂતપૂર્વ સૈનિકો છે અને દર વર્ષે ૬૦થી ૭૭ હજાર સૈનિકો ત્રણેય સેવાઓમાંથી નિવૃત્ત થાય છે. આવી સ્થિતિમાં સંરક્ષણ ક્ષેત્રની ફાળવણીનો મોટો હિસ્સો માત્ર પેન્શન પાછળ જ ખર્ચવામાં આવે છે. તેનાથી સેનાના આધુનિકીકરણ, હથિયારોની ખરીદી અને અન્ય જરૂરિયાતો પર અસર પડી રહી છે. સૈન્યના પડકારો પણ વધી રહ્યા છે. પરંતુ હવે એવું માનવામાં આવે છે કે આ મોટા ફેરફારને કારણે આવનારા વર્ષોમાં પેન્શનરોની સંખ્યા ઘટવા લાગશે. આ સંદર્ભમાં જવાનોની ભરતી પ્રક્રિયામાં કરાયેલા આ ફેરફારના દૂરગામી પરિણામો આવી શકે છે. એક વાત એ છે કે અત્યાર સુધી સેનાના જવાનોને લાંબી અને સખત તાલીમમાંથી પસાર થવું પડતું હતું. પરંતુ હવે અગ્નિવીરોને માત્ર છ મહિનાની તાલીમ આપવાની વાત છે. આવી સ્થિતિમાં સેનાની ગુણવત્તા પર અસર થશે કે કેમ તે પણ એક મોટો પ્રશ્ન છે.

આવા પ્રશ્નોને કારણે સેનામાં ભરતી થવા થનગનતા ઘણા યુવાનોના મનમાં કચવાટ પેદા થયો છે અને આ કચવાટ વિરોધ પ્રદર્શનમાં તબદિલ થઈ રહ્યાના અહેવાલો આવી રહ્યા છે ત્યારે આ મુદ્દો સર્વસ્વીકાર્ય બને એ દિશામાં પગલાં ભરવા જરૂરી છે.

મોદી સરકાર અને ગાંધી-પટેલની દૃષ્ટિ

દૃષ્ટિકોણ
- રામ પુનિયાની

૩૦મી મેના રોજ નરેન્દ્ર મોદીએ વડાપ્રધાન તરીકે આઠ વર્ષ પૂર્ણ કર્યા. આ અવસર પર સરકારના કામો અને સફળતાઓને લઈને અનેક દાવા કરવામાં આવી રહ્યા છે. અમિત શાહથી શરૂ કરીને ઘણા નેતાઓએ સરકારના છેલ્લા આઠ વર્ષોને સિદ્ધિઓથી ભરેલા ગણાવ્યા છે. અન્યોએ ઉજ્જ્વલા, જન ધન, આવાસ વગેરે જેવી યોજનાઓને અનુકરણીય ગણાવી છે. સ્મૃતિ ઈરાનીએ કહ્યું છે કે નવી સરકારે મહિલાઓને આગળ આવવા અને કાર્યભાર સંભાળવા માટે માત્ર પ્રેરણા નહિ પરંતુ તેમને તકો પણ પૂરી પાડી છે.

બીજી તરફ સરકારના વિરોધીઓનું માનવું છે કે નોટબંધી અને સરકારના અન્ય નિર્ણયોથી દેશને મોટું નુકસાન થયું છે. કોરોના મહામારી દરમિયાન દેશ (ભારત)બંધ થતાં લાખો લોકોને ભયંકર સંજોગોમાં તેમના ઘરે પાછા ફરવાની ફરજ પડી હતી. મહામારી દરમિયાન એ પણ સ્પષ્ટ થયું કે દેશની આરોગ્ય સેવાઓ નબળી છે અને કટોકટીની પરિસ્થિતિઓને નિયંત્રિત કરવામાં અસમર્થ છે . સરકારના ટીકાકારો પણ કહે છે કે દેશમાં બેરોજગારીના દરમાં જબરદસ્ત વધારો થયો છે, ખેડૂતો દુર્દશામાં છે અને વધતા ભાવોએ સામાન્ય માણસની કમર તોડી નાખી છે. આંતરરાષ્ટ્રીય બજારમાં રૂપિયો ગગડી રહ્યો છે.

સરકાર ભલે દાવો કરતી હોય કે તેના શાસન દરમિયાન દેશમાં કોઈ સાંપ્રદાયિક હિંસા નથી થઈ, પરંતુ સત્ય એ છે કે સાંપ્રદાયિક હિંસાના કેસોમાં ઝડપથી વધારો થયો છે, જેનું ઉદાહરણ ૨૦૨૦માં દિલ્હીના રમખાણો છે. આ સિવાય દેશના બે મોટા ધાર્મિક સમુદાયો વચ્ચેના સંબંધોમાં કડવાશ આવી ગઈ છે. ૨૦૧૪માં ઉત્તર પ્રદેશમાં સાંપ્રદાયિક હિંસાની ૧૩૩ ઘટનાઓ બની હતી. વર્ષ ૨૦૧૭માં તેમની સંખ્યા વધીને ૧૯૫ થઈ ગઈ જે ૨૦૧૪ની સરખામણીમાં ૪૭ ટકા વધુ હતી. હફિંગ્ટન પોસ્ટ અનુસાર, ૨૦૧૫માં, ધાર્મિક આધાર પર સામાજિક નફરતના કેસોની સંખ્યામાં ભારત, સીરિયા, નાઈજીરિયા અને ઈરાક પછી ચોથા ક્રમે હતું. ત્યારપછીના વર્ષોમાં પણ આ જ સ્થિતિ ચાલુ રહી.

એકબીજાથી નફરત કરવી એ સામાન્ય બાબત બની ગઈ છે. સરકાર અયોધ્યામાં રામ મંદિરના નિર્માણ અને કાશીમાં કોરિડોરને પોતાની ઉપલબ્ધિ ગણાવી રહી છે. સરકાર કદાચ એવું પણ માને છે કે તે મથુરા, તાજમહેલ, જામા મસ્જિદ અને બાબા બુધાંગિરી (કર્ણાટક) જેવા મુદ્દાઓને ચર્ચામાં લાવવામાં પણ તેમની જ સફળતા છે. વૈશ્વિક સ્તરે, વિવિધ સૂચકાંકોમાં ભારતની સ્થિતિ ઘટી છે પછી તે સૂચકાંક લોકશાહી, ધાર્મિક સ્વતંત્રતા, પ્રેસની સ્વતંત્રતા અથવા ભૂખ કે આનંદ સાથે સંબંધિત કેમ નહોય. મોદીના આ દાવાને જોરદાર પડકાર આપી શકાય છે કે તે ગાંધી અને સરદાર પટેલના સપનાના ભારતનું નિર્માણ કરી રહ્યા છે.

સરદાર પટેલ ગાંધીજીના પ્રખર અનુયાયી હતા અને તેમણે એક વખત નહેરૂને કહ્યું હતું કે આપણે બંને ગુરૂ મહાત્મા ગાંધીના ચરણોમાં બેસીને રાજકારણ શીખ્યા છીએ. ગાંધીજીનો એક સિદ્ધાંત હતો કે શાસકોએ નીતિઓ બનાવતી વખતે કે નિર્ણયો લેતી વખતે એ વિચારવું જોઈએ કે તેઓ જે કરવાના છે તેનાથી છેલ્લી હરોળના છેલ્લા માણસની સ્થિતિ વધુ સારી થશે કે કેમ. આજકાલ આપણે જોઈ રહ્યા છીએ કે આગળની હરોળમાં ઊભેલો માણસ વધુ ધનવાન થઈ રહ્યો છે. સરકારે તેના માટે રાષ્ટ્રીય સંસાધનો સમર્પિત કર્યા છે. જ્યાં સુધી છેલ્લી હરોળના છેલ્લા વ્યક્તિની વાત છે, તો કોઈની પાસે તેની તરફ જોવાનો પણ સમય નથી.

દેશમાં તમામ પ્રકારની સ્વતંત્રતાઓ છીનવાઈ ગઈ છે. અભિવ્યક્તિની સ્વતંત્રતા તેમાંથી એક છે. જ્યારે ઘણા પ્રતિબદ્ધ કાર્યકર્તાઓ અને બૌદ્ધિકોને કેદ કરવામાં આવી રહ્યા છે, નફરત ફેલાવનારાઓ (જેમ કે યતિ નરસિમ્હાનંદ, સુરેશ ચવાંકે વગેરે) મુક્તપણે ફરતા હોય છે. તેઓ જાણે છે કે તેઓ કોઈને મારવાની વાત કરે કે કોઈ સમુદાયના નરસંહારની વાત કરે, તેમનું કંઈ બગડવાનું નથી. રસપ્રદ વાત એ છે કે પરિસ્થિતિ એવી રીતે બનાવવામાં આવી છે કે જે સમુદાય પીડિત છે તેને દોષી ઠેરવવામાં આવી રહ્યો છે.

ગાંધીજીએ જીવનભર હિંદુ-મુસ્લિમ એકતા માટે કામ કર્યું. તેમના જીવનના છેલ્લા વર્ષોમાં, આ તેમની સૌથી મોટી ચિંતા હતી. કોંગ્રેસને ખિલાફત ચળવળ સાથે જોડવાની હોય કે પછી દિલ્હીની મુસાફરી હોય કે સાંપ્રદાયિક અરણ્યમાં નોઆખલીની મુસાફરી હોય, તેઓ ભારતને તેની તમામ વિવિધતા અને બહુમતી સાથે એક મજબૂત રાષ્ટ્ર બનાવવા માટે મક્કમ હતા. તેમના પ્રાથમિક ધ્યેયોમાંથી એક હિંદુ અને મુસ્લિમોની એકતાની સ્થાપના હતી. દિલ્હીમાં તેમના આમરણાંત ઉપવાસ પાછળ પણ આ જ કારણ હતું.

ગાંધી ઇચ્છતા હતા તેનાથી વિપરિત, બે સમુદાયો વચ્ચેની ખાઈને પહોળી અને ઊંડી કરવામાં આવી છે. રામ મંદિર આંદોલનથી શરૂ થયેલી આ પ્રક્રિયાએ છેલ્લા આઠ વર્ષમાં જોર પકડ્યું છે. ગાંધીજીએ બંને કોમના સાંપ્રદાયિક તત્વોને ઠપકો આપતા અચકાતા ન હતા. તેઓ શાંતિ, સૌહાર્દ અને અહિંસા માટે સંપૂર્ણ પ્રતિબદ્ધ હતા. આજે જે થઈ રહ્યું છે તે ગાંધીજીના સપના અને તેમની ઈચ્છાથી બિલકુલ વિપરીત છે. આજે ધર્મને રાજકારણ સાથે ભેળવવામાં આવી રહ્યો છે, જ્યારે ગાંધીજી આ બંનેને એકબીજાથી સંપૂર્ણપણે અલગ રાખવા સંમત થયા હતા. તેમણે લખ્યું, "મેં આખી જિંદગી જે ભારત બનાવવા માટે કામ કર્યું છે, તેમાં દરેક વ્યક્તિને સમાન દરજ્જો મળશે, પછી ભલે તેનો ધર્મ કોઈ પણ હોય. જ્યાં સુધી રાજ્યનો સંબંધ છે, તે બિનસાંપ્રદાયિક હોવું જોઈએ. તેમણે એમ પણ લખ્યું કે, "ધર્મ એ રાષ્ટ્રીયતાની કસોટી નથી. તે માણસ અને તેના ઈશ્વર વચ્ચેની અંગત બાબત છે." અને "ધર્મ એ દરેક વ્યક્તિની અંગત બાબત છે અને તેને રાજનીતિ કે રાષ્ટ્રીય મુદ્દાઓ સાથે જોડવો ન જોઈએ" (હરિજન, ૩૧ ઓગસ્ટ, ૧૯૪૭)

જ્યાં સુધી સરદાર પટેલ, જેમના નામનો મોદી વારંવાર ઉલ્લેખ કરે છે, તેઓ સમાજમાં "વધતી હિંસા" વિશે ખૂબ ચિંતિત હતા અને તેથી જ તેમણે મહાત્મા ગાંધીની હત્યા પછી RSS પર પ્રતિબંધ મૂક્યો હતો. ૫ ફેબ્રુઆરી, ૧૯૪૮ના રોજ 'ધ ઈન્ડિયન એક્સપ્રેસ'ની મદ્રાસ આવૃત્તિમાં પ્રકાશિત થયેલા અહેવાલમાં કહેવામાં આવ્યું છે કે, "RSS સમગ્ર દેશમાં ગેરકાયદેસર છે; હિંસા અને નફરતને જડમૂળથી ઉખેડવાનાં પગલાં. સરદાર પટેલે લખ્યું, "તેમના તમામ ભાષણો સાંપ્રદાયિકતાના ઝેરથી ભળી ગયા હતા. આ ઝેરના અંતિમ પરિણામ તરીકે દેશે ગાંધીજીના બલિદાન જોવુ પડ્યું. આજકાલ દરેક રીતે નફરતને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. મોદી પોતે નફરત ફેલાવતી ટોળકીના વડા છે. "જો ઔરંગઝેબ હોત તો શિવાજીનો પણ ઉદય થયો હતો", તે સમયાંતરે આવી વાતો કહેતા રહે છે. તેમના ભક્તો, અનુયાયીઓ અને સમર્થકો ધાર્મિક સંસદો અને સોશિયલ મીડિયા દ્વારા આ બાબતોને અતિશયોક્તિપૂર્વક ફેલાવે છે. તેમને કોઈ ડર કે સંકોચ નથી.

ગયા વર્ષે ડિસેમ્બરમાં હરિદ્વારમાં યોજાયેલ ત્રણ દિવસીય ધર્મ સંસદ તેનું ઉદાહરણ છે. આ કાર્યક્રમમાં ભાજપના અગ્રણી નેતાઓની હાજરીમાં ખુલ્લેઆમ હત્યાકાંડની હાકલ કરી હતી. મોદીએ આ મામલે મૌન સેવ્યું હતું. દેશમાં મુસ્લિમો પોતાને અત્યંત અસુરક્ષિત અનુભવી રહ્યા છે. જેના કારણે એક તરફ આ સમુદાયના કોમવાદી તત્વોને પ્રોત્સાહન મળી રહ્યું છે તો બીજી તરફ મોટાભાગના મુસ્લિમો ભયના છાયામાં જીવવા મજબૂર છે. જેનો સાઈડ વોચના પ્રમુખ ગ્રેગરી સ્ટેન્ટન કહે છે કે નરસંહારના સ્કેલ પર ભારત અત્યારે ૧થી ૧૦ના સ્કેલ પર ૮માં છે. આ સંજોગોમાં ગાંધી અને નહેરૂ શું કરશે ? ફક્ત તેમનું નામ લેવાથી સત્ય બદલાશે નહીં.

(સૌ.: નવજીવન ઈન્ડિયા.કોમ)

આપણા બાળકો માટે ઉપયોગી માહિતી

UPSC (IAS-IPS-IFS)

UPSC શું છે ? તેની તૈયારી કઈ રીતે કરવી ? UPSCની એક્ઝામ કોણ આપી શકે ? UPSCની ભરતી કેટલા વર્ષે થાય ? UPSCનો સિલેબસ શું છે ? UPSCની ભરતીમાં કઈ સર્વિસ મળે ? વગેરે સવાલો તમને થતા હશે !

● UPSCનું પૂરું નામ યુનિયન પબ્લિક સર્વિસ કમિશન છે . UPSC એ ક્લાસ ૧ની એક્ઝામ લે છે. આઈએસ , આઈપીએસ, આઇએફએસ, આઈઆરએસ જેવા અધિકારી બનવા માટે UPSC એક્ઝામ આપવી પડે. UPSC ઈન્ડિયન ઈકોનોમિક સર્વિસ, ઈન્ડિયન એન્જિનિયરિંગ સર્વિસ જેવી સર્વિસની પણ એક્ઝામ લે છે.

UPSCની એક્ઝામ ત્રણ ભાગમાં હોય છે

● પ્રિલિમ એક્ઝામ
● મેઈન એક્ઝામ
● ઈન્ટરવ્યૂ
● પ્રિલીમ પરીક્ષાના બે પેપર હોય છે .
● બન્ને પેપર ૨૦૦ માર્કના હોય છે .
● જો તમે બીજા પેપરમાં ૬૬ માર્ક કે તેનાથી ઉપર લાવો તો જ તમારું પેપર ૧ ચેક થાય છે.
● તમારા પેપર ૧ના માર્ક ઉપરથી મેરીટ બને કે તમે મુખ્ય પરીક્ષા આપી શકો કે નહિ.
(બીજા પેપરના માર્ક ગણાતા નથી)
● ત્રણેક મહિના પછી તેનું રીઝલ્ટ આવે, જો તમે પ્રથમ પેપરમાં સારા માર્ક હોય તો તમે મુખ્ય પરીક્ષા આપી શકો.
● પ્રીલીમ પરીક્ષામાં પાસ થવાનું છે તેના માર્ક ફાઈનલ રીઝલ્ટમાં ગણાતા નથી .

મુખ્ય પરીક્ષા

મુખ્ય પરીક્ષામાં કુલ નવ પેપર હોય છે
અંગ્રેજી (જે બધા ઉમેદવાર માટે કોમન છે, પાસ થવા માટે ૩૦૦માંથી ૭૫ ગુણ આવવા જરૂરી છે)
બીજું પેપર ભાષાનું હોય છે, (બંધારણની ૮મી અનુસૂચિમાં ૨૨ ભાષામાંથી તમે ગમે તે પસંદ કરી શકો. તેમાં ગુજરાતી પણ છે ચિંતા ના કરો, તેમાં પણ પાસ થવા ૩૦૦માંથી ૭૫ માર્ક આવવા જરૂરી છે.)
● આ બન્ને પેપરમાં પાસ થવું જરૂરી છે. આના માર્ક મુખ્ય પરીક્ષામાં ગણાતા નથી.

મુખ્ય પરીક્ષામાં ૭ પેપરના માર્ક ગણાય છે જે નીચે મુજબ છે

● નિબંધનું પેપર
● ચાર જનરલ સ્ટડીના પેપર
● બે optionalના પેપર
(જે તમારે નક્કી કરવાનું હોય છે, જે વિષય રાખવો હોય તે , ભાષા પણ રાખી શકાય, UPSCએ નક્કી કરેલા વિષયમાંથી જ)
● આ સાત પેપર ૨૫૦ માર્કના હોય છે .
● ૩ મહિના પછી તેનું રીઝલ્ટ આવે છે જો તમે પાસ થાવ તો તમારું ઈન્ટરવ્યૂ થાય (જે માટે દિલ્હી જવું પડે)

ઈન્ટરવ્યૂ

● ઈન્ટરવ્યૂ કુલ ૨૭૫ માર્કનું હોય છે.
● ઈન્ટરવ્યૂમાં તમારા સ્નાતકના મુખ્ય વિષય, દેશની સમસ્યા અને તેના નિવારણ, આંતરરાષ્ટ્રીય સંબંધ, તમે જે જિલ્લા કે તાલુકામાંથી આવો છે તેના વિશે એટલે કે તેમાં શું પ્રખ્યાત છે ? તેનો ઈતિહાસ શું છે વગેરે, ધર્મ આધારિત સવાલ પૂછાઈ શકે છે.
(UPSC પાસ કરેલા અધિકારીઓનું કહેવું છે કે મોટાભાગે તમે ભરેલા એપ્લિકેશન ફોર્મ ઉપરથી જ સવાલ કરતા હોય છે.)
● કુલ ૨૦૨૫ માર્કમાંથી ઉમેદવારને માર્ક મળતા હોય છે.
● પછી UPSC તેમની કેડર નક્કી કરતી હોય છે કે તમને કઈ સર્વિસ આપવી.
● જો તમારા માર્ક સારા હોય તો તમને મનપસંદ કેડર મળે છે.

માર્ગદર્શન

● UPSCની તૈયારી ક્યાંથી શરૂ કરવી ?

UPSCની તૈયારીની શરૂઆત NCERTથી કરવી જોઈએ જેથી કરીને તમારું બેઝિક નોલેજ ક્લીયર થાય.

હિસ્ટ્રી માટે

● ધો. ૬થી ૧૨ની ncert
● પ્રાચીન ભારતનો ઈતિહાસ
● મધ્ય ભારતનો ઈતિહાસ
● આધુનિક ભારતનો ઈતિહાસ વાંચવો.
● ભારત એક ખોજ જેવા એપિસોડ જોઈ શકો.

ભૂગોળ માટે

● ધો .૬થી ૧૨ની ncert બુક વાંચવી.
● કરંટ અફેર્સ વાંચવું.
● ભૂગોળની કોઈ સારી બુક વાંચવી.

અર્થશાસ્ત્ર માટે

● ૬થી ૧૨ની ncert
● રમેશ સિંઘની ઈકોનોમિક્સની બુક વાંચવી
● કરંટ અફેર્સ વાંચવું
● યુટ્યુબ પરના મૃણાલ પટેલના લેક્ચર જોવા.

પોલિટિકલ સાયન્સ માટે

● ધો. ૬થી ૧૨ની ncert
● એમ.લક્ષ્મીકાંતની પોલિટિકલ સાયન્સની બુક

કરંટ અફેર્સ

સમાજશાસ્ત્ર માટે

● ધો. ૬થી ૧૨ની ncert
● સમાશાસ્ત્રની કોઈ સારી બુક વાંચવી (તમને જે સરળ ભાષામાં સમજાય તે)
● Ucg ચેનલ પર મહમરા સરના લેક્ચર જોઈ શકો છો યુટ્યુબ પર.

વિજ્ઞાન માટે

● ધો.૬થી ૧૦ની ncert (૧૧, ૧૨ સાયન્સના પુસ્તક વાંચવાની જરૂર નથી છતાં તમારી પાસે સમય હોય તો વાંચી શકો છો.)

કરંટ અફેર્સ

ગણિત માટે

● ધો. ૬થી ૧૦ની ncert
(ગણિતનું સામાન્ય જ્ઞાન હોવું જોઈએ, ખાલી દસમાં સુધીનું)

અંગ્રેજી માટે

● અંગ્રેજીમાં દશમાં સુધીનું ગ્રામરનું નોલેજ જોઈએ . UPSCમાં અંગ્રેજીનું ૩૦૦ માર્કનું પેપર આવે છે. મેઈન એક્ઝામમાં ૩૦૦માંથી ૨૫ ટકા માર્ક પાસ થવા જરૂરી છે એટલે ૩૦૦માંથી ૭૫ માર્ક. આ માર્ક ફાઈનલ એક્ઝામમાં ગણાતા નથી.

Optional subject માટે

Optionalના બે પેપર હોય છે .
● ઘણા બધા optional છે હું તમને ગુજરાતી ભાષાના optional વિશે કહું.

ગુજરાતી ભાષાનો ઈતિહાસ

● ગદ્ય અને પદ્ય બન્ને
● રઘુવીર ચૌધરીની નવલકથા અમૃતા વાંચવી.
● પાટણની પ્રભુતા , સૌરાષ્ટ્રની રસધાર વગેરે.

રાજ્યસભા ટીવી જોવું

● દરરોજ ન્યુઝ પેપર વાંચવું (ધ હિન્દુ અથવા ઈન્ડિયન એક્સપ્રેસ કે બીજું કોઈ ન્યુઝ પેપર)
● મહિનાનું કરંટ મેગેઝીન વાંચવું
● જે તમે વાંચો તેની નોટ બનાવી જેથી કરીને એક્ઝામના નજીકમાં તમે તેનું રિવિઝન કરી શકો.
● કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારની બધી યોજના જાણવી.
● ભારતના આંતરરાષ્ટ્રીય સંબંધ કેવા છે તે જાણવા, તેમની વચ્ચે કઈ ડીલ થઈ છે તે બધું જ જાણવું જરુરી છે.

● ભારતની મુખ્ય સમસ્યા કઈ છે ?

કોણ UPSCનું ફોર્મ ભરી શકે ?

● UPSCનું ફોર્મ ભરવા માટે તમારી ઉંમર ૨૧ વર્ષની હોવી જરૂરી છે.
● તમારું સ્નાતક પૂરું થવું જોઈએ.(લાસ્ટ સેમ.માં હોય તો તમે ફોર્મ ભરી શકો પણ જો તમારું ઈન્ટરવ્યૂ આવે તો તમારે સ્નાતકના માર્ક લખવાના હોય છે. જો ત્યાં સુધી માર્કશીટ મળી જાય તો ફોર્મ ભરી શકાય.)
● કોઈપણ વિષયમાં સ્નાતક થયેલા વિદ્યાર્થી ફોર્મ ભરી શકે.
● લોકો એવું માનતા હોય છે કે UPSCની એક્ઝામ તો સ્કૂલ અને કોલેજનો ટોપર જ પાસ કરી શકે. આપણું કામ નથી તો
● UPSC ૨૦૧૭ના ઓલ ઈંડિયામાં ૩ રેન્ક મેળવ્યો તે જુનેદ અહમદ પણ એવરેજ સ્ટુડન્ટ રહ્યા છે.
● ૨૦૧૭માં UPSC પાસ કરનાર આશિષ કુમાર પણ એક એવરેજ સ્ટુડન્ટ રહ્યા છે. તેમના ૧૦માં ૫૨ અને ૧૨ના ૫૫ ટકા હતા. સ્નાતકમાં પણ ૫૫ ટકા હતા છતાં તેમને UPSC પાસ કરી. તે કુલ ૮ વખત UPSCમાં ફેલ થયા હતા નવમાં ટ્રાયલમાં તે સફળ રહ્યા.
● મનોજકુમાર શર્મા ૧૨ ધોરણમાં ફેલ થયા હતા છતાં તે UPSCમાં સફળ રહ્યા અને આઈપીએસ થયા. હાલમાં તે એસીપી છે.
● આવા તો ઘણા બધા ઉદાહરણ છે
એક UPSC પાસ કરેલો વ્યક્તિ કે તેની તૈયારી કરતો વ્યક્તિ ક્યાં સુધી પહોંચી શકે
● અરવિંદ કેજરીવાલ એ UPSC પાસ કરેલી છે. તે દિલ્હીમાં ઈન્કમટેક્સ કમિશનર હતા. હાલમાં તે દિલ્હીના મુખ્યમંત્રી છે.
● ભારત સરકારના વિદેશ મંત્રી એસ. જયશંકરે UPSC પાસ કરેલી છે.
એસ. જયશંકર આઈ.એફ.એસ. ઓફિસર હતા.
● ભારત સરકારના પૂર્વ નાણાંમંત્રી યશવંત સિંહાએ UPSC પાસ કરેલી છે. યશવંત સિંહા ક્લેક્ટર હતા.
● ભારતના મહામહિમ રાષ્ટ્રપતિજી સિવિલ સર્વિસ અધિકારી રહી ગયા છે.
● ઉત્તર પ્રદેશના ચાર વખત મુખ્યમંત્રી રહેલા લોકસભાના સાંસદ રહેલા રાજ્યસભાના સાંસદ રહેલા માયાવતીજીએ પણ UPSCની તૈયારી કરેલી છે.

જો તમે પણ IAS, IPS કે બીજા કોઈ અધિકારી બનીને દેશ અને દેશના લોકો માટે કામ કરવા માગતા હોય તો તૈયાર થઈ જાવ.

(આ પોસ્ટનો સ્પષ્ટ હેતુ વિદ્યાર્થીઓને આ પરીક્ષા માટે પ્રેરિત કરવાનો માત્ર છે)

ટીમ ઇન્ડિયા ઇંગ્લેન્ડ પ્રવાસ માટે રવાના આગામી પડકાર માટે તૈયાર : પુજારા

મુંબઇ, તા.૧૬

ટીમ ઇન્ડિયા ગુરૂવારે ઇંગ્લેન્ડ પ્રવાસ માટે રવાના થઇ ગઇ છે. આ જાણકારી ભારતના ટેસ્ટ સ્પેશિયાલિસ્ટ ચેતેશ્વર પુજારા અને સ્પીડના સોદાગર મોહમ્મદ શમીએ પોતાના સોશિયલ મીડિયા પોસ્ટ દ્વારા આપી છે. પુજારાએ પોતાની પોસ્ટને કેપ્શન આપ્યું છે કે, આગામી પડકાર માટે તૈયાર.

ઇંગ્લેન્ડમાં કાઉન્ટી ક્રિકેટમાં પોતાની બેટિંગથી ધમાલ મચાવનાર પુજારાનું ટીમમાં પુનરાગમન થઇ ગયું છે. આ પહેલા શ્રીલંકા વિરૂદ્ધ રમાયેલી ઘરેલુ ટેસ્ટ સિરીઝમાં તેના ખરાબ ફોર્મને જોતા પસંદગીકારોએ તેને ટીમમાંથી પડતો મૂક્યો હતો. ઇંગ્લેન્ડ વિરૂદ્ધ ટીમ ઇન્ડિયાના રવાના થતાં પહેલાં ચેતેશ્વર પુજારાએ સોશિયલ મીડિયા પર એક પોસ્ટ લખી છે જેમાં તેની સાથે ટીમ ઇન્ડિયાના પૂર્વ કપ્તાન વિરાટ કોહલી, રવીન્દ્ર જાડેજા, શુભમન ગિલ, શાર્દુલ ઠાકુર, પ્રસિદ્ધ કૃષ્ણા દેખાઇ રહ્યા છે આ પોસ્ટની કેપ્શનમાં પુજારાએ લખ્યું છે કે, આગામી પડકાર માટે તૈયાર, બ્રિટેન બોન્ડ !

અત્રે ઉલ્લેખનીય છે કે, રોહિત શર્માના નેતૃત્વમાં ટીમ ઇન્ડિયા ઇંગ્લેન્ડ રવાના થઇ છે. ભારતીય ટીમને ઇંગ્લેન્ડ પ્રવાસમાં એક ટેસ્ટ મેચ, ત્રણ ટી-૨૦ અને ત્રણ વન-ડે મેચ રમવાની છે. ટેસ્ટ મેચ માટે ટીમની જાહેરાત થઇ ચૂકી છે.

હાર્દિક પંડ્યા કપ્તાન, સંજુ સેમસનનું પુનરાગમન

આયરલેન્ડ પ્રવાસ માટે ભારતીય ટીમમાં રાહુલ ત્રિપાઠીનો સમાવેશ

નવી દિલ્હી, તા.૧૬ : આયરલેન્ડ વિરૂદ્ધ બે મેચોની સિરીઝ માટે બીસીસીઆઇએ આઇપીએલ ૨૦૨૨માં શાનદાર પ્રદર્શન કરનાર રાહુલ ત્રિપાઠીને ટીમમાં સ્થાન આપ્યું છે. ત્રિપાઠીને રાષ્ટ્રીય ટીમમાં સામેલ થવા બદલ હરભજનસિંહે તેને શુભેચ્છા પાઠવી છે. ટીમ ઇન્ડિયા ૨૬ જૂનથી ડબલીનમાં શરૂ થનારી બે મેચોની ટી-૨૦ સિરીઝ માટે આયરલેન્ડ સામે ટકરાશે. ત્રિપાઠીને શુભેચ્છા પાઠવતા હરભજને કહ્યું કે, હાર્દિક પંડ્યાને ટીમ ઇન્ડિયાની કેપ્ટનશીપ કરતા જોવાનું પસંદ કરીશ. ત્રિપાઠીની સનરાઇઝ હેદરાબાદ સાથે એક અસાધારણ આઇપીએલ સિઝન હતી તેણે ૧૪ મેચોમાં ૩૭.૫૫ની સરેરાશથી ૪૧૩ રન બનાવ્યા હતા તેણે ૧૫૮.૨૩ની સ્ટ્રાઇક રેટ સાથે ત્રણ અર્ધ સદી પણ ફટકારી હતી તેણે અત્યાર સુધી પોતાની ૭૬ આઇપીએલમાં ૨૭.૬૬ની સરેરાશથી કુલ ૧૭૯૮ રન બનાવ્યા છે. ટીમ :- હાર્દિક (કપ્તાન), ભૂવનેશ્વર (ઉપકપ્તાન), ઇશાન કિશન, ગાયકવાડ, સંજુ સેમસન, સૂર્યકુમાર યાદવ, વેંકટેશ અય્યર, દીપક હુડ્ડા, રાહુલ ત્રિપાઠી, દિનેશ કાર્તિક, ચહલ, અક્ષર પટેલ, રવિ બિશ્નોઇ, હર્ષલ પટેલ, અવેશખાન, અર્શદીપસિંહ, ઉમરાન મલિક.

રાજકોટમાં આજે ચોથી ટી-૨૦ મેચ ભારત માટે 'કરો યા મરો'નો મુકાબલો

રાજકોટ, તા.૧૬

ખરાબ ફોર્મ સામે ઝઝૂમી રહેલા રિષભ પંતને દ.આફ્રિકા વિરૂદ્ધ શુક્રવારે 'કરો યા મરો'ની ચોથી ટી-૨૦ મેચમાં સારી ઇનિંગ રમવી પડશે જેથી વચ્ચેની ઓવરમાં દબાણથી બચી શકાય પંતના ખરાબ ફોર્મ ઉપરાંત વિશાખાપટ્ટનમમાં ત્રીજી મેચમાં ભારતે પોતાની ભૂલોમાંથી બોધપાઠ મેળવીને મોટો વિજય મેળવ્યો હતો. હવે તેમને પાંચ મેચની આ સિરીઝમાં જળવાઇ રહેવા માટે વધુ એક વિજયની જરૂર છે જેથી સિરીઝનો નિર્ણય પાંચમી મેચમાં થાય ગત મેચમાં ગાયકવાડ અને ઇશાન કિશને ભારતને શાનદાર શરૂઆત આપી હતી. આ બંને બેટ્સમેન બાકીની બંને મેચોમાં પણ આ લય જાળવી રાખવાનો પ્રયાસ કરશે.

શોર્ટ બોલિંગનો સામનો કરવામાં નિષ્ફળ ગયેલો શ્રેયસ અય્યર હજી સુધી કોઇ કમાલ કરી શક્યો નથી અને ટીમને માટે તેની પાસે સારી ઇનિંગની આશા છે વિશાખાપટ્ટનમમાં સારી શરૂઆત બાદ વચ્ચેની ઓવરોમાં ભારતીય ટીમ ઝઝૂમતી દેખાઇ હતી. હવે મધ્યમ ક્રમના બેટ્સમેનોએ જવાબદારીપૂર્વક રમવું પડશે. બીજી બાજુ દ.આફ્રિકા ગત પરાજયને ભૂલીને વિજયના માર્ગે પરત ફરવાનો પ્રયાસ કરશે. સિરીઝમાં ૨-૧થી આગળ ચાલી રહેલી દ.આફ્રિકાની ટીમ ઇચ્છશે કે સિરીઝનો નિર્ણય આજ મેચમાં આવી જાય. ત્રીજી મેચમાં દ.આફ્રિકાના સ્પિનર તબરેઝ શમ્સી અને કેશવ મહારાજ ઘણા મોંઘા સાબિત થયા હતા. ઝડપી બોલર રબાડાએ સારૂં પ્રદર્શન કર્યું પણ તેને બીજા છેડેથી સહયોગ મળ્યો નહીં અને ફિલ્ડિંગ પણ લચર હતી જેના કારણે ટીમને પરાજયનો સામનો કરવો પડ્યો.

રાહુલ ઇંગ્લેન્ડ પ્રવાસમાંથી બહાર સારવાર માટે જર્મની જશે

મુંબઇ, તા.૧૬

ભારતીય ટીમનો મુખ્ય બેટસમેન કેએલ રાહુલ ગ્રોઇનની ઇજાના પગલે ઇંગ્લેન્ડ પ્રવાસમાંથી બહાર થઇ ગયો છે. એક રિપોર્ટ અનુસાર બીસીસીઆઇએ કેએલ રાહુલને ગ્રોઇનની ઇજાની સારવાર માટે જર્મની મોકલવાનો નિર્ણય કર્યો છે. આ કારણે તે ઇંગ્લેન્ડ પ્રવાસમાં સામેલ થઇ શકશે નહીં જ્યાં ભારતને સાત મેચ રમવાની છે.

બીસીસીઆઇના સચિવ જય શાહે કહ્યું કે આ સૂચના સાચી છે. બોર્ડ તેની ઇજા પર કામ કરી રહ્યું છે અને ટૂંક સમયમાં જર્મની જશે. જર્મનીમાં સારવાર કરાવવાનો અર્થ છે કે રાહુલ ઇંગ્લેન્ડ પ્રવાસમાં ભારતીય ટીમનો હિસ્સો બની શકશે નહીં. ત્રણ ટી-૨૦ અને ત્રણ વન-ડે સહિત સાત મેચોની સિરીઝમાં રાહુલને ઉપકપ્તાન બનાવાયો હતો પણ હવે પસંદગીકારોએ રોહિત શર્માના ડેપ્યુટી માટે નવા નામની પસંદગી કરવી પડશે. ગુરૂવારે સવારે ભારતીય ટીમના કેટલાક સભ્યો એજબેસ્ટન ટેસ્ટ માટે ઇંગ્લેન્ડ રવાના થઇ ગયા. અત્રે ઉલ્લેખનીય છે કે રાહુલે આ વર્ષ ફેબ્રુઆરી બાદથી એકપણ આંતરરાષ્ટ્રીય મેચ રમી નથી. જો કે તેણે આઇપીએલ ૨૦૨૨માં લખનૌ સુપર જાયન્ટસનું નેતૃત્વ કર્યું હતું.

સંસ્કાર સૌરભ

નબીની નસીહત

"રસૂલુલ્લાહ (સ.અ.વ.)એ ફરમાવ્યું છે," ખુશ ખબરી છે તે વ્યક્તિ માટે જે પોતાના ઇલ્મ પર અમલ કરે અને પોતાનો જરૂરતથી વધારે માલ (ગરીબો પર) ખર્ચ કરે અને બેકાર વાતચીતથી દૂર રહે.

હદીસ બોધ

ઉમ્મીદો જીવંત રાખો જ્યાં સુધી તમે જીવંત છો.

- હદીસ બોધ

આજની આરસી

૧૭ જૂન શુક્રવાર ૨૦૨૨	
૧૬ ઝિલકદ હિજરી ૧૪૪૩	
જેઠ વદ ચોથ સંવત ૨૦૭૮	
સુબ્હ સાદિક	૪-૨૭
ખત્મે ઝવાલ	૧૨-૪૦
તુલૂએ આફતાબ (સૂર્યોદય)	૫-૫૪
ગુરૂબે આફતાબ (સૂર્યાસ્ત)	૭-૨૭

બોધ વચન

તમે પોતે જ તમારી સફળતા માટે વિઘ્નરૂપ છો.

- ટાગોર

ક્રિકેટ રમીને ડોક્ટરોને પણ સ્વસ્થ રાખવાનો અભૂતપૂર્વ પ્રયાસ

અમદાવાદ, તા.૧૬

SMAG (સ્પોર્ટ્સ મેડિસીન એસોસિએશન ઓફ ગુજરાત)એ આમ તો તબીબી વિજ્ઞાનની જ એક પ્રશાખા ગણી શકાય, જેની સ્થાપના ૧૯૯૬માં થઇ હતી. દર્દીઓને તંદુરસ્ત રહેવાની સલાહ અને સારવાર આપનાર ડોક્ટર ખુદ બેઠાડુ જીવનશૈલીનો ભોગ બનતા હોય છે. ત્યારે ડો.લવિંગીયા નરેન્દ્ર (ઓર્થો સર્જન) ડો.દીલિપભાઇ શાહ, ડો.સવજીભાઇ પટેલ તથા અમદાવાદ મેડિકલ એસોસિએશનના ડોક્ટરોને આ બાબતે નક્કર પગલાં લેવાનો વિચાર આવ્યો. આનો પ્રારંભ ક્રિકેટ મેચ રમવાથી કરવામાં આવે કારણ કે ક્રિકેટ તેની શાનદાર અનિશ્ચિતતાઓ માટે જાણીતું છે. અમદાવાદના ડો.નરેન્દ્ર લવિંગીયા અને તેમના જેવા બીજા અનેક ડોક્ટરો ક્રિકેટના શોખીન હતા. બસો સભ્યો તો જોતજોતામાં થઇ ગયાં. દર રવિવારે સૌ ભેગા થતા અને ક્રિકેટ રમતા. અનેક ડોક્ટરો તેમાં જોડાતા ગયા. આમ ડોક્ટર પોતે સ્વસ્થ રહે તેવા ઉદ્દેશ્યથી આરંભાયેલ આ કાર્ય છેવટે સમાજને સ્વસ્થ રાખવા સુધી વિસ્તારવાનું હતું. ધીમે-ધીમે આ પ્રવૃત્તિ વિસ્તીરતી ગઇ અને લીમીટેડ ઓવર સ્મેગ કપ ટુર્નામેન્ટનું દરેક વર્ષે લીગ પદ્ધતિથી દરેક વોર્ડ દીઠ ડોક્ટરોની ટીમ વચ્ચે ૧૯૯૬થી રમાવાનું શરૂ કરેલ જે આજે ૨૭ વર્ષે અવિરત પણે તેટલાં જ ઉત્સાહથી અને તીવ્ર હરીફાઇથી આઇપીએલની જેમ જ આયોજન થાય છે. જેમાં ICICIના પૂર્વ પ્રમુખ જગમોહન દાલમીયા, ક્રિકેટર પાર્થિવ પટેલથી લઇ હાલના BCCIના સચિવ જય શાહે આ કાર્યમાં હાજરી આપી પ્રોત્સાહિત કર્યા છે. ખેલ કૂદ ઇજાઓને તથા તેની સારવારની પ્રવૃત્તિ કેન્દ્ર સ્થાને હોવાથી વિવિધ સેમિનારમાં આ બાબત પર વિશેષ ભાર મુકાતો. બુધિયા સિંહનો મેરેથોન દોડવાનો કિસ્સો તથા સચીન તેંડુલકરનો ટેનીસ એલ્બોનો કિસ્સો ધ્યાનમાં રાખીને સ્મેગ દ્વારા દેશ આખાના વ્યાયામ શીક્ષકોને તાલીમ આપવાના કાર્યક્રમનું ખાસ આયોજન કરવામાં આવ્યું હતું. આ રમતવીરોની ઇજા વધે નહીં તથા તેઓ તેમની ફિટનેસ ટકાવી રાખે તેની જવાબદારી ફિટનેશ ટ્રેનર, ફિઝિકલ ઇન્સ્ટ્રક્ટરની હોય છે, જેમને યોગ્ય ટ્રેઇનિંગ આપવામાં આવે તો આ રમતવીરોની ઇજા પ્રત્યે દુર્લક્ષ ના બને અને તેમની કારકિર્દી ખોઇ ના બેસે તે આશયથી આ કોન્ફોરન્સ યોજાઇ હતી. ત્યારબાદ SMAG સંસ્થાએ પોતાની આગવી ઓળખ ઊભી કરી શકેલ અને અનેક ક્ષેત્રો તરફથી સુંદર પ્રતિભાવ મળેલ છે. ચારસો સભ્યોની સંખ્યા ધરાવતી આ સંસ્થા વિવિધ કાર્યક્રમો ઉપરાંત ઉપયોગી પ્રકાશનો, સ્પોર્ટ્સ બુલેટીનો પણ બહાર પાડે છે, જેથી સમાજના અનેકવિધ સ્તરે આ બાબતની જાગૃતિ પ્રસરી શકે.

વડાપ્રધાન મોદીના આગમન પહેલા ATS દ્વારા વાડી વિસ્તારના ડો. શાદાબ પાનવાલા સહિત ચાર જણાની અટકાયત

ડો. શાદાબે કોરોનાકાળમાં મુસ્લિમ મેડિકલ એસોસિએશનમાં ફરજ બજાવી હતી. કથિત આતંકવાદી સંગઠનો સાથે કનેક્શન હોવાની આશંકાના પગલે ડો.પાનવાલા, ફતેગંજ વિસ્તારની યુવતી, ગોધરામાંથી એક તથા અમદાવાદમાંથી એક કંપનીના ડાયરેક્ટર સહિત બેની અટકાયત

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૧૬

વડાપ્રધાન મોદીના ગુજરાત પ્રવાસ પહેલા ATSએ મોટું ઓપરેશન પાર પાડ્યું છે. અલકાયદાની ધમકીથી ATSએ રાજ્યના અલગ-અલગ સ્થળેથી ૪થી વધુ લોકોની અટકાયત કરી પૂછપરછ હાથ ધરવામાં આવી રહી છે. કથિત આતંકવાદી સંગઠનો સાથે કનેકશન હોવાની આશંકાને પગલે ATSએ કાર્યવાહી હાથ ધરી છે. વડોદરાના ડો. શાદાબ પાનવાલાની અટકાયત કરવામાં આવી છે. શહેરના ફતેગંજ વિસ્તારમાંથી એક યુવતી અને ગોધરામાંથી એકની અટકાયત કરવામાં આવી છે. જ્યારે અમદાવાદમાંથી એક કંપનીના ડાયરેક્ટર સહિત બેની અટકાયત કરી છે. અટકાયત કરેલા તમામના મોબાઇલ અને લેપટોપ જપ્ત કરાયા છે.

સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ વાડી તાઇવાડામાં રહેતા ડો.શાદાબ પાનવાલા તેમના વિસ્તારમાં જ અલ ઇખ્વાન ક્લિનિક ધરાવે છે અને તેઓ વાઘોડિયા રોડ વિસ્તારની એક હોસ્પિટલમાં પણ સેવા આપે છે. આજે વહેલી સવારે એટીએસની ટીમ તેમના ઘેર પહોંચી હતી અને ડો.શાદાબને લઇને અમદાવાદ જવા રવાના થઇ ગઇ હતી. આ સાથે જ ડોક્ટરના પરિવારજનો પણ અમદાવાદ તેમજ ગાંધીનગર જવા રવાના થયા હતા. સૂત્રોએ જણાવ્યું હતું કે ડો.શાદાબે કોરોનાકાળમાં પણ મુસ્લિમ મેડિકલ એસોસિએશનમાં ફરજ બજાવી હતી. એટીએસના સૂત્રોએ વડોદરાના ડોક્ટરને પૂછપરછ માટે લાવ્યા હોવાની વાતને સમર્થન આપ્યું હતું તેમજ તેમની સાથે અન્ય જિલ્લાઓમાંથી પણ કેટલાંક લોકોને લાવીને પૂછપરછ કરવામાં આવી રહી છે તેવો ઉલ્લેખ કર્યો હતો. જો કે કયા કારણોસર તેમની પૂછપરછ કરવામાં આવી રહી છે તે અંગે કાંઇ પણ કહેવાનો ઇન્કાર કર્યો હતો.

વાડી વિસ્તારના ડોક્ટરને એટીએસ વહેલી સવારે લઇ ગઇ છે તેવી વાતને પગલે મુસ્લિમ અગ્રણીઓમાં પણ ચર્ચાનો વિષય બન્યો છે. તેમનું ઘર તેમજ ક્લિનિક હાલ બંધ હાલતમાં છે અને પરિવારજનો ગાંધીનગર હોવાનું સ્થાનિક લોકો દ્વારા જાણવા મળ્યું છે.

છેલ્લા એક સપ્તાહથી ATSની ટીમો દ્વારા વડોદરામાંથી અટકાયત કરેલી બન્ને વ્યક્તિ પર વોચ રાખવામાં આવી હતી. સાથે જ તેઓની ગતિવિધિઓ પર નજર મંડાયેલી હતી. દરમ્યાન વહેલી સવારે ડો. શાદાબ પાનવાલા અને ફતેગંજની એક યુવતીની અટકાયત કરવામાં આવી છે.

આ સાથે અમદાવાદમાં દાણીલીમડા વિસ્તારમાં ફેક્ટરી ધરાવતા એક વેપારીની પણ અટકાયત કરવામાં આવી છે અને ગોધરાથી પણ એકની અટકાયત કરવામાં આવી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે હાલ આ તમામની પૂછપરછ ચાલી રહી છે. હજુ સુધી કોઇ ગંભીર બાબત સામે આવી નથી જ્યારે ATSના અધિકારીઓ આ બાબતે મૌન સેવી રહ્યા છે. જો કે અટકાયત કરેલા તમામ લોકો સાથે જે અન્ય લોકોનો સંપર્ક હોય તેની પણ ચકાસણી કરવામાં આવી છે.

એચડીએફસી મ્યુચ્યુઅલ ફંડ – રોકાણકાર જાગૃતિ કાર્યક્રમ

મ્યુચ્યુઅલ ફંડ્સ વિશે વધુ જાણકારી મેળવવા માટે અમારી સાથે જોડાઓ.

તારીખ અને સ્થળઃ

શુક્રવાર, 17 જૂન, 2022; બપોરે 3:00 વાગ્યાથી.
મોબિયસો ટેક્નોલોજીજ, 510, ઇસ્કોન એલિગ્સ, શપથ V પાસે, પ્રલ્હાદ નગર, એસ. જી. હાઇવે, ગુજરાત.
નોંધણી કરવા માટે, કૃપા કરીને સંપર્ક કરોઃ દિવ્યેશ જોષી, મોબાઇલ : 98793 61437.
નોંધણી ફરજિયાત છે. નોંધણીનો સમય સવારે 9:30 થી સાંજે 5:00 સુધીનો જ રહેશે.
કાર્યક્રમ દરમિયાન કોવિડ સુરક્ષા માર્ગદર્શિકાનું પાલન કરવાનું ફરજિયાત છે.
વોક–ઇન્સને મંજૂરી નથી.

Azadi Ka Amrit Mahotsav | HDFC MUTUAL FUND BHAROSA APNO KA
An Investor Education by HDFC Mutual Fund

કેવાઇસી, સરનામું બદલવું, રોકાણકારોની ફરિયાદોનું નિવારણ વગેરે માટે https://www.hdfcfund.com/information/key-know-how ની મુલાકાત લો.

મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણો બજારનાં જોખમોને આધીન હોય છે, સર્વ યોજના સંબંધી દસ્તાવેજો કાળજીપૂર્વક વાંચો.

પરિશિષ્ટ IV
જુઓ નિયમ 8(1)
કબજા નોટિસ
(સ્થાવર મિલકત માટે)

જે અંતર્ગત,

નીચે સહી કરનાર, કે જે સિક્યુરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શનુ ઓફ ફાઇનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઇન્ટ્રેસ્ટ એક્ટ 2002 હેઠળ **ઇન્ડિયાબુલ્સ હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડના** (CIN: L65922DL2005PLC136029) અધિકૃત અધિકારી છે અને કલમ 13(12) ના વાંચન સાથે સિક્યુરીટી ઇન્ટ્રેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમ 2002 ના નિયમ 3 હેઠળ આપવામાં આવેલી સત્તાનો ઉપયોગ કરતાં **13.01.2022** ના રોજ ડિમાન્ડ નોટિસ જારી કરવામાં આવી છે. જેમાં ખરીદદારો **અરવિંદભાઇ કાનજીભાઇ દુધાત અને તુષાર અરવિંદભાઇ દુધાત અને દુધાત જ્યોત્સનાબેન અરવિંદભાઇ** ને નોટિસમાં જણાવેલી લોન ખાતું નં. **HHLSUA00323550** સામે કથિત સૂચના પ્રાપ્ત થયાની તારીખથી 60 દિવસની અંદર હકીકતમાં ચુકવણી થાય ત્યાં સુધી **10.01.2022 થી વ્યાજ દરે રૂ.26,34,253.48 (રૂપિયા છવ્વીસ લાખ ચોત્રીસ હજાર બે સો ત્રેપન અને ઉડતાલીસ પૈસા માત્ર)** ની સૂચનામાં ઉલ્લેખ કરાયેલી રકમની ભાવિ વ્યાજે ચુકવણીની તારીખ સુધી પુનઃ ચુકવણી કરવા માટે આ સાથે જાણ કરવામાં આવેલ છે.

કર્જદાર આ રકમ ચુકવવામાં નિષ્ફળ જવાથી સામાન્ય જનતાને આ દ્વારા સૂચના આપવામાં આવે છે કે, નીચે સહી કર્તા દ્વારા સિક્યુરીટી ઇન્ટ્રેસ્ટ (એન્ફોર્સમેન્ટ) - રૂલ્સ - 2002 સૂચિત કાયદો નિયમ 8 સાથે વાંચતા તેની કલમ 13 ની પેટા - કલમ (4) હેઠળ તેને અપાયેલી સત્તાનો ઉપયોગ કરીને અહીં નીચે વર્ણન કરાયેલી મિલકતનો **સાંકેતિક કબ્જો** તારીખ **14.06.2022** ના રોજ લેવામાં આવ્યો છે.

ખાસ કરીને કર્જદાર અને જાહેર જનતાને અત્રે ચેતવવામાં આવે છે કે કથિત મિલકતના સોદામાં પડવું નહી અને જો તે મિલકતને લગતા કોઇ પણ સોદા કરવામાં આવશે તો **રૂ.26,34,253.48 (રૂપિયા છવ્વીસ લાખ ચોત્રીસ હજાર બે સો ત્રેપન અને ઉડતાલીસ પૈસા માત્ર) 10.01.2022** ની તારીખથી અને તેના ઉપર ચડત વ્યાજ **ઇન્ડિયાબુલ્સ હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ**ના હકને આધીન રહેશે.

સુરક્ષીત અસ્કયામતોને પરત મેળવવા માટે ઉપલબ્ધ સમયના સંબંધમાં અધિનિયમની કલમ 13 ની પેટા કલમ (8) ની જોગવાઇ મુજબ ઉધાર લેનાર નું ધ્યાન દોરવામાં (આમંત્રિત) કરવામાં આવે છે.

સ્થાવર મિલકતનું વર્ણન

"શ્રેયા એન્ટરપ્રાઇઝ" તરીકે ઓળખાતી રજિસ્ટર્ડ પાર્ટનરશિપ ફર્મ દ્વારા બિનખેતીની જમીન પર રહેણાંક અને વાણિજ્યિક હેતુ માટે "સિલિકોન રેસિડેન્સી" તરીકે ઓળખાતી લો રાઇઝ ઇમારતોની યોજનામાં બિલ્ડીંગ એ-3 માં બીજા માળ પર મિલકત બેરિંગ ફ્લેટ નં. 204, જેના સુપર બિલ્ટ અપ એરિયા માપન 1050 ચો. ફીટ એટલે 97.58 ચો. મીટર્સ જેના બિલ્ટ અપ એરિયા 62.36 ચો. મીટર્સ અને કાર્પેટ એરિયા 56.69 ચો. મીટર્સ, બેરિંગ રેવન્યુ સર્વે નં. 221, બ્લોક નંબર તરીકે નોંધાયેલ. 7/12 નોંધ મુજબ બિનખેતીની જમીન પર એરિયા માપન 0-87-01 ચો. મીટર્સ, જેના આકાર રૂ. 16.12 પૈસા સુરત મહાનગરપાલિકાને ફાળવવામાં આવેલ ખુલ્લા પ્લોટ નં. 44 જેનો સમાવેશ ટાઉન પ્લાનીંગ સ્કીમ નં. 68 (પુના - સિમડા) અને ફાઇનલ પ્લોટ નં. 44 અને મૌજે ગામ પુના ના અંતિમ પ્લોટ મુજબ એરિયા 6090 ચો. મીટર્સ, પેટા જિલ્લા તાલુકા સુરત શહેર અને જિલ્લા સુરત.

આ રીતે બંધાયેલ:-

પૂર્વ : સંલગ્ન 25 મીટર્સ પહોળો એપ્રોચ રોડ
પશ્ચિમ : બિલ્ડીંગની સંલગ્ન પેસેજ
ઉત્તર : ફ્લેટ નં.203 ની સંલગ્ન મિલકત
દક્ષિણ : સંલગ્ન સોસાયટી ખુલ્લી જગ્યા

સહી/-
તારીખ : 14.06.2022 — **અધિકૃત અધિકારી**
સ્થળ : સુરત — **ઇન્ડિયાબુલ્સ હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ**

IDFC ફર્સ્ટ બેન્ક લિમિટેડ — IDFC FIRST Bank
(અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ તરીકે અને આઇડીએફસી બેંક લિમિટેડ સાથે વિલય થયેલ છે)
CIN : L65110TN2014PLC097792
રજિસ્ટર્ડ ઓફિસ : કેઆરએમ ટાવર્સ, ૮મો માળ, હેરિંગ્ટન રોડ, ચેટપેટ, ચેન્નાઇ-૬૦૦૦૩૧.
ટેલિ. : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૦૦ /ફેક્સ : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૨૨

પરિશિષ્ટ -૪ [રૂલ-૮ (૧)]
કબજા નોટિસ (સ્થાવર મિલકત માટે)

જે અંતર્ગત, નીચે સહી કરનાર કે જે સિક્યુરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ એક્ટ ૨૦૦૨ હેઠળ **આઇડીએફસી ફર્સ્ટ બેન્ક લિમિટેડ (અગાઉ કેપિટલ ફર્સ્ટ લિમિટેડ અને આઇડીએફસી બેંક લિમિટેડ સાથે વિલય થયેલ છે)**ના અધિકૃત અધિકારી છે અને કલમ ૧૩(૧૨)નાં સાથે સિક્યુરીટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમ ૨૦૦૨નાં નિયમ ૩ હેઠળ આપવામાં આવેલી સત્તાનો ઉપયોગ કરતા **તા.૨૨.૦૩.૨૦૨૨**ના રોજ ડિમાન્ડ નોટિસ જારી કરવામાં આવી છે. જેમાં **૧. પ્રહ્લાદજી બેચરજી ઠાકોર, ૨. ગીતાબેન પ્રહ્લાદજી ઠાકોર,**ના **રૂા.૧૪,૦૮,૬૪૬.૪૬/-(ફક્ત રૂપિયા ચૌદ લાખ આઠ હજાર છસ્સો છેતાળીસ અને છેતાળીસ પૈસા પૂરા)** દેણદાર અને સહ-દેણદારો/ગેરેન્ટરોને નોટિસ જણાવેલ દેણદારો સામે કથિત સૂચના પ્રાપ્ત થયાની તારીખથી ૬૦ દિવસની અંદર સૂચનામાં ઉલ્લેખ કરાયેલી રકમની ભાવિ કે **તા.૨૧.૦૩.૨૦૨૨** મુજબ સુધી પુનઃચુકવણી કરવા માટે આ સાથે જાણ કરવામાં આવે છે.

દેણદાર આ રકમ ચૂકવવામાં નિષ્ફળ જવાથી દેણદાર અને જાહેર જનતાને આ દ્વારા સૂચના આપવામાં આવે છે કે, નીચે સહીકર્તા દ્વારા સિક્યુરીટી ઇન્ટ્રેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ-૨૦૦૨ના નિયમ ૮ સાથે વાંચતા તેની કલમ ૧૩ પેટા કલમ(૪) હેઠળ તેને અપાયેલી સત્તાનો ઉપયોગ કરીને અહીં નીચે વર્ણન કરાયેલી મિલકતનો **પ્રતિકાત્મક કબજો ૧૫મી જૂન ૨૦૨૨**નાં રોજ લેવામાં આવ્યો છે.

ખાસ કરીને દેણદાર તથા જાહેર જનતાને અત્રે ચેતવવામાં આવે છે કે અહીં વર્ણવેલી મિલકતના સોદામાં પડવું નહી અને જો તે મિલકતને લગતા કોઇપણ સોદા **આઇડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉ કેપિટલ ફર્સ્ટ લિમિટેડ અને આઇડીએફસી બેંક લિમિટેડ સાથે વિલય થયેલ છે) રૂા.૧૪,૦૮,૬૪૬.૪૬/-(ફક્ત રૂપિયા ચૌદ લાખ આઠ હજાર છસ્સો છેતાળીસ અને છેતાળીસ પૈસા પૂરા)** ઉપરાંત વધારા વ્યાજ અને અન્ય ખર્ચ સહિત ચુકવણીની તારીખ સુધી સહિતની રકમ માટેના હકને આધીન રહેશે.

દેણદારોનું ધ્યાન દોરવાનું કે કાયદાની ૧૩ની પેટા કલમ (૮) મુજબની જોગવાઇ અનુસાર ઉપલબ્ધ સમયમાં મિલકત પરત મેળવી શકે છે.

સ્થાવર મિલકતોનું વર્ણન

તમામ ભાગ અને હિસ્સાઓ એ-૨/એફ-૮ કલપતરૂ પાર્ક કો.ઓ.હા.સો. ઝુંડાલ સર્કલ પાસે, ઝુંડાલ, ગાંધીનગર, ગુજરાત-૩૮૨૪૨૧ ક્ષેત્રફળ ૭૫૬ ચો.ફૂટ અને **આ મુજબ ખૂંટ : પૂર્વ :** અન્ય મિલકત, **પશ્ચિમ :** સોસાયટી ટેનામેન્ટ, **ઉત્તર :** ફ્લેટ નં.એ-૨/એફ-૮, **દક્ષિણ :** ખુલ્લી જગ્યા

સહી/-
અધિકૃત અધિકારી
તારીખ : ૧૫-૦૬-૨૦૨૨ — **આઇડીએફસી ફર્સ્ટ બેન્ક લિમિટેડ**
સ્થળ : ગાંધીનગર — **(અગાઉ કેપિટલ ફર્સ્ટ લિમિટેડ અને**
લોન એકાઉન્ટ નં. : 12992994 — **આઇડીએફસી બેંક લિમિટેડ સાથે વિલય થયેલ છે)**

વર્થાના ફાયનાન્સ પ્રાઇવેટ લીમિટેડ — varthana
(અગાઉ થિરૂમેની ફાયનાન્સ પ્રાઇવેટ લિ. તરીકે ઓળખાતું હતું.)
રજિસ્ટર્ડ ઓફિસ : નં.૫બીસી-૧૧૦, વારસિદ્ધિ, ત્રીજો માળ, આઉટર રિંગ રોડ, સર્વિસ રોડ, ત્રીજો બ્લોક, HRBR **લેઆઉટ, કલ્યાણ નગર, બેંગ્લોર-૫૬૦૦૪૩. વેબસાઇટ :** www.varthana.com, **ઇમેલઃ** care@varthana.com **ફોન : ૦૮૦-૬૮૪૫૫૭૭૭, શાખા સરનામુંઃ નં.૧૦૬, પહેલો માળ, તિરૂપતી પ્લાઝા, બિલ્ડિંગ-બી, બહુમળી પાસે, અઠવા ગેટ, સુરત-૩૯૫૦૦૧**

કબજા નોટિસ : [નિયમ ૮(૧)] (સ્થાવર મિલકત માટે)

જ્યારે, મેસર્સ વર્થાના ફાઇનાન્સ પ્રાઇવેટ લિમિટેડ, (અગાઉ મેસર્સ થિરૂમેની ફાઇનાન્સ પ્રાઇવેટ લિ. તરીકે ઓળખાતું) સુરતના સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઑફ ફાઇનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઑફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ હેઠળ અધિકૃત અધિકારી હોવાના કારણે, ૨૦૦૨ (૨૦૦૨ ના ૫૪) અને સુરક્ષા હિત (અમલીકરણ) નિયમો, ૨૦૦૨ના નિયમ ૩ સાથે વાંચેલી કલમ ૧૩(૧૨) હેઠળ આપવામાં આવેલી સત્તાના ઉપયોગ માટે, અરજદારો/ સહ અરજદારોને બોલાવીને, તારીખ : **૧૮.૦૮.૨૦૨૦**ની ડિમાન્ડ નોટિસ જારી કરી. અરજદારો/સહ-અરજદારો/મોર્ગેજર્સને લોન એકાઉન્ટ નંબર **S18SUR-SUR-002554, ૧) મેસર્સ સેન્ટ માર્ક્સ હાયર સેકન્ડરી સ્કૂલ,** તેના અધિકૃત હસ્તાક્ષરકર્તા દ્વારા પ્રતિનિધિત્વ, ગંગેશ્વર મહાદેવ મંદિર રોડ, અડાજણ ગામ, અડાજણ, સુરત-૩૯૫૦૦૯ **૨) મેસર્સ જ્યોથી એજ્યુકેશનલ એન્ડ ચેરીટેબલ પબ્લિક ટ્રસ્ટ,** તેના અધિકૃત હસ્તાક્ષરકર્તા દ્વારા પ્રતિનિધિત્વ, ગંગેશ્વર મહાદેવ મંદિર રોડ, અડાજણ ગામ, અડાજણ, સુરત-૩૯૫૦૦૯ **૩) વેંકટ સમ્બાસીરાવ બટ્ટુલા,** પુત્ર/ સમ્બાસીવારાવ બટ્ટુલા, ૩૦૧, પ્રયાગરાજ એપાર્ટમેન્ટ, સિદ્ધિ વિનાયક પાર્ક, પાલરપુરી, જકાતનાકા રોડ, સુરત શહેર, સુરત-૩૯૫૦૦૯, **અત્રે પણ :** વેંકટ સમ્બાસીવારાવ બટ્ટુલા, પુત્ર સમ્બા સીવારાવ બટ્ટુલા, ૯૨૦ બ્લોક-સી, ગ્રીન રેસિડેન્સી, અડાજણ પોલીસ સ્ટેશન પાસે, અડાજણ, સુરત-૩૯૫૦૦૯ **૪) શ્રીમતી સુશીલા બટ્ટુલા** પત્ની/ વેંકટ બટ્ટુલા, ૯૨૦ બ્લોક-સી, ગ્રીન રેસીડેન્સી, અડાજણ પોલીસ સ્ટેશન પાસે, અડાજણ, સુરત-૩૯૫૦૦૯ **અત્રે પણ :** શ્રીમતી બટ્ટુલા સુશીલા, પત્ની વેંકટ બટ્ટુલા, ૩૦૧, પ્રયાગરાજ એપાર્ટમેન્ટ, સિદ્ધિ વિનાયક પાર્ક, પાલરપુરી, જકાતનાકા રોડ, સુરત શહેર, સુરત-૩૯૫૦૦૯ **૫) શ્રીમતી અજય કુમારી અનીલ ભાઇ પટેલ** પત્ની/ અનીલ ભાઇ, ૧૦ બંસીધર રો-હાઉસ, રામમઢી મંદિર સામે, જહાંગીરપુરા, ભેસાણ, સુરત-૩૯૫૦૦૫, ઉપરોક્ત નોટિસમાં દર્શાવેલ રકમ **રૂા.૯૨,૦૬,૬૯૫/- (રૂપિયા બાણું લાખ છ હજાર છસ્સો પંચાણું માત્ર) ૧૦-૦૮-૨૦૨૦**ના રોજ ૧૧.૦૮.૨૦૨૦થી વધુ વ્યાજ @ 19.95 % વાર્ષિક સાથે, ડિમાન્ડ નોટિસમાં દર્શાવ્યા મુજબ વત્તા ખર્ચ વગેરે વગેરે ચુકવણીની તારીખ, નોટિસ મળ્યાની તારીખથી ૬૦ દિવસની અંદર.

જો કે ઉપરોક્ત અરજદારો/સહ-અરજદાર/ગીરો વ્યાજ/અન્ય શુલ્ક સાથે સંપૂર્ણ રકમ ચૂકવવામાં નિષ્ફળ ગયા છે, આથી અરજદારો/સહ અરજદારો/ગીરોને ખાસ કરીને અને સામાન્ય રીતે જાહેર જનતાને નોટિસ આપવામાં આવે છે કે નીચે સહી કરેલ અધિકૃત અધિકારી છે. **મેસર્સ વર્થાના ફાયનાન્સ પ્રાઇવેટ લિમિટેડ,** (અગાઉ મેસર્સ થિરૂમેની ફાયનાન્સ પ્રાઇવેટ લિમિટેડ તરીકે ઓળખાય છે), સુરત, કલમ ૧૩(૪) હેઠળ તેમને આપવામાં આવેલી સત્તાનો ઉપયોગ કરીને અહીં નીચે વર્ણવેલ મિલકતનો ભૌતિક કબજો લીધો છે. આ અધિનિયમ, **૧૫મી જૂન, ૨૦૨૨**ના રોજ સુરક્ષા હિત અમલીકરણ નિયમો, ૨૦૦૨ના નિયમ ૮ સાથે વાંચો.

અરજદાર/સહ-અરજદાર/મોર્ગેજર્સ ખાસ કરીને અને સામાન્ય રીતે જાહેર જનતાને આથી સાવધાન કરવામાં આવે છે કે તેઓ મિલકત સાથે વ્યવહાર ન કરે અને મિલકતો સાથેનો કોઇપણ વ્યવહાર **મેસર્સ વર્થાના ફાયનાન્સ પ્રાઇવેટ લિમિટેડ (અગાઉ જાણીતું મેસર્સ થિરૂમેની ફાઇનાન્સ પ્રાઇવેટ લિમિટેડ તરીકે જાણીતું)**ના ચાર્જને આધીન રહેશે. સુરત, **રૂા. ૯૨,૦૬,૬૯૫/- (રૂ. બાણું લાખ છ હજાર છસ્સો પંચાણું માત્ર) ૧૦.૦૮.૨૦૨૦**ના રોજ, વધુ વ્યાજ સાથે **@ 19.95 % વાર્ષિક ૧૧.૦૮.૨૦૨૦**થી આકસ્મિક ખર્ચ, ખર્ચ અને અન્ય શુલ્ક સહિતની ચૂકવણીની તારીખ સુધી, સમગ્ર ચુકવણીની તારીખ સુધી.

અધિનિયમની કલમ ૧૩(૮)ની જોગવાઇઓ પર લોન લેનારનું ધ્યાન, ઉપલબ્ધ સમયના સંદર્ભમાં, સુરક્ષિત અસ્કયામતોને રિડીમ કરવા માટે આમંત્રિત કરવામાં આવે છે.

સ્થાવર મિલકતનું વર્ણન : શેડયુલ્ડ 'એ' મિલકત : તે તમામ ભાગ અને હિસ્સાઓ જમીન ધરાવતું ફ્લેટ નં.૩૦૧, બિવહેંચાયેલ હિસ્સાની જમીન સાથે પ્રયાગરાજ કો.ઓ.હા.સો.લિ., રેવન્યુ સર્વે નં.૨૯૨, ૨૯૩, ૨૯૪, ૨૯૭, ટીપી સ્કીમ નં.૧૩ (અડાજણ), ફાઇનલ પ્લોટ નં. ૨૨૯, સ્થિત અત્રે મોજે અડાજણ, સિટી સુરત, ક્ષેત્રફળ ૫૦૦ ચો. ફૂટ કાર્પેટ એરિયા. ઉત્તર તરફ: ઓટીએસ, દક્ષિણ તરફ : પેસેજ અને પગથિયા, પૂર્વ તરફ : ફ્લેટ નં. ૩૦૨, પશ્ચિમ તરફ : ઓટીએસ

તારીખ : ૧૭-૦૬-૨૦૨૨, સ્થળ : સુરત — **અધિકૃત અધિકારી, વર્થાના ફાયનાન્સ પ્રાઇવેટ લિમિટેડ**

IDFC ફર્સ્ટ બેન્ક લિમિટેડ — IDFC FIRST Bank
(અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ તરીકે અને આઇડીએફસી બેંક લિમિટેડ સાથે વિલય થયેલ છે)
CIN : L65110TN2014PLC097792
રજિસ્ટર્ડ ઓફિસ : કેઆરએમ ટાવર્સ, ૮મો માળ, હેરિંગ્ટન રોડ, ચેટપેટ, ચેન્નાઇ-૬૦૦૦૩૧.
ટેલિ. : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૦૦ /ફેક્સ : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૨૨

પરિશિષ્ટ -૪ [રૂલ-૮ (૧)]
કબજા નોટિસ (સ્થાવર મિલકત માટે)

આથી નીચે સહી કરનાર કે જે સિક્યુરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઇનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ એક્ટ ૨૦૦૨ હેઠળ **આઇડીએફસી ફર્સ્ટ બેન્ક લિમિટેડ (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ તરીકે અને આઇડીએફસી બેંક લિમિટેડ સાથે વિલય થયેલ છે)**ના અધિકૃત અધિકારી છે અને કલમ ૧૩ (૧૨)ના વાંચન સાથે સિક્યુરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમ ૨૦૦૨ના નિયમ ૩ હેઠળ આપવામાં આવેલી સત્તાનો ઉપયોગ કરતા ડિમાન્ડ નોટિસ જારી કરવામાં આવી છે. જેમાં દેણદાર અને સહ-દેણદારો/ગેરેન્ટરોને ડિમાન્ડ નોટિસમાં દર્શાવેલ રકમ નીચે દર્શાવેલ તારીખથી ૬૦ દિવસની અંદર સૂચનામાં ઉલ્લેખ કરાયેલી રકમ અને વધારાના વ્યાજ અને અન્ય ચાર્જીસ ડિમાન્ડ નોટિસની તારીખ સુધીના ખરેખર સુધીના પરત ચૂકવવા માટે આ સાથે જાણ કરવામાં આવે છે.

દેણદાર/સહ-દેણદારો/ગેરેન્ટરો આ રકમ ચૂકવવામાં નિષ્ફળ જવાથી દેણદાર-સહદેણદારો-ગેરેન્ટરો અને જાહેર જનતાને આ દ્વારા સૂચના આપવામાં આવે છે કે, નીચે સહીકર્તા સિક્યુરિટી ઇન્ટ્રેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ હેઠળ નિયમ ૮ સાથે વાંચતા તેની કલમ ૧૩ પેટા કલમ (૪) હેઠળ તેને અપાયેલી સત્તાનો ઉપયોગ કરીને અહીં નીચે વર્ણન કરાયેલી મિલકતનો કબજો લેવામાં આવ્યો છે.

લોન એકાઉન્ટ નંબર	દેણદાર/રો સહદેણદાર/રો અને ગેરેન્ટરોના નામ	ગીરો મિલકતની વિગતો	ડિમાન્ડ નોટિસ તારીખ	ડિમાન્ડ નોટિસ બાકી રકમ (રૂપિયા)	તારીખ અને મેળવેલ કબજાનો પ્રકાર
20629858	૧. અંકિત રાજેશ લુહાર ૨. સુરભી અંકિત લુહાર	સમાવિષ્ટ મિલકતના તમામ ભાગ અને હિસ્સાઓ યુનિટ/ફ્લેટ નં.૫૦૨ના, નેટ કાર્પેટ એરિયા (એપાર્ટમેન્ટ) ક્ષેત્રફળ ૧૪૨ ચો.મી. નેટ કાર્પેટ એરિયા (બાલ્કની) ક્ષેત્રફળ ૩.૨૫ ચો.મી. બિનવહેંચાયેલ ભાગ સાથે જમીન એરિયા ક્ષેત્રફળ ૭૧.૪૩ ચો.મી. કહેવાતા યુનિટ સ્થિત પાંચમો માળ સ્કીમ નામે 'અવયુક્તા' તરીકે જાણીતી બિનવહેંચાયેલ ભાગ સાથે શેરની જમીન બિનકૃષિની જમીન પર બાંધકામ ધરાવતું સબ પ્લોટ નં.(૨૨૧+૨૨૨)/૨ ફાઇનલ પ્લોટ નં.૨૨૧+૨૨૨ સાથે વિલય થયેલ છે. (વિલય થયેલ સર્વે નં.૩૩૯/૧+૩૩૯/૨,૩૨૨/૪) ટાઉન પ્લાનિંગ સ્કીમ નં.૩૮ના, સ્થિત અને ઊભેલ અત્રે ગામ થલતેજ ઘાટલોડિયા તા. રજિ. જિ. અમદાવાદ અને સબ જિ. અમદાવાદ-૯ (બોપલ) **કહેવાતી મિલકતની ખૂંટ : પૂર્વ :** ખુલ્લો પ્લોટ, **પશ્ચિમ :** ફ્લેટ નં.૫૦૧, **ઉત્તર :** કોલમ્બિયા એશિયા હોસ્પિટલ, **દક્ષિણ :** ૧૨ મી. ટીપી રોડ	24-03-2022	Rs. 1,54,61,197.30/-	15.06.2022 પ્રતિકાત્મક કબજો
26691070	૧. સંજય બી. દેસાઇ ૨. રાજુબેન બી. દેસાઇ ૩. સાગર એમ. દેસાઇ	સમાવિષ્ટ મિલકતના તમામ ભાગ અને હિસ્સાઓ રેસિડેન્શિયલ મિલકત ધરાવતું ટેનામેન્ટ નં.૪૭ના (પ્લાન મુજબ), (ટેનામેન્ટ નં.૫૬/૧૭૨ સોસાયટી રેકોર્ડ મુજબ) (જૂના ટેનામેન્ટ નં.૧૮૦) 'આણંદ વિહાર સોસાયટી' આણંદ વિહાર બોપલ કો.ઓ.હા.સો.લિ. બ્લોક નં.૩૯૭ અને ૩૯૯ પૈકી, સર્વે નં.૨૯૫/૨, ૨૯૬ અને ૨૯૫/૩ પૈકી, ઓપી નં.૪૭, મોજે બોપલ, તા. દસ્ક્રોઇ, જિ. અને સબ જિ. અમદાવાદ, ક્ષેત્રફળ ૭૦ ચો.મી. **આ મુજબ ખૂંટ : પૂર્વ :** ટેનામેન્ટ નં.૫૮ પછી માર્જિન સ્પેસ, **પશ્ચિમ :** સોસાયટીનો આંતરિક રોડ, **ઉત્તર :** સોસાયટીનો આંતરિક રોડ, **દક્ષિણ :** ટેનામેન્ટ નં.૫૭ની કોમન દીવાલ	07-08-2021	Rs. 15,25,033.14/-	15.06.2022 પ્રતિકાત્મક કબજો

ખાસ કરીને દેણદાર અને સહદેણદાર તથા જાહેર જનતાને અત્રે ચેતવવામાં આવે છે કે અહીં વર્ણવેલી મિલકતના સોદામાં પડવું નહીં અને જો તે મિલકતને લગતા કોઇપણ સોદા **આઇડીએફસી ફર્સ્ટ બેન્ક લિમિટેડ (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ તરીકે અને આઇડીએફસી બેંક લિમિટેડ સાથે વિલય થયેલ છે)**ના ડિમાન્ડ નોટિસમાં દર્શાવેલ રકમ ઉપરાંત વધારા વ્યાજ અને અન્ય ખર્ચ સહિત ચુકવણીની તારીખ સુધી સહિતની રકમ માટેના હકને આધીન રહેશે.

સહી/-
અધિકૃત અધિકારી
તારીખ : ૧૫-૦૬-૨૦૨૨ — **આઇડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ**
સ્થળ : અમદાવાદ — **(અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ તરીકે અને આઇડીએફસી બેંક લિમિટેડ સાથે વિલય થયેલ છે)**

મુસ્લિમ સમુદાય માટે વર્તમાન સમયના નિર્ણાયક પ્રશ્નો

(એજન્સી) તા.૧૬

મૌલાના આઝાદે ૧૯૪૬માં કેબિનેટ મિશન ડેલિગેશનમાં તેમના સંબોધન દરમિયાન નિરાશા અને ભયમાં જીવતા ભારતીય મુસ્લિમોની વાત કરી હતી. આજે ભારતની લઘુમતીઓ આવી જ પરિસ્થિતિમાં જોવા મળે છે. ૧૯૮૦ અને ૧૯૮૪ની સામાન્ય ચૂંટણીઓમાં અપવાદો સાથે, લોકસભામાં મુસ્લિમોનું પ્રતિનિધિત્વ ૨-૭%ની વચ્ચે છે. વિભાજન પછી, સમુદાયે ૧૯૮૦ના દાયકા સુધી કોંગ્રેસમાં વિશ્વાસ મૂક્યો હતો પરંતુ એ પછી તેણે પ્રાદેશિક પક્ષોના વિકલ્પો શોધવાનું શરૂ કર્યું અને આના પરિણામે મુસ્લિમ મત બેંક વિખેરાઈ ગઈ હતી અને આ વિભાજિત સમુદાય પ્રતિનિધિત્વના અભાવે તેની શક્તિ ગુમાવી બેઠો છે. ૨૦૧૪માં ભારતીય જનતા પાર્ટીના સત્તામાં પ્રવેશે ભારતીય મુસ્લિમોના જીવનને ફરીથી વ્યાખ્યાયિત કર્યું છે. તાજેતરના સમયમાં, કર્ણાટકમાં હિજાબ વિવાદ, ચૂંટણીલક્ષી લાભોના અનુસંધાનમાં અભિપ્રાયનું ધ્રુવીકરણ, મધ્યપ્રદેશ, રાજસ્થાન, ગુજરાત, પશ્ચિમ બંગાળ અને ઝારખંડમાં હિંસક અથડામણો અને મુસ્લિમો પ્રત્યે નફરત અને ઝેનોફોબિયાની સંસ્કૃતિ સાક્ષી આપે છે કે આ સમુદાય પીડિત છે. આમ આદમી પાર્ટી, જેણે ૨૦૨૦માં દિલ્હીમાં મુસ્લિમ-પ્રભુત્વવાળી દરેક બેઠકો જીતી હતી, તેણે ઉત્તરપૂર્વ દિલ્હીમાં રમખાણો, શાહીનબાગ વિરોધ અથવા નાગરિકતા (સુધારા) અધિનિયમ અને નેશનલ રજિસ્ટર પરના તેના પ્રતિભાવ સાથે મુસ્લિમ સમુદાયને નિરાશ કર્યા છે. લઘુમતીઓની ચિંતાઓ પર મૌન રહેવાની વ્યૂહરચના દિલ્હીની AAPની આગેવાનીવાળી સરકાર સુધી મર્યાદિત નથીઃ તે સમગ્ર રાજકીય સ્પેક્ટ્રમમાં દેખાય છે. મધ્ય પ્રદેશમાં કમલનાથ, બિહારમાં નીતીશકુમાર, રાજસ્થાનમાં અશોક ગેહલોત, ઝારખંડમાં હેમંત સોરેન અને ઉત્તર પ્રદેશમાં અખિલેશ યાદવ પણ આ જ નીતિને અનુસરે છે.

મુસ્લિમો માત્ર તેમના પ્રતિનિધિત્વની કટોકટીનો જ સામનો કરી રહ્યાં નથી પરંતુ આર્થિક, સામાજિક અને રાજકીય મોરચે પણ તેઓ હાંસિયામાં ધકેલાઈ ગયા છે. અસ્થિર રાજકીય પરિસ્થિતિને લીધે ભારતીય મુસ્લિમો અનેક મહત્વપૂર્ણ પ્રશ્નોનો સામનો કરી રહ્યા છે. શું આ સમુદાયે નવા રાજકીય વિકલ્પો પર વિચાર કરવો જોઈએ ? કે પછી બહુમતીની ઈચ્છા પ્રમાણે જીવવાનું શરૂ કરવું જોઈએ ?

હૈદરાબાદમાં ઓલ ઈન્ડિયા મજલિસ-એત્તેહાદુલ મુસ્લિમીનનો નોંધપાત્ર પ્રભાવ છે પરંતુ તેનાથી આગળ નહીં. મુસ્લિમ ચિંતાઓ દર્શાવવામાં તેની સક્રિય ભૂમિકા અને બંધારણીય રીતે સમર્થિત, અધિકાર-આધારિત અભિગમ સમર્થન હોવા છતાં, આ પક્ષ સમગ્ર સમુદાયની લાગણીને ચૂંટણીમાં સહાય મેળવવામાં નિષ્ફળ રહ્યો છે. આના ઘણા કારણો છે. AIMIM પોતાને એક એવા સંગઠન તરીકે રજૂ કરવામાં નિષ્ફળ રહ્યો છે જે ભાજપને પછાડી શકે છે. ઘણા મુસ્લિમો આ પક્ષને ભાજપની જેમ જ કટ્ટર માને છે. કોંગ્રેસના શાસન હેઠળ પણ ભારતમાં સાંપ્રદાયિક અથડામણો થઈ હતી પરંતુ નરેન્દ્ર મોદીની સરકારમાં મુસ્લિમ સમુદાય પરના આ હુમલાઓનું આવર્તન અને તીવ્રતા વધી છે. આ અવિરત હુમલાઓએ સમુદાયને વિચારવા માટે મજબૂર કર્યા છે કે શું મુસ્લિમોએ ચૂંટણી સમર્થનના બદલામાં સમુદાયના હિતોની સુરક્ષા માટે ભાજપ સાથે વાટાઘાટો કરવી જોઈએ ?

ભારતીય મુસ્લિમોએ તેમનો રાજકીય આધાર ગુમાવ્યો છે. સાંપ્રદાયિક પક્ષો દ્વારા કરવામાં આવતા હુમલાઓ કરતાં પણ વધુ ચિંતા એ 'સેક્યુલર' મતવિસ્તારની ધ્રુવીકૃત મતબેંકના નિર્માણમાં અને સમાજમાં મુસ્લિમ વિરોધી ભાવના રહેલી છે. અમે આ યાદીમાં નાગરિક સમાજના સંગઠનો અને ઉદારવાદી સમુદાયને ઉમેરી શકીએ છીએ જેઓ સાથે તો છે પણ કંઈ કરતા નથી. જ્યાં સુધી સમુદાય તેની પોતાની રાજકીય ઈચ્છા ઊભી કરવામાં સફળ થાય ત્યાં સુધી, તેણે અન્ય લોકો અને અન્ય પક્ષોના સમર્થન પર આધાર રાખવો પડશે. સમુદાય માટે જરૂરી છે કે તેણે તેના પેટા-સંપ્રદાયો સાથે એકતા દર્શાવવી જોઈએ. શું ભારતીય મુસ્લિમોએ ભવિષ્ય માટે સંવાદ માટે એક સામાન્ય પ્લેટફોર્મ બનાવવા અને સમાન નાગરિક તરીકે તેમના જીવન અને અધિકારોની સુરક્ષા માટે સોદાબાજીની શક્તિ પ્રાપ્ત કરવા માટે તેના દરેક સમુદાયને એકસાથે લઈને આગળ આવવું જોઈએ નહીં ?

(સૌ. : ટેલિગ્રાફ ઈન્ડિયા.કોમ)

પ્રયાગરાજમાં હિંસાની 'સૂચિ'માં રહેલા લોકોના પરિવારો બુલડોઝરના નામ માત્રથી ડરે છે

(એજન્સી) તા.૧૬

ઉત્તરપ્રદેશમાં પ્રયાગરાજમાં કાર્યકર્તા મોહમ્મદ જાવેદના તોડી પાડવામાં આવેલા ઘરથી લગભગ ૫૦૦ મીટરના અંતરે, ૫૭ વર્ષીય બોડલી સ્કૂલિંગ લેક્ચરર અકીલ અબ્બાસ રિઝવીનું ઘર છે અને તે એવા ડરમાં જીવે છે કે તેનું ઘર તોડી પાડવામાં ન આવે. પોલીસે તે ૧૮ વર્ષનો હતો ત્યારે તેની ધરપકડ કરી હોવાનો ઉલ્લેખ કર્યા પછી તેનું ઘર તોડી પાડવામાં ન આવે તેના માટે તેઓ સતત ભયમાં જીવે છે. રિઝવી અને અન્ય યુવાનો એવા ૯૨ લોકોમાં સામેલ છે જેમને પ્રયાગરાજ પોલીસ દ્વારા ૧૦ જૂનના રોજ અપમાનજનક ટિપ્પણીઓ સામે હિંસક વિરોધ પ્રદર્શનમાં તેમના કથિત કાર્ય માટે પકડી લેવામાં આવ્યા છે. જિલ્લા પોલીસ દ્વારા તેમની મિલકતોની અનિયમિતતાની ચકાસણી કરવા માટે પ્રયાગરાજ ઈમ્પ્રૂવમેન્ટ ઓથોરિટી (PDA)ને દસ્તાવેજો સોંપવામાં આવ્યા હતા અને જો તેઓ ઈચ્છે તો, ડિમોલિશનની કાર્યવાહી કરી શકે છે. ધરપકડ કરાયેલા કાર્યકર્તા જાવેદનું ઘર શનિવારે માત્ર એક દિવસમાં તોડી પાડવામાં આવ્યું હતું અને તેમાં સંખ્યાબંધ ધોરણોનું ઉલ્લંઘન થયું હતું. જાવેદના પરિવારે ઉલ્લેખ કર્યો છે કે આ ઘર તેના જીવનસાથીના નામનું છે. મંગળવારે ધ ઈન્ડિયન એક્સપ્રેસ સાથે ચેટ કરતા, રિઝવીના પુત્ર હુસૈન અકીલે કહ્યું કે, મારા પિતા એક ઓથોરિટી સ્કૂલમાં લેક્ચરર છે. તેમના સમગ્ર જીવનમાં, મારા પિતાએ કોઈપણ રીતે કોઈપણ વિરોધમાં ભાગ લીધો નથી અને કોઈપણ રીતે કોઈ રાજકીય ઉજવણીમાં જોડાયા નથી. તેમનો ઉત્સાહ હંમેશા રમતગમતની પ્રવૃત્તિઓનો રહ્યો છે. આ શુક્રવારે જ્યારે તેઓ યુનિવર્સિટીમાં જઈ રહ્યા હતા ત્યારે પોલીસે તેમની ફેકલ્ટીની નજીકથી ધરપકડ કરી હતી અને તેમને ખોટી રીતે ફસાવી દીધા છે. તે કહે છે કે, અમારી પાસે ઘર સાથે સંકળાયેલ તમામ કાગળો છે. મારા પિતાએ ૨૦૦૮માં એક મેહરૂનીસા પાસેથી ૧,૮૦૦ ચોરસ ફૂટનું ઘર ખરીદ્યું હતું. અમે હોમ ટેક્સ અને પાણી અને વિદ્યુત ઉર્જા ચૂકવણીઓ સહિત તમામ કર ચૂકવીએ છીએ. તેમ છતાં પણ હવે અમને આ ઘર તોડી પાડવામાં આવશે એવી ચિંતા છે. આ દરમિયાન, આ ચેકલિસ્ટમાં એક પરિવારના યુવકનું નામ પણ છે. આ યુવકની માતાએ જણાવ્યું કે, અમે મજૂરો છીએ. મારી પાસે બે રૂમની ઝૂંપડી છે, જે સત્તાવાળાઓની જમીન પર બાંધવામાં આવી છે. અમે બિહારથી આવ્યા પછી છેલ્લા ૨૦ વર્ષથી અહીં રહીએ છીએ. જો પીડીએ કાર્યવાહી કરશે, તો અમે અલગ ખાલી જમીન પર શિફ્ટ થઈશું અને અમારી ઝૂંપડી ઊભી કરીશું. જ્યારે પ્રયાગરાજના એસએસપી અજય કુમારનો સંપર્ક કરવામાં આવ્યો ત્યારે તેમણે જણાવ્યું કે પોલીસે આ કેસ માટે પાંચ સભ્યોનો વિશેષ તપાસ સ્ટાફ (એસઆઈટી) બનાવ્યો છે. આ તપાસ કરવામાં આવી રહી છે. જો પરિવારના કોઈ સભ્યને ખોટી રીતે ફસાવવામાં આવ્યો છે તેવા કોઈ પુરાવા હશે તો અમે તેની તપાસ કરીશું,. પ્રયાગરાજમાં, અથડામણને પગલે, અટાલા અને અસગરી અને શૌકત અલી ક્રોસિંગ સહિત સંખ્યાબંધ વિસ્તારોમાં આઉટલેટ્સ પર ભારે પોલીસ તૈનાત કરવામાં આવી છે. અસંખ્ય સ્ટોરના મકાનમાલિકોએ આ પરિસ્થિતિ અંગે વાત કરી છે, અને ઉલ્લેખ કર્યો છે કે તેઓ PDA દ્વારા ડિમોલેશનના ડરથી બે વધારાના દિવસો માટે તેમની દુકાનો બંધ રાખવાની યોજના ધરાવે છે.

શું ઉત્તરપ્રદેશના સત્તાવાળાઓ દ્વારા કાર્યકર્તા આફરીન ફાતિમાના ઘરને તોડી પાડવું કાયદેસરનું કૃત્ય છે ?

(એજન્સી) તા.૧૬

ઉત્તર પ્રદેશ સરકારે તાજેતરમાં જ પ્રયાગરાજમાં જવાહરલાલ નેહરુ યુનિવર્સિટી

(JNU)ની વિદ્યાર્થી અને કાર્યકર્તા આફરીન ફાતિમાનું ઘર તોડી પાડ્યું હતું કારણ કે પોલીસે તેના પિતા જાવેદ મોહમ્મદનું ૧૦ જૂને શહેરમાં થયેલા વિરોધ પ્રદર્શનમાં "માસ્ટર માઈન્ડ" તરીકે નામ આપ્યું હતું. હાલમાં સસ્પેન્ડ કરાયેલા ભારતીય જનતા પાર્ટી (BJP)ના નેતા નુપુર શર્માની ટિપ્પણીને આ પગલે શરૂ વિવાદ થયો છે. ફાતિમાને ૧૧ જૂનની રાત્રે કહેવામાં આવ્યું હતું કે ઉત્તર પ્રદેશ સત્તાવાળાઓએ તેમના ઘરની બહાર એક નોટિસ લગાવી હતી, જેમાં તેમને ઘર તોડવામાં આવે તે પહેલાં તેને ખાલી કરવાનું કહેવામાં આવ્યું હતું. તેમને જે નોટિસ આપવામાં આવી હતી તે ફાતિમાના પિતા જાવેદ મોહમ્મદને સંબોધવામાં આવી હતી પરંતુ આ ઘર તેની માતા પરવીન ફાતિમાનું હતું. આ ઘર તેના નાનાએ બે દાયકા પહેલા તેની માતાને ભેટમાં આપ્યું હતું. તેની બહેન કહે છે કે, હાઉસ ટેક્સ, વોટર ટેક્સ અને વીજળી કનેક્શન મારી માતાના નામે છે. તમામ ટેક્સ સમયસર ચૂકવવામાં આવ્યા છે. રવિવાર પહેલાં, કોઈ અધિકારીએ અમને કહ્યું ન હતું કે અમારું ઘર ખોટી રીતે બાંધવામાં આવ્યું હતું.

'અનધિકૃત બાંધકામો' પર કાયદો શું કહે છે ?

શું ફાતિમાના ઘરને તોડી પાડવું કાયદાને અનુરૂપ છે ? સત્તાવાળાઓ દ્વારા આપવામાં આવેલી નોટિસમાં ઘણી વિસંગતતાઓ દેખાય છે. સૌપ્રથમ, આ નોટિસ જાવેદ મોહમ્મદની પત્નીને બદલે તેમની પત્નીને આપવાની જરૂર હતી, જેની આ મિલકત હતી. બીજું, આ મિલકત બે દાયકાથી હતી, તેઓએ પાણી વેરો અને હાઉસિંગ ટેક્સ ચૂકવ્યો હતો. તે બધા વર્ષોમાં સત્તાવાળાઓ દ્વારા ગેરકાયદેસર બાંધકામ હોવાનો કોઈ પ્રશ્ન ઉઠાવવામાં આવ્યો ન હતો. અને છેલ્લે, અસરગ્રસ્ત પક્ષને સાંભળવાની તક આપ્યા વિના ડિમોલિશન હાથ ધરવામાં આવ્યું હતું, જે ઉત્તર પ્રદેશ અર્બન પ્લાનિંગ એન્ડ ડેવલપમેન્ટ એક્ટ, ૧૯૭૩ની કલમ ૨૭નું આવશ્યક પાસું છે. અધિકારીઓએ દાવો કર્યો છે કે ફાતિમાના પરિવારને નોટિસનો જવાબ આપવા અથવા તેમની સમક્ષ હાજર થવા માટે પૂરતો સમય આપવામાં આવ્યો હતો. તેઓએ કહ્યું કે તેઓ તેમની સમક્ષ હાજર થવામાં નિષ્ફળ ગયા પછી જ તેઓએ ડિમોલિશન હાથ ધર્યું હતું. જો આપણે સત્તાવાળાઓની આ દલીલોને સ્વીકારીએ તો પણ તેઓએ કાયદાને અનુરૂપ કામ કર્યું નથી. જો ફાતિમાના પરિવાર દ્વારા કોઈ રજૂઆત કરવામાં આવી ન હોય, તો પણ તેઓને અર્બન પ્લાનિંગ એન્ડ ડેવલપમેન્ટ એક્ટ, ૧૯૭૩ની કલમ ૨૭ (૨) મુજબ ચેરમેન સમક્ષ અપીલ કરવાનો અધિકાર છે, જેઓ અપીલના પક્ષકારોને સાંભળ્યા પછી, મંજૂરી આપી શકે છે અથવા અપીલ નકારી શકે છે. આનો અર્થ એ થયો કે ઉત્તર પ્રદેશના સત્તાવાળાઓએ યુપી અર્બન પ્લાનિંગ એન્ડ ડેવલપમેન્ટ એક્ટ, ૧૯૭૩ની કલમ ૨૭(૧) હેઠળ ડિમોલિશન હાથ ધર્યું છે, અને તેની જોગવાઈઓ અને અન્ય પેટા-વિભાગોની અવગણના કરી છે. તેઓએ આ કાયદાનું આવશ્યકપણે ઉલ્લંઘન કર્યું છે.

૨૭ ઇમારતને તોડી પાડવાનો આદેશ :

(૧) જ્યારે કોઈપણ બાંધકામના ઉલ્લંઘનમાં અથવા કલમ ૧૪માં ઉલ્લેખિત પરવાનગી વિના અથવા એવી કોઈપણ શરતોના ઉલ્લંઘન સાથે કરવામાં આવ્યો હોય અથવા હાથ ધરવામાં આવ્યો હોય અથવા પૂર્ણ કરવામાં આવ્યો હોય તો કે કલમ ૨૬ની જોગવાઈઓ મુજબ વાઈસ-ચેરમેન અથવા તેના વતી ઓથોરિટીના કોઈપણ અધિકારી આવા બાંધકામને દૂર કરવામાં આવે તેવો આદેશ આપી શકે છે. ડિમોલિશન પહેલા તે તારીખથી પંદર દિવસથી ઓછા અને ચાલીસ દિવસથી વધુ ન હોય તેવા સમયગાળાની અંદર તેને દૂર કરવાના હુકમની નકલ, કારણના સંક્ષિપ્ત નિવેદન સાથે માલિકને અથવા તે વ્યક્તિને વિતરિત કરવામાં આવે છે, અને તેના ઓર્ડરનું પાલન કરવામાં નિષ્ફળતા હોય તો વાઈસ-ચેરમેન અથવા આવા અધિકારી આ વિકાસને દૂર કરી શકે છે. જ્યાં સુધી માલિક અથવા સંબંધિત વ્યક્તિને આ હુકમ શા માટે ન કરવો જોઈએ તેનું કારણ બતાવવાની વાજબી તક આપવામાં આવી ન હોય ત્યાં સુધી આવો કોઈ હુકમ કરવામાં આવશે નહીં.

(૨) પેટા-કલમ (૧) હેઠળના આદેશથી નારાજ કોઈપણ વ્યક્તિ તેની તારીખથી ત્રીસ દિવસની અંદર તે હુકમ સામે અધ્યક્ષને અપીલ કરી શકે છે અને અધ્યક્ષ આ અપીલના પક્ષકારોને સાંભળ્યા પછી મંજૂર અથવા તેને બરતરફ કરી શકે છે.

(૩) ચેરમેન પેટા-કલમ (૨) હેઠળ તેની સમક્ષ અપીલ દાખલ કરવામાં આવી હોય તેવા હુકમના અમલ પર રોક લગાવી શકે છે. અપીલ પરનો અધ્યક્ષનો નિર્ણય અને, આવા નિર્ણયને આધીન, પેટા-કલમ (૧) હેઠળનો હુકમ આખરી રહેશે અને કોઈપણ કોર્ટમાં તેની અરજી કરવામાં આવશે નહીં. ડિમોલિશન પર દિલ્હી હાઈકોર્ટના એડવોકેટ હર્ષિતઆનંદે જણાવ્યું હતું કે સરકારો પાસે કાનૂનનું ઉલ્લંઘન કરીને ઉભા કરાયેલા અનધિકૃત બાંધકામોને તોડી પાડવાની સત્તા છે, જો કે, આવા તોડફોડ કાનૂનને અનુસરીને જ થઈ શકે છે.

દાખલા તરીકે, આફરીન ફાતિમાના રહેઠાણના કિસ્સામાં, તોડી પાડવાની રાજ્યની કાર્યવાહી માત્ર UP અર્બન પ્લાનિંગ એન્ડ ડેવલપમેન્ટ એક્ટની કલમ ૨૭ની વિરુદ્ધ છે જ્યારે ઉપરોક્ત કલમ ૨૭ ચોક્કસ સંજોગોમાં ડિમોલિશનની પરવાનગી આપે છે, તે એવી પ્રક્રિયાને પણ ફરજિયાત કરે છે કે જે કોઈપણ ડિમોલિશન હાથ ધરવામાં આવે તે પહેલાં ફરજિયાતપણે નિયમોને અનુસરવા જોઈએ. ડિમોલિશન નોટિસમાં અને સત્તાવાળાઓ દ્વારા દર્શાવેલા સંસ્કરણમાં ત્રુટિઓ છે જે સમગ્ર પ્રક્રિયા પર શંકા ઊભી કરે છે અને કાયદાની યોગ્ય પ્રક્રિયાને નબળી પાડે છે.

આવા કિસ્સામાં, પીડિત વ્યક્તિ પાસે એકમાત્ર ઉપાય બાકી રહે છે અને તે બંધારણીય અદાલત છે જે તેની રિટનો ઉપયોગ કરીને આવા તોડફોડ પર રોક લગાવી શકે છે. કારણ કે મિલકતનો અધિકાર એ આપણા બંધારણમાં સ્પષ્ટપણે એક માનવ અધિકાર છે. વધુમાં, આવી ડિમોલિશનની ઝુંબેશ ચાલુ રહે છે, તેમ છતાં સમાન ડિમોલિશન સામેના કેસ કોર્ટમાં પેન્ડિંગ છે અને સુપ્રીમ કોર્ટે આવા ઉતાવળિયા તોડફોડ સામે તેની મૌખિક નારાજગી વ્યક્ત કરી આપી છે. આમ ફાતિમાના ઘરને તોડી પાડવું એ કુદરતી ન્યાયના સિદ્ધાંતોની પણ વિરુદ્ધ છે. જો કે એવું લાગે છે કે આ ડિમોલિશન ઝુંબેશ એવી વ્યક્તિઓ સામે શિક્ષાત્મક પગલું છે જેઓ વિરોધ પ્રદર્શન અને જાહેર વ્યવસ્થા સાથે સંકળાયેલા મુદ્દાઓ સાથે સંકળાયેલા છે.

અબ્બાસ અન્સારી અને અન્ય વિરૂદ્ધ યુ.પી.ના કેસમાં અલ્હાબાદ હાઈકોર્ટે આપેલા તાજેતરના ચુકાદામાં કોર્ટે અવલોકન કર્યું હતું કે રાજ્ય સત્તાવાળાઓ અપીલની વૈધાનિક અવધિ પૂરી થાય તે પહેલાં મિલકતને તોડી શકે નહીં. અલ્હાબાદ હાઈકોર્ટે ઠાકુર પ્રસાદ વિરુદ્ધ યુ.પી.ના કેસમાં પણ આ જ ચુકાદો માન્ય રાખ્યો હતો. અને કોર્ટે પ્રશ્નમાંના રેકોર્ડની તપાસ કરવાની પ્રક્રિયા હાથ ધરી છે અને શોધી કાઢ્યું છે કે વૈધાનિક અપીલ અંગે વિચારણા બાકી છે.

શું એવા કોઈ કાયદા અથવા દાખલાઓ છે જે સત્તાવાળાઓને મિલકતને તોડી પાડવાની મંજૂરી આપે છે ? એવું એક ઉદાહરણ છે જેમાં સર્વોચ્ચ અદાલત જાહેર સંપત્તિને નુકસાન પહોંચાડવાના આરોપમાં વ્યક્તિઓ પર જવાબદારી નક્કી કરવા સંમત થઈ હતી. ઉપરોક્ત ચુકાદામાં જાહેર અને ખાનગી મિલકતોના વિનાશના સંબંધમાં કાયદાની ગેરહાજરીમાં આ માર્ગદર્શિકા મૂકવામાં આવી હતી. આ ચુકાદો સરકારી અધિકારીઓને મિલકતો તોડી પાડવાની સત્તા આપતો નથી. તે માત્ર એટલું જ જણાવે છે કે જો કોઈ વ્યક્તિ ગુનેગાર હોય અથવા ગુનાના આયોજકોમાંથી એક હોય, તો તે ચૂકવવાપાત્ર નુકસાનની બમણી રકમ માટે જવાબદાર રહેશે. સર્વોચ્ચ અદાલતે સ્પષ્ટપણે ઉચ્ચ ન્યાયાલયને નુકસાનની તપાસ કરવા માટે જવાબદારી સોંપી છે.

(સૌ. : ધ વાયર.ઈન)

હિંદુ રાષ્ટ્રવાદી જૂથો મુસ્લિમો અને મહિલાઓને લક્ષ્ય કરવા માટે યુટ્યુબનો દુરૂપયોગ કરે છે : રિપોર્ટ

(એજન્સી) તા.૧૬

સોશિયલ મીડિયાએ ભારતમાં ધાર્મિક અસહિષ્ણુતાને વધુ તીવ્ર અને ભયંકર બનાવી દીધી છે. એનવાયયુ સ્ટર્ન સેન્ટર ફોર બિઝનેસ એન્ડ હ્યુમન રાઈટ્સનો એક અહેવાલ જણાવે છે કે શાસક ભારતીય જનતા પાર્ટી અને અન્ય જમણેરી હિંદુ રાષ્ટ્રવાદી જૂથોના સમર્થકો દ્વારા મુસલમાનોને નિશાન બનાવવા માટે દેશમાં યુટ્યુબનો સૌથી ખરાબ રીતે દુરુપયોગ કરવામાં આવી રહ્યો છે. આ અહેવાલ, 'એ પ્લેટફોર્મ "વેપનાઈઝ્ડ" શીર્ષક હેઠળ લખવામાં આવ્યો છે જેમાં યુટ્યુબ દ્વારા હાનિકારક સામગ્રી કેવી રીતે ફેલાવવામાં આવે છે' અને તેને રોકવા માટે શું કરી શકાય, અને રાજકીય ખોટી માહિતી, જાહેર આરોગ્યની માન્યતાઓ અને હિંસા ઉશ્કેરવામાં યુટ્યુબની ભૂમિકાની રૂપરેખા આપે છે. જો કે તે મોટાભાગે યુ.એસ. પર ધ્યાન કેન્દ્રિત કરે છે. જેમ કે કોવિડ-૧૯ રોગચાળાને લગતી ખોટી માહિતી અને ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા રજૂ કરાયેલ ચૂંટણી છેતરપિંડીના કાવતરાના સિદ્ધાંતો પર વધુ ધ્યાન આપવામાં આવ્યું છે અને આ રિપોર્ટમાં ભારત, બ્રાઝિલ અને મ્યાનમાર અંગે પણ ચર્ચા કરવામાં આવી છે. દક્ષિણ કોરિયામાં સંગઠિત દુષ્કર્મવાદીઓ, બ્રાઝિલમાં અત્યંત જમણેરી વિચારધારાઓ, મુસ્લિમ વિરોધી હિંદુ રાષ્ટ્રવાદીઓ અને મ્યાનમારના દમનકારી લશ્કરી શાસનના સમર્થકો બધાએ હાનિકારક સંદેશાઓ ફેલાવવા અને સમાન વિચારધારા ધરાવતા વપરાશકર્તાઓએ યુટ્યુબની અસાધારણ પહોંચનો ઉપયોગ કર્યો છે. NYU સેન્ટર ફોર બિઝનેસ એન્ડ હ્યુમન રાઈટ્સ ફેસબુક, ટ્વિટર અને યુટ્યુબ દ્વારા ૨૦૧૬ના યુએસ પ્રમુખપદની ઝુંબેશમાં રશિયાના કથિત દખલના પ્રયાસો પછી લોકશાહી પર સોશિયલ મીડિયાની અસરો અંગે અહેવાલો પ્રકાશિત કરી રહ્યું છે. આ નવા અહેવાલમાં જણાવાયું છે કે રશિયાએ તેના પશ્ચિમી પાડોશી દેશ પર આક્રમણ કર્યું તે પહેલાં યુક્રેન અને તેના પશ્ચિમ સાથેના સંબંધો વિશે વ્લાદિમીર પુતિનની અયોગ્ય માહિતી માટે યુટ્યુબનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. ભારતના વિભાગમાં, આ રિપોર્ટ ષડયંત્રના સિદ્ધાંતોને સમજાવે છે અને કોરોના વાયરસ રોગચાળાની શરૂઆતમાં એવા સમાચાર ફેલાવવામાં આવ્યા હતા કે મુસ્લિમો હેતુપૂર્વક આ વાયરસનો 'જેહાદ'ના સ્વરૂપમાં ઉપયોગ કરે છે, મુસ્લિમ વિક્રેતાઓને નિશાન બનાવવા અને ઈસ્લામોફોબિક સામગ્રી ધરાવતી કેટલીક ચેનલો છે જે મુસલમાનોને અપમાનિત કરે છે અને તેમની સામેની હિંસાને ઉશ્કેરે છે. ભારતમાં YouTubeના આગમન પહેલા ધાર્મિક અસહિષ્ણુતા હતી, પરંતુ સોશિયલ મીડિયાના વ્યાપક ઉપયોગ પછી દુશ્મનાવટ વધુ તીવ્ર બની છે. આ અહેવાલમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે ઘણીવાર ભારતમાં મુસ્લિમ વિરોધી થીમ્સ સાથે મહિલાઓ પર જોખમી ઓનલાઈન હુમલાઓ પણ કરવામાં આવે છે. રાષ્ટ્રવાદી ભારતીય યુટ્યુબ પ્રભાવકોએ આ પ્લેટફોર્મ પર આવા ઉત્તેજક વીડિયોને લોકપ્રિય બનાવ્યા છે. મહિલાઓને ધમકીઓ આપે છે અને જ્યારે YouTubeએ કેટલાક અયોગ્ય એકાઉન્ટ્સ દૂર કરે છે ત્યારે આ સર્જકો નવા એકાઉન્ટ્સ શરૂ કરે છે એ દ્વેષપૂર્ણ વીડિયોમાં જાહેર સ્ત્રોતોમાંથી મેળવેલા મુસ્લિમ મહિલાઓના ફોટા દર્શાવવામાં આવે છે અને તેઓને 'વેચાણ માટે રજૂ કરે છે', કેટલીકવાર આવી અપમાનજનક ટિપ્પણીઓ બળાત્કારની વાત તરફ દોરી જાય છે. તેમાં તે સુલ્લી ડીલ્સ અને બુલ્લી બાઈ એપ્સનો ઉલ્લેખ પણ કરવામાં આવ્યો છે. અહેવાલના લેખકોને જણાવ્યું હતું કે આવા હાનિકારક સંદેશાઓ ફેલાવતા એકાઉન્ટ્સ પર દેખરેખ રાખવી અને પગલાં લેવા માટે YouTubeને મુશ્કેલીનો સામનો કરવો પડે છે. તમે ભાગ્યે જ એવા કન્ટેન્ટ સર્જકને શોધી શકશો જે ફક્ત એક જ ભાષા અથવા ખાસ કરીને માત્ર અંગ્રેજીનો ઉપયોગ કરે છે. તેઓ સંભવતઃ અંગ્રેજી, હિન્દી, કદાચ અન્ય ભાષાઓનો ઉપયોગ કરી રહ્યા છે. આ સમસ્યા વધુ જટિલ છે. અહેવાલમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે કેન્દ્ર સરકારના નવા આઈટી નિયમો, જે તેને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પરની સામગ્રીને દૂર કરવાની સત્તા આપે છે, તે આ પડકારોને વધુ જટિલ બનાવે છે. આ સમસ્યાઓનો સામનો કરવા માટે - YouTube અને US સરકારને આ રિપોર્ટમાં ઘણી ભલામણો કરવામાં આવી છે. તે YouTube પ્લેટફોર્મ કેવી રીતે કાર્ય કરે છે તે વિશે વધુ માહિતી જાહેર કરવા કહે છે; અને સંશોધકોને યુટ્યુબનો અભ્યાસ કરવાની જરૂર હોય તેવા ડેટાની વધુ ઍક્સેસની સુવિધા આપવાનું કહે છે; અને સંભવિત હાનિકારક સામગ્રીની સમીક્ષાને વિસ્તૃત કરવા અને સુધારવા અને નાગરિક સમાજ અને સમાચાર સંસ્થાઓ સાથેના સંબંધોમાં વધુ પારદર્શિતા લાવવાની અપીલ કરે છે. યુએસ સરકારે સોશિયલ મીડિયાની આડ અસરોને ઘટાડવા અને ફેડરલ ટ્રેડ કમિશનની સોશિયલ મીડિયા પર દેખરેખ રાખવાની સત્તા વધારવા માટે વધુ રાજકીય પગલાં લેવા જોઈએ.

(સૌ. : ધ વાયર.ઈન)

વોટર પાર્કમાં મસ્તી કરતા સાવધાન

સ્લાઈડિંગ બોટ પડતા યુવકનું દર્દનાક મોત થયું

(એજન્સી) નવી દિલ્હી,તા.૧૬

જો તમે પણ કાળઝાળ ગરમીથી બચવા માટે તમારા પરિવાર કે મિત્રો સાથે વોટર પાર્કમાં જઈ રહ્યા છો તો સાવધાન થઈ જાવ, નહીં તો એક નજીવી બેદરકારી તમારા મૃત્યુનું કારણ બની શકે છે. વોટર પાર્કમાં મોતની આવી જ એક ઘટના ઝારખંડના જમશેદપુરથી સામે આવી છે, જ્યાં એક યુવક આંખના પલકારામાં મોતની ગોદમાં સમાઈ ગયો. આ દુર્ઘટના પૂર્વ સિંઘભૂમના ઘાટશિલા ગલુડીહ પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળના બિરસા ફન સિટી વોટર પાર્કમાં થઈ હતી, જેમાં એક યુવકે જીવ ગુમાવ્યો હતો. વોટર પાર્કમાં ન્હાતી વખતે સ્લાઈડિંગ બોટ યુવક પર પડી હતી. બોટ પડી જતાં યુવાન ગંભીર રીતે ઘાયલ થયો હતો, હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવામાં આવતા યુવકનું મોત નીપજ્યું હતું. મૃતક યુવક જોની કેવર્ટ (૩૦) જમશેદપુરના બાગુનહાટુનો રહેવાસી હતો. એવું કહેવામાં આવ્યું છે કે, તે તેના ૭ મિત્રો સાથે જમશેદપુરથી ગાલુડીહ વોટર પાર્ક પહોંચ્યો હતો. જોની વોટર

પાર્કના પાણીમાં સૌથી પહેલા ઉતર્યો હતો. તેના મિત્રો લોકરમાં કપડા અને અન્ય ચીજવસ્તુઓ રાખી રહ્યા હતા ત્યારે અચાનક પાણીની ઉપરથી એક ઝડપી સ્લાઈડિંગ બોટ જોની સાથે અથડાઈ હતી. એક સ્ત્રી સ્લાઈડીંગ બોટમાં બેઠી હતી. ટક્કર એટલી જોરદાર હતી કે જોની સ્થળ પર જ લોહીલુહાણ થઈ ગયો. તેને માથામાં ગંભીર ઈજા થઈ હતી. ઉતાવળમાં, તેને ગાલુડીહના નિરામય હેલ્થ કેરમાં લઈ જવામાં આવ્યો, જ્યાં યુવકની ગંભીર સ્થિતિને જોતા, તેને સબ-ડિવિઝનલ હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યો. સબ ડિવિઝનલ હોસ્પિટલમાં લાવવામાં આવતા પહેલા જ યુવકનું મોત નીપજ્યું હતું. યુવકના મોત બાદ સ્વિમિંગ પુલમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો, પરંતુ વોટર પાર્કના સંચાલકે તેની અવગણના કરી ટિકિટો વેચવાનું ચાલુ રાખ્યું હતું. યુવકના મોત બાદ પોલીસ-પ્રશાસન વોટર પાર્કમાં પહોંચી તો સલામતીના માપદંડોનો અભાવ જોવા મળ્યો હતો. આ વોટર પાર્કમાં અનેક ભૂલો જોવા મળી હતી. પાર્કમાં વધુ ક્ષમતા કરતા વધારે લોકોને ટિકિટ વેચવામાં આવે છે. ઘટનાના દિવસે ૧૦૦૦ થી વધુ લોકો સ્વિમિંગ પૂલમાં જોવા મળ્યા હતા. તમને જણાવી દઈએ કે, સ્વિમિંગ માટે પ્રતિ વ્યક્તિ ૫૦૦ રૂપિયા લેવામાં આવે છે. પરિવાર દીઠ બેથી પાંચ હજાર રૂપિયા ખર્ચીને લોકો પોતાના પરિવાર સાથે આ વોટર પાર્કમાં આવે છે, પરંતુ સુરક્ષા તરીકે આ વોટર પાર્કમાં કોઈ વ્યવસ્થા નથી.

આરોગ્ય વિભાગની લાલિયાવાડી કે રસીનું કૌભાંડ ?

બોરસદના નિસરાયા ગામે એક વર્ષ પહેલા મરણ પામેલ વૃદ્ધા CHCમાં જઈ કોવિડ રસીનો બીજો ડોઝ મૂકાવી આવ્યા

ઉપરથી વેક્સિનનો ટાર્ગેટ પૂર્ણ કરવા દબાણ કરવામાં આવે છે : આરોગ્ય કર્મચારી

(સંવાદદાતા દ્વારા)

આણંદ, તા.૧૬

આણંદ જિલ્લાના બોરસદ તાલુકાના નીસરાયાના ઈચ્છાબેન ડાહ્યાભાઈ ભોઈનું ૮૧ વર્ષની ઉંમરે ૧૪/૪/૨૦૨૧ના રોજ મોત નીપજ્યું હતું ત્યારે તેઓના પુત્રના મોબાઈલ ફોન પર ૧૧ જૂન ૨૦૨૨ના રોજ ઈચ્છાબેન ડાહ્યાભાઈ ભોઈ કોઠિયાખાડ ખાતે આવેલ એસસી ખાતે કોવીડ ૧૯ની રસી મૂકાવી ગયા હોવાનું મેસેજ મળ્યો હતો જેને લઈ પુત્રને પણ આશ્ચર્ય થયું હતું પુત્રના મોબાઈલમાં કોરોના વેક્સિનનું સર્ટી પણ આવી ગયું હતું. જેને લઈ તેઓએ આ અંગે પુછપરછ કરતા કેન્દ્રના સ્ટાફે જણાવ્યું હતું કે ઈચ્છાબેન જાતે આવ્યા હતાને તેઓને રસી મુકવામાં આવી છે એક વર્ષ પહેલા મરણ ગયેલા ઈચ્છાબેન કઈ રીતે રસી મુકાવવા ગયા તેવા સવાલો ઉભા થયા છે ત્યારે આરોગ્ય

વિભાગની લાલીયાવાડી છે કે પછી આની પાછળ કોઈ કૌભાંડ રચાયું છે તેવા સવાલ ચર્ચાઈ રહ્યા છે.

આ અંગે એક આરોગ્ય કર્મચારીએ નામ ના આપવાની શરતે જણાવ્યું હતું કે, ઉપરથી જ વેક્સિનનો ટાર્ગેટ પૂર્ણ કરવા માટે દબાણ કરવામાં આવે ગમે તેમ કરીને ટાર્ગેટ પૂર્ણ કરવા જણાવવામાં આવે છે જેને લઈ કર્મચારીઓ અને સ્ટાફ ગમે તેમ કરીને ટાર્ગેટ પૂર્ણ કરી દેતા હોય છે જેમાં આવા બનાવો સામે આવે છે.

મરણ થયેલ વ્યક્તિના નામે રસીનું સર્ટી. બનાવી દેવાય છે પરંતુ ખરેખર તે રસી ક્યાં વપરાય છે ?

તાલુકામાં કેટલાય લોકોના આવા બનાવો સામે આવ્યા છે જેમાં તેઓના સ્વજનનું મરણ થઈ ગયું હોવા છતાં તેઓને વેક્સિન અંગેના મેસેજ મળે છે તેમજ કેટલાક લોકો જે બીજો ડોઝ મૂકાવવા ગયા નથી તેઓને પણ બીજો ડોઝ કમ્પ્લીટ થયો હોવાના મેસેજ અને સર્ટી ઈસ્યુ થઈ જતા હોય છે. થોડા સમય અગાઉ બોરસદની વ્હોરા સોસાયટીમાં ૩૦ વ્યક્તિઓને તેઓએ બીજો ડોઝ મૂકાવ્યો ના હોવા છતાં મેસેજ અને સર્ટી મળી ગયા હતા ત્યારે તેઓના નામે સર્ટી અને મેસેજ સુધી તો બરોબર છે પરંતુ ખરેખર એ રસીનું શું થાય છે શું મોંઘા ભાવની રસી માત્ર નામ નોંધી ફેંકી દેવામાં આવે છે કે પછી તેનો કોઈ વેપલો કરવામાં આવે તેવી ચર્ચાઓ ઉઠવા પામી છે.

વડાપ્રધાનના પ્રવાસની ઈફેક્ટ

વડોદરાની ખંડેરાવ માર્કેટ સ્વૈચ્છિક બંધ રાખવાનો વેપારીઓનો નિર્ણય

કેટલીક શાળાઓ પણ બંધ રાખવા ચાલતી વિચારણા

(સંવાદદતા દ્વારા)

વડોદરા, તા.૧૬

૧૮ જૂનના રોજ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી વડોદરા શહેરના મહેમાન બની રહ્યા છે ત્યારે વડોદરા શહેરની મધ્યમાં આવેલ ખંડેરાવ શાકમાર્કેટ સ્વૈચ્છિક બંધ રાખવાનો વેપારીઓએ નિર્ણય લીધો છે. તો બીજી તરફ પ્રધાનમંત્રી કાર્યક્રમના રૂટ દરમિયાન આવતી શાળાઓમાં વિદ્યાર્થીઓને હેરાનગતિ ન થાય તે માટે કેટલાક સંચાલકોએ શાળા બંધ રાખવા વિચારણા હાથ ધરી છે.

આગામી ૧૮ જૂનના રોજ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી વડોદરા શહેરના ગ્રાઉન્ડ ખાતે વિવિધ વિકાસ કાર્યોના ખાતમુહૂર્ત અને લોકાર્પણ સાથે જનસભા સંબોધવાના છે. આ દરમિયાન તેમને આવકારવા હેતુ વડોદરા શહેરના ખંડેરાવ શાક માર્કેટના વેપારીઓએ સ્વૈચ્છિક બંધ રાખવાનો નિર્ણય લીધો છે. આ અંગે સ્થાનિક અગ્રણી કિરીટ પટેલે જણાવ્યું હતું કે, આ વેપારીઓનો સ્વેચ્છિક નિર્ણય છે એક દિવસ માટે માર્કેટ બંધ રહેશે બીજા દિવસથી રાબેતા મુજબ કાર્યરત થશે. તો બીજી તરફ પૂર્વ અને ઉત્તર વિસ્તારમાં પ્રધાનમંત્રીના કાર્યક્રમ દરમિયાન ટ્રાફિકનું ભારણ ખૂબ રહેશે. ખાસ કરીને આ રૂટમાં આવતી કેટલીક શાળાઓના વિદ્યાર્થીઓને તકલીફ ના પડે તે માટે સંચાલકો દ્વારા શાળા બંધ રાખવાની વિચારણા હાથ ધરાઈ છે. આમ શહેરની કેટલીક સરકારી તથા ખાનગી શાળા ૧૮ જૂનના રોજ બંધ રહે તેવી શક્યતા છે.

તમે મૃત વ્યક્તિનું લાયસન્સ કાઢો છો કહી ઘૂસી ગયો

અમરેલીના એઆરટીઓ અધિકારીની ચેમ્બરમાં ઘૂસી નામચીન શખ્સે છરી બતાવી પાંચ લાખની ખંડણી માંગી

કમરમાંથી છરી કાઢીને બતાવી પૈસા નહીં આપે તો જાનથી મારી નાંખવાની ધમકી આપી

અમરેલી, તા.૧૬

અમરેલીના આરટીઓ કચેરીના અધિકારીને અમરેલીના નામચીન શખ્સે તેમની ચેમ્બરમાં ઘૂસી જઈ છરી બતાવી કહેલ કે તમે મૃત વ્યક્તિઓના લાયસન્સ કાઢો છો તેમ કહી પાંચ લાખની ખંડણી માંગી અને રૂપિયા નહીં આપે તો છરી પેટમાં ઘૂસાડી મારી નાંખવાની ધમકી આપતા એઆરટીઓ અધિકારીએ અમરેલી રૂરલ પોલીસમાં નામચીન શખ્સ સામે ફરિયાદ નોંધાવેલ હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર અમરેલીના આરટીઓ કચેરીના એઆરટીઓ અધિકારી ઈન્દ્રજીત એસ. ટાંક એકાદ મહિના પહેલા એઆરટીઓ કચેરી ખાતે પોતાની ચેમ્બરમાં હતા, તે દરમ્યાન અમરેલીનો નામચીન અને રીઢો ગુનેગાર ઈરફાન ઉર્ફે ટાલકી ગુનેગાર ઈરફાન ઉર્ફે ટાલકી મહંમદભાઈ ખીમાણીએ આવી ઈન્દ્રજીત ટાંકને કહેલ કે તમે મૃત વ્યક્તિઓના લાયસન્સ કાઢો છો તેમ ટાંકની પાસે પાંચ લાખની ખંડણી માંગી હતી અને બળજબરીથી રૂપિયા કઢાવી લેવાના ઈરાદાથી કમરમાંથી છરી કાઢી પૈસા નહીં આપો તો છરી પેટમાં ઘૂસાડી દેવાની ધમકી આપી હતી. આ નામચીન શખ્સ ઈરફાન ટાલકીએ અવારનવાર આરટીઓ કચેરીના કર્મચારીઓને પણ ટેલિફોન કરી પૈસા કઢાવવા માટે ધમકીઓ આપી હતી. બનાવ અંગે એઆરટીઓ અધિકારી ઈન્દ્રજીત સુરેશભાઈ ટાંકએ ઈરફાન ઉર્ફે ટાલકી વિરૂદ્ધ અમરેલી તાલુકા પોલીસમાં ફરિયાદ નોંધાવતા તાલુકા પીએસઆઈ ડી.બી. ચૌધરી દ્વારા તપાસ હાથ ધરવામાં આવેલ છે. અત્રે ઉલ્લેખનીય છે કે, આરોપી ઈરફાન ઉર્ફે ટાલકી નામચીન અને રિઢો ગુનેગાર હોઈ અગાઉ હત્યા, જીવલેણ હુમલા તેમજ ગેરકાયદે હથિયાર રાખવા દારૂ ખંડણી સહિતના ગુનાઓમાં જેલમાં તેમજ પાસામાં રહી આવેલ છે.

વડોદરામાં તંત્રની હલકી કક્ષાની કામગીરીની પોલ ખૂલી

વડાપ્રધાનનું ૭૧ ફૂટ ઊંચું હોર્ડિંગ્સ લગાવ્યાની સાથે જ ફાટી ગયું !

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૧૬

વડોદરા શહેરના આજવા રોડ સ્થિત લેપ્રસી ગ્રાઉન્ડ ખાતે તારીખ ૧૮મીએ ૧૨:૩૦ કલાકે પ્રધાનમંત્રી મહિલા સંમેલનને સંબોધન કરનાર છે ત્યારે તેઓને આવકારવા માટેની પૂર્વ તૈયારી ચાલી રહી છે, તેવા સમયે લેપ્રસી ગ્રાઉન્ડ પાસે ૭૧ ફૂટનું નરેન્દ્ર મોદીના ફોટાવાળું હોર્ડિંગ્સ લગાવવામાં આવતા ગણતરીની મિનિટોમાં જ ભારે પવનના કારણે ઉપરના મોઢાના ભાગમાંથી ફાટી ગયું હતું, જેથી હલકી કક્ષાની કામગીરીની પોલ ખુલી હતી. નરેન્દ્ર મોદીનું ૭૧ ફૂટ ઊંચું હોર્ડિંગ્સ લેપ્રસી ગ્રાઉન્ડની બહાર જ લગાડવામાં આવ્યું હતું, તે હોર્ડિંગ લગાવ્યાની ગણતરીની મિનિટોમાં ભારે પવનને કારણે ઉપરના ભાગમાંથી ફાટી ગયું હતું જેથી તંત્ર વિમાસણમાં મૂકાઈ ગયું હતું. આ લગાવેલું હોર્ડિંગ્સ ફરીથી નીચે ઉતારવાની કામગીરી વહીવટીતંત્ર દ્વારા કરવામાં આવી હતી.

ધી નડિયાદ BSNL એમ્પ્લોઈઝ કો.ઓ.ક્રેડિટ સોસાયટીમાં ચૂંટણી યોજાઈ

નડિયાદ, તા.૧૬

ધી નડીયાદ BSNL એમ્પ્લોઈઝ કો.ઓ.ક્રેડીટ સોસાયટીની કારોબારી સમિતિના જનરલ કેટેગરીના ૪(ચાર) સભ્યોને ચૂંટવા માટે આંબેડકર હોલ ખાતે ચૂંટણી યોજાઈ હતી.

આ ચૂંટણીમાં ચૂંટણી અધિકારી ઈકબાલભાઈ મેમન એ મતગણતરી બાદ જતીનભાઈ યુ પરમાર, કિરણસિંહ ડાભી, નિલયકુમાર એચ.શાહ, શિવરાજ આર યાદવને વિજેતા જાહેર કર્યા હતા જ્યારે મહિલા વિભાગમાં યાસ્મીન એ પઠાણ તથા કંચનબેન એચ પટેલ અને એસ.સી.એસ.ટી વિભાગમાં નટવરભાઈ બી પરમારને બિનહરીફ જાહેર કર્યા હતા. ચૂંટણી પ્રક્રિયામાં મદદનીશ ચૂંટણી અધિકારી શ્રવણકુમાર તથા કિશોરભાઈ શાહ અને ઘનશ્યામભાઈ મિસ્ત્રીએ સહયોગ આપ્યો હતો.

સાયલાના દેવગઢ ગામે ખેડૂત સંમેલન યોજાયું

સાયલા તાલુકાના દેવગઢ ગામે આજે વિશાળ ખેડૂત સંમેલન યોજાયું હતું. જેમાં નર્મદાના નીર માટે ખેડૂતોએ લડવાનો મુડ બનાવી લીધા બાદ જય કિસાનના નારા લગાવ્યા હતા અને નર્મદાના નીર લઈને જ જંપીશુંની હાકલ કરી હતી જેમાં ધારાસભ્ય ઋત્વિક મકવાણા અને જિલ્લા કોંગ્રેસ પ્રમુખ રૈયાભાઈ રાઠોડ, ચેતનભાઈ ખાચર, કલ્પનાબેન પોરીયા, મુળજીભાઈ, જેરામભાઈ, સહિત મોટી સંખ્યામાં આગેવાનો જોડાયા હતા. (તસવીર : ફારૂક ચૌહાણ, સુરેન્દ્રનગર)

છોટાઉદેપુર : રેતીનું વહન કરતા ભારે વાહનો પર બે દિ' માટે પ્રતિબંધ

પાવીજેતપુર, તા.૧૬

વડોદરા ખાતે તા. ૧૮ના રોજ દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી આવનાર છે તેઓના કાર્યક્રમમાં છોટાઉદેપુર જિલ્લામાંથી પણ વાહનો જવાના છે. જેથી ૧૭/૬/૨૦૨૨ તથા ૧૮/૬/૨૦૨૨ના રોજ છોટાઉદેપુર જિલ્લાના વિવિધ રસ્તાઓ પર વાહનોનો ધસારો થવાથી ટ્રાફિકની સમસ્યા ઊભી થવાની શક્યતા છે. જેને લઈને જિલ્લા કલેકટર સ્તુતિ ચારણે આજરોજ જાહેરનામું બહાર પાડીને રેતીનું વહન કરતા ભારે વાહનો ટ્રક, ડંપર, હાઈવા વગેરે જેવા વાહનો પર જિલ્લાના વિવિધ રસ્તાઓ પર ૧૭/૬/૨૦૨૨ તથા ૧૮/૬/૨૦૨૨ના રોજ અવર-જવર પર પ્રતિબંધ લગાવવામાં આવ્યો છે.

કાળિયાર રાષ્ટ્રીય ઉદ્યાન, વેળાવદર ચાર મહિના મુલાકાતીઓ માટે બંધ રહેશે

ભાવનગર, તા.૧૬

વર્ષાઋતુ દરમ્યાન મોટાભાગના વન્યપ્રાણીઓનો સંવનનકાળ હોવાથી તેના વસવાટ (હેબીટેટ)માં કોઈ ખલેલ ન પહોંચે તે હેતુથી અન્ય રાષ્ટ્રીય ઉદ્યાનોની જેમ કાળિયાર રાષ્ટ્રીય ઉદ્યાન, વેળાવદર પણ મુલાકાતીઓ માટે તા.૧૬ જૂન, ૨૦૨૨થી તા.૧૫ ઓકટોબર, ૨૦૨૨ સુધી બંધ રાખવામાં આવશે, જેની તમામ વન્યપ્રાણી પ્રેમીઓ તથા મુલાકાતીઓએ નોંધ લેવા મદદનીશ વન સંરક્ષક, કાળિયાર રાષ્ટ્રીય ઉદ્યાન, વેળાવદર, ભાવનગરની યાદીમાં જણાવાયું છે.

૨૧મી જૂનના આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નિમિત્તે

હિંમતનગરની આદર્શ પ્રાથમિક શાળામાં યોગની તાલીમ-આયુષ મેગા કેમ્પનું આયોજન કરાયું

હિંમતનગર, તા.૧૬

સમગ્ર વિશ્વમાં તા.૨૧મી જૂનની આંતરરાષ્ટ્રીય યોગ દિવસ તરીકે વિશ્વભરમાં ઉજવણી કરવામાં આવે છે તેના ઉપક્રમે હિંમતનગરની આદર્શ પ્રાથમિક શાળામાં પણ આ યોગ દિવસની ઉજવણી 'Yoga for Humanity'-'માનવતા માટે યોગ'ની થીમ પર કરવામાં આવશે. જે સંદર્ભે આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગાંધીનગર અને નિયામક, આયુષની કચેરી, ગાંધીનગરના માર્ગદર્શન હેઠળ જિલ્લા આયુર્વેદ અધિકારી, સાબરકાંઠા જિલ્લા પંચાયત, હિંમતનગર તથા રોટરી ક્લબ હિંમતનગરના સહયોગથી વિનામૂલ્યે આયુર્વેદ અને હોમિયોપેથીક નિદાન સારવાર આયુષ મેગા કેમ્પનું આયોજન કરવામાં આવ્યું.

કેમ્પમાં રોગ પ્રતિકાર શક્તિ વધારવા ડ્રાય ઉકાળો, સંશમની વટી અને હોમિયોપેથીક દવા વિતરણ તથા રોગ અનુસાર યોગ માર્ગદર્શન આપવામાં આવ્યું, જેમાં ૨૦૦થી વધારે લાભાર્થીઓએ લાભ લીધો. તદઉપરાંત આઠમા યોગ દિવસ ૨૦૨૨ નિમિત્તે 'યોગ ફોર હ્યુમિનિટી' થીમ પર આદર્શ પ્રાથમિક શાળાના બાળકો તથા સ્ટાફને યોગાસન, પ્રાણાયામ કરાવવામાં આવ્યા તથા યોગ અને પ્રાણાયામનું સ્વાસ્થ્ય રક્ષામાં મહત્ત્વ વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું.

ઝઘડિયાના સુલતાનપુરા ગામના મુસ્લિમ સમાજ દ્વારા નૂપુર સામે કાયદેસરની કાર્યવાહીની માંગ

અંકલેશ્વર, તા.૧૬

ઝઘડિયા સુલતાનપુરા ગામના મુસ્લિમ સમાજ દ્વારા ઝઘડિયા મામલતદારને આવેદનપત્ર આપીને ઈસ્લામ ધર્મના મહાન પયગમ્બર હઝરત મુહમ્મદ (સ.અ.વ.) સાહેબની શાનમાં અભદ્ર ભાષા બોલીને અપમાનિત કરવા બદલ નૂપુર શર્મા સામે કાયદાકીય રીતે ફોજદારી કાર્યવાહી કરવા માંગ કરવામાં આવી હતી.

ઉલ્લેખનીય છે કે, ગત તા.૩૦મીના રોજ ટીવીના માધ્યમથી ભાજપા પ્રવક્તા નૂપુર શર્માએ એક ટીવી ડિબેટના કાર્યક્રમમાં ઈસ્લામના પયગમ્બર હઝરત મુહમ્મદ (સ.અ.વ.) સાહેબ વિશે અભદ્ર ભાષા બોલીને ઈસ્લામ ધર્મના પયગમ્બર હઝરત મુહમ્મદ (સ.અ.વ.) સાહેબનું અપમાન કર્યું હતું. ટીવી ડિબેટના આ કાર્યક્રમમાં અન્ય કેટલાક લોકોએ પણ ભાગ લીધો હતો અને તે લોકો નૂપુર શર્માને

(તસવીર - અયાઝ શેખ, અંકલેશ્વર)

ચૂપચાપ સાંભળતા રહ્યા હતા કોઈએ તેને રોકી નહીં. નૂપુર શર્માના આ કૃત્યથી મુસ્લિમ સમાજની લાગણી દુભાઈ હોવાનું જણાવીને સ્વતંત્રતા સામે જોખમ ઊભું ના થાય તેમજ લોકોમાં ભયનું વાતાવરણ ઊભું ના થાય તે માટે ફરીવાર કોઈ ઈસમ દ્વારા આવું કૃત્ય ના થાય તે માટે ધર્મના નામથી થતાં ટીવી ડિબેટ બંધ થાય તેવી પણ આવેદનપત્રમાં માંગ કરવામાં આવી હતી. ઝઘડિયા મામલતદારને આવેદન આપીને આ આવેદન રાજ્યના રાજ્યપાલને પહોંચાડવા ઝઘડિયા મુલતાનપુરા મુસ્લિમ સમાજ દ્વારા અરજ કરવામાં આવી હતી.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનાં હસ્તે

દહેજના ૧૦૦ MLDના રૂા.૮૮૧ કરોડના ડિસેલીનેશન પ્લાન્ટનું લોકાર્પણ

ભરૂચ, તા.૧૬

પૂર્વ સીએમ વિજય રૂપાણીએ ૩૦ મહિના પહેલા ભૂમિપૂજન કરેલા દહેજના ડિસેલીનેશન પ્લાન્ટનું લોકાર્પણ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે કરવામાં આવ્યું હતું. દરિયા કિનારે આવેલા દેશ અને દુનિયાના ખ્યાતિપ્રાપ્ત દહેજ ઔદ્યોગિક વસાહતની મીઠા પાણીની જરૂરિયાત પૂર્ણ કરવા ૩૦ મહિના પહેલા તત્કાલીન સીએમ વિજય રૂપાણીએ ૧૦૦ MLDના રૂા.૮૮૧ કરોડના ડિસેલીનેશન પ્લાન્ટનું ભૂમિપૂજન કર્યું હતું. હવે દેશનો પ્રથમ ઔદ્યોગિક હેતુનો ડિસેલીનેશન પ્લાન તૈયાર થઈ જતા તેનું લોકાર્પણ સી.એમ. ભૂપેન્દ્ર પટેલના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મુખ્યમંત્રીના હસ્તે સુવિધા સજ્જ અંકલેશ્વર વિભાગીય કચેરીનું લોકાર્પણ પણ કરાયું હતું. તો લિવેબલ ભરૂચ

જાહેર નોટિસ

શ્રી ચરણસિંહ ગોહિલ (GAS), સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ, સિદ્ધપુરની કોર્ટમાં
નં. એમએજી/જન્મ-મરણ-એસ.આર. ૧૦/૨૦૨૨
તા.૧૪/૦૬/૨૦૨૨
અરજદાર : માંકણોજીયા બરકતઅલી નૂરમોહંમદ
રહે. મેળોજ, તા.સિદ્ધપુર, જિ. પાટણ
સામાવાળા : જન્મ મરણ નોંધણી અધિકારી વ તલાટી કમ મંત્રીશ્રી, મેળોજ ગ્રામ પંચાયત
જન્મ/મરણ નોંધણી અધિનિયમ, ૧૯૬૯ની કલમ-૧૩ (૩) હેઠળની અરજી અન્વયે
આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી માંકણોજીયા બરકતઅલી નૂરમોહંમદના ભાઈ નામે બદરૂદીન નૂરમોહમ્મદ માંકણોજીયાનો જન્મ તા.૦૧/૦૬/૧૯૬૬ ના રોજ મેળોજ મુકામે થયેલ છે. પરંતુ તે વખતે કાયદાની અજ્ઞાનતાના કારણે શરતચૂકથી તેમના જન્મની નોંધણી જન્મ-મરણ નોંધણી અધિકારી વ તલાટી કમ મંત્રીશ્રી, મેળોજ ગ્રામ પંચાયતના રેકર્ડ નોંધાયેલ ન હોઈ તેમના જન્મની નોંધ કરાવવા અરજી કરેલ છે. આ અરજીના અનુસંધાનમાં કોઈ ઈસમને વાંધા યા તકરાર હોય તો આ જાહેર નોટિસ પ્રસિદ્ધ થયા તારીખથી ૩૦ દિવસ સુધીમાં અત્રેની કોર્ટમાં જરૂરી આધાર, પુરાવા સાથે વાંધો રજૂ કરવો. અન્યથા આગળની ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોને નોંધ લેવી.
આજ તા.૧૪/૦૬/૨૦૨૨ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.
સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ
સિદ્ધપુર

અટક બદલેલ છે

મારી જૂની અટક ગોંજા અરશદ અહમદ ઈબ્રાહીમ હતી જે બદલીને નવી અટક પટેલ અરશદ અહમદ ઈબ્રાહીમ રાખેલ છે. જેની સર્વે નોંધ લેશો.
સરનામું :- ઓડવાડ સ્ટ્રીટ, મુ.પો. દેવલા, તા.જંબુસર, જિલ્લો. ભરૂચ. પીન. ૩૯૨૦૪૦ ગુજરાત.

અટક બદલેલ છે

મારૂં જૂનું નામ : વાઘવાલા નાઝીમા મુનાફ હતું તે બદલીને નવું નામ : ઘાંચી નાઝીમા મુનાફ રાખેલ છે જેની સર્વે નોંધ લેવી
સરનામું :- દારૂપીઠા રોડ, ઘાંચીવાડ, જંબુસર જિ.ભરૂચ પીન ૩૯૨૧૫૦

શહેરમાં રખડતા ઢોરની સમસ્યા યથાવત્

વડોદરા મનપાની ટીમે પકડેલી ગાય ગોપાલકો ઝપાઝપી કરી છોડાવી ગયા

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૧૬

વડોદરા શહેરમાં રખડતા ઢોરની સમસ્યા યથાવત છે. તંત્ર દ્વારા રખડતા ઢોરને પકડવાની કામગીરી કરવામાં આવી રહી છે. પરંતુ અમુક માથાભારે ગોપાલકોને કારણે કોર્પોરેશનની આ કામગીરી કારગત નિવડતી નથી તેવુ લાગી રહ્યું છે. તેવો જ એક કિસ્સો ગોરવા વિસ્તારમાં બન્યો હતો. અહીંથી કોર્પોરેશન દ્વારા રખડતા ઢોરને પકડવાની કામગીરી કરવામાં આવી હતી. પરંતુ અમુક માથાભારે ગૌપાલક કોર્પોરેશને પકડેલી ગાય છોડાવી ગયા હતા અને કર્મચારીઓ સાથે ઝપાઝપી કરી સરકારી વાહનને નુકસાન પહોંચાડ્યું હતું.

મળતી માહિતી મુજબ વડોદરા શહેરના ગોરવા વિસ્તારમાં ઢોર પકડવાની કામગીરી દરમિયાન પોલીસની હાજરીમાં ગૌપાલકોએ હોબાળો મચાવ્યો હતો. કોર્પોરેશન દ્વારા પકડેલી ગાયને છોડાવી સરકારી વાહનને પણ નુકસાન પહોંચાડ્યું હોવાનો બનાવ સામે આવ્યો છે. વડોદરા કોર્પોરેશનની ઢોર પાર્ટીમાં કોન્ટ્રાક્ટ બેઝ ઉપર નોકરી કરતા કર્મચારી અરુણ દેવરેએ નોંધાવેલી ફરિયાદ અનુસાર, ગઈકાલે કોર્પોરેશન દ્વારા ગોરવા વિસ્તારમાં લોકોની સલામતી માટે રખડતા ઢોર પકડવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ દરમિયાન નંદેશરી અને ગોરવા પોલીસ મથકનો સ્ટાફ બંદોબસ્તમાં હાજર હતો. દરમિયાન ધરમપુરા ગામ પાસે રખડતી ગાય કોર્પોરેશનને પકડી હતી. તે સમયે એક્ટિવા સવાર બે ગૌપાલકો ઘસી આવ્યા હતા. અને અમારી ગાયને છોડી દો તેમ કહી ઝપાઝપી કરી હતી. અને કેવી રીતે અહીંથી ગાયને લઈ જાવો છો તેમ કહ્યુ હતુ. દરમિયાન બળજબરી કરી ગાયને છોડાવી ગયા હતા તેમજ સરકારી વાહનને પણ નુકસાન પહોંચાડ્યું હતું. હાથમાં ડંડો લઈને આવેલા ગૌપાલકોએ સરકારી ગાડી પર તોડફોડ કરી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, એક બાજુ રખડતા ઢોરથી અનેક બનાવો બની રહ્યા છે. અનેક લોકોના જીવ પણ ગયા છે. જ્યારે તંત્ર કામગીરી કરે ત્યારે અમુક માથાભારે ગૌપાલકો દ્વારા આ પ્રકારની ઘટના બને છે તો સવાલ એ થાય છે કે જો આમ જ તંત્ર ઘૂંટણીયે બેસી થજે તો પણ શહેરમાં રસ્તે રખડતાં ઢોરની સમસ્યામાંથી છૂટકો મળવો મુશ્કેલ છે.

પશુપાલકોએ વીજ કંપનીમાં ઉગ્ર રજૂઆત કરી વળતરની માંગ કરી

થામ ગામે વીજ વાયરો તૂટી પડતા ચાર પશુઓના મોત : પશુપાલકોમાં રોષ

ભરૂચ, તા.૧૬

ભરૂચ જિલ્લામાં વહેલી સવારથી જ વરસાદી માહોલ જામ્યો હતો જેના પગલે વીજળીના કડાકા-ભડાકા સાથે મુશળધાર વરસાદ વરસવા સાથે વીજ વાયરો તૂટી પડવાની ઘટનાઓ બની હતી જેમાં ભરૂચ તાલુકાના થામ ગામે વીજ વાયરો તૂટી પડતા ૪ જેટલા પશુઓનાં મોત થતા પશુપાલકોમાં ભારે આક્રોશ જોવા મળ્યો હતો. પશુપાલકોએ પણ વળતરની માગણી સાથે પોલીસ મથકે ફરિયાદ નોંધવાની કવાયત આરંભી હતી. ભરૂચ જિલ્લામાં વહેલી સવારે વાતાવરણમાં અચાનક પલટો આવતા વરસાદી ઝાપટા સાથે વરસાદ વરસ્યો હતો અને વીજળીના કડાકા-ભડાકા સાથે વરસાદ વરસતા પૂર ઝડપે ફૂંકાયેલા પવનને કારણે કેટલાય સ્થળોએ વીજ વાયરો તૂટી પડવાની ઘટનાઓ પણ બની હતી જેના પગલે ભરૂચ તાલુકાના થામ ગામે રેલવે સ્ટેશન નજીકની વીજ વાયરોની લાઈનો તૂટી પડતાં નજીકથી પસાર થતા પશુઓને વીજ કરંટ લાગતા ભેંસોના મોત થયા હતા. જોકે વીજ વાયરો તૂટી પડવાની ઘટનામાં પશુ પાલન કરી રહેલા ગોવાળિયાઓ બચી ગયા હતા પરંતુ પશુઓના મોત હતા પશુપાલકોને આર્થિક મોટો ફટકો વેઠવાનો વારો આવ્યો હતો જેના પગલે પશુપાલકોએ તંત્રની ગંભીર બેદરકારી સામે પોતાના પશુઓ ગુમાવ્યા હોવાના આક્ષેપ સાથે ભારે હો બાળો મચાવ્યો હતો. પશુપાલકોને આર્થિક મોટું નુકસાન વેઠવાનો વારો આવ્યો છે. ત્યારે જીઈબીની ગંભીર બેદરકારીના કારણે પશુઓના મોત થયા હોવાના આક્ષેપ પશુપાલકોએ વળતરની માગણી સાથે જીઈબી કચેરીએ ઉગ્ર રજૂઆત કરી હતી પશુ ગુમાવનારા પશુપાલન હોય પોલીસ ફરિયાદ નોંધવાની કવાયત પણ આરંભી હતી.

વડોદરા : અલકબીર ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા વિધવાઓને માસિક રોકડ સહાય ચૂકવાઈ

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૧૬

વડોદરા શહેરના તાંદલજા વિસ્તારના અલ કબીર ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા સમાજની ૩૫ વિધવા મહિલાઓને રૂા.૧૫૦૦ લેખે માસિક રોકડ સહાય ચૂકવવામાં આવી હતી. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે પધારેલ શબ્બીરભાઈ શેખે જણાવ્યું હતું કે નોકરીમાંથી નિવૃત્ત થયા બાદ આરામ કરવાની જગ્યાએ આ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ સમાજ માટે ઉપયોગી થવા સક્રિય રહી આ ટ્રસ્ટ ચલાવી રહ્યા છે. અને સમાજની યુવતીઓ તથા મહિલાઓને પગભર થવા સિવણ, મહેંદી તથા ભરત કામના વર્ગો ચલાવે છે. દર માસે રૂા.૧૫૦૦ લેખે ૩૫ વિધવા મહિલાઓને આર્થિક મદદ કરે છે.

આ ટ્રસ્ટ જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને દર વર્ષે વિનામૂલ્યે ચોપડા તથા નોટબુકોનું પણ વિતરણ કરે છે. તે જાણી ઘણો આનંદ થયો. યુવાનોએ તેમની પાસેથી માર્ગદર્શન લેવું જોઈએ. ટ્રસ્ટના પ્રમુખ સૈયદ યુસુફમિયાં રૂમીએ જણાવ્યું હતું કે અલ્લાહે તમને નવાજયા હોય તો જરૂરિયાતમંદ સગા સંબંધીઓ અને સમાજના ગરીબોને મદદ કરવી જોઈએ, આજે સૌથી વધુ શિક્ષણ પાછળ ખર્ચ કરવાની જરૂર છે. જેથી આપણા બાળકો ઉચ્ચ શિક્ષણ લઈ શકે. આ પ્રસંગે ટ્રસ્ટીઓ ઈકબાલભાઈ માસ્ટર, નઈમભાઈ મિસરવાલા, એડવોકેટ ઝફરઅલી સૈયદ, સૈયદ સલીમમીયા વગેરે હાજર રહ્યા હતા.

પીએમ સ્વનીધિ યોજનાની લાભાર્થી બહેનો આવકારની સાથે યોજના બદલ આભાર પણ માનશે

વડાપ્રધાનને વડોદરામાં આવકારવા ૧૦૦ ફૂટ લાંબુ બિંદી મોઝેક તૈયાર

કાપડ પરના કલાચિત્રમાં બિંદીઓ ચીપકાવીને બિંદી મોઝેક બનાવી રહી છે લાભાર્થી બહેનો

(સંવાદદાતા દ્વારા)
ગાંધીનગર,તા.૧૬

વડોદરા શહેરની બહેનોએ ૧૮મીએ વડોદરાના મહેમાન બનનારા વડાપ્રધાનનો આભાર માનવા કલાત્મક પરિશ્રમ આદર્યો છે. પ્રધાનમંત્રી સ્વનિધિ યોજના અંતર્ગત સ્વરોજગારી મેળવનાર બહેનો વડાપ્રધાનને આવકાર સાથે આભાર માનવા વિશેષ કામગીરી કરી રહી છે. વડાપ્રધાનનો ઉમળકા સાથે આવકારવા અને તેમનો આભાર માનવા આ બહેનો ૧૦૦ ફુટ લાંબુ કલાચિત્ર, સૌભાગ્યના પ્રતીક રૂપ બિન્દીઓને કાપડ પર ચીપકાવીને બિન્દી મોઝેક બનાવી રહી છે. કોરોના કાળમાં ધંધા રોજગાર ખોરવાઈ જવાના લીધે નાના ધંધા રોજગાર કરનારા લોકોને જરૂરી મૂડીની મુશ્કેલી ઉભી થઈ હતી. તે સમયે સરકારે પીએમ સ્વનિધિ યોજના શરૂ કરાવીને નાના ધંધા રોજગાર કરનારાઓને રૂા.૧૦ હજાર કે રૂા.૨૦ હજારની મૂડી રોજગારી વિષયક પ્રવૃત્તિઓ શરૂ કરવા ઉપલબ્ધ કરાવી હતી. આ યોજનાના લાભાર્થીઓમાં વડોદરા શહેરની બહેનોની મોટી સંખ્યા છે. ત્યારે આ બહેનો પોતાને સંકટમાંથી ઉગારનારી આ યોજના બદલ પ્રધાનમંત્રીનો આભાર કલા સર્જન દ્વારા માની રહી છે. વડોદરાના મ્યુનિસિપલ કમિશનર શાલિની અગ્રવાલે આ બહેનોના કલા સર્જનનું નિરીક્ષણ કરીને તેમને પ્રોત્સાહિત કરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે વડોદરા મહાનગરપાલિકાએ શહેરી જરૂરિયાતમંદોને આ યોજનાનો સરળ લાભ આપવા ખાસ અભિયાન ચલાવ્યું હતું. તેના હેઠળ ૬૭૨૨ મહિલાઓ સહિત કુલ ૧૭,૨૩૬ લાભાર્થીઓને જામીનગીરી વગર અને નજીવા વ્યાજથી ધિરાણ દ્વારા મૂડી પુરી પાડવામાં આવી હતી.

કેન્દ્ર સરકારના ઉદ્યોગોના વાર્ષિક સર્વે રિપોર્ટમાં જાહેર થઈ વિગતો

ગુજરાતમાં ફિક્સ્ડ કેપિટલમાં ધરખમ વધારો : વધીને ૨૦.૫૯ ટકા થઈ

• મહારાષ્ટ્ર-તમિલનાડુ-કર્ણાટક જેવા ટોચના રાજ્યોનો હિસ્સો ઘટ્યો • ફેક્ટરીઓની સંખ્યામાં ગુજરાત દેશમાં બીજા સ્થાન પર

(સંવાદદાતા દ્વારા)
ગાંધીનગર, તા.૧૬

દેશના તમામ રાજ્યોની વચ્ચે છેલ્લા કેટલાક સમયથી ઔદ્યોગિક રોકાણો હાંસલ કરવા માટે એક સકારાત્મક સ્પર્ધાનું વાતાવરણ ઊભું થયું છે. રાજ્યો વચ્ચે ચાલી રહેલી આ સકારાત્મક સ્પર્ધામાં પણ ગુજરાતે બાજી મારી લીધી છે. તાજેતરમાં કેન્દ્ર સરકાર દ્વારા જાહેર થયેલા એન્યુઅલ સર્વે ઓફ ઈન્ડસ્ટ્રીઝ અનુસાર ગુજરાતમાં ફિક્સ્ડ કેપિટલ ૨૦૧૨-૧૩માં ૧૪.૯૬ ટકાથી વધીને ૨૦૧૯-૨૦માં ૨૦.૫૯ ટકા થઈ ગઈ છે. મહત્વની વાત એ છે કે આ જ સમયગાળા દરમિયાન ફિક્સ્ડ કેપિટલમાં દેશના મહારાષ્ટ્ર, તમિલનાડુ અને કર્ણાટક જેવા ટોચના ઔદ્યોગિક રાજ્યોનો હિસ્સો ઘટી ગયો છે. આ રિપોર્ટમાં એ પણ જણાવવામાં આવ્યું છે કે, અન્ય કોઈપણ ભારતીય રાજ્યની સરખામણીએ ગુજરાતમાં વધુ મશીનરી, સાધનો, મકાનો અને અન્ય ફેક્ટરી એસેટ્સ છે અને આ અંતર પણ સતત વધી રહ્યું છે. આનું કારણ એ છે કે, રાજ્ય સરકાર પોતાની ઔદ્યોગિત નીતિઓમાં અન્ય રાજ્યોની સરખામણીએ ઘણી આગળ અને વધુ પ્રોગ્રેસિવ છે. કેન્દ્રના આ રિપોર્ટમાં ગુજરાતની સિદ્ધિના સંદર્ભમાં વાત કરતા ઉદ્યોગ કમિશનર રાહુલ ગુપ્તા (IAS)એ જણાવ્યું હતું કે, "આ રિપોર્ટ વર્ષ ૨૦૧૯-૨૦ પહેલાના સમયમાં અમારા દ્વારા કરવામાં આવેલા પ્રયાસોને પ્રદર્શિત કરે છે. આ એ વાતનું પ્રમાણ છે કે કેવી રીતે અમે દરેક વર્ષે ગુજરાતને દેશનું ઔદ્યોગિક કેન્દ્ર બનાવવાની દિશામાં કામ કર્યું છે. અમને વિશ્વાસ છે કે આગામી બે વર્ષોના રિપોર્ટ્સમાં પણ ગુજરાત આ કેટેગરીઓમાં વધુ સારા નંબરો લઈને આવશે, કારણકે ગત બે વર્ષોમાં અમે દેશમાં કેવળ સૌથી વધુ રોકાણો જ હાંસલ નથી કર્યા, પરંતુ જમીની સ્તર પર પણ ગુજરાતના ઔદ્યોગિક ક્ષેત્રએ ખૂબ જ વિકાસ કર્યો છે."

કેન્દ્ર સરકારના આ રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે, ૨૦૧૯-૨૦માં રૂા.૭૪,૮૪૭,૩૯૧ લાખની ફિક્સ્ડ કેપિટલ ઉપરાંત રૂા.૯૬,૧૫૬,૭૬૦ની ઈન્વેસ્ટેડ કેપિટલ અને રૂા.૮૫,૮૮૪,૦૩૭ની પ્રોડક્ટિવ કેપિટલ સાથે ગુજરાત આ કેટેગરીમાં પણ દેશમાં સૌથી આગળ છે. પ્રોડક્ટિવ કેપિટલમાં કાચો માલ, અર્ધતૈયાર માલ અને રોકડ નાણાનો સમાવેશ થાય છે. પ્રોડક્ટિવ કેપિટલમાં ગુજરાતનો હિસ્સો ૨૦૧૨-૧૩માં ૧૫.૧ ટકાથી વધીને ૨૦૧૯-૨૦માં ૧૯ ટકા થઇ ગયો છે. આ કેટેગરીઓમાં ગુજરાત પછી મહારાષ્ટ્ર બીજા સ્થાન પર છે, ત્યારબાદ તમિલનાડુ ત્રીજા, કર્ણાટક ચોથા અને ઉત્તરપ્રદેશ પાંચમા સ્થાન પર છે. અન્ય ઔદ્યોગિક રાજ્યો માટે ફેક્ટરી ઉત્પાદન મૂલ્યના હિસ્સામાં કોઈ ખાસ ફેરફાર થયો નથી. આ રિપોર્ટ મુજબ, ગુજરાતે કુલ ઉત્પાદનમાં ૧૮.૧ ટકા હિસ્સેદારી સાથે ટોચનું સ્થાન જાળવી રાખ્યું છે. કુલ ઉત્પાદનમાં મહારાષ્ટ્રનો હિસ્સો ૨૦૧૨-૧૩માં ૧૭ ટકાથી ઘટીને ૨૦૧૯-૨૦માં ૧૩.૮ ટકા થયો છે. આ જ સમયગાળા દરમિયાન તમિલનાડુએ કુલ ઉત્પાદનમાં પોતાના હિસ્સો ૧૦.૩ ટકા પર જાળવી રાખ્યો છે.

રથયાત્રા પહેલાં અમદાવાદ પોલીસ એલર્ટ

૨૦ જેટલી ટીઝર ગન સાથે ક્રાઈમ બ્રાન્ચની ટીમ રથયાત્રામાં તહેનાત રહેશે

ટીઝર ગન વડે તોફાની તત્વને દસ મિનિટ સુધી બેભાન કરી શકાય છે

અમદાવાદ, તા.૧૬

૧ જૂલાઈએ અમદાવાદમાં ભગવાન જગન્નાથની ૧૪૫મી રથયાત્રા નિકળવાની છે. અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાંચ કે જેમના માથે ભગવાન જગન્નાથના રથની સંપૂર્ણ જવાબદારી રહેતી હોય છે. કોઈ પણ અનિચ્છનીય બનાવ બને નહીં તેના માટે થઈને શહેર પોલીસે બંદોબસ્તની તમામ તૈયારીઓ પૂર્ણ કરી દીધી છે. ત્યારે આ વખતની રથયાત્રા ખુબ જ મહત્વની માનવામાં આવી રહી છે. તેની પાછળનું પણ એક કારણ છે કે કોરોના લીધે બે વર્ષથી રથયાત્રા ભક્તો વગર જ યોજાઈ હતી, અને બે વર્ષ બાદ ફરી એક વખત આ વખતે ભક્તો સાથે રથયાત્રા યોજાવાની છે. જેના લીધે શહેર પોલીસે પણ બંદોબસ્તની રૂપરેખા માં બદલાવ કર્યો છે અને વધારો પણ કર્યો છે. ૧૪૫મી રથયાત્રામાં સૌ પ્રથમ વખત ટીઝર ગનનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. કુલ ૨૦ જેટલી ટીઝર ગન વડે ક્રાઈમ બ્રાન્ચના અધિકારીઓ રથયાત્રામાં સામેલ રહેશે. ભગવાન જગન્નાથની ૧૪૫મી રથયાત્રા આ વખતે લોખંડી સુરક્ષા બંદોબસ્ત ગોઠવવામાં આવવાનો છે. કારણકે ૨૦ જેટલી ટીઝર ગન વડે ક્રાઈમ બ્રાન્ચના એક ખાસ સ્કોવડ રથયાત્રામાં તૈનાત રહેવાની છે. સૌ પ્રથમ વખત રથયાત્રામાં ટીઝર ગનનો ઉપયોગ કરવામાં આવશે. ક્રાઈમ બ્રાંચના અધિકારીઓ આ ગન વડે રથયાત્રામાં હાજર રહેશે સામાન્ય રીતે આ ટીઝર ગનનો ઉપયોગ કોઈપણ આરોપીને દુરથી જબેહોશ કરવા માટે ઉપયોગમાં કરાતો હોય છે. આ ટીઝર ગન વડે ફાયર કરવાથી એક વાયર નીકળતો હોય છે અને આ વાયરમાં રહેલો ઈલેક્ટ્રિક કરંટ સામે વ્યક્તિને લાગતો હોય છે. કરંટ લાગતાની સાથે જ સામે વાળી વ્યક્તિ પાંચથી દસ મિનિટ માટે બેભાન થઇ જતી હોય છે. જેથી કોઈપણ વ્યક્તિને ધરપકડ કરવી કે ન્યુટ્રલાઈઝ કરવો સરળ બને છે

S.V.P. હોસ્પિટલમાં આયુષ્યમાન યોજના લાગુ

અમદાવાદ,તા.૧૬

ધારાસભ્ય ગ્યાસુદ્દીન શેખ દ્વારા વિધાનસભા ગૃહમાં તા.૩૧ માર્ચ ૨૦૨૨ના રોજ એસ.વી.પી. હોસ્પિટલમાં પુનઃ આયુષ્યમાન કાર્ડ અંતર્ગત સારવાર ચાલુ કરવા માટે રજૂઆત કરવામાં આવી હતી તે અનુસંધાને રાજ્ય સરકારે જાહેરાત કરી હતી કે તા.૨૫-૨-૨૦૨૨ના રોજ યોજના શરૂ કરવા પરિપત્ર કરી દેવામાં આવેલ છે. પરંતુ સરકારની વિધાનસભા ગૃહમાં જાહેરાત છતાં આયુષ્યમાન ભારત યોજનાનો લાભ ચાલુ કરવામાં આવ્યો નહોતો. ઉપરોકત બાબતે ધારાસભ્ય ગ્યાસુદ્દીન શેખ અને ઈમરાન ખેડાવાલાએ મુખ્યમંત્રીને બે વખત રૂબરૂ રજૂઆત કરતા આજે તા.૧૬-૬-૨૦૨૨ને સાંજથી અમદાવાદની એસ.વી.પી. હોસ્પિટલમાં ગરીબ, મધ્યમ વર્ગના દર્દીઓને આયુષ્યમાન ભારત યોજનાનો લાભ પુનઃ શરૂ કરવામાં આવેલ છે.

ઈડી દ્વારા રાહુલ ગાંધીની પૂછપરછનો મામલો

રાજકીય કિન્નાખોરીના આરોપ સાથે કોંગ્રેસે ગુજરાતના રાજ્યપાલને આવેદનપત્ર આપ્યું

કોંગ્રેસના સભ્યો દ્વારા રાજભવન સુધી કૂચ : પોલીસ સાથે પણ ઘર્ષણ થયું

(સંવાદદાતા દ્વારા)
ગાંધીનગર, તા.૧૬

નેશનલ હેરાલ્ડ કેસમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટરોટેટ દ્વારા કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીની પૂછપરછ કરવામાં આવી રહી છે. ઈડીએ સતત ત્રીજા દિવસે રાહુલ ગાંધીની પૂછપરછ કરી હતી. આ વચ્ચે સમગ્ર દેશમાં કોંગ્રેસના નેતાઓ અને કાર્યકર્તાઓ વિરોધ પ્રદર્શન કરી રહ્યાં છે. કોંગ્રેસ સત્તામાં રહેલી ભારતીય જનતા પાર્ટી પર આરોપ લગાવી રહ્યું છે. ત્યારે આજે ગુજરાત કોંગ્રેસના નેતાઓએ રાજ્યપાલ આચાર્ય દેવવ્રતની સાથે મુલાકાત કરી આવેદન પત્ર પાઠવ્યું હતું. ગુજરાત કોંગ્રેસ પ્રમુખ જગદીશ ઠાકોરની આગેવાનીમાં કોંગ્રેસના પ્રતિનિધિમંડળે ઈડી દ્વારા રાહુલ ગાંધીની પૂછપરછને લઈને રાજ્યપાલ સાથે મુલાકાત કરી આવેદન પત્ર પાઠવવામાં આવ્યું હતું. કોંગ્રેસે આરોપ લગાવ્યો કે રાજકીય કિન્નાખોરી માટે તપાસ એજન્સીઓનો સરકાર દ્વારા દુરૂપયોગ કરવામાં આવી રહ્યો છે. કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ જગદીશ ઠાકોરે મીડિયા સામે વાત કરતા કહ્યુ કે, છેલ્લા ચાર દિવસથી ઈડી રાહુલ ગાંધીની પૂછપરછ કરી રહી છે. વર્ષો જૂના કેસમાં પૂછપરછ કરવામાં આવી રહી છે. સોનિયા ગાંધી બીમાર છે છતાં ઈડી દ્વારા સમન્સ પાઠવવામાં આવ્યું છે. તેમણે કહ્યું હતું કે રાહુલ અને સોનિયા ગાંધીને ડરાવીને નોટિસ આપવામાં આવી છે. સાથે કોંગ્રેસે સમગ્ર ગુજરાતના જિલ્લા મથકે વિરોધ કાર્યક્રમની પણ જાહેરાત કરી હતી.

ગુજરાતમાં ભાજપને ૭૦થી વધુ બેઠકો નહીં મળે : જગદીશ ઠાકોરનો દાવો

ગુજરાત કોંગ્રેસના અધ્યક્ષ જગદીશ ઠાકોરે ભાજપ પર આકરા પ્રહાર કર્યા હતા. જગદીશ ઠાકોરે દાવો કર્યો છે કે, ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ભાજપને માત્ર ૭૦ બેઠકો જ મળવાની છે. ભાજપ ગુજરાત ખોઈ બેઠુ છે. ગુજરાતમાં ભાજપની સત્તા બનવાની નથી. આથી ભાજપની સરકાર બેબાકળી બની છે. આજ કારણોસર રાહુલ ગાંધી અને સોનિયા ગાંધીને હેરાન કરવામાં આવે છે. અમે ભાજપને કહેવા માંગીએ છીએ કે, રુક જાવ. નહીં તો ઈંટનો જવાબ પથ્થરથી આપવામાં આવશે. વધુમાં તેમણે જણાવ્યું કે, ભાજપના પગ નીચેથી જમીન સરકી ગઈ હોવાથી તે ખોટી રીતે રાહુલ ગાંધીને ફસાવવાનો પ્રયત્ન કરે છે.

ગુજરાતના દરિયામાંથી ફરી મોટા પ્રમાણમાં ડ્રગ્સના જથ્થા સાથે નવ પાકિસ્તાની ઝડપાયા

અમદાવાદ, તા.૧૬

ગુજરાત એટીએસ અને કોસ્ટ ગાર્ડની ટીમને અરબી સમુદ્રમાં મોટી સફળતા હાથ લાગી છે. ફરી ગુજરાતના દરિયામાંથી મોટા પ્રમાણમાં ડ્રગ્સનો જથ્થો કબ્જે કરી નવ પાકિસ્તાની નાગરિકો સહિત ૧૨ લોકોની ધરપકડ કરી હતી. કોસ્ટ ગાર્ડ અને ગુજરાત એટીએસના સંયુક્ત ઓપરેશનમાં ગુરૂવારે એક પાકિસ્તાની બોટને પકડી પાડી છે. આ બોટમાંથી રૂપિયા ૨૮૦ કરોડના ૫૬ કિલો હેરોઈનનો જથ્થો જપ્ત કર્યો છે. આ સાથે જ ૯ પાકિસ્તાની નાગરિકો સહિત ૧૨ લોકોની અટકાયત કરી છે. હાલ આ સમગ્ર મામલે સુરક્ષા એજન્સીઓ પણ તપાસમાં જોડાઈ ગઈ છે. ઉલ્લેખનીય છે કે, આ મહિનાની શરૂઆતમાં પણ ભારતીય કોસ્ટ ગાર્ડે મોટી કાર્યવાહી કરતાં એક પાકિસ્તાની બોટને પકડી હતી. ભારતીય જળ સીમામાંથી પાકિસ્તાની બોટ સાથે ૭ ક્રૂ મેમ્બર્સની ધરપકડ કરવામાં આવી હતી. આ પાકિસ્તાની નાગરિકો માછીમારોની બોટની આડમાં ડ્રગ્સનું સ્મગલિંગ કરી રહ્યાં હતા. આ પ્રથમ વખત નથી, જ્યારે ગુજરાતના દરિયા કાંઠેથી આવો કિસ્સો સામે આવ્યો હોય. અગાઉ ડિસેમ્બર-૨૦૨૧માં પણ ગુજરાતના દરિયા કાંઠેથી પાકિસ્તાની બોટમાંથી ૪૦૦ કરોડનું હેરોઈન જપ્ત કરવામાં આવ્યું હતું.

જખૌ ડ્રગ્સ કેસમાં દિલ્હીની જેલમાંથી ૩ની ધરપકડ કરાઇ

અમદાવાદ, તા.૧૬

ગુજરાતમાં ડ્રગ્સ મળવાની ઘટના વારંવાર પ્રકાશમાં આવતી હોય છે. શું ગુજરાતનો દરિયા કિનારો ડ્રગ્સ અને નશીલા પદાર્થની હેરાફેરી માટે સલામત ઝોન બની ગયો છે. કચ્છના જખૌ વિસ્તારમાંથી ડ્રગ્સનો જથ્થો મળી આવ્યો હતો. સર્ચ ઓપરેશન દરમિયાન ૫૬ કિલો ડ્રગ્સનો જથ્થો મળી આવ્યો હતો. જખૌના દરિયામાંથી હેરોઈન પકડાવવાના કેસમાં ગુજરાત એટીએસને મોટી સફળતા મળી છે. જખૌ બંદર પરથી પકડાયેલ ૨૮૦ કરોડના ડ્રગ્સ ઝડપાવા મામલે ગુજરાત એટીએસે દિલ્હીથી વધુ ૩ આરોપીની ધરપકડ કરવામાં આવી છે. ગુજરાત એટીએસે દિલ્હીની જેલમાંથી આરોપીની ધરપકડ કરી છે. જેમાં ૨ અફઘાની અને એક દુબઈના ડ્રગ્સ પેડરલના ભાઈની ધરપકડ કરવામાં આવી છે. સાથે જ રાઝી હૈદરે ડ્રગ્સ માંગાવ્યો હોવાનો ખુસાલો થયો છે.

ગુજરાત એટીએસને મોટી સફળતા મળી

ડ્રગ્સના વિકલ્પ તરીકે કફસીરપનું ગેરકાયદે વેચાણ થતું હોવાનો પર્દાફાશ : SOGએ ૬.૩૦ લાખના મુદ્દામાલ સાથે ૪ને ઝડપ્યા

અમદાવાદ, તા.૧૬

શહેરમાં ડ્રગ્સના વિકલ્પ તરીકે કફ સીરપનું ધૂમ વેચાણ થઈ રહ્યું છે. ડૉક્ટર પ્રિસ્ક્રિપ્શન વગર જે સીરપનું વેચાણ ના થઈ થકે તે ડબલ ભાવ લઈ ડ્રિગ્સ માફિયાઓ વેચી રહ્યા છે. આ જ રીતે ગેરકાયદે સીરપ વેચી નશાનો કારોબાર ચલાવતા શખ્સોની બાતમી પોલીસે મળી હતી. જેના આધારે જુહાપુરા બરફની ફેક્ટરી પાછળ લવલી પાર્ક સોસાયટીમાં એસઓજીની ટીમે આજે પરોઢે રેડ કરી હતી. પોલીસને રૂા.૬.૩૦ લાખની મત્તાની ૩૫૦૦ કફ શિરપની બોટલ સાથે ૪ આરોપીને ઝડપી લીધા છે. એસઓજીએ સ્થળ પરથી ૩૫૦૦ કફ સીરપ, મોબાઈલ ફોનને રોકડ રકમ મળી રૂા.૭,૦૭,૮૮૦ મુદ્દામાલ કબ્જે લઈ ચાર આરોપીને પકડ્યા હતા. જેમાં મો.વકાસ મો.યુનુસ કાઝી ઉં,૪૦ રહે,મોગલપાર્ક સોસાયટી,શાહઆલમ, મોહસીન મહેબૂબ રંગરેજ ઉં,૪૦, શાહનગર,દાણીલીમડા, અદનાન મો.હનીફ શેખ ઉં,૩૫, અયાન રેસિડન્સી, દાણીલીમડા અને અરબાઝ યુસુફ શેખ ઉં,૧૯, ઈન્દિરા આવાસ, તેલાવ ગામ, સાણંદનો સમાવેશ થાય છે. પોલીસ તપાસમાં ખૂલેલી વિગતો મુજબ આરોપી મો.વકાસ કાઝીની વી.કે. ફર્મના નામે દવાઓના ખરીદ વેચાણનું લાઇસન્સ ધરાવતો હતો. જેમાં સરનામું શાહઆલમનું બતાવ્યું પણ જથ્થો જુહાપુરમાંથી પકડાયો હતો. નિયમ મુજબ ધારકે જે સરનામું લાયસન્સમાં બતાવ્યું હોય તે જ સ્થળે દવાઓનો જથ્થો રાખી વેપાર કરી શકે છે. આથી ફૂડ એન્ડ ડ્રગ વિભાગના અધિકારીએ આરોપીઓને લવલી પાર્ક સોસાયટીમાં કફ સીરપના જથ્થાના સંગ્રહ અને ખરીદ-વેચાણનું લાઇસન્સ અંગે પૂછતાં ન હોવાનું જણાવ્યું હતું. આરોપીઓ કફ સીરપનું વેચાણ ડબલ કિંમત લઈને કરતા હોવાની વિગતો પણ પોલીસને મળી હોવાથી તપાસ ચાલી રહી છે.

રાજ્યના કેટલાક ભાગોમાં મેઘમહેર જારી : સુરત જિલ્લામાં વરસાદની તોફાની બેટિંગ; આગામી પાંચ દિવસમાં ચોમાસું જામી શકે

કામરેજમાં સવારથી સાંજ સુધીમાં અઢી ઈંચ વરસાદ ખાબક્યો : સૌરાષ્ટ્રના ક્ષેત્રોમાં ધીમીધારે મેઘ સવારી વાતાવરણમાં ઠંડક પ્રસરતાં લોકોને ગરમીથી રાહત

સુરત : ઠેર-ઠેર વરસાદી પાણી ભરાતાં વાહનો બંધ થયા; કચ્છમાં પણ સતત ચોથા દિવસે વરસાદ

(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ,તા.૧૬

તાજેતરમાં હવામાન વિભાગે જણાવ્યું હતું કે, ગુજરાતમાં વિધિવત રીતે ચોમાસાનું આગમન થઈ ચૂકયું છે. રાજયના મોટાભાગના વિસ્તારોમાં છેલ્લા કેટલાક દિવસોમાં હળવાથી ભારે વરસાદ નોંધાયો હતો. સુરત જિલ્લામાં મેઘાએ તોફાની બેટિંગ કરતાં વાતાવરણમાં ઠંડક પસરી હતી. વાતાવરણમાં ઠંકડ પ્રસરતાં લોકોને ગરમીમાંથી રાહત મળી હતી. સૌરાષ્ટ્રના કેટલાક ભાગોમાં પણ ધીમીધારે પડી રહેલા વરસાદને કારણે ખેડૂતોમાં પણ ખુશીની લહેર વ્યાપી હતી. દરમ્યાન હવે હવામાન વિભાગ દ્વારા વરસાદને લઈને નવેસરથી આગાહી કરવામાં આવી છે. જેમાં જણાવાયું હતું કે, ગુજરાતમાં આગામી પાંચ દિવસમાં કેટલાક વિસ્તારોમાં હળવાથી ભારે વરસાદ ખાબકી શકે છે. આ વચ્ચે સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના અમુક વિસ્તારોમાં મેઘ મહેર જારી છે.

સુરત જિલ્લામાં વરસાદની તોફાની બેટિંગ ચાલી રહી છે. સુરત જિલ્લાના કામરેજમાં સવારથી અત્યાર સુધીમાં ૨.૫ ઈંચથી વધુ વરસાદ ખાબકી ચૂક્યો છે. જેના કારણે કામરેજની સોસાયટીઓમાં પાણી ભરાઈ ગયા છે. જ્યારે કામરેજ ગામમાંથી પસાર થતા સર્વિસ રોડ પર ગોઠણસમા પાણી ભરાતા વાહન ચાલકોને મુશ્કેલીનો સામોન કરવો પડ્યો હતો.

સુરત સહિત જિલ્લાના વાતાવરણમાં સવારથી પલટો આવ્યો છે. હવામાન વિભાગ દ્વારા પાંચ દિવસ સમાન્ય વરસાદની આગાહી આપવામાં આવી છે. ત્યારે ગુરૂવારે સવારથી સુરત જિલ્લામાં વરસાદ પડી રહ્યો છે. જેમાં ૩ મિમિથી લઈને ૬૫ મિમિ સુધી વરસાદ નોંધાયો છે. સુરત જિલ્લામાં સૌથી વધુ વરસાદ કામરેજમાં ૨.૫ ઈંચથી વધુ વરસાદ પડ્યો છે.

કામરેજમાં ૨.૫ ઈંચથી વધુ વરસાદના પગલે રસ્તાઓ અને કેટલીક સોસાયટીઓમાં ગોઠણસમા પાણી ભરાઈ ગયા હતા. કામરેજ ગામમાં પસાર થતા સર્વિસ રોડ પર ગોઠણસમા પાણી ભરાતા વાહન ચાલકોને મુશ્કેલીનો સામનો કરવા પડ્યો હતો. જ્યારે કેટલાક વાહનો બંધ પણ પડી ગયા હતા.

સુરત શહેરમાં આજે સવારે એકાએક વાદળો ઘેરાવાની સાથે ધોધમાર વરસાદ શરૂ થતા આજથી ચોમાસુ બેઠુ હોઇ તેવો માહોલ જોવા મળ્યો હતો. પરંતુ થોડીવારમાં વાદળો વિખરાઇને આકાશમાંથી દેખાતાના દર્શન થતા આકરી ગરમી પડી હતી. શહેરનું તાપમાન ૩૩.૬ ડિગ્રી નોંધાયુ હતુ.

હવામાન કચેરીના પ્રવકતાના જણાવ્યા મુજબ આજે સુરતનું અધિકતમ તાપમાન ૩૩.૬ ડિગ્રી, લઘુતમ તાપમાન ૨૭.૮ ડિગ્રી, હવામાં ભેજનું પ્રમાણ ૭૦ ટકા, હવાનું દબાણ ૧૦૦૩.૭ મિલીબાર અને દક્ષિણ-પશ્ચિમ દિશામાંથી કલાકના ૧૨ કિ.મીની ઝડપે પવન ફુંકાયા હતા.સુરત શહેરમાં હજુ સુધી ચોમાસાનું આગમન થયુ નથી. જેમાં આજે સવારે આકાશમાં કાળા ડિબાગ વાદળો છવાવાની સાથે ધોધમાર વરસાદ શરૂ થયો હતો. જો કે આ વરસાદ થોડી મિનિટ વરસ્યા બાદ બંધ થઇ ગયો હતો. અને ઉનાળા જેવો ધોમધખતો તાપ પડતા આકરી ગરમીનો શહેરીજનોએ સામનો કર્યો હતો. હવામાનવિદોના જણાવ્યા મુજબ આગામી બે-ત્રણ દિવસમાં સુરત શહેરમાં ચોમાસુ બેસી જશે.આજે સુરત શહેર અને જિલ્લાના નવ તાલુકામાં કયાંય વરસાદ વરસ્યો ના હતો.

અમરેલી જિલ્લામાં ચોમાસાનો ધમાકેદાર પ્રારંભ થયો છે. જિલ્લામાં છેલ્લા એક અઠવાડિયાથી મેઘમહેર યથાવત છે. આજે ધારી, ચલાલા અને જાફરાબાદમાં વરસાદી માહોલ જામ્યો હતો.

અમરેલી જિલ્લામાં ધારી ગીર પંથકમાં આજે ફરી વરસાદ પડી રહ્યો છે. ધારી આસપાસના ગામડા ચલાલા શહેરમાં પણ ધોધમાર વરસાદ જોવા મળ્યો હતો. ખાંભાના કેટલાક ગ્રામ્ય વિસ્તારમાં પણ વરસાદ પડી રહ્યો છે. જાફરાબાદ તાલુકાના નાગેશ્રી, મીઠાપુર, બાલાનીવાવ, કથારીયા, રાજુલાના કડીયાળી, છતડીયા, હિંડોરણા વિસ્તારમાં વરસાદી ઝાપટા પડી રહ્યા છે. સાવરકુંડલા તાલુકાના આદસંગ, થોરડી, આંબરડી સહિત ગ્રામ્ય વિસ્તારમાં વરસાદ પડી રહ્યો છે.

અમરેલી જિલ્લામાં છેલ્લા આઠ દિવસથી મેઘરાજા હેત વરસાવી રહ્યા છે. જિલ્લાના અનેક તાલુકાની નદીઓમાં નવા નીરની આવક થઈ ચૂકી છે. ગઈકાલે ધારી ગીર પંથકના માધુપુર, લાખાપદર સહિત વિસ્તારમાં ધોધમાર વરસાદ પડવાના કારણે ચેકડેમ ઓવરફ્લો થયા હતા. જિલ્લાના મોટાભાગના તાલુકાઓમાં મેઘમહેર થતા ખેડૂતો વાવણી કાર્યમાં જોતરાશે.

ગુજરાતમાં વરસાદને લઈને હવામાન વિભાગે આગાહી કરી છે. જેમાં આગામી પાંચ દિવસ સામાન્ય વરસાદની આગાહી કરવામાં આવી છે. તેમાં સૌરાષ્ટ્રમાં કેટલાક વિસ્તારો સાથે અમરેલી, ભાવનગરમાં ભારે વરસાદની આગાહી છે. તેમજ દ.ગુજરાતમાં વલસાડ, નવસારી, સુરતમાં પણ વરસાદ ખાબકશે.

હાલમાં કોઈ સિસ્ટમ સક્રિય નથી. જોકે અરેબિયન સમુદ્રમાં અસર દેખાઈ છે. તેમજ સૌરાષ્ટ્રમાં અમરેલી, ભાવનગર તથા દક્ષિણ ગુજરાતમાં વલસાડ, નવસારી અને સુરતમાં ભારે વરસાદની આગાહી છે. તેવું હવામાન વિભાગના ડાયરેકટરે જણાવ્યું હતું.

કચ્છમાં સતત ચોથા દિવસે વાદળીયા માહોલ વચ્ચે રાપર શહેર તેમજ તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં વરસાદના ઝાપટા પડયા હતા.વરસાદી ઝાપટાને લીધે વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી.

જિલ્લાના મોટાભાગના વિસ્તારોમાં સવારાથી ધૂપછાંવ વાતાવરણ જોવા મળ્યું હતું .અસહ્ય બફારા અને ઉકળાટથી લોકો પરસેવે રેબઝેબ થયા હતા. સખત ઉકળાટ ભર્યા વાતાવરણ વચ્ચે બપોર બાદ રાપર શહેર તાથા ચિત્રોડ, નિલપર, સઈ, ડાભુંડા, ખીરઈ, નંદાસર વિગેરે ગામોમાં ગાજવીજ સાથે વરસાદના ઝાપટા પડયા હતા.

રાપરમાં બપોરે સાડા ત્રણ વાગ્યા બાદ ગાજવીજ સાથે વરસાદનું જોરદાર ઝાપટું વરસ્યું હતું. જેના લીધે માર્ગો પર પાણી ભરાયા હતા. વાતાવરણમાં ઠંડક પ્રસરી જવા પામી હતી. ચિત્રોડ ગામ અને આસપાસના વિસ્તારમાં વરસાદના ઝાપટાં વરસ્યા હોવાનું જાણવા મળે છે. કચ્છમાં રવિવારાથી વરસાદનું આગમન થયું છે.

ગુજરાત ચાંદ કમિટી સહિતના પ્રતિનિધિ મંડળે નૂપુર શર્મા સામે પગલાં લેવા અને આગામી તહેવારો ભાઈચારાના માહોલમાં ઉજવાય તે માટે DGPને રજૂઆત કરી

અમદાવાદ,તા.૧૬

ગુરૂવાર તા.૧૬-૬-૨૦૨૨ના રોજ ગુજરાત સરકારના ડાયરેકટર જનરલ ઓફ પોલીસ આશિષ ભાટિયા સાથે ગાંધીનગર ખાતે એક પ્રતિનિધિ મંડળ સ્વેચ્છીક મુલાકાત લઈ મુસ્લિમોના પ્રશ્નો વિશે રજૂઆત કરી હતી. જેમાં ખાસ નૂપુર શર્માએ પયગમ્બર હઝરત મુહમ્મદ (સ.અ.વ.) સાહેબની શાનમાં કરેલ ગુસ્તાખી માટે તેની સામે સખ્ત કાનૂની પગલાં ભરવાની માગણી કરવામાં આવી હતી. સાથે સાથે આવનારી ૧૦મી જુલાઈના રોજ મુસ્લિમ તહેવાર ઈદ-ઉલ-અઝહા (બકરી ઈદ)ના તહેવારને ટૂંક સમય બાકી છે, મુસ્લિમો આ તહેવાર દરમ્યાન ધાર્મિક પરંપરા મુજબ જાનવરોની કુરબાની કરે છે, જેમાં પાડા, બકરી અને અન્ય સરકારે કાયદામાં નિયમન કરેલ પશુઓનો સમાવેશ થાય છે. જેથી આ રજૂઆત કરી છે કે કાયદેસર કાયદામાં નિયમન કરેલ પશુઓની હેરફેર સરળતાથી થઈ રહે, અને મુસ્લિમોને તેમના આ પવિત્ર તહેવાર પ્રસંગે સરળતાથી પોતાની ધાર્મિક ફરજ અદા કરવામાં કોઈક વિક્ષેપ ના થાય તે બાબતનું જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનોને તાકીદ કરતું એક સર્ક્યુલર બહાર પાડીને તેમાં યોગ્ય નિર્દેશ આપવામાં આવે. જેથી પશુને હેરાફેરીમાં બિન આવશ્યક ઘર્ષણને ટાળી શકાય. આવનાર ૧લી જુલાઈએ રથયાત્રા છે. તે પણ શાંતિમય માહોલમાં પરસ્પર ભાઈચારાની વચ્ચે ઉજવાઈ રહે અને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ બગડે નહીં, સામાન્ય પશુ હેરફેરની બાબતમાં તેવું ઈચ્છીએ છીએ. લઘુમતીઓના હક્કોના રક્ષણ કાજે હંમેશાની જેમ આ વર્ષે પણ આ દિશામાં ઘટતું કરવા રજૂઆત કરાઈ હતી. જેથી સર્વોના મનમાં બધા માટે સરખી ન્યાયની ભાવના જળવાઈ રહે અને બંને તહેવારો સૌહાર્દ ભર્યા વાતાવરણમાં શાંતિ અને હર્ષો

ઉલ્લાસથી પસાર થઈ જાય તેવી રજૂઆત કરી છે. ઉપરોકત રજૂઆત ઉપર ઘટતું કરવાની ડીજીપી આશિષ ભાટિયાએ ખાતરી આપેલ છે. આ પ્રતિનિધિ મંડળમાં ગુજરાત ચાંદ કમિટીના પ્રમુખ શાહી જામા મસ્જિદ અહમદાબાદના શાહી ઈમામ મુફતી શબ્બીર આલમ સિદ્દીકી, જનરલ સેક્રેટરી મુનીરૂલ ઈસ્લામ કલીમી, જોઈન્ટ સેક્રેટરી જનાબ શરીફખાનભાઈ દુધવાલા, સેક્રેટરી જનાબ ફારૂકભાઈ કંસારાએ ઈદેમિલાદુન્નબી કમિટીના પ્રમુખ જનાબ રફીકભાઈ નગરીવાલા, મુલાકાત લઈ રજૂઆત કરી હતી.

આરોગ્યમંત્રીની ઉપસ્થિતિમાં જીસીએ દ્વારા કોન્ફરન્સનું આયોજન

અમદાવાદ,તા.૧૬

ગુજરાત કેમિકલ એસોસિએશને (જીસીએ) તાજેતરમાં ૭૫ વર્ષ પુરા કાર્ય છે જેની ઉજવણીના ભાગ રૂપે એક કોન્ફરન્સનું આયોજન તા.૧૮ જૂન ૨૦૨૨ના રોજ કરવામાં આવ્યું છે. આ કોન્ફરન્સમાં ગુજરાતના આયોગ્યમંત્રી ઋષિકેશભાઈ પટેલ, સુશાંતકુમાર પુરોહિત (જોઈન્ટ સેક્રેટરી કેમિકલ્સ અને પેટ્રોકેમિકલ્સ વિભાગ) તેમજ કેમિકલ ઈન્ડસ્ટ્રીના અગ્રણીઓ ઉપસ્થિત રહેશે. આ કોન્ફરન્સની મુખ્ય થીમ ભારત પાંચ ટ્રિલિયન ડોલર ઈકોનોમી: ભવિષ્યમાં નેવિગેટીંગમાં કેમિકલ ઈન્ડસ્ટ્રીઝની ભૂમિકા છે. આ વિશે વાત કરતા ડૉ. જૈમિન વસા (પ્રેસિડેન્ટ, ગુજરાત કેમિકલ એસોસિએશન) દ્વારા જણાવામાં આવ્યું હતું કે, ગુજરાત કેમિકલ એસોસિએશન (જીસીએ)એ ગુજરાતના કેમિકલ ટ્રેડ એન્ડ ઈન્ડસ્ટ્રી માટે તેની ગૌરવશાળી સેવાઓના ૭૫ વર્ષ પુરા કર્યા છે, આ કેમિકલ ઈન્ડસ્ટ્રીઝના વિકાસના વિઝનને અનુરૂપ ભવિષ્ય માટે તેની ભૂમિકાની રાહ જોવાનો અને તેની કલ્પના કરવાનો સમય છે.

કોંગ્રેસ દ્વારા 'કારકિર્દીના ઉંબરે' પુસ્તકનું વિમોચન

અમદાવાદ, તા.૧૬

ધોરણ-૧૦-૧૨ના પરિણામો જાહેર થઈ ચૂક્યા છે ત્યારે વિદ્યાર્થી-વાલીઓને સચોટ અને સરળ માર્ગદર્શનની વિશેષ જરૂરિયાત ઊભી થઈ છે. કોંગ્રેસ પક્ષ દ્વારા ગુજરાતના વિદ્યાર્થીઓને પુરતું માર્ગદર્શન મળે અને તેમની કારકિર્દી ઉજ્જવળ બને તે માટે સતત ૧૭માં વર્ષે કોંગ્રેસ પક્ષના મુખ્ય પ્રવક્તા ડૉ. મનિષ દોશી સંપાદિત 'કારકિર્દીના ઉંબરે' ધોરણ ૧૨ પછી શું? કારકિર્દી માર્ગદર્શન પુસ્તકનું વિમોચન ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ પ્રમુખ જગદીશ ઠાકોર, વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા સુખરામ રાઠવા સહિત વરિષ્ઠ મહાનુભાવોના હસ્તે રાજીવ ગાંધી ભવન ખાતે કરવામાં આવ્યું હતું. કારકિર્દી માર્ગદર્શન પુસ્તક સંબંધિત વેબસાઈટ પર જઈ ડાઉનલોડ પણ કરી શકાશે.

પાંચ મહિના બાદ આટલા કેસ સામે આવ્યા

ફરી વધી રહ્યો છે કોરોનાનો આતંક મુંબઈમાં ૩૩ તો દિલ્હીમાં ૨૨% કેસ વધ્યા

બીએમસીના અનુસાર મુંબઈમાં કોરોના કેસોની કુલ સંખ્યા હવે ૧૦,૮૫,૮૮૨ થઈ ગઈ છે, જ્યારે મોતની સંખ્યા વધીને ૧૯,૫૭૬ થઈ ગઈ

(એજન્સી) નવી દિલ્હી,તા.૧૬

કોરોનાના વધાતા જતા ગ્રાફને ફરી દેશવાસીઓની ચિંતા વધારવા લાગ્યો છે. જૂન આવતાં જ લોકોને નવી લહેરનો ડર સતાવવા લાગ્યો છે. મુંબઈમાં ૩૩ ટકા કોરોના કેસોમાં વધારો થયો છે તો બીજી તરફ દિલ્હીમાં ૨૨ ટકા નવા કેસ સામે આવ્યા છે. આજના દિવસે એટલે કે બુધવારની વાત કરી તો મુંબઈમાં ૨૨૯૩ નવા કેસ સામે આવ્યા છે, જોકે ૨૩ જાન્યુઆરી બાદ સૌથી વધુ દૈનિક કેસ છે. મુંબઈ ઉપરાંત રાષ્ટ્રીય રાજધાનીમાં બુધવારે કોરોનાના ૧૩૭૫ નવા કેસ સામે આવ્યા તો ૨ના મોત થયા છે. મુંબઈમાં બીએમસીએ મેડિકલ બુલેટિનમાં કહેવામાં આવ્યું છે કે બુધવારે શહેરમાં કોરોના ૨,૨૯૩ નવા નવા કેસ નોંધાયા છે, જો ૨૩ જાન્યુઆરી બાદથી સૌથી વધુ દૈનિક કોરોના કેસ છે. સાથે જ ૧ મોત થયું છે. બીએમસીના અનુસાર મુંબઈમાં કોરોના કેસોની કુલ સંખ્યા હવે ૧૦,૮૫,૮૮૨ થઈ

ગયા છે, જ્યારે મોતોની સંખ્યા વધીને ૧૯,૫૭૬ થઈ ગયા. તમને જણાવી દઈએ કે મુંબઈમાં ૫ મહિના બાદ ૨,૦૦૦ કેસ દરરોજનો આંકડો પાર થયો છે. અત્રે ઉલ્લેખનીય છે કે ગત દિવસે એટલે કે મંગળવારે કોરોનાના ૧૭૨૪ નવા કેસ અને ૨ના મોત થયા હતા. ઉલ્લેખનીય છે કે દિલ્હીમાં સ્વાસ્થ્ય મંત્રાલય તરફથી જાહેર કરવામાં આવેલા બુલેટીન અનુસાર ૧૩૭૫ નવા કોરોના કેસ સામે આવ્યા. ભારતમાં ગત ૨૪ કલાકમાં ૮૮૨૨ નવા કેસ નોંધાતાની સાથે જ કોવિડના કેસમાં વધારો થયો છે, જેથી દેશમાં કોરોનાના કેસોની કુલ સંખ્યા ૪,૩૨,૪૫,૫૧૭ થઈ ગઈ છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયે બુધવારે પોતાનો ડેટા જાહેર કરતાં કહ્યું કે દેશમાં સક્રિય કેસ વધીને ૫૩,૬૩૭ થઈ ગયા છે.

ડિમોલિશન ડ્રાઈવ કાયદાના શાસનને પડકાર છે અને નાગરિકોના મૂળભૂત અધિકારોનું ઉલ્લંઘન છે

(એજન્સી) તા.૧૬

નૂપુર શર્મા ટિપ્પણી વિવાદના પરિણામે તાજેતરની ડિમોલિશન ડ્રાઈવો કાયદાના કેટલાક મૂળભૂત સિદ્ધાંતોને પડકારી શકે છે, જેમાં વ્યક્તિના બચાવ સાંભળવાના અધિકારનો સમાવેશ થાય છે અને તે રાજ્ય યોગ્ય પ્રક્રિયાને અનુસર્યા પછી જ વ્યક્તિને તેની મિલકતથી વંચિત કરી શકે છે. આ બંધારણની કલમ ૩૦૦-એ હેઠળ ફરજિયાત માન્ય કાયદાની સત્તા કહે છે. સુપ્રીમ કોર્ટના ભૂતપૂર્વ ન્યાયાધીશ જસ્ટિસ વી. ગોપાલા ગૌડાએ બુધવારે ધ હિન્દુને જણાવ્યું હતું કે, કલમ ૩૦૦-એ હેઠળ મિલકતનો અધિકાર એ માનવ અધિકાર છે. જસ્ટિસ ગૌડા આ પત્રના ૧૨ હસ્તાક્ષરકર્તાઓ પૈકી એક છે જેમાં સુપ્રીમ કોર્ટને ઉત્તરપ્રદેશમાં થયેલા વિધ્વંસની સુઓમોટુ સંજ્ઞાન લેવા વિનંતી કરવામાં આવી છે. આ પત્રમાં જણાવવામાં આવ્યું હતું કે અસરગ્રસ્ત વ્યક્તિઓને આગોતરી સૂચના આપ્યા વિના અથવા તેમની સુનાવણી કર્યા વિના ઈમારતોને તોડી પાડવી એ કાયદાના નિયમનું ઉલ્લંઘન છે. કાયદાનું શાસન એ બંધારણનું મૂળભૂત લક્ષણ છે. આ પત્રમાં મુખ્યપ્રધાનના મીડિયા અહેવાલોને પણ ટાંકવામાં આવ્યા હતા જેઓએ અધિકારીઓને દોષિતો સામે આવી કાર્યવાહી કરવા માટે આગ્રહ કર્યો છે અને તે એક એવું ઉદાહરણ છે જેથી ભવિષ્યમાં કોઈ ગુનો ન કરે અથવા કાયદો તેમના હાથમાં ન લે. તેમણે દલીલ કરી હતી કે પોલીસ અને વિકાસ સત્તાવાળાઓએ જે સંકલિત રીતે કાર્ય કર્યું છે તે સ્પષ્ટ નિષ્કર્ષ તરફ દોરી જાય છે કે, મિલકત તોડી પાડવી એ સામૂહિક વધારાની ન્યાયિક સજાનું એક સ્વરૂપ છે,

જે રાજ્યની નીતિને આભારી છે અને તે ગેરકાયદેસર છે.

સુપ્રીમ કોર્ટમાં જમિયત-ઉલમા-એ-હિંદ દ્વારા કરવામાં આવેલી અરજીમાં દલીલ કરવામાં આવી હતી કે પ્રતિશોધરૂપે ઉત્તરપ્રદેશ સરકાર દ્વારા કરવામાં આવેલી કાર્યવાહીમાં મિલકતોને તોડી પાડવામાં આવી હતી તે રાજ્યની વિધાનસભા દ્વારા જ ઘડવામાં આવેલા કાયદાનું ઉલ્લંઘન છે, તે ઉત્તરપ્રદેશ (બિલ્ડિંગ ઓપરેશન્સનું નિયમન) અધિનિયમ ૧૯૫૮ની કલમ ૧૦નો ઉલ્લેખ કરે છે જે આદેશ આપે છે કે, અસરગ્રસ્ત પક્ષકારોને સાંભળવાની વાજબી તક આપ્યા વિના તેમનું મકાન તોડી નાખવું જોઈએ નહીં. ઉત્તરપ્રદેશ અર્બન પ્લાનિંગ એન્ડ ડેવલપમેન્ટ એક્ટ, ૧૯૭૩ની કલમ ૨૭માં અસરગ્રસ્ત વ્યક્તિને સાંભળવાની અને ડિમોલિશનની કાર્યવાહી કરતા પહેલા ૧૫ દિવસની પૂર્વ સૂચના આપવામાં આવે છે. આ ઉપરાંત કાયદો આવા તોડી પાડવાના આદેશથી પીડિત વ્યક્તિને ૩૦ દિવસની અંદર અપીલ કરવાની છૂટ આપે છે.

સુપ્રીમ કોર્ટના ઘણા નિર્ણયોમાં કહ્યું છે કે, મિલકતનો અધિકાર પણ એક બંધારણીય અધિકાર છે. ૧૯૭૮ના બંધારણ (૪૪મો સુધારો) અધિનિયમ દ્વારા કટોકટી પછી ટૂંક સમયમાં કલમ ૩૦૦-એ દાખલ કરવામાં આવી હતી. માત્ર એક્ઝિક્યુટિવ સત્તાનો ઉપયોગ વ્યક્તિની મિલકત છીનવી લેવા માટે કરી શકાતો નથી. યુપીમાં ડિમોલિશન માત્ર કલમ ૩૦૦-એ માટે જ નહીં, પરંતુ સમગ્ર બંધારણની ભાવના વિરૂદ્ધ છે, તે કલમ ૧૪ હેઠળ સમાનતા માટે પીડિતના મૂળભૂત અધિકારો, કલમ ૧૯ હેઠળની સ્વતંત્રતાઓ અને બંધારણની કલમ ૨૧ હેઠળના ગૌરવપૂર્ણ જીવનના અધિકારનું ઉલ્લંઘન કરે છે. નાગરિકોના ઘરો તોડીને, તમે ખરેખર મહેનતથી મેળવેલી નાગરિકોની સ્વતંત્રતાઓને બુલડોઝ કરવામાં આવી રહી છે.

ભારતના રાષ્ટ્રપતિનો પગાર કેટલો છે ? પ્રથમ નાગરિક એવા રાષ્ટ્રપતિને મળતા લાભો અને વિશેષાધિકારો પર એક નજર

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૬

ભારતના વર્તમાન રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદનો પાંચ વર્ષનો કાર્યકાળ ૨૪ જુલાઈએ પૂરો થઈ રહ્યો હોવાથી ભારતના આગામી રાષ્ટ્રપતિ માટેની તૈયારી શરૂ થઈ ગઈ છે. ભારતમાં નિર્ણાયક રાષ્ટ્રપતિની ચૂંટણી ૧૮ જુલાઈના રોજ યોજાવાની છે અને મતગણતરી ૨૧ જુલાઈએ થશે તો ચાલો આજે ભારતીય રાષ્ટ્રપતિના જીવન અને તેમના અધિકારો વિશે જાણીએ. ભારતના રાષ્ટ્રપતિ દેશના પ્રથમ નાગરિક તરીકે પણ ઓળખાય છે, ભારતના રાષ્ટ્રપતિ દેશના સર્વોચ્ચ અધિકારી છે, જે રાષ્ટ્રની અખંડિતતા અને એકતાના પ્રતીક તરીકે કાર્ય કરે છે. રાષ્ટ્રપતિ ત્રણેય સશસ્ત્ર દળો-આર્મી, એરફોર્સ અને નેવીના સર્વોચ્ચ કમાન્ડર પણ છે. આટલા શક્તિશાળી અને પ્રભાવશાળી માણસ હોવાને કારણે આ હોદ્દાના ઘણા લાભો અને વિશેષાધિકારો હોય છે પણ શું તમે ક્યારેય વિચાર્યું છે કે, ભારતના રાષ્ટ્રપતિને કેટલાઓ પગાર આપવામાં આવે છે અને તેમને ઓફિસમાં અને નિવૃત્તિ પછી મળતા લાભો શું છે ?

રામનાથ કોવિંદ ભારતના ૧૪મા રાષ્ટ્રપતિ છે.

રાષ્ટ્રપતિનો પગાર અને અન્ય લાભોઃ-

● ભારતના રાષ્ટ્રપતિને અંદાજે મહિને રૂા.૫ લાખનો પગાર મળે છે. ૨૦૧૭ સુધી રાષ્ટ્રપતિને દર મહિને ૧.૫૦ લાખ રૂપિયા મળતા હતા. જો કે, ૨૦૧૭માં તે વધારીને ૫ લાખ રૂપિયા પ્રતિ માસ કરવામાં આવ્યો હતો.

● રાષ્ટ્રપતિને અન્ય ભથ્થા પણ મળે છે જેમાં મફત તબીબી સેવા, આવાસ અને સારવારની સુવિધાઓનો સમાવેશ થાય છે (સમગ્ર આખું જીવન)

● વધુમાં ભારત સરકાર રાષ્ટ્રપતિના આવાસ, સ્ટાફ, ભોજન અને મહેમાનોના હોસ્ટિંગ જેવા અન્ય ખર્ચાઓ પર વાર્ષિક ૨૨.૫ મિલિયન રૂપિયા ખર્ચ કરે છે.

● ભારતના રાષ્ટ્રપતિને કસ્ટમ-બિલ્ટ બ્લેક મર્સિડીઝ બેન્ઝ S600 (W221) અને પુલમેન ગાર્ડ મળે છે. રાષ્ટ્રપતિ પાસે સત્તાવાર મુલાકાતો માટે ભારે સશસ્ત્ર સ્ટ્રેચ લિમોઝિન પણ છે.

● રાષ્ટ્રપતિ પણ ૨ સમાન ભવ્ય રજાઓ માટે હકદાર હોય છે. એક હૈદરાબાદમાં રાષ્ટ્રપતિ નિલયમ અને બીજું શિમલામાં રિટ્રીટ બિલ્ડિંગ છે.

● રાષ્ટ્રપતિ અને તેમના જીવનસાથી વિશ્વમાં કોઈપણ જગ્યાએ મફત મુસાફરી કરી શકે છે.

રાષ્ટ્રપતિ ક્યાં રહે છે ?

રાષ્ટ્રપતિ ભવન એ વિશ્વની સૌથી મોટી લોકશાહીના રાષ્ટ્રપતિનું ઘર છે. ભારતના રાષ્ટ્રપતિ રાષ્ટ્રપતિ ભવનમાં રહે છે જે વિશ્વનો સૌથી મોટો રાષ્ટ્રપતિ મહેલ છે. નવી દિલ્હીમાં સ્થિત, આ હેરિટેજ ઈમારતમાં ચાર માળ, ૨.૫ કિલોમીટરના કોરિડોર અને ૧૯૦ એકર બગીચા વિસ્તારમાં ફેલાયેલા કુલ ૩૪૦ રૂમ છે. આ હેરિટેજ બિલ્ડિંગમાં રાષ્ટ્રપતિનું સત્તાવાર નિવાસસ્થાન છે, જેમાં રિસેપ્શન હોલ, ગેસ્ટ રૂમ અને ઓફિસનો સમાવેશ થાય છે, જેને હવેલી તરીકે પણ ઓળખવામાં આવે છે અને અન્ય ૨૦૦ લોકો રાષ્ટ્રપતિ ભવનની દેખરેખ માટે કાર્યરત છે.

નિવૃત્તિ પછીનું જીવનઃ-

ભારતના રાષ્ટ્રપતિ નિવૃત્તિ પછીના લાભો અને વિશેષાધિકારો માટે હકદાર છે. ભૂતપૂર્વ રાષ્ટ્રપતિઓ સરકારી આવાસ માટે પાત્ર છે અને પેન્શન માટે હકદાર છે.

● નિવૃત્ત પ્રમુખને રૂા.૧.૫ લાખ પ્રતિ માસ પેન્શન

● રાષ્ટ્રપતિઓની પત્નીઓને રૂા.૩૦,૦૦૦ દર મહિને સચિવ સહાય.

● એક સંપૂર્ણ સજ્જ બંગલો (પ્રકાર VIII).

● બે મફત લેન્ડલાઈન અને એક મોબાઈલ ફોન.

● પાંચ અંગત સ્ટાફ અને સ્ટાફનો ખર્ચ રૂા.૬૦,૦૦૦ વાર્ષિક.

● જીવનસાથી સાથે ટ્રેન અથવા હવાઈ માર્ગે મફત મુસાફરી.

દાદરી લિંચિંગ : ૭ વર્ષ બાદ કેસમાં ગતિ આવી, અખલાકની પુત્રીએ આપી જુબાની

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૬

દાદરી લિંચિંગ પીડિતાની પુત્રીએ સાત વર્ષ પછી સુનાવણીમાં ઝડપ આવતા બુધવારે બીજા દિવસે તેનું નિવેદન નોંધાવ્યું છે. મોહમ્મદ અખ્લાકની પુત્રી શાઈસ્તા (૨૭), જેને ૨૦૧૫માં ગૌમાંસ ખાવા અને ગૌહત્યાની શંકામાં માર મારવામાં આવ્યો હતો, તેણે ટ્રાયલના પુરાવા તબક્કા દરમિયાન સૂરજપુરની ફાસ્ટ-ટ્રેક કોર્ટમાં તેની જુબાની નોંધી હતી. મંગળવારે આ કેસમાં મુખ્ય સાક્ષીઓની જુબાની શરૂ થઈ હતી. અખલાકની પુત્રીએ આ કેસમાં દાખલ એફઆઈઆરના આધારે પોતાનું નિવેદન નોંધ્યું છે. તેણીએ ઘટનાના ક્રમને સમર્થન આપ્યું છે કારણ કે, તે ઘટના સમયે હાજર હતી તેના પછી અન્ય પરિવારના સભ્યો તેમની જુબાની આપશે, અખ્લાકના પરિવારનું પ્રતિનિધિત્વ કરતા વકીલ યુસુફ સૈફીએ જણાવ્યું હતું. અધિકારીઓના જણાવ્યા અનુસાર, શાઈસ્તાએ તેની જુબાનીમાં આરોપીનું નામ આપ્યું છે જેણે આ ઘટના બાદ પરિવારને કથિત રીતે હેરાન કર્યા હતા અને અખલાકને ટોળા દ્વારા ઘરની બહાર ખેંચી જતા અને માર મારતા જોયાનો તેણીનો અહેવાલ વર્ણવ્યો હતો. સીઆરપીસી કલમ ૧૬૪ હેઠળ તેણીનું નિવેદન અગાઉ સ્થાનિક પોલીસે નોંધ્યું હતું. અધિકારીઓએ જણાવ્યું હતું

કે, પ્રક્રિયાના ભાગરૂપે બચાવ પક્ષના એક વકીલ દ્વારા મહિલાની ઉલટતપાસ કરવામાં આવી હતી. એકવાર તેણીનું નિવેદન નોંધવામાં આવે તે પછી, અખલાકની પત્ની ઇકરામન અને તેની માતા અસગરી સહિત પરિવારના સભ્યો પણ તેમની જુબાની રજૂ કરશે, અધિકારીઓએ જણાવ્યું હતું. આરોપીઓ તેમના પુરાવા રજૂ કરે પછી તેમની જુબાની નોંધવામાં આવશે. આગામી તારીખ શુક્રવાર માટે નક્કી કરવામાં આવી છે જે દરમિયાન શાઈસ્તાની જુબાની પૂર્ણ થવાની સંભાવના છે. જરચા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ એફઆઈઆર આઈપીસી કલમ ૩૦૨ (હત્યા), ૩૦૭ (હત્યાનો પ્રયાસ), ૧૪૭ (હુલ્લડ), ૧૪૮ (ઘાતક હથિયાર સાથે રમખાણ), ૧૪૯ (ગેરકાયદેસર સભા), ૩૨૩ (હુમલો), ૫૦૪ હેઠળ દાખલ કરવામાં આવી હતી. (શાંતિને ખલેલ પહોંચાડવા હેતુપૂર્વકનું અપમાન), અન્યો વચ્ચે.

સૂરજપુરની એક કોર્ટે ૨૦૧૬માં અખ્લાકના પરિવારના સભ્યો સામે કથિત ગાયની કતલના આરોપમાં અલગ એફઆઈઆર દાખલ કરવાનો આદેશ આપ્યો હતો.

આ કેસના તમામ ૧૯ આરોપીઓ હાલ જામીન પર બહાર છે.

મુંબઈમાં લેખિકા ફાઈવ સ્ટાર હોટેલમાં દુષ્કર્મ, ડી ગેંગના નામે ધમકી આપી મોઢું બંધ રાખવા ચીમકી : પોલીસ

(એજન્સી) તા.૧૬

મુંબઈમાં દુષ્કર્મ પીડિતા (લેખિકા) મહિલાને અંડરવર્લ્ડ ડોન દાઉદ ઈબ્રાહિમના નામ પર આરોપી બિઝનેસમેન દ્વારા ધમકી આપવામાં આવી છે અને કહ્યું છે કે, જો તે પોલીસને ફરિયાદ કરશે તો હું તેને મારી નાખીશ. મુંબઈના જુહુમાં એક ફાઈવ સ્ટાર હોટલમાં ૭૫ વર્ષીય વેપારી પર ૩૫ વર્ષીય લેખિકાએ દુષ્કર્મ કરવાનો આરોપ મૂક્યો છે. પીડિત મહિલાએ વેપારી વિરૂદ્ધ મુંબઈના અંબોલી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

મહિલાની ફરિયાદના આધારે શુક્રવારે પોલીસે આઈપીસીની કલમ ૩૭૬(૨)એન, ૫૦૪ હેઠળ કેસ નોંધ્યો હતો. ચોંકાવનારી વાત એ છે કે મહિલાએ આરોપ લગાવ્યો છે કે તેને ડી ગેંગ તરફથી બિઝનેસમેન વિરુદ્ધ ફરિયાદ ન નોંધવા માટે કોલ આવ્યો હતો. પીડિત મહિલાના કહેવા પ્રમાણે, વેપારીએ તેની પાસેથી ૨ કરોડ રૂપિયાની લોન લીધી હતી અને તે પરત કરી ન હતી. પીડિતાએ તેના પર

થતા અત્યાચાર સામે અવાજ ઉઠાવવાનો પ્રયાસ કર્યો ત્યારે ઉદ્યોગપતિએ કુખ્યાત ડોન દાઉદ ઈબ્રાહિમના નામે મહિલાને સીધી ધમકી આપી છે. વેપારીએ તેને કહ્યું કે, દાઉદ ઈબ્રાહીમ મારો મિત્ર છે અને હાજી મસ્તાન મારી પત્નીની બહેનનો પતિ છે. દુષ્કર્મ પીડિત મહિલાએ દાવો કર્યો છે કે જો તે આ અંગે કોઈને કંઈ કહેશે તો વેપારીએ તેને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. હાલમાં આ કેસની તપાસ આંબોલી પોલીસમાંથી એમઆઈડીસી પોલીસને સોંપવામાં આવી છે કારણ કે આ ગુનો એમઆઈડીસીના અધિકારક્ષેત્રમાં શરૂ થયો હતો. એમઆઈડીસી પોલીસ મહિલાના દાવાની તપાસ કરી રહી છે અને કહી રહી છે કે દોષિતો સામે યોગ્ય કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે.

મુંબઈમાં ગટરમાંથી ઉંદરોની પકડમાંથી રૂા.૫ લાખનું સોનું મળી આવ્યું છે

(એજન્સી) મુંબઈ, તા.૧૬

એક વિચિત્ર ઘટનામાં મુંબઈની ગોકુલધામ કોલોની પાસેના ગટરમાંથી ઉંદરો પાસેથી ૫ લાખ રૂપિયાની કિંમતનું ૧૦ તોલા સોનું મળી આવ્યું હતું. ગુરૂવારે સબ-ઈન્સ્પેક્ટર જી. ખર્ગેએ જણાવ્યું હતું. આ ઘટના પ્રકાશમાં આવી જ્યારે પોલીસે સીસીટીવી ફૂટેજ તપાસ્યા બાદ સોનાના દાગીના પરત મેળવ્યા જેમાં કેટલાક ઉંદરો કચરાના ઢગલામાંથી સોનાની થેલી ગટરમાં લઈ જતા દેખાય છે, એમ એસઆઈએ જણાવ્યું હતું. પોલીસના જણાવ્યા અનુસાર સુંદરી નામની મહિલા તેની પુત્રીના લગ્નની લોન ચૂકવવા માટે ૧૦ તોલા સોનાના ઘરેણા ગીરો મૂકવા જઈ રહી હતી. રસ્તામાં સુંદરીએ ઘરેણાની

થેલી શેરીમાં એક બાળકને આપી દીધી, ભૂલથી તે બીજી બેગ લઈને જતી રહી હતી, જેમાં વડાપાવ હતો. બેંક પર પહોંચ્યા પછી, તેણીને સમજાયું કે તેણીએ બાળકને ખોટી બેગ આપી હતી. તેણી તાત્કાલિક સ્થળ પર દોડી ગઈ હતી. જો કે, બાળક ત્યાં નહોતું. તેણીએ આ ઘટના અંગે પોલીસને જાણ કરી હતી. દિંડોશી પોલીસ ટીમના વડા સૂરજ રાઉતે તરત જ મામલાની તપાસ શરૂ કરી હતી. રાઉતે તે વિસ્તારના સીસીટીવી ફૂટેજ સ્કેન કર્યા જેમાં તેણે બાળક અને તેની માતાને જોયા. પોલીસે જ્યારે મહિલાનો સંપર્ક કર્યો તો તેણે કહ્યું કે, વડાપાંઉ સૂકાઈ ગયો હતો. એટલા માટે તેઓએ પેકેટ કચરાના ઢગલામાં ફેંકી દીધું. જ્યારે પોલીસે તે કચરાના ઢગ પાસે લગાવેલા સીસીટીવી ફૂટેજની તપાસ કરી તો જાણવા મળ્યું કે જે થેલી પોલીસ શોધી રહી હતી તે ઉંદરના કબજામાં હતી. પોલીસે ઉંદરનો પીછો કર્યો પરંતુ તે નજીકના ગટરમાં કૂદી પડ્યો. આખરે પોલીસને સોનાના દાગીના સાથેની બેગ અકબંધ મળી આવી હતી.

એડમિશન ફોર્મ ન મળતા વિદ્યાર્થીઓ અને વાલીઓએ ટ્રસ્ટી સાથે મીટિંગ યોજી

ભરૂચની રૂકમણી દેવી વિદ્યાલયમાં ધો.૧૧-૧૨ના વર્ગો બંધ કરાતા વાલીઓ-વિદ્યાર્થીઓનો હોબાળો

શિક્ષકોના અભાવે ધો.૧૧-૧૨ના વર્ગો બંધ કર્યા હોવાનું ટ્રસ્ટીએ જણાવતા વિદ્યાર્થીઓ મૂંઝવણમાં

ભરૂચ, તા.૧૬

ભરૂચ જિલ્લામાં નવું શૈક્ષણિક સત્ર શરૂ થયું છે પરંતુ ભરૂચના સ્ટેશન રોડ પરની રૂકમણી દેવી રૂગટા વિદ્યાલયમાં ધોરણ ૧૧ અને ૧૨ માટે એડમિશન ફોર્મ આપવામાં ન આવતા વિદ્યાર્થીઓ અને વાલીઓમાં ભારે હોબાળો મચ્યો હતો ટ્રસ્ટીગણએ વિદ્યાર્થીઓ સાથે અને વાલીઓ સાથે મિટિંગ યોજી હતી. જેમાં ટ્રસ્ટીઓએ શિક્ષકોના અભાવે ધોરણ-૧૧ અને ૧૨ના ક્લાસ બંધ કર્યા હોવાનું રટણ કરતાં વિદ્યાર્થીઓ અને વાલીઓ મૂંઝવણમાં મુકાઇ ગયા હતા અને ભારે હોબાળો મચાવ્યો હતો.

ધોરણ ૧૦ની પરીક્ષાનું પરિણામ જાહેર થયા બાદ ભરૂચના સ્ટેશન રોડ ઉપર આવેલી રૂકમણી દેવી રૂગટા વિદ્યાલયમાં ધોરણ ૧૧માં એડમિશન માટે કેટલાય વિદ્યાર્થીઓ પોતાના વાલીઓ સાથે શાળા ઉપર ધક્કા ખાઈ રહ્યા હતા પરંતુ એડમિશન ફોર્મ કેમ નથી મળતા અને પ્રવેશ કેમ આપવામાં નહીં આવે તે પ્રશ્નને લઇને વિદ્યાર્થીઓ અને વાલીઓ મૂંઝવણ અનુભવી રહ્યા હતા જેના પગલે વાલીઓ અને વિદ્યાર્થીઓએ શાળાના ટ્રસ્ટીગણ સાથે મિટીંગ યોજી હતી અને મિટિંગમાં વાલીઓ અને વિદ્યાર્થીઓને સ્પષ્ટ કહ્યું હતું કે ધોરણ-૧૧ અને ૧૨ના વર્ગ શિક્ષકોના અભાવે બંધ કરી દેવાયા છે જે વિદ્યાર્થીને જે સ્કૂલમાં એડમિશન મળે તે મેળવી શકે છે. જોકે વિદ્યાર્થીઓ અને વાલીઓએ ટ્રસ્ટીગણના આવા જવાબથી ભારે રોષે ભરાયા હતા. વિદ્યાર્થીઓને અંત સુધી શાળા શિક્ષકોએ કોઈ યોગ્ય જવાબ આપ્યો ન હોવાના કારણે અમારે હાલ ક્યાં એડમિશન લેવા જવું તે પ્રશ્ન ઊભો થતા વિદ્યાર્થીઓએ પણ ભારે આક્રોશ વ્યક્ત કર્યો હતો.

રૂકમણી દેવી રૂગટા વિદ્યાલયમાં શિક્ષકોના અભાવે ધોરણ ૧૧-૧૨ના વર્ગ શરૂ કરવામાં નહીં આવે ટ્રસ્ટી પુષ્પાબેન પટેલે જણાવ્યું હતું અને આ બાબતે શિક્ષણ અધિકારીને ટ્રસ્ટીઓ દ્વારા રજૂઆત પણ કરવામાં આવી હોવાનું તેઓએ જણાવ્યું હતું પરંતુ અંત સુધી વિદ્યાર્થીઓને એડમિશન અંગે કોઈ યોગ્ય જવાબ ન મળતા હવે વિદ્યાર્થીઓ કઈ શૈક્ષણિક શાળાઓમાં એડમિશન મેળવી શકશે તે પ્રશ્ન ઊભો થયો છે પરંતુ શિક્ષકોના અભાવે રૂકમણી દેવી રૂગટા વિદ્યાલયમાં ધોરણ-૧૧ અને ૧૨ના વર્ગ બંધ કરવામાં આવ્યું હોવાનું રટણ ટ્રસ્ટીઓએ કર્યું હતું. હાલ તો વાલીઓ અને વિદ્યાર્થીઓ મૂંઝવણ અનુભવી રહ્યા છે. આવતીકાલે ભરૂચ જિલ્લા શિક્ષણ અધિકારીને આ બાબતે રજૂઆત કરી રૂગટા વિદ્યાલયમાં ધોરણ-૧૧ અને ૧૨ના વર્ગ શરૂ કરવામાં આવે તેવી માંગણી કરનાર છે.

સ્કોડાના શો-રૂમના નાણાકીય ઝઘડામાં થયેલી ફરિયાદમાં આરોપી દર્શાવાયેલા

સિનિયર એડવોકેટ આઇ.એચ. સૈયદના આસિસ્ટન્ટને પોલીસે સમન્સ આપીને હાજર થવાનું કહેતા મામલો હાઇકોર્ટમાં પહોંચ્યો

અગાઉ સૈયદને સોફ્ટ ટાર્ગેટ બનાવ્યા હોવાનું હાઇકોર્ટે અવલોકન કરીને આગોતરા જામીન આપેલા છે ત્યારે તેમના આસિસ્ટન્ટ સામે સમન્સ આવતા હાઇકોર્ટમાં પડકાર, સરકારને જવાબ આપવા કરાયો નિર્દેશ

અમદાવાદ, તા.૧૬

અમદાવાદના એસજી હાઈવે પર આ વેલા સ્કોડા શો-રૂમ બંધ થયા બાદ રૂ.૧૪૨ સંદર્ભે કરોડની લેવડ દેવડ સંદર્ભે બે વેપારી પક્ષકારો વચ્ચેના વિવાદમાં હાજર રહેલા સિનિયર એડવોકેટ આઇ.એચ. સૈયદના કેસમાં નવો વળાંક આવ્યો હતો.

આ કેસમાં હાઇકોર્ટે સૈયદને સોફ્ટ ટાર્ગેટ બનાવ્યા હોવાનું અવલોકન કરીને આગોતરા જામીન આપ્યા બાદ તેમના આસીસ્ટન્ટને પોલીસ દ્વારા હાજર રહેવા માટે સમન્સ પાઠવવામાં આવતા મામલો ફરી હાઇકોર્ટમાં પહોંચ્યો હતો અને ચીફ જસ્ટીસ સમક્ષ સુનાવણી માટે રજૂઆત કરવામાં આવી હતી. એડવોકેટ સૈયદના આસિસ્ટન્ટને પોલીસ દ્વારા સીઆરપીસીની કલમ ૪૧ (એ) હેઠળ હાજર થવા માટે સમન્સ અને નોટિસ પાઠવતા વકીલ આલમમાં આશ્ચર્ય ફેલાયું હતું અને પોલીસના આ પગલાને પડકારતી અરજી કરવામાં આવી હતી. આ કેસની પ્રાથમિક સુનાવણી બાદ હાઈકોર્ટે સરકારને પૃચ્છા કરી હતી કે, આરોપી વતી કોર્ટમાં કેસ દાખલ કરનાર વકીલને પોલૂસ સમન્સ કે નો ટિસ કેવી રી તે આ પી શકે? આ ગંભીર બાબત છે, આવુ થવુ ન જોઈએ. આ અંગે સરકાર જવાબ આપે.

વિરલ શાહ નામના વેપારીએ નાણાકીય વિવાદના મુદ્દે ગેરકાયદેસર રી તે ગોં ધી રાખવા , માર મારવો , ખંડણી માગવાના કેસમાં વેપારીઓ કુરેન અમીન, ઈક્ષીત અમીન, ઝનકાર સોલંકી અને આઈ. એચ. સૈયદ સહિતનાની સામે ગત તા. ૧૫ મેના રોજ પેથાપુર પોલીસ મથકમાં ફરિયાદ કરી હતી. તે ફરિયાદને પડકારતી અરજી સૈયદે કરી હતી જે હાઈકોર્ટે ના મંજૂરી કરી હતી. ત્યારબાદ તેમણે નીચલી કોર્ટમાં કરેલી આગોતરા જામીન અરજી પણ નામંજૂર કરાઈ હતી.

ત્યારબાદ હાઈકોર્ટમાં અરજી કરવામાં આવતા જસ્ટીસ નિખીલ કેરીયેલની કોર્ટે મંજૂર કરી હતી. આ કેસમાં આ રો પી વતી કેસ લડવા મા ટે અરજી કરના ર વકીલને કોર્ટે નોટીસ આપી હતી.

પોલીસનો તરફથી દાવો કરવામાં આવ્યો હતો કે, સૈયદને જ્યારે જામીન નહોતા મળ્યા ત્યારે તેમના વતી વકીલતનામુ ફાઈલ કરનાર અનીક કાદરીએ તેઓને મદદ કરીને આશરો આપ્યો હતો. જો કે તેને પડકારવામાં આવતા રજૂઆત કરવામાં આવી હતી કે, કોઈ વકીલ આરો પી વતી કો ર્ટમાં અરજી કરે અને વકીલાતનામુ ફા ઈલ કરે તો તેને પો લી સ સમન્સ કે નો ટિ સ કેવી રી તે પા ઠવી શકે? પોલીસ ધરપકડ કરી શકે તેવી શક્યતા છે. જો આવું જ થાય તો આ કેસમાં કેટલા ક વરીષ્ઠ વકીલોએ પણ કોર્ટમાં રજૂઆત કરેલી છે. જેથી ભવિ ષ્યમાં આ વકી લ બા દ કો ર્ટમાં રજૂઆ ત કરના ર સિ નિ યર કા ઉન્સિ લને પણ પો લી સ સમન્સ કે નો ટિ સ પા ઠવે. આ કેસ સિંગલ જજ દ્વારા નોટ બિફોર મી કહીને સાંભળવાનો ઈનકાર કરવામાં આવ્યો હતો અને ઝડપથી સુનાવણી કરવા ચિફ જસ્ટીસને રજૂઆત કરાઈ હતી. ત્યારબાદ જસ્ટીસ સમીર દવેની કોર્ટમાં મોકલાઈ હતી.

આગોતરા જામીનની અરજીને સુપ્રીમ કોર્ટમાં પડકાર

સિનિયર એડવોકેટ આઇ.એચ. સૈયદને જામીન આપવાના ગુજરાત હાઇકોર્ટના હુકમ સામે ફરિયાદી વિરલ શાહ દ્વારા સુપ્રીમ કોર્ટમાં સ્પેશિયલ લીવ પિટિશન કરવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે, ફરિયાદીએ કરેલા આક્ષેપ મુજબ આરોપીઓએ જ્યારે તેને એક એગ્રીમેન્ટ ઉપર સહી કરવાની ધમકી આપી તે સૈયદ દ્વારા બનાવવામાં આવ્યો હતો અને તેઓ પણ કથિત ઘટના વખતે હાજર હતા. જો કે હાઇકોર્ટે એવું અવલોકન કર્યું હતું કે, ફરિયાદમાં સૈયદની ભૂમિકા અંગે કોઇ સ્પષ્ઠ આક્ષેપો કરવામાં આવ્યા નથી. આથી તેમને આગોતરા જામીન મળવા જોઈએ.

રાજ્યના કેટલાક ભાગોમાં મેઘમહેર જારી : સુરત જિલ્લામાં વરસાદની તોફાની બેટિંગ; આગામી પાંચ દિવસમાં ચોમાસું જામી શકે

કામરેજમાં સવારથી સાંજ સુધીમાં અઢી ઈંચ વરસાદ ખાબક્યો : સૌરાષ્ટ્રના ક્ષેત્રોમાં ધીમીધારે મેઘ સવારી વાતાવરણમાં ઠંડક પ્રસરતાં લોકોને ગરમીથી રાહત

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૧૬

તાજેતરમાં હવામાન વિભાગે જણાવ્યું હતું કે, ગુજરાતમાં વિધિવત રીતે ચોમાસાનું આગમન થઈ ચૂકયું છે. રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં છેલ્લા કેટલાક દિવસોમાં હળવાથી ભારે વરસાદ નોંધાયો હતો. સુરત જિલ્લામાં મેઘાએ તોફાની બેટિંગ કરતાં વાતાવરણમાં ઠંડક પસરી હતી. વાતાવરણમાં ઠંડક પ્રસરતાં લોકોને ગરમીમાંથી રાહત મળી હતી. સૌરાષ્ટ્રના કેટલાક ભાગોમાં પણ ધીમીધારે પડી રહેલા વરસાદને કારણે ખેડૂતોમાં પણ ખુશીની લહેર વ્યાપી હતી. દરમ્યાન હવે હવામાન વિભાગ દ્વારા વરસાદને લઈને નવેસરથી આગાહી કરવામાં આવી છે. જેમાં જણાવાયું હતું કે, ગુજરાતમાં આગામી પાંચ દિવસમાં કેટલાક વિસ્તારોમાં હળવાથી ભારે વરસાદ ખાબકી શકે છે. આ વચ્ચે સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના અમુક વિસ્તારોમાં મેઘ મહેર જારી છે.

સુરત જિલ્લામાં વરસાદની તોફાની બેટિંગ ચાલી રહી છે. સુરત જિલ્લાના કામરેજમાં સવારથી અત્યાર સુધીમાં ૨.૫ ઈંચથી વધુ વરસાદ ખાબકી ચૂક્યો છે. જેના કારણે કામરેજની સોસાયટીઓમાં પાણી ભરાઈ ગયા છે. જ્યારે કામરેજ ગામમાંથી પસાર થતા સર્વિસ રોડ પર ગોઠણસમા પાણી ભરાતા વાહન ચાલકોને મુશ્કેલીનો સામોન કરવો પડ્યો હતો.

સુરત સહિત જિલ્લાના વાતાવરણમાં સવારથી પલટો આવ્યો છે. હવામાન વિભાગ દ્વારા પાંચ દિવસ સમાન્ય વરસાદની આગાહી આપવામાં આવી છે. ત્યારે ગુરૂવારે સવારથી સુરત જિલ્લામાં વરસાદ પડી રહ્યો છે. જેમાં ૩ મિમિથી લઈને ૬૫ મિમિ સુધી વરસાદ નોંધાયો છે. સુરત જિલ્લામાં સૌથી વધુ વરસાદ કામરેજમાં ૨.૫ ઈંચથી વધુ વરસાદ પડ્યો છે.

કામરેજમાં ૨.૫ ઈંચથી વધુ વરસાદના પગલે રસ્તાઓ અને કેટલીક સોસાયટીઓમાં ગોઠણસમા પાણી ભરાઈ ગયા હતા. કામરેજ ગામમાં પસાર થતા સર્વિસ રોડ પર ગોઠણસમા પાણી ભરાતા વાહન ચાલકોને મુશ્કેલીનો સામમો કરવા પડ્યો હતો. જ્યારે કેટલાક વાહનો બંધ પણ પડી ગયા હતા.

સુરત શહેરમાં આજે સવારે એકાએક વાદળો ઘેરાવાની સાથે ધોધમાર વરસાદ શરૂ થતા આજથી ચોમાસુ બેઠુ હોઈ તેવો માહોલ જોવા મળ્યો હતો. પરંતુ થોડીવારમાં વાદળો વિખરાઈને આકાશમાંથી દેખાતાના દર્શન થતા આકરી ગરમી પડી હતી. શહેરનું તાપમાન ૩૩.૬ ડિગ્રી નોંધાયુ હતુ.

હવામાન કચેરીના પ્રવકતાના જણાવ્યા મુજબ આજે સુરતનું અધિકતમ તાપમાન ૩૩.૬ ડિગ્રી, લઘુતમ તાપમાન ૨૭.૮ ડિગ્રી, હવામાં ભેજનું પ્રમાણ ૭૦ ટકા, હવાનું દબાણ ૧૦૦૩.૭ મિલીબાર અને દક્ષિણ-પશ્ચિમ દિશામાંથી કલાકના ૧૨ કિ.મીની ઝડપે પવન ફુંકાયા હતા.સુરત શહેરમાં હજુ સુધી ચોમાસાનું આગમન થયુ નથી. જેમાં આજે સવારે આકાશમાં કાળા ડિબાગ વાદળો છવાવાની સાથે ધોધમાર વરસાદ શરૂ થયો હતો. જો કે આ વરસાદ થોડી મિનિટ વરસ્યા બાદ બંધ થઈ ગયો હતો. અને ઉનાળા જેવો ધોમધખતો તાપ પડતા આકરી ગરમીનો શહેરીજનોએ સામનો કર્યો હતો. હવામાનવિદોના જણાવ્યા મુજબ આગામી બે-ત્રણ દિવસમાં સુરત શહેરમાં ચોમાસુ બેસી જશે.આજે સુરત શહેર અને જિલ્લાના નવ તાલુકામાં કયાંય

સુરત : ઠેર-ઠેર વરસાદી પાણી ભરાતાં વાહનો બંધ થયા; કચ્છમાં પણ સતત ચોથા દિવસે વરસાદ

વરસાદ વરસ્યો ના હતો.

અમરેલી જિલ્લામાં ચોમાસાનો ધમાકેદાર પ્રારંભ થયો છે. જિલ્લામાં છેલ્લા એક અઠવાડિયાથી મેઘમહેર યથાવત છે. આજે ધારી, ચલાલા અને જાફરાબાદમાં વરસાદી માહોલ જામ્યો હતો.

અમરેલી જિલ્લામાં ધારી ગીર પંથકમાં આજે ફરી વરસાદ પડી રહ્યો છે. ધારી આસપાસના ગામડા ચલાલા શહેરમાં પણ ધોધમાર વરસાદ જોવા મળ્યો હતો. ખાંભાના કેટલાક ગ્રામ્ય વિસ્તારમાં પણ વરસાદ પડી રહ્યો છે. જાફરાબાદ તાલુકાના નાગેશ્રી, મીઠાપુર, બાલાનીવાવ, કથારીયા, રાજુલાના કડીયાળી, છતડીયા, હિંડોરણા વિસ્તારમાં વરસાદી ઝાપટા પડી રહ્યા છે. સાવરકુંડલા તાલુકાના આદસંગ, થોરડી, આંબરડી સહિત ગ્રામ્ય વિસ્તારમાં વરસાદ પડી રહ્યો છે.

અમરેલી જિલ્લામાં છેલ્લા આઠ દિવસથી મેઘરાજા હેત વરસાવી રહ્યા છે. જિલ્લાના અનેક તાલુકાની નદીઓમાં નવા નીરની આવક થઈ ચૂકી છે. ગઈકાલે ધારી ગીર પંથકના માધુપુર, લાખાપદર સહિત વિસ્તારમાં ધોધમાર વરસાદ પડવાના કારણે ચેકડેમ ઓવરફ્લો થયા હતા. જિલ્લાના મોટાભાગના તાલુકાઓમાં મેઘમહેર થતા ખેડૂતો વાવણી કાર્યમાં જોતરાશે.

ગુજરાતમાં વરસાદને લઈને હવામાન વિભાગે આગાહી કરી છે. જેમાં આગામી પાંચ દિવસ સામાન્ય વરસાદની આગાહી કરવામાં આવી છે. તેમાં સૌરાષ્ટ્રમાં કેટલાક વિસ્તારો સાથે અમરેલી, ભાવનગરમાં ભારે વરસાદની આગાહી છે. તેમજ દ.ગુજરાતમાં વલસાડ, નવસારી, સુરતમાં પણ વરસાદ ખાબકશે.

હાલમાં કોઈ સિસ્ટમ સક્રિય નથી. જોકે અરેબિયન સમુદ્રમાં અસર દેખાઈ છે. તેમજ સૌરાષ્ટ્રમાં અમરેલી, ભાવનગર તથા દક્ષિણ ગુજરાતમાં વલસાડ, નવસારી અને સુરતમાં ભારે વરસાદની આગાહી છે. તેવું હવામાન વિભાગના ડાયરેકટરે જણાવ્યું હતું.

કચ્છમાં સતત ચોથા દિવસે વાદળીયા માહોલ વચ્ચે રાપર શહેર તેમજ તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં વરસાદના ઝાપટા પડયા હતા.વરસાદી ઝાપટાને લીધે વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી.

જિલ્લાના મોટાભાગના વિસ્તારોમાં સવારાથી ધૂપછાંવ વાતાવરણ જોવા મળ્યું હતું .અસહ્ય બફારા અને ઉકળાટથી લોકો પરસેવે રેબઝેબ થયા હતા. સખત ઉકળાટ ભર્યા વાતાવરણ વચ્ચે બપોર બાદ રાપર શહેર તાથા ચિત્રોડ, નિલપર, સઈ, ડાભુંડા, ખીરઈ, નંદાસર વિગેરે ગામોમાં ગાજવીજ સાથે વરસાદના ઝાપટા પડયા હતા.

રાપરમાં બપોરે સાડા ત્રણ વાગ્યા બાદ ગાજવીજ સાથે વરસાદનું જોરદાર ઝાપટું વરસ્યું હતું. જેના લીધે માર્ગો પર પાણી ભરાયા હતા. વાતાવરણમાં ઠંડક પ્રસરી જવા પામી હતી. ચિત્રોડ ગામ અને આસપાસના વિસ્તારમાં વરસાદના ઝાપટાં વરસ્યા હોવાનું જાણવા મળે છે. કચ્છમાં રવિવારાથી વરસાદનું આગમન થયું છે.

સુરેન્દ્રનગરના પાટડીમાં નવી કોમર્સ કોલેજ શરૂ કરવા મુખ્યમંત્રીએ કરી જાહેરાત

છેવાડાના વિસ્તારોમાં પાયાની સુવિધાઓ પહોંચાડી લોકોને મુખ્ય ધારામાં સામેલ કર્યા

ગુજરાતના ગામડાઓના અંધારા સરકારે જ્યોતિગ્રામ યોજનાથી ઉલેચ્યા : CM

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૧૬

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના દિશાદર્શનમાં ગુજરાતમાં બે દાયકામાં અંતરિયાળ વિસ્તારો સુધી પાણી, વીજળી, આરોગ્ય, શિક્ષણ, આવાસ જેવી પાયાની સુવિધાઓ પહોંચાડીને સરકારે છેવાડાના માનવીને વિકાસની મુખ્યધારામાં સામેલ કર્યા છે. તેને પરિણામે ગુજરાત સર્વગ્રાહી વિકાસનું આગવું મોડલ બન્યું છે. આ સાથે તેમણે પાટડી ખાતે નવી કોમર્સ કોલેજ શરૂ કરવાની જાહેરાત પણ કરી હતી. મુખ્યમંત્રીએ સુરેન્દ્રનગર જિલ્લાના પાટડીથી રાજ્યની જનતાને વીજ ઊર્જાના ૧૫ પ્રકલ્પો સમર્પિત કર્યા હતા. કુલ રૂ.૧૩૪ કરોડના વિવિધ વિકાસકાર્યોના ખાતમુહૂર્ત અને લોકાર્પણ તેમણે કર્યા હતા. આ પ્રસંગે તેમણે વધુમાં જણાવ્યું કે, ગુજરાતના ગામડાઓના અંધારા સરકારે જ્યોતિગ્રામ યોજનાથી ઉલેચ્યા છે. સરકારે વિદ્યાર્થીઓને અભ્યાસ માટે અવિરત વીજળી અને ગામમાં જ અદ્યતન આરોગ્ય સેવાઓ આપીને સૌના જીવનમાં પ્રકાશ પાથર્યો છે. તેમણે કહ્યું કે, દેશના ગ્રોથ એન્જિન એવા ગુજરાતમાં વિકાસની ગતિ વધુ વેગવાન બનાવવા તેમની ટીમ સતત કાર્યવ્યરત છે. તેમણે શિક્ષણ, સ્વાસ્થ્ય અને સુરક્ષા જેવી મૂળભૂત બાબતો પ્રત્યે ધ્યાન કેન્દ્રિત કરીને સૌનો વિકાસ કરવાની નેમ વ્યક્ત કરી હતી. શિક્ષણ ક્ષેત્રે ગુજરાતે મેળવેલી સિદ્ધિઓ અંગે તેમણે જણાવ્યું કે, એક સમયે રાજ્યનો ડ્રોપ આઉટ રેશિયો ૩૮ ટકા હતો જે ઘટીને ૪ ટકા સુધી પહોંચ્યો છે. ગુજરાતમાં ઘરઆંગણે ઉચ્ચ શિક્ષણની તમામ સુવિધાઓ ઉપલબ્ધ છે. અગરિયા અને વિચરતી જાતિના બાળકોના શિક્ષણ માટે ખાસ વ્યવસ્થા કરીને આ સમુદાયને સમાજના મુખ્યપ્રવાહમાં જોડવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. રાજ્યના શિક્ષણમંત્રી જીતુ વાઘાણીએ જણાવ્યું હતું કે, પાટડી સહિતના ગુજરાતના અંતરિયાળ વિસ્તારોમાં શિક્ષણ ક્ષેત્રે તમામ શ્રેષ્ઠ સુવિધાઓ પૂરી પાડવા માટે રાજ્ય સરકાર કટિબદ્ધ છે. ઊર્જામંત્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં ઊર્જા વ્યવસ્થાનું એટલું સુદ્રઢ માળખુ ગોઠવાયું છે કે, સમગ્ર વિશ્વમાં ઊર્જાની કટોકટી સર્જાઈ છે અને ગુજરાતમાં માથાદીઠ વીજ વપરાશ વધ્યો છે તેમ છતાં રાજ્ય સતત અને સાતત્યપૂર્ણ વીજ પુરવઠો પૂરો પાડી રહ્યું છે. આ અવસરે મુખ્યમંત્રીએ મિશન મંગલમ યોજના હેઠળના ગ્રામ્ય સખી સંઘોને તેમજ પ્રોડ્યુસર ગ્રુપ સંઘોને સહાયના ચેક તેમજ નગરપાલિકા વિસ્તારમાં નલ સે જલ યોજનાના મંજૂરી હુકમ અને મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજનાના ચેકોનું વિતરણ કર્યું હતું.

પાટણની મારિયા સુલ્તાનાએ સિવિલ એન્જિનિયરિંગ યુનિવર્સિટીમાં પ્રથમ રેન્ક મેળવ્યો

પાટણ, તા.૧૬

પાટણની કે.ડી.પોલિટેકનિક માં અભ્યાસ કરતી મારિયા સુલ્તાના અહેમદહુસેન કાદરીએ ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી દ્વારા ચાલુ વર્ષે લેવાયેલ સિવિલ એન્જિનિયરની પ્રથમ સેમેસ્ટરની પારીક્ષા આપી હતી. જેમા



એસ.પી.આઈ., સી.પી.આઈ., ૧૦:૦૦ સાથે યુનિવર્સિટીમાં પ્રથમ રેન્ક મેળવ્યો છે.

ભરૂચ જિલ્લાના અગ્રણી મગન પટેલ (માસ્ટર)ની અખિલ ભારતીય કોળી સમાજના જિલ્લા પ્રમુખ તરીકે વરણી

અખિલ ભારતીય કોળી સમાજ નવી દિલ્હી ગુજરાત રાજય ના પ્રમુખ રૂત્વિકભાઇ મકવાણા તેમજ અખિલ ભારતીય કોળી સમાજ નવી દિલ્હીના રાષ્ટ્રીય મહામંત્રી મનુભાઈ ચાવડા અને ગુજરાત એકમ ના ઉપપ્રમુખ દક્ષિણ ઝોન પ્રભારી લક્ષ્મીકાંત પટેલ દ્વારા ભરૂચ જિલ્લાના અગ્રણી મગનભાઈ પટેલ (માસ્તર)ની સતત બીજી વખત અખિલ ભારતીય કોળી સમાજ ભરૂચ જિલ્લાના પ્રમુખ તરીકે નિમણૂક કરાતા ભરૂચ જિલ્લા કોળી સમાજમાં આનંદની લાગણી ફેલાઈ જવા પામી હતી.

કોડીનારના જંત્રાખડી ગામે ૮ વર્ષની બાળા પર દુષ્કર્મ આચરી હત્યા કરનાર નરાધમને ફાંસી આપવા સર્વ સમાજની માંગ

અલગ-અલગ ૧૩ સમાજો દ્વારા રેલી નીકાળી આરોપી સામેનો કેસ ફાસ્ટટ્રેક કોર્ટમાં ચલાવી નરાધમને તાત્કાલિક સજાની માંગ કરી

કોડીનાર, તા.૧૬

કોડીનાર તાલુકાના જંત્રાખડી ગામે ૮ વર્ષીય માસૂમ બાળા પર દુષ્કર્મ આચરી હત્યા કરવાના બનાવમાં પોલીસે ગણતરીના કલાકોમાં નરાધમ આરોપી શામજી સોલંકીને પકડી પાડ્યા બાદ સમગ્ર તાલુકાભરમાં માસૂમ બાળાને ઝડપી ન્યાય અપાવવા ઝુંબેશ શરૂ થઈ છે, ત્યારે આજે સમગ્ર કોડીનાર તાલુકાના સર્વ સમાજના લોકોએ માસૂમ બાળાને ન્યાય અપાવવા નરાધમ આરોપીને ફાંસીની સજા આપવાની માંગ સાથે વિશાળ રેલી યોજી અલગ અલગ ૧૩ સમાજો દ્વારા કોડીનાર મામલતદારને આવેદપત્ર પાઠવી આ જઘન્ય કૃત્યનો કેસ સ્પે. ફાસ્ટટ્રેકમાં ચલાવી આરોપીને આકરી સજા કરવા માંગ કરી હતી. કોડીનાર શહેરમાં આજે સવારે ૧૧ કલાકે સોમનાથ મંદિરેથી મામલતદાર ઓફિસ સુધી વિશાળ રેલી નીકળી હતી, જે મામલતદાર ઓફિસે જઈ ત્યાં કોડીનાર રાજપૂત કરણી સેના, કોળી સેના, ધર્મ રક્ષા રાષ્ટ્રીય એકતા ફોજ, દશનામ ગોસ્વામી સમાજ,

ત્રિપાંખ સાધુ સમાજ, મહા ગુજરાત દશનામ ગોસ્વામી મહામંડળ, એક વિચાર એક ભારત ગ્રુપ, જય ઝુલેલાલ યુવક મંડળ, ભીમસેના, સમસ્ત દરજી સમાજ કોડીનાર જેવા સંગઠનો અને જિલ્લા સદસ્ય બી.પી. મોરાસિયા, માલગામના સરપંચ એન.બી. રાઠોડ અને જંત્રાખડીના સરપંચ જે.આર. સોલંકી સહિત ટોટલ ૧૩ આવેદનપત્રો પાઠવવામાં આવ્યા હતા. જેમાં સરકાર દ્વારા આ કેસને સ્પે. ફાસ્ટટ્રેક કોર્ટમાં ચલાવી વહેલી તકે ન્યાયિક પ્રકિયા પૂર્ણ કરી ઝડપી કેસ ચલાવી આરોપીને સમાજમાં દાખલારૂપ કડકમાં કડક ફાંસીની સજા આપવા આ અંગે યોગ્ય ઘટતી કાયદેસરની કાર્યવાહી કરવા માંગ કરી હતી.

નરાધમને ફાંસીની સજા નહીં મળે તો હજારો બહેનો અનશન કરશે

આ ઘટનાના વિરોધમાં કોડીનાર શહેરમાં સોરઠ મહિલા મંડળની ૨૦૦થી વધુ મહિલાઓએ આક્રોશભેર રેલી કાઢી મામલતદારને આવેદનપત્ર પાઠવી આરોપીને તત્કાલ ફાંસીની સજા આપવા માંગ કરી છે . જો આ ઘટનામાં આરોપી નરાધમ શખ્સને વહેલીતકે ફાંસી નહીં અપાઈ તો સોરઠ મહિલા મંડળની ૧૧ હજાર બહેનો અનશન ઉપવાસ પર ઉતરશે, તેવું સોરઠ મહિલા મંડળના પ્રમુખ નીતાબેન વાળા અને મીતાબેને ચીમકી ઉચ્ચારી છે.

ખાંભાના નાના બારમણ ગામે વૃદ્ધ દંપતીએ ઝેર પીતા પત્નીનું મોત : પતિ ગંભીર

અમરેલી, તા.૧૬

ખાંભાના નાના બારમણ ગામે વયોવૃદ્ધ દંપતીએ સજોડે ઝેરી દવા ગટગટાવી લેતા વૃદ્ધાનું મોત થયું હતું જ્યારે વૃદ્ધ જીવન મરણ વચ્ચે સારવાર લઈ રહ્યા છે.

પ્રાપ્ત માહિતી અનુસાર અમરેલી જિલ્લાના ખાંભા તાલુકાના નાના બારમણ ગામે રહેતા ઘોહાભાઈ પરડવા (ઉવ-૭૭) અને તેમના પત્ની લાભુબેન ઘોહાભાઈ (ઉવ-૭૦) બંને વયોવૃદ્ધ થઇ ગયેલ હોઈ અને કામ કરવું પડતું હોઈ જેથી શરીર સાથ નહીં દેતા બંને વૃદ્ધ દંપતીએ કંટાળી જઈ એકી સાથે સજોડે ઘઉંમાં નાખવાના ટીકડા ખાઈ લીધા હતા. વૃદ્ધ દંપતીને સારવારમાં ખસેડાયા હતા જ્યાં લાભુબેનનું મોત થયું હતું જ્યારે ઘોહાભાઈ જીવન મરણ વચ્ચે સારવાર લઈ રહ્યા છે બનાવ અંગે વૃદ્ધ દંપતીના પુત્ર હરેશ ઘોહાભાઈ પરડવાએ ખાંભા પોલીસમાં જાહેર કરેલ હતું બનાવથી નાના એવા ગામમાં અરેરાટી મચી જવા પામી હતી.

છાપીમાં રક્તદાન કેમ્પ યોજાયો

(તસવીર : સુરેશ અગ્રવાલ, છાપી)

વડગામ તાલુકાના છાપી હાઈવે વેપારી એસોસિએશનના સહયોગથી સી.એમ.જે. સેવા સમિતિ છાપી દ્વારા છાપી હાઈવે સ્થિત ઓર્ચિડ કોમ્પ્લેક્ષ ખાતે રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં હિન્દુ-મુસ્લિમ તમામ ધર્મના લોકો દ્વારા રક્તદાન કરવામાં આવ્યું હતું. રક્તદાન કેમ્પમાં કુલ ૧૨૧ જેટલા રક્તદાતાઓએ રક્તદાન કરી વિશ્વ રક્તદાન દિન ની ઉજવણી કરી હતી. રક્તદાન કાર્યક્રમમાં સી.એમ.જે. સેવા સમિતિ છાપીના પ્રમુખ મયુદ્દીનભાઇ માછલીયા, ઉપપ્રમુખ સાકીરભાઇ નેદરીયા, સેક્રેટરી અસદભાઈ મુખી, હાઈવે એસોસિએશનના પ્રમુખ મસીહુલ્લા ઘઘા, પંચાયત સદસ્ય મુકેશભાઈ ચૌધરી, અબુબકરભાઈ પટેલ, છાપી વેપારી મંડળના પ્રમુખ સુરેશભાઈ અગ્રવાલ, અ.સત્તારભાઈ મુખી, અબ્દુલહક પટેલ, ફજલુરહમાનભાઈ ટાઇગર, કામરાજભાઈ, ચૌધરી ઈસ્માઇલ સિપાઈ સહિત મોટી સંખ્યામાં આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા

જાહેર નોટિસ

મહેરબાન જંબુસરના પ્રિન્સિપાલ સિનિયર સિવિલ જજ અને એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુકામ :- જંબુસર, તાલુકો :- જંબુસર, જિલ્લો :- ભરૂચ, રાજ્ય :- ગુજરાત

રૂમ નં.:- અરજદારના વિ.વ.શ્રી. :- જે.એ.મિસ્ત્રી ● ક્રિમિનલ પરચુરણ અરજી નંબર :- ૧૮૭/૨૦૨૧

આંક :- ૪ : મુદત તારીખ :- ૦૪/૦૯/૨૦૨૧

અરજદાર :- (૧) દેવેન્દ્રસિંહ પ્રવિણસિંહ યાદવ, રહેવાસી :- મુ.સીગામ, ઠે.ફંટાઈ ફળીયુ; તા.જંબુસર, જિ.ભરૂચ તા :- જંબુસર, જિ :- ભરૂચ

વિરુદ્ધ :- (૧) તલાટી કમ મંત્રીશ્રી, ગ્રામ પંચાયત, સીગામ

સામાવાળા :- રહેવાસી :- મુ.સીગામ, ઠે.ગ્રામ પંચાયત, તા.જંબુસર, જિ.ભરૂચ તા :- જંબુસર જિ :- ભરૂચ

આથી જાહેર જનતાને આ જાહેર નોટિસ આપી જણાવવાનું કે ઉપરોક્ત દર્શાવેલ સદર અરજદાર દેવેન્દ્રસિંહ પ્રવિણસિંહ યાદવ રહેવાસી :- મુ.સીગામ, ઠે.ફંટાઈ ફળીયું, તા.જંબુસર, જિ.ભરૂચ તા :- જંબુસર, જિ :- ભરૂચના માતા નામે :- ગીતાબેન પ્રવિણસિંહ યાદવની મરણ તારીખ :- ૩૦-૧૧-૨૦૦૩ના રોજ સીગામ, તા.જંબુસર, જિ :- ભરૂચ મુકામે મરણ પામેલ. જે બાબતે ઉપરોક્ત દર્શાવેલ સામાવાળાઓની મરણની નોંધણી રજિસ્ટરમાં અરજદારના માતા નામે :- ગીતાબેન પ્રવિણસિંહ યાદવના મરણની નોંધ કરે તેવો હુકમ મેળવવા ૧૮૭/૨૦૨૧ નંબરથી ફોજદારી પરચુરણ અરજી અત્રેની પ્રિન્સિપાલ સિનિયર સિવિલ જજ અને એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં દાખલ કરેલી છે. જેથી સદરહુ અરજદારના માતા નામે :- ગીતાબેન પ્રવિણસિંહ યાદવનાઓની મરણની નોંધણી સામે કોઈ ઈસમને લાગતા વળગતાઓને કે અન્ય કોઈને વાંધો કે તકરાર હોય તો આ જાહેર નોટિસ પ્રસિદ્ધ થયેથી દિન-૩૦ (ત્રીસ)માં અત્રેની પ્રિન્સિપાલ સિનિયર સિવિલ જજ અને એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં હાજર થઈ કાયદેસરની રજૂઆત કરવી. જો નિયત મુદ્દતમાં વાંધો રજૂ કરવામાં નહીં આવે તો નામદાર કોર્ટ દ્વારા નિયમાનુસાર આગળની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેશો. આજની તારીખ ૦૮મી માહે જુલાઈ સને ૨૦૨૧ના રોજ મારી સહી તથા કોર્ટનું સિલ મારીને આપ્યો.

તૈયાર કરનાર (RAJKIRAN K DODIYA) (આસિસ્ટન્ટ) (કોર્ટનો સિક્કો) મુકાબલ કરનાર (ISHVAR C THAKOR) (આસિસ્ટન્ટ) હુકમથી (SHATISHBHAI K GANDHI) રજિસ્ટ્રાર

ANNEXURE-A

વકફ અધિનિયમ ૧૯૯૫ અને વકફ (સચારા) અધિનિયમ ૨૦૧૩ ની કલમ ૫૬ હેઠળ વકફને મિલકત ભાડાપટ્ટે આપવા અંગેની જાહેરાત

વકફનું નામ : હઝરત સુફી સુલેમાન બિન હાફેઝ અહેમદ દિવાન (નસલ જરીયત) વકફ બી-૮૭૭, સુરત.

વકફનું સરનામું : બજાર ફળિયુ, મુ. પોસ્ટ-લાજપોર, તા. ચોર્યાસી, જી.સુરત-૩૯૪૨૩૫

જીલ્લો	વોર્ડ નં.	સીટી સર્વે નં.	કુલ ક્ષેત્રફળ (ચો.મી.)	ભાડાપટ્ટે આપવાની જમીનનું ક્ષેત્રફળ (ચો.મી.)	ભાડાપટ્ટે આપવાની જમીનનું કુલ ક્ષેત્રફળ (ચો.મી.)	તળિયાનું માસિક ભાડુ રૂ-।	કેટલા વર્ષ માટે ભાડે પટ્ટે આપવાની ?	હેતુ	અન્ય
સુરત	૭	૫૭	૨૨.૫૭૫૫	૨૨.૫૭૫૫	૭૮૬.૧૧	૨,૦૯,૦૭૩/-	૨૦	વાણીજય	હાલ જે સ્થિતિમાં ભાડેપટ્ટે આપવાની છે.
		૫૮	૨૧૫.૭૨૧૫	દક્ષિણ દિશા તરફની ૩૬.૪૦૦૦					
		૮૬/અ	૪૦૫૦.૭૭૧૨	દક્ષિણ દિશા તરફની ૭૨૭૧૩૬૭					

ઉપર દર્શાવેલી જમીન હઝરત સુફી સુલેમાન બિન હાફેઝ અહેમદ દિવાન (નસલ જરીયત) વકફ બી-૮૭૭, સુરતની માલિકીની છે તે મિલકત હાલ જે સ્થિતિમાં છે તે સ્થિતિમાં ૨૦ વર્ષ માટે વાણીજય હેતુ માટે ઉકત કોષ્ટકમાં દર્શાવેલ મિલકત ભાડાપટ્ટે આપવાની હોય, ઈચ્છા ધરાવનાર ઈસમો/સંસ્થાઓ પાસેથી સીલ બંધ કવરમાં ભાવ મંગાવામાં આવે છે. સીલ બંધ કવર રજીસ્ટર પોસ્ટ એડી થી તા.૨૪/૦૬/૨૦૨૨ સુધીમાં ટ્રસ્ટને મળી જવા જોઈએ અન્ય રીતે આવેલા ભાવપત્રકો વિચારણામાં લેવામાં આવશે નહી. ટેન્ડર સાથે ૨૫.૦૦૦/- રૂ, શબ્દોમાં પચ્ચીસ હજાર રૂપિયાનો ટ્રસ્ટના નામનો ડ્રાફ્ટ રાષ્ટ્રીયકૃત બેન્કમાં ભરવાનો રહેશે અન્ય કોઈ રીતે ભરેલી રકમ વાળા ભાવો વિચારણામાં લેવામાં આવશે નહી. તા.૨૭/૦૬/૨૦૨૨ ના રોજ ટ્રસ્ટી મંડળની બેઠકમાં પક્ષકારોની રૂબરૂમાં ભાવપત્રકો ખોલવામાં આવશે અને સૌથી વધુ ભાવ ભરનારને ભાડેથી આપવા બાબતે વકફ સંસ્થા દ્વારા ગુજરાત રાજ્ય વકફ બોર્ડ, ગાંધીનગર સમક્ષ વિગતવાર દરખાસ્ત કરવામાં આવશે.

ઘરનું સરનામું : ઘર નં. ૫૮, બજાર ફળિયુ, મુ.પો.લાજપોર, પીન કોડ - ૩૯૪૨૩૫, તા.ચોર્યાસી, જી.સુરત (ગુજરાત)

મુતવલ્લી મંડળ વતી મુખ્ય મુતવલ્લીની સહી અને સરનામું

ટ્રસ્ટી શ્રી

ટ્રસ્ટી શ્રી

નડ્ડાએ કહ્યું કે, બંગાળે મનરેગા ફંડનો હિસાબ આપ્યો નથી તે પછી મમતાએ વડાપ્રધાનને પત્ર લખતા કહ્યું કે, આ સત્યથી વિપરીત છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૬

પશ્ચિમ બંગાળના મુખ્ય પ્રધાન મમતા બેનરજીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને લખેલા પત્રમાં ભાજપના અધ્યક્ષ જેપી નડ્ડાના એવા આક્ષેપને રદિયો આપ્યો છે કે, તેમની સરકારે છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્યમાં કેન્દ્રીય ભંડોળ કેવી રીતે ખર્ચ કર્યો છે. તેની વિગતો સબમિટ કરી નથી. મમતાએ લખ્યું કે તેમની સરકારે મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી (MGNREGA) યોજનાના ભંડોળના ખર્ચ માટે તમામ દસ્તાવેજો સબમિટ કર્યા છે, જ્યારે નડ્ડાના આ દાવાઓને રાજકીય લાભ મેળવવા માટે જૂઠાણું ગણાવ્યા હતા. આ રાજ્યને રૂા.૭,૧૩૦ કરોડના MGNREGA ભંડોળ ન આપવા પ્રકાશન બાબતે તૃણમૂલનું પ્રતિનિધિમંડળ ગુરુવારે ગ્રામીણ વિકાસ પ્રધાન ગિરિરાજ સિંહને મળ્યું હતું. નડ્ડાએ ગયા ગુરૂવારે કોલકાતામાં એક સંમેલનને સંબોધિત કરતી વખતે પશ્ચિમ બંગાળ સરકાર સામે આ દાવો કર્યો હતો. મમતાએ ૯ જૂને તેમના પત્રમાં લખ્યું હતું કે, શ્રી જે.પી. નડ્ડા દ્વારા કોલકાતામાં આપેલા નિવેદનથી હું ખરેખર દુઃખી છુંપકે છેલ્લા ત્રણ વર્ષમાં મહાત્મા ગાંધી નરેગા હેઠળ મળેલા ભંડોળ માટે ઉપયોગ પ્રમાણપત્ર સબમિટ ન કરવાને કારણે રાજ્ય સરકારને ભંડોળ આપવામાં આવ્યું નથી. રાજ્યના લાખો ગ્રામીણ ગરીબો જેઓ તેમના કામો માટે વેતન ન મળવાને કારણે અત્યંત કષ્ટદાયક સમયમાંથી પસાર થઈ રહ્યા છે. માત્ર રાજકીય લાભ મેળવવાના હેતુથી આ એક નિર્લજ્જ જૂઠાણું છે. હું જણાવવા માંગુ છું કે, રાજ્ય સરકાર દ્વારા મહાત્મા ગાંધી નરેગા હેઠળ મળેલા ભંડોળ માટે તમામ ઉપયોગિતા પ્રમાણપત્રો અને એકાઉન્ટ્સ યોગ્ય રીતે સબમિટ કરવામાં આવ્યા છે. ૧૨ મેના રોજ લખેલા પત્રમાં, તૃણમૂલ કોંગ્રેસના પ્રમુખે દાવો કર્યો હતો કે, મનરેગા કાર્યક્રમ હેઠળ વેતનની એક કેન્દ્રીય યોજના જે ગ્રામીણ ગરીબોને ૧૦૦ દિવસના પેઈડ કામની ખાતરી આપે છે તેનું ભંડોળ ચાર મહિનાથી પેન્ડિંગ છે. કારણ કે, કેન્દ્રએ આ ભંડોળ બહાર પાડ્યું નથી. ગુરૂવારે ગિરિરાજ સિંહને મળેલા ૧૦ સાંસદોના તૃણમૂલ પ્રતિનિધિમંડળનું નેતૃત્વ લોકસભામાં પક્ષના નેતા સુદીપ બંદોપાધ્યાય અને રાજ્યસભામાં પક્ષના નેતા સુખેન્દુ શેખર રેએ કર્યું હતું. બંદ્યોપાધ્યાયના જણાવ્યા મુજબ, પ્રતિનિધિમંડળને NREGA માર્ગદર્શિકાના પાલનમાં ખામીઓ વિશે જણાવવામાં આવ્યું હતું જેના કારણે આ ભંડોળ અટકાવવામાં આવ્યું હતું. અમે એક મેમોરેન્ડમ સબમિટ કર્યું છે અને તેમને કહ્યું છે કે લાખો ગ્રામીણ ગરીબોને પૈસાથી વંચિત રાખવા તે સ્વીકાર્ય નથી. કેન્દ્ર કાયદાકીય રીતે આ નાણાં રોકી શકે નહીં. અમને કહેવામાં આવ્યું હતું કે, આગામી ૪૮ કલાકમાં તેઓ જવાબ આવશે અને આ મુદ્દે કેન્દ્ર અને રાજ્યના અધિકારીઓ વચ્ચે બેઠક પણ થશે. પ્રતિનિધિમંડળે કેન્દ્રને વિનંતી કરી હતી કે, ગરીબ લોકોની મુશ્કેલીઓ દૂર કરવા માટે તાત્કાલિક ઓછામાં ઓછા ૫૦ ટકા નાણા મુક્ત કરવામાં આવે. દરમિયાન, ત્રિપુરામાં ચાર વિધાનસભા બેઠકોની પેટાચૂંટણી પહેલાં હિંસાનો મુદ્દો ઉઠાવવા ગુરૂવારે તૃણમૂલનું એક અલગ પ્રતિનિધિમંડળ ચૂંટણી પંચ પાસે ગયું હતું. અગરતલા, બારદોવાલી, સુરમા અને જુબરાજનગરમાં ૨૩ જૂને પેટાચૂંટણી યોજાવાની છે. ચૂંટણી કમિશનરોને આ સંબોધિત મેમોરેન્ડમમાં, ટીએમસીએ લખ્યું છે કે, ૧૫/૦૬/૨૦૨૨ના રોજ, ત્રિપુરાના સુરમામાં ૭૦થી વધુ પરિવારો AITC ચઓલ ઈન્ડિયા તૃણમૂલ કોંગ્રેસમાં જોડાયા, પરંતુ ત્યારપછી તરત જ ભાજપના ગુંડાઓએ આ પરિવારોને ઘેરી લીધા હતા અને ક્રૂરતા આચરીને તીક્ષ્ણ હથિયારોનો ઉપયોગ કરીને તેમના પર હુમલો કર્યો હતો. વધુમાં ત્રિપુરા રાજ્ય પ્રશાસન અને પોલીસે એઆઈટીસીના નેતાઓને ઘટના સ્થળે પહોંચવા અને પરિવારોને મદદ કરતા અટકાવ્યા હતા. પ્રતિનિધિમંડળનું નેતૃત્વ કરી રહેલા લોકસભા સાંસદ સૌગતા રોયે મીડિયાને જણાવ્યું હતું કે, મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમારે તેમને ખાતરી આપી છે કે, હિંસા રોકવા માટે તમામ પગલાં લેવામાં આવશે. તેમણે કહ્યું છે કે, તમામ બૂથ સીસીટીવી દેખરેખ હેઠળ રહેશે અને પર્યાપ્ત કેન્દ્રીય દળો તૈનાત કરવામાં આવશે. તેમણે અમને ખાતરી આપી કે તેઓ અંગત રીતે હિંસા વિરૂદ્ધ છે અને હિંસા ન થાય તેની ખાતરી કરવામાં આવશે.

શ્રીલંકાની રાજધાનીમાં અદાણી ગ્રુપ દ્વારા સૂચિત વિન્ડ મિલ પ્રોજેક્ટ સામે વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું

(એજન્સી) તા.૧૬

ભારતના અદાણી જૂથ દ્વારા મન્નારના ઉત્તરપૂર્વીય ક્ષેત્રમાં હાથ ધરવામાં આવનાર પ્રસ્તાવિત વિન્ડ મિલ પ્રોજેક્ટ વિરૂદ્ધ ગુરૂવારે શ્રીલંકાની રાજધાનીમાં વિરોધ પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. ગોટાગોગામા (પ્રમુખ ગોટાબાયા ઘરે જાઓ)ના વિરોધીઓ કોલંબોની દક્ષિણે વ્યસ્ત બમ્બલાપીટીયા સેક્ટરમાં એકઠા થયા હતા. તેઓએ અદાણી ગ્રુપને પ્રોજેક્ટ આપવામાં પારદર્શિતાના અભાવ અંગે સવાલ ઉઠાવતા પ્લેકાર્ડ હાથમાં રાખ્યા હતા અને આ ભારતીય બિઝનેસ સમૂહ વિરૂદ્ધ સૂત્રોચ્ચાર કર્યા હતા. ગયા અઠવાડિયે સંસદીય દેખરેખ સમિતિની કાર્યવાહી બાદ ૫૦૦ મેગાવોટના પવનચક્કી પ્રોજેક્ટ અંગે ભારે વિવાદ થયો છે. કમિટીની સુનાવણીમાં કરાયેલી ટીપ્પણીઓ અને બાદમાં MMC ફર્ડિનાન્ડો દ્વારા કરાયેલી કાર્યવાહી, તેમને પાછી ખેંચવા માટે રાજ્ય સત્તા સંસ્થાના અધ્યક્ષે તેમનું રાજીનામુ આવાની ફરજ પડી હતી. રાષ્ટ્રપતિ ગોટાબાયા રાજપક્ષેએ પોતે પ્રોજેક્ટ પર ફર્ડિનાન્ડોની ટિપ્પણીનો ખુલાસો જારી કરવો પડ્યો હતો. અદાણી ગ્રુપના પ્રવક્તાએ આ વિવાદ પર સોમવારે એક નિવેદન જારી કરીને કહ્યું કે, શ્રીલંકામાં રોકાણ કરવાનો અમારો ઉદ્દેશ મૂલ્યવાન પાડોશીની જરૂરિયાતોને સંબોધવાનો છે. એક જવાબદાર કોર્પોરેટ તરીકે અમે આને ભાગીદારીના એક આવશ્યક ભાગ તરીકે જોઈએ છીએ જે અમારા બંને રાષ્ટ્રોએ હંમેશા શેર કર્યું છે.

પોલીસ મૂસેવાલાની હત્યાનું ષડયંત્ર ઉકેલવામાં સફળતા ભણી

મૂસેવાલાની હત્યાનું કાવતરૂં ૩ ગેંગસ્ટરે ઘડ્યાનું અનુમાન

૩ ગેંગસ્ટરોએ ૪ રાજ્યમાંથી ૮ શૂટરો હાયર કર્યા હતા

(એજન્સી) અમૃતસર, તા.૧૬

પંજાબ અને દિલ્હીના પોલીસને પ્રખ્યાત પંજાબી સિંગર સિદ્ધુ મૂસેવાલાની હત્યા પાછળના ષડયંત્રને ઉકેલવામાં ઘણી હદ સુધી સફળતા મળી છે. પોલીસના જણાવ્યા પ્રમાણે દિલ્હીની તિહાડ જેલ અને વિદેશમાં બેઠેલા ૩ ગેંગસ્ટરોએ મળીને ૪ રાજ્યોમાંથી ૮ ભાડેના શૂટરો હાયર કર્યા હતા અને અંતમાં એક ડ્રગ એડિક્ટે સિદ્ધુ મૂસેવાલાની છેલ્લી મિનિટની રેકી કરી હતી જેના બદલે તેને માત્ર થોડા હાજાર રૂપિયાઓ મળવાની વાત સામે આવી રહી છે. ઘણા મહિનાઓમાં યોજવામાં આવેલા આ હત્યાના ષડયંત્રને અંજામ આપવા માટે કેટલાક શૂટરોને ૩.૫ લાખ રૂપિયા સુધી આપવામાં આવ્યા હતા. પંજાબ પોલીસ આ ઘટના પાછળ કેટલાક ગેંગની પરસ્પર દુશ્મનાવટને જવાબદાર માની રહી છે. ૨૯ મેના રોજ મનસામાં ધોળા દિવસે સિદ્ધુ મૂસેવાલાની હત્યા કર્યાના ૧૮ દિવસ બાદ પણ રાજ્યના અધિકારી કોઈ પણ શૂટરોની ધરપકડ નથી કરી શકી. પુણે પોલીસે જરૂર ૨ શૂટરોની ધરપકડ કરી છે અને તેને ટૂંક સમયમાં પંજાબ લાવવામાં આવશે. તો પણ પંજાબ પોલીસને આશા છે કે, હત્યાના ષડયંત્રના માસ્ટરમાઈન્ડ ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈની ચાલી રહેવી પૂછપરછ થકી દરેક વાતનો ખુલાસો થઈ શકે છે. પંજાબ પોલીસના વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું છે કે, ટૂંક સમયમાં આ મામલાનો ઉકેલ આવી જશે. બધા આરોપીઓની પોલીસ ધરપકડ કરી લેશે અને હત્યામાં ઉપયોગ કરવામાં આવેલા હથિયારોને જપ્ત કરી લેવામાં આવશે. પોલીસ હત્યામાં ઉપયોગમાં લેવાયેલા હથિયારોને પણ શોધી રહી છે જેના વિશે માનવામાં આવી રહ્યું છે કે, તેને રાજ્યમાં ક્યાંક જમીનમાં દાટી દેવામાં આવ્યા છે. પોલીસ હવે એ લગભગ માની ચૂકી છે કે, મૂસેવાલાની હત્યા પાછળ લોરેન્સ બિશ્નોઈ ટીમનો હાથ છે. આ યોજનામાં તેનો મુખ્ય સહયોગી કેનેડામાં રહેતા એક ગેંગસ્ટર ગોલ્ડી બરાડ અને એક અન્ય ગેંગસ્ટર વિક્રમ બરાડ છે. દિલ્હીથી લાવ્યા બાદ હવે બિશ્નોઈની પંજાબ પોલીસ પૂછપરછ કરી રહી છે જ્યારે અન્ય બે કાવતરાખોરો વિદેશમાં છે. દિલ્હી પોલીસનું કહેવું છે કે, તેમણે અત્યાર સુધીમાં ૬ શૂટરોની ઓળખ કરી લીધી છે. શૂટરોમાં ૩ પંજાબના, ૨ હરિયાણાના, એક રાજસ્થાનનો અને ૨ મહારાષ્ટ્રના ગણાવવામાં આવી રહ્યા છે. આ બધા શૂટરોની વ્યવસ્થા ગોલ્ડી બરાડ અને વિક્રમ બરાડે કરી હતી. પુણે પોલીસે બે શૂટરો સંતોષ જાધવ અને નવનાથ સૂર્યવંશીની ધરપકડ કરી છે. પોલીસે ૯ લોકોની હત્યામાં ઉપયોગ કરવામાં આવેલા બે વાહનોની વ્યવસ્થા કરવા, હત્યા અગાઉ કેટલાક શૂટરોને આશ્રય આપવા અને મૂસેવાલાની ગતિવિધિઓની રેકી કરવા જેવી ઘટનાઓને અંજામ આપવાના આરોપમાં ધરપકડ કરી છે.

કંપનીઓએ મણ ભાવ વધાર્યા બાદ કણનો ઘટાડો કર્યો

ખાદ્યતેલમાં લિટરે ૧૫ રૂપિયા સુધીનો ઘટાડો

ખાદ્યતેલો સસ્તા થવાનું કારણ ઈન્ડોનેશિયા દ્વારા પામતેલની નિકાસ ફરી શરૂ કરવી અને વૈશ્વિક બજારોની નરમાઈ છે

(એજન્સી) મુંબઈ, તા.૧૬

બ્રાન્ડેડ ખાદ્યતેલ કંપનીઓએ છેલ્લા બે વર્ષમાં 'મણ' જેટલો ભાવવધારા બાદ હવે 'કણ' જેટલો ઘટાડો કર્યો છે. તાજેતરમાં વિવિધ બ્રાન્ડેડ એડિબલ ઓઈલ કંપનીઓએ ખાદ્યતેલોની કિંમત લીટર દીઠ રૂા.૧૫ સુધી ઘટાડી છે, જે મોંઘવારીની ભીંસમાં પિસાઈ રહેલી પ્રજાને આગામી તહેવારોની સિઝનમાં થોડીક રાહત આપી શકે છે.

ખાદ્યતેલો સસ્તા થવાનું મુખ્ય કારણ ઈન્ડોનેશિયા દ્વારા પામતેલની નિકાસ ફરી શરૂ કરવી અને વૈશ્વિક બજારોની નરમાઈ છે. છેલ્લા કેટલાંક સપ્તાહોથી આર્જેન્ટિના અને રશિયામાંથી સનફ્લાવર તેલની સપ્લાય શરૂ થઈ છે જેની અસરે કિંમત પર દબાણ આવ્યું છે. બ્રાન્ડેડ એડિબલ ઓઈલ કંપનીઓએ પામતેલની કિંમત પ્રતિ લિટર દીઠ ૭થી ૮ રૂપિયા સુધી ઘટાડી છે. તો સનફ્લાવર તેલ લિટર દીઠ રૂા.૧૦થી ૧૫ તેમજ સોયાબીન તેલ રૂા.૫ સુધી સસ્તા કર્યા છે. ઈન્ડિયન વેજિટેબલ ઓઈલ પ્રોડ્યુસર્સ એસોસિએશનના પ્રમુખે જણાવ્યું કે, કિંમતોમાં ઘટાડાની અસર અર્થવ્યવસ્થા અને લોકપ્રિય ખાદ્યતેલોની બ્રાન્ડો પર તાત્કાલિક દેખાશે, જો કે પ્રીમિયમ બ્રાન્ડોની કિંમતોમાં ઘટાડાની અસર ગ્રાહકો થવામાં થોડોક સમય લાગશે. આગામી તહેવારોમાં માંગ વધવાની અપેક્ષા એ ભાવ ઘટતા વિક્રેતાઓ ખાદ્યતેલોની સંગ્રહખોરી કરવા પ્રેરિત થયા છે. મોંઘવારી વધવામાં ખાદ્યતેલોએ મોટી ભૂમિકા ભજવી છે. કોરોના મહામારી આવ્યાના છેલ્લા સવા બે વર્ષમાં મોટા ભાગના ખાદ્યતેલોની કિંમતમાં ૫૦થી ૧૦૦ ટકા સુધીનો કમરતોડ વધારો થયો છે. પ્રજાને ઉંચી કિંમતોથી રાહત આપવા સરકાર ખાદ્યતેલ ઉદ્યોગોને કિંમત ઘટાડવા નિર્દેશ કર્યો હતો.

અગ્નિપથ મુદ્દે હિંસા પ્રસરી, વિપક્ષે દબાણ વધાર્યું

(એજન્સી) નવી દિલ્હી, તા. ૧૬

સૈન્ય દળો માટે ઉગ્ર સુધારાવાદી ભરતી યોજના અગ્નિપથ વિરૂદ્ધ થયેલા હિંસક પ્રદર્શનો ગુરૂવારે વધુ હિંસક અને આક્રમક બની ગયા હતા જેમાં ખાસ કરીને બિહારમાં સૈન્ય ઉમેદવારોએ ટ્રેન તથા માર્ગ વ્યવહાર ખોરવી દીધો હતો. ટ્રેનોમાં આગ લગાવાઈ, માર્ગ તથા રેલવે વ્યવહાર ખોરવી દેવાયો, બસોની કાચની બારીઓ તોડી નખાઈ અને આક્રોશિત ટોળાએ સત્તાધારી ભાજપના ધારાસભ્યની કાર પર હુમલો કર્યો હતો અને આ ટૂંકા ગાળાની ભરતી યોજનાને તાત્કાલિક અસરથી પાછી ખેંચવાની માગણી ઉગ્ર બનાવી હતી. આ હિંસક પ્રદર્શન અન્ય હરિયાણા અને ઉત્તરપ્રદેશ સહિત કેટલાક અન્ય રાજ્યોમાં પણ પ્રસરી ગયા હતા. નવી નીતિએ ટિકાઓની નવી દિશા ખેંચી છે જેમાં કેટલાક વરિષ્ઠ વિશ્લેષકોએ ચાર વર્ષના સમયગાળાની ચર્ચા કરતાં કહ્યું કે, રેંકમાં લડાઈની ભાવના વધશે અને તેમની નોકરીઓને જોખમવાળી બનાવી દેશે. કેટલાક વરિષ્ઠ સૈન્ય અધિકારીઓમાં સામેલ મેજર જનરલ બીએસ ધનોઆએ ટ્વિટમાં લખ્યું કે, સૈન્ય દળો માટે હાલમાં જ જાહેર થયેલી ભરતી યોજનાએ બે ગંભીર ભલામણ કરી છે જેમાં નવી ભરતી મેળવનારાઓનો સેવા કાળ ઓછામાં ઓછો સાત વર્ષ વધારાશે તથા ઓછામાં ઓછા ૫૦ ટકાથી વધુ સમય સુધી સેવા આપનારા ઈચ્છુક લોકોને જાળવી રાખવામાં આવે.

મહારાષ્ટ્ર : પયગમ્બર (સ.અ.વ.) સાહેબ અંગે ટિપ્પણી મામલે નુપુર શર્મા વિરૂદ્ધ વધુ એક કેસ

(એજન્સી) તા.૧૬

મહારાષ્ટ્રના બીડની પોલીસે ભાજપના સસ્પેન્ડેડ પ્રવક્તા નુપુર શર્મા વિરૂદ્ધ વધુ એક કેસ નોંધ્યો છે. નુપુર શર્માએ પયગમ્બર સાહેબની શાનમાં ગુસ્તાખી કરતી ટિપ્પણી કરી હતી જેનો દેશ સહિત દુનિયાભરમાં પણ વિરોધ થયો હતો. એક અધિકારીએ આ માહિતી આપી હતી.

અગાઉ થાણે, મુંબઈ સહિત મહારાષ્ટ્રના અનેક ભાગોમાં પણ નુપુર શર્મા વિરૂદ્ધ કેસ નોંધાયો હતો. એડવોકેટ સૈયદ અઝીમે તેમની ફરિયાદમાં બીડ પોલીસને જણાવ્યું કે શર્માએ ટીવી ડિબેટમાં મુસ્લિમોની ધાર્મિક લાગણી દુભાવતી ટિપ્પણી કરી હતી.

તેમની ફરિયાદના આધારે બીડ સિટી પોલીસે બુધવારે આ મામલે ઈન્ડિયન પિનલ કોડ સેક્શન ૨૯૫-એ, ૫૦૫(૨) હેઠળ નુપુર શર્મા વિરૂદ્ધ કેસ નોંધ્યો હતો. ઉલ્લેખનીય છે કે દેશ સહિત દુનિયાભરમાં વિરોધનો સામનો કર્યા બાદ ભાજપે તેના રાષ્ટ્રીય પ્રવક્તા નુપુર શર્મા વિરૂદ્ધ કાર્યવાહી કરવાની ફરજ પડી હતી અને તેને સસ્પેન્ડ કરી દેવામાં આવી હતી. તેણે પયગમ્બર સાહેબની શાનમાં ગુસ્તાખી કરતી ટિપ્પણી લાઈવ ટીવી ડિબેટ શૉમાં કરી હતી.

કોલકાતાના ગટરમાં પોલિયોના ચિહ્નો મળ્યા, અધિકારીઓએ કહ્યું કે, તે નિષ્ક્રિય છે અને ચિંતાનું કારણ નથી

(એજન્સી) કોલકાતા, તા.૧૬



કોલકાતાના મેટિયાબ્રુઝના ગટરના પાણીમાં પોલિયો વાયરસના ચિહ્નો મળી આવ્યા હતા. પરંતુ તે નિષ્ક્રિય હોવાનું જાણવા મળ્યું છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન દ્વારા આઠ વર્ષ પહેલાં ભારતને પોલિયો મુક્ત જાહેર કરવામાં આવ્યું હતું, ત્યારે સમયાંતરે ગટરના નમૂનાઓમાં વાયરસના નિશાન જોવા મળે છે. તેથી નવીનતમ અપડેટ મુજબ હજુ સુધી જોખમનું કોઈ કારણ નથી. પોલિયોનો છેલ્લો કેસ ૨૦૧૧માં બંગાળના હાવડામાં બે વર્ષની બાળકીમાં જોવા મળ્યો હતો. બંગાળી દૈનિક આનંદબજાર પત્રિકાએ ૧૫ જૂનના રોજ આ તારણનો અહેવાલ આપ્યો હતો. અહેવાલમાં રાજ્યના આરોગ્ય વિભાગના જાહેર આરોગ્ય વિભાગના અધિકારીઓને ટાંકીને અનુમાન કરવામાં આવ્યું હતું કે, આ વાયરસ (VDPV પ્રકાર ૧) બાળકના મળમાંથી આવ્યો હોઈ શકે છે. જીવંત પોલિયો રસી (નિષ્ક્રિય રસીથી વિપરીત) અને ખુલ્લામાં શૌચ કરવામાં આવે છે, ત્યારે આવા કિસ્સામાં એવો ભય છે કે, આ વાયરસ ફેલાય છે અને અન્યને અસર કરે છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે, વૈકલ્પિક વિકલ્પ એ હોઈ શકે છે કે, વાયરસ મળી આવ્યો હોય તે બાળકના મળમાંથી આવ્યો હોય જે પહેલાથી જ પોલિયોથી પીડિત હોય. સમાચાર એજન્સી પીટીઆઈએ અહેવાલ આપ્યો છે કે નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ વાયરોલોજી, પુણેએ આ ચિહ્નોનું આનુવંશિક અનુક્રમણ કર્યું હતું અને તે નિષ્ક્રિય જણાયા હતા. આરોગ્ય મંત્રાલયના સૂત્રોએ જણાવ્યું હતું કે, ગટરના પર્યાવરણીય સર્વેલન્સમાં જે પોલિયો વાયરસ મળી આવ્યો હતો, તે રસીમાંથી મેળવેલો હતો અને તીવ્ર પોલિયો વાયરસ નથી. અહેવાલમાં જણાવાયું છે કે, પશ્ચિમ બંગાળના આરોગ્ય વિભાગ દ્વારા ૨૬ મેના રોજ એક બેઠક બોલાવવામાં આવી હતી. તેમાં યુનિસેફ અને અન્ય વૈશ્વિક આરોગ્ય સંસ્થાઓના સ્થાનિક પ્રતિનિધિઓ સામેલ હતા. અહેવાલમાં પશ્ચિમ બંગાળના જાહેર આરોગ્ય સેવાઓના નિયામક ડૉ. સિદ્ધાર્થ નેઓગીએ કહ્યું હતું કે, રાજ્ય વિભાગ વિસ્તારનું સર્વેક્ષણ કરી રહ્યું છે અને તપાસ કરી રહ્યું છે કે, કોઈને આ રોગ છે કે કેમ. રાજ્યની તમામ મેડિકલ કોલેજોને પત્રો પણ મોકલવામાં આવ્યા છે. જેમાં કોઈપણ રોગપ્રતિકારક શક્તિની ઉણપ ધરાવતા બાળકના પરીક્ષણ માટે કહેવામાં આવ્યું છે. આ રસીના વાયરસ શોધવો અસામાન્ય નથી, તે તદ્દન સ્વાભાવિક છે. તેથી ચિંતા કરવાની કોઈ વાત નથી. દેખરેખની પ્રક્રિયા ચાલુ છે અને તે લાંબા સમય સુધી ચાલુ રહેશે. પીટીઆઈના અહેવાલ મુજબ, વીડીપીવી પ્રકાર ૧ વાયરસ છેલ્લે નવી દિલ્હીમાં ૨૦૧૮ માં મળી આવ્યો હતો.

રાહુલ ગાંધીની ઈડી દ્વારા પૂછપરછ : કોંગ્રેસે અમિત શાહ, નિર્મલા સીતારમણ, કિરણ રિજિજુને નોટિસ મોકલી

(એજન્સી) તા.૧૬

નેશનલ હેરાલ્ડ કેસમાં રાહુલ ગાંધીની EDની પૂછપરછની વિગતો મીડિયામાં આવ્યા બાદ કોંગ્રેસે ગૃહમંત્રી, નાણાં મંત્રી અને કાયદા મંત્રીને નોટિસ મોકલી છે. કોંગ્રેસે તપાસમાં બહાર આવેલી માહિતી પર સવાલો ઉઠાવ્યા છે અને નોટિસ પાઠવી જવાબ માંગ્યો છે.

કોંગ્રેસે આ નોટિસના માધ્યમથી ઈડી વિરૂદ્ધ પદ્ધતિસર રીતે પુછપરછની વિગતો લીક કરવા મામલે કાર્યવાહીની માગ કરી હતી. કોંગ્રેસે ગૃહમંત્રી અમિતશાહ, નાણામંત્રી નિર્મલા સીતારમણ અને કાયદામંત્રી કિરણ રિજિજુને નોટિસ મોકલાવી હતી.

કોંગ્રેસ દ્વારા મોકલવામાં આવેલી કાનૂની નોટિસમાં ન્યૂઝ ચેનલો પર ચાલી રહેલા ત્રણ અહેવાલોને ટાંકવામાં આવ્યા છે. નોટિસમાં કહેવામાં આવ્યું છે કે આ ચેનલોએ અનામી સૂત્રોને ટાંકીને દાવો કર્યો હતો કે પૂછપરછ દરમિયાન રાહુલ ગાંધી જવાબ આપવાનું ટાળી રહ્યા છે અને વકીલોની સલાહના આધારે જ બોલે છે. નોટિસમાં કહેવામાં આવ્યું છે કે સરકારે જાણીજોઈને આવી વસ્તુઓ લીક ન કરવી જોઈએ. કોંગ્રેસ દ્વારા મોકલવામાં આવેલી નોટિસમાં આરોપ લગાવવામાં આવ્યો છે કે ગૃહમંત્રી અમિત શાહ અને નાણામંત્રી નિર્મલા સીતારમણ રાજકીય બદલો લેવા માટે EDનો ઉપયોગ કરી રહ્યા છે. આટલું જ નહીં નોટિસમાં કહેવામાં આવ્યું છે કે રાહુલ ગાંધીની પૂછપરછ લીક કરવામાં આવી છે જેથી સરકારના એજન્ડાને આગળ વધારી શકાય. નોટિસમાં કહેવામાં આવ્યું છે કે સુપ્રીમ કોર્ટનો એવો પણ નિર્દેશ છે કે આવા મામલાઓમાં કોઈપણ માહિતી લીક કરવી કાયદાનું ઉલ્લંઘન છે, જેની તપાસ હજુ ચાલી રહી છે.

ઝારખંડ સરકારે પ્રદર્શનકારીઓના 'ગેરકાયદે' પોસ્ટરો લગાવવા માટે એસએસપીને કારણદર્શક નોટિસ જારી કરી

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૬

ઝારખંડની હેમંત સોરેનની આગેવાની હેઠળની સરકારમાં મુખ્ય સચિવ રાજીવ અરુણ એક્કાએ બુધવાર, ૧૫ જૂનના રોજ રાજ્યની રાજધાની રાંચીના વરિષ્ઠ પોલીસ અધિક્ષકને એ ખુલાસો આપવાનો આદેશ આપ્યો હતો કે પોલીસે શા માટે રાજ્યમાં ૧૦ જૂનના વિરોધ પ્રદર્શનમાં ભાગ લેવાના આરોપમાં વ્યક્તિઓના પોસ્ટર લગાવ્યા છે. આ અગાઉના દિવસે, પોલીસે ભારતીય જનતા પાર્ટી (BJP)ના સસ્પેન્ડેડ નેતા નુપુર શર્મા દ્વારા કરવામાં આવેલ અપમાનજનક ટિપ્પણીઓ વિરૂદ્ધ ૧૦ જૂનના રોજ યોજાયેલા વિરોધ પ્રદર્શનમાં ભાગ લીધો હોવાનું માનવામાં આવતા ૩૩ શંકાસ્પદ લોકોના પોસ્ટરો લગાવ્યા હતા. ઝારખંડના ગવર્નર રમેશ બૈસના નિર્દેશો પર આ પોસ્ટરો જાહેર સ્થળોએ લગાવવામાં આવ્યા હતા અને તેમાં આરોપીઓના સરનામા સહિતની અંગત વિગતો દર્શાવવામાં આવી હતી. જો કે, તે જ દિવસે પછી તકનીકી આધારો પર દૂર કરવામાં આવ્યા હતા. ઉત્તરપ્રદેશના કાનપુરમાં પોલીસે વિરોધ પ્રદર્શનમાં ભાગ લેનાર આરોપીઓના ફોટા અને અંગત વિગતો ધરાવતા પોસ્ટરો પણ લગાવ્યા પછી ઝારખંડ પોલીસે આ પગલું લીધું હતું. ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં પણ બુધવારે પોલીસ દ્વારા સમાન પોસ્ટરો લગાવવામાં આવ્યા હતા, આ પોસ્ટરોમાં ૫૯ આરોપીઓના ફોટોગ્રાફ્સ અને અંગત માહિતી હોવાનું કહેવાય છે. હિન્દુસ્તાન ટાઈમ્સના અહેવાલ મુજબ, બીજા દિવસે રાંચીના એસએસપી સુરેન્દ્ર ઝાને કારણદર્શક નોટિસ જારી કરવામાં આવી હતી, જેમાં આ મુદ્દે ખુલાસો માંગવામાં આવ્યો હતો. એક્કા, જેઓ રાજ્યના ગૃહ સચિવ પણ છે, તેમણે એસએસપી ઝાને એક પત્ર લખ્યો હતો જેમાં તેમણે પીઆઈએલ ૫૩૨/૨૦૨૦માં અલ્હાબાદ હાઈકોર્ટના ૯ માર્ચ, ૨૦૨૦ના આદેશને ટાંક્યો હતો, તેમાં વ્યક્તિગત માહિતી ધરાવતા પોસ્ટરોને ગેરકાયદેસર જાહેર કરવામાં આવ્યા હતા. રાજ્યપાલ બૈસે અનેક વરિષ્ઠ પોલીસ અધિકારીઓને ઝારખંડ રાજભવનમાં બોલાવ્યા બાદ આ પોસ્ટરો રિલીઝ કરવાનો પોલીસનો નિર્ણય લેવામાં આવ્યો હતો. ઈન્ડિયન એક્સપ્રેસે જનસંપર્ક વિભાગની એક અખબારી યાદીને ટાંકીને જણાવ્યું હતું કે બૈસે અધિકારીઓને કહ્યું હતું કે : તમામ વિરોધીઓ અને જેઓ પકડાયા છે તેમની વિગતો શોધો, તેમના નામ/સરનામું સાર્વજનિક કરો, તેમના ફોટોગ્રાફ્સ પ્રદર્શિત કરીને તેમના હોર્ડિંગ્સ બનાવો. શહેરમાં અનેક સ્થાનો પર લગાવો જેથી જનતા પણ તેમને ઓળખી શકે અને પોલીસને મદદ કરી શકે. શાસક ઝારખંડ મુક્તિ મોરચાના સભ્યો તેમજ કોંગ્રેસના કેટલાક સભ્યોએ આ પગલાનો વિરોધ કર્યો હતો. જેએમએમના પ્રવક્તા સુપ્રિયો ભટ્ટાચાર્યએ કહ્યું હતું કે આ ક્રિયાઓ રાજ્યની સાંપ્રદાયિક સૌહાર્દને નુકસાન પહોંચાડી શકે છે.

હૈદરાબાદમાં પોલીસકર્મીનો કોલર પકડવા મામલે રેણુકા ચૌધરી સામે કેસ, કહ્યું; હું સામનો કરીશ

(એજન્સી) તા.૧૬

નેશનલ હેરાલ્ડ કેસમાં ઈડીની તપાસ સામે કોંગ્રેસીઓ દ્વારા દેશભરમાં વિરોધ પ્રદર્શન કરવામાં આવી રહ્યા છે. દિલ્હીથી લઈને હૈદરાબાદ સુધી કોંગ્રેસના નેતાઓએ સરકાર વિરૂદ્ધ મોરચો ખોલ્યો છે. આ દરમિયાન કોંગ્રેસ નેતા રેણુકા ચૌધરીનો એક વીડિયો સામે આવ્યો છે, જેમાં તેણે એક પોલીસકર્મીનો કોલર પોતાના હાથથી પકડ્યો છે. આ મામલે તેમની સામે કેસ પણ નોંધવામાં આવ્યો છે. તેના પર તેમણે કહ્યું કે હું આ કેસનો સામનો કરીશ.

કોંગ્રેસના નેતા રેણુકા ચૌધરીએ રાહુલ ગાંધીને પોલીસકર્મીના કોલરથી પકડી રાખ્યા છે કારણ કે, હૈદરાબાદમાં, ઈડી સમન્સ પર પાર્ટીના વિરોધ દરમિયાન પોલીસ તેમને લઈ જતી હતી, વીડિયો સામે આવ્યો છે. વીડિયોમાં જોઈ શકાય છે કે, મહિલા પોલીસકર્મી તેમને કેવી રીતે લઈ જઈ રહી છે, પરંતુ આ દરમિયાન તેઓએ એક પોલીસકર્મીનો કોલર એવી રીતે પકડી લીધો કે તેમને બચાવવા માટે વધુ પોલીસકર્મીઓ વચ્ચે આવવું પડ્યું. આ પહેલા હૈદરાબાદમાં કોંગ્રેસના કાર્યકરોએ ટાયરો સળગાવી વિરોધ કર્યો હતો. ચંદીગઢમાં નેશનલ હેરાલ્ડ કેસમાં કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીની એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટની પૂછપરછનો વિરોધ કરી રહેલા પંજાબ કોંગ્રેસના કાર્યકરોને વિખેરવા પોલીસે વોટર કેનનનો ઉપયોગ કર્યો હતો. અહીં કેરળમાં વિરોધ કરી રહેલા કોંગ્રેસના કાર્યકરોને વિખેરવા માટે પોલીસે તિરૂવનંતપુરમમાં પાણીની તોપનો ઉપયોગ કર્યો અને ટિયરગેસના શેલ છોડ્યા હતા.

દિલ્હીમાં કોંગ્રેસના નેતા મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું કે, રાજ્યસભાના તમામ સભ્યો હવે ઉપરાષ્ટ્રપતિને મળ્યા અને કહ્યું કે, અમારા સાંસદોને ખોટી રીતે અટકાયતમાં લેવામાં આવ્યા છે. જો તમે કોઈ સાંસદની ધરપકડ કરો છો અથવા અટકાયત કરો છો, તો તમારી ફરજ છે કે તેને ૧-૨ કલાકની અંદર મુક્ત કરો અથવા તેની સામે કેસ નોંધો અને તેને મેજિસ્ટ્રેટ સમક્ષ રજૂ કરો, પરંતુ તેણે તેમ કર્યું નહીં, કારણ કે, તેનો ઈરાદો અમારા સાંસદને હેરાન કરવાનો હતો. તેથી જ આજે અમે અમારા ઉપરાષ્ટ્રપતિ પાસે આવ્યા છીએ. તેઓ અમારા અધ્યક્ષ છે અને અમારી સુરક્ષા કરવી તેમની ફરજ છે.

'મેં હુમલો નથી કર્યો, બેલેન્સ ગુમાવ્યું હતું' : રેણુકા

(એજન્સી) તા.૧૬

કોંગ્રેસના નેતા રેણુકા ચૌધરીએ તેમની વિરૂદ્ધ પોલીસ અધિકારી પર હુમલો કરવા બદલ તેમની સામે કેસ દાખલ થયા પછી ગુરૂવારે કહ્યું હતું કે, તેમણે પોલીસ પર હુમલો કર્યો નથી. કોંગ્રેસના નેતાએ કહ્યું છે કે, તેણીએ સંતુલન ગુમાવ્યું હતું. કારણ કે, તેણીને ધક્કો મારવામાં આવ્યો હતો અને તેણી પોતે પડી ન જાય તે માટે પોલીસકર્મીનો કોલર પકડી રાખ્યો હતો. આ ઘટના હૈદરાબાદમાં તેલંગાણા કોંગ્રેસના વિશાળ વિરોધ દરમિયાન બની હતી. જેમાં પૂર્વ કેન્દ્રીય મંત્રી રેણુકા ચૌધરીએ ભાગ લીધો હતો. નેશનલ હેરાલ્ડ કેસમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા રાહુલ ગાંધીની ચાલી રહેલી પૂછપરછનો અહી વિરોધ કરવામાં આવ્યો હતો.

ચૌધરીના ઓન-ડ્યુટી કોપનો કોલર પકડવાનો વીડિયો વાયરલ થયો હતો અને તેમની વિરૂદ્ધ IPC કલમ ૧૫૧, ૧૪૦, ૧૪૭, ૧૪૯, ૩૪૧, ૩૫૩ (જાહેર સેવકને તેની ફરજ નિભાવતા અટકાવવા માટે હુમલો અથવા ફોજદારી બળ) હેઠળ કેસ દાખલ કરવામાં આવ્યો હતો. આ વીડિયોમાં, કોંગ્રેસ નેતા પોલીસ સાથે ઉગ્ર દલીલ કરતાં જોઈ શકાય છે. આખરે એક મહિલા પોલીસે દખલ કરી અને ચૌધરીના ચુંગાલમાંથી પુરૂષ પોલીસનો કોલર છોડાવ્યો હતો. કોંગ્રેસ નેતાએ કહ્યું કે, મેં હુમલો કર્યો નથી. પરંતુ મારા પર કેસ કરવામાં આવ્યો છે અને હું તેનો સામનો કરીશ કારણ કે તે કાયદો છે. અને હું પણ કેસ કરીશ. તેણીને પગમાં સમસ્યા છે અલબત્ત, હું આ યુવકની માફી માંગીશ. પરંતુ મને આશા છે કે, પોલીસ મારી પાસે માફી માંગે. તેઓ અમારી સાથે મારપીટ કરી રહ્યા હતા. અમારી આસપાસ આટલા બધા પુરૂષ પોલીસ કેમ હતા? તેમને તે પ્રશ્ન પૂછવો જોઈએ. સોમવારથી કોંગ્રેસના નેતાઓ અને કાર્યકરો નેશનલ હેરાલ્ડ કેસમાં EDની તપાસનો વિરોધ કરી રહ્યા છે. બુધવારે કોંગ્રેસે દિલ્હી પોલીસ પર પાર્ટી હેડક્વાર્ટરમાં ગેરકાયદેસર રીતે પ્રવેશીને પાર્ટી કાર્યકર્તાઓને માર મારવાનો આરોપ લગાવ્યો હતો. કોંગ્રેસ નેતા સચિન પાયલટની પણ બુધવારે અટકાયત કરવામાં આવી હતી.

કોંગ્રેસે નાણાં બચાવવા, સુરક્ષા સાથે સમાધાન કરવા જેવા મુદ્દાઓ સાથે અગ્નિપથ યોજના પર ૪ પ્રશ્નો ઊઠાવ્યા

(એજન્સી) તા.૧૬



કોંગ્રેસે ગુરૂવારે જણાવ્યું હતું કે, સરકાર વ્યાપક પરામર્શ વિના અગ્નિપથ જેવી ભરતી યોજના જાહેર કરી છે, જ્યારે આજે આર્મીની હજારો જગ્યાઓ ખાલી છે. પીએમ મોદીને આ યોજનાને તાત્કાલિક સ્થગિત કરવા વિનંતી કરતા કોંગ્રેસે કહ્યું કે, આ યોજના લશ્કરી તાલીમની મજાક છે. આ યોજનાનો વિરોધ સમગ્ર ઉત્તર ભારતમાં થઈ રહ્યો હોવાથી કોંગ્રેસે પૂર્વ કેન્દ્રીય મંત્રી પી. ચિદમ્બરમ, દિલ્હી કોંગ્રેસના નેતા અજય માકન, રાજસ્થાન કોંગ્રેસના નેતા સચિન પાયલટ, પાર્ટીના રાષ્ટ્રીય પ્રવક્તા પવન ખેરા સાથે પ્રેસ કોન્ફરન્સ યોજી હતી. ચિદમ્બરમે કહ્યું કે, આ યોજના પૈસાની દષ્ટિએ લાવવામાં આવી છે પરંતુ તે સુરક્ષાનું ઉલ્લંઘન છે. આ સ્કીમ અને કૃષિ કાયદા વચ્ચે સમાનતા દર્શાવતા સચિન પાયલોટે જણાવ્યું હતું કે, તે સમયે પણ સરકારે કહ્યું હતું કે, કૃષિ કાયદા ખેડૂતોના ફાયદા માટે છે. પરંતુ આખરે, સરકારે કૃષિ કાયદા પાછા ખેંચવા પડ્યા હતા. તેવી જ રીતે, તેઓ આજે કહે છે કે, અગ્નિપથ યુવાનોના ભલા માટે છે પરંતુ યુવાનો રસ્તા પર ઉતરી આવ્યા છે.

ચિદમ્બરમે કહ્યું કે, તમે એક સૈનિકને છ મહિનામાં કેવી રીતે તાલીમ આપી શકો ? આ બોય સ્કાઉટની તાલીમ નથી. આ એનસીસી નથી. આ એક લડાયક સૈનિકની તાલીમ છે જેણે માત્ર તેના દેશ માટે જ નહીં પરંતુ તેના સાથીઓ માટે પણ પોતાનો જીવ આપવો પડશે. તમે છ મહિનાની તાલીમમાં આવા ગુણો કેળવી શકતા નથી. સરકાર બોય સ્કાઉટની તાલીમ સમજે છે. તમે તેમને અડધી તાલીમ આપો પછી, તમે તેમને ક્યાં રાખશો ? સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલી ટૂંકા ગાળાની તાલીમ અને ભરતી યોજના અંગે ચાર પ્રશ્નો ઊઠાવતા અજય માકને જણાવ્યું હતું કે, શું આ લોકોને થોડા સમય માટે જ દેશની સેવા કરવાનો મોકો મળશે ? શું તેઓને માત્ર છ મહિનામાં જ પૂરતી તાલીમ મળશે ? શું તેઓને પ્રોત્સાહિત કરવામાં આવશે ? દેશ માટે લડવા માટે આટલું પૂરતું છે ? શું તેમની પાસે કોઈ ભવિષ્યની સુરક્ષા હશે ? ચિદમ્બરમે કહ્યું કે, આ નવી યોજનાનો યોગ્ય રસ્તો એ છે કે, પરિસ્થિતિ સાથે તથ્યોનું નિવેદન તૈયાર કરવું જોઈએ અને પછી તેને સેવા આપતા લશ્કરી અધિકારીઓ, નિવૃત્ત અધિકારીઓ, રાજકીય પક્ષો સાથે શેર કરવું જોઈએ. ચિદમ્બરમે ઉમેર્યું હતું કે, આ યોજના હેઠળ ભરતી કરાયેલા સૈનિકો દેશની રક્ષા માટે વધુ સારી રીતે પ્રશિક્ષિત અને પ્રેરિત હશે તેની કોઈ ગેરંટી નથી. અમે નિવૃત્ત સંરક્ષણ અધિકારીઓ દ્વારા વ્યક્ત કરેલા મંતવ્યો વાંચ્યા અને સાંભળ્યા છે. લગભગ સર્વસંમતિથી તેઓએ આ યોજનાનો વિરોધ કર્યો છે અને અમે માનીએ છીએ કે, ઘણા સેવા આપતા અધિકારીઓએ પણ આ યોજનાનો વિરોધ કર્યો છે.

કોંગ્રેસે સાંસદો વિરૂદ્ધ દિલ્હી પોલીસની કાર્યવાહી અંગે રાજ્યસભાના અધ્યક્ષને પત્ર લખ્યો

(એજન્સી) તા.૧૬

કોંગ્રેસે રાજ્યસભાના અધ્યક્ષ વેંકૈયા નાયડુને પત્ર લખીને રાહુલ ગાંધીને નેશનલ હેરાલ્ડ કેસમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટના સમન્સ સામે રાષ્ટ્રીય રાજધાનીમાં તેમના વિરોધ પ્રદર્શન દરમિયાન આ અઠવાડિયે તેના સાંસદો સાથે દિલ્હી પોલીસના કથિત અત્યાચારી ગેરવર્તન સામે સખત વિરોધ નોંધાવ્યો હતો. કોંગ્રેસના મહાસચિવ અને રાજ્યસભાના સાંસદ, કેસી વેણુગોપાલે આજે વેંકૈયા નાયડુની મુલાકાત લેનાર કોંગ્રેસના પ્રતિનિધિમંડળના ફોટા ટ્વિટ કરીને કહ્યું છે કે, તેમણે આ નિર્દયી ઉલ્લંઘનની વાત આકરી છે... અને આ બાબતનો ઉકેલ લાવવા વિનંતી કરી છે. ૨૪, અકબર રોડ પર ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના કાર્યાલયની બહાર દિલ્હી પોલીસની ક્રિયાઓ સંપૂર્ણપણે ઉશ્કેરણી વિનાની હતી અને તેમાં તમામ ધોરણોનું ઉલ્લંઘન હતું.

આ પત્રમાં પાંચ સાંસદો, પી. ચિદમ્બરમ, કેસી વેણુગોપાલ, શક્તિસિંહ ગોહિલ, પ્રમોદ તિવારી અને જેબી માથેરના નામો પ્રકાશિત કરવામાં આવ્યા હતા અને પાર્ટીએ રાજ્યસભાના અધ્યક્ષને લખેલા પત્રમાં જણાવ્યું હતું કે, દિલ્હી પોલીસ દ્વારા કથિત હુમલાની અમે આની સાથે કેટલાક વીડિયોની પેનડ્રાઈવ આપી રહ્યા છીએ. પક્ષે વધુમાં જણાવ્યું હતું કે, સંસદોના વિશેષાધિકારોના ઉલ્લંઘનનો સ્પષ્ટ કેસ છે. અસંખ્ય સાંસદોને જુદા જુદા પોલીસ સ્ટેશનોમાં અટકાયતમાં લેવામાં આવ્યા હતા અને તેમને દસ કલાકથી વધુ સમય સુધી કસ્ટડીમાં રાખવામાં આવ્યા હતા. આજે પાર્ટીએ દિલ્હીના તુગલક રોડ પોલીસ સ્ટેશનમાં પણ ફરિયાદ નોંધાવી હતી. જેમાં પોલીસ દળના કેટલાક સભ્યો સામે કડક કાર્યવાહી અને તપાસની માંગ કરવામાં આવી હતી.

કોંગ્રેસ દ્વારા આક્ષેપો કરવામાં આવ્યા છે કે, પોલીસ બુધવારે દિલ્હીમાં તેના અકબર રોડ મુખ્યાલયમાં ઘૂસી ગઈ હતી જ્યારે વરિષ્ઠ નેતાઓ પ્રેસ કોન્ફરન્સ કરી રહ્યા હતા. વિપક્ષી પાર્ટીએ પોલીસ પર હાજર રહેલા ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના સભ્યોને નિર્દયતાથી અને ઉશ્કેરણી વિના મારપીટ અને હુમલો કરવાનો આરોપ મૂક્યો હતો. સાંસદ અધીર રંજન ચૌધરી અને પક્ષના નેતા અજય માકન દ્વારા પણ આવા જ આક્ષેપો કરવામાં આવ્યા હતા, જેમણે આ અથડામણનો એક વીડિયો ટ્વિટ કર્યો હતો.

સાંસદ શશિ થરૂરે એક વીડિયો પણ શેર કર્યો, જેમાં આરોપ લગાવ્યો છે કે, પોલીસ અધિકારીઓએ તેમની અને અન્ય મહિલા પ્રદર્શનકારીઓ સાથે ગેરવર્તણૂક કરી હતી. દિલ્હી પોલીસે આવા તમામ દાવાઓને નકારી કાઢ્યા છે. સ્પેશિયલ સીપી સાગર પ્રીત હુડ્ડાએ કહ્યું છે કે કોંગ્રેસ કાર્યાલયની નજીક અથડામણ દરમિયાન બેરીકેટ્સ ફેંકવામાં આવ્યા હતા અને, ત્યાં વ્યવસ્થા પુનઃસ્થાપિત કરવાના પ્રયાસોમાં 'કદાચ ઝઘડો થયો હતો'. તેમણે પોલીસ તેમની ઓફિસમાં પ્રવેશી હોવાનો ઈનકાર કર્યો હતો. સોમવાર, મંગળવાર અને બુધવારે ED સમક્ષ હાજર થયેલા રાહુલ ગાંધી આ સપ્તાહે પૂછપરછના ચોથા દિવસે શુક્રવારે હાજર થશે.

છેલ્લા લાંબા સમયથી ચાલી રહેલી અટકળોનો આવ્યો અંત !

પાટીદાર અગ્રણી નરેશ પટેલે આખરે રાજકારણમાં જોડાવાનું મોકૂફ રાખ્યું !

રાજકારણમાં આવવાથી વહેંચાઈ જવાની ભાવનાને ધ્યાનમાં રાખી નિર્ણય કર્યાની જાહેરાત

(સંવાદદાતા દ્વારા)
ગાંધીનગર, તા.૧૬

આખરે ખોડલધામના ચેરમેન નરેશ પટેલ રાજકારણમાં જોડાવું કે નહીં તે અંગે સ્પષ્ટતા કરી દીધી છે. તેમણે જાહેરાત કરી દીધી છે કે હાલ

થઈ જાઉં, દરેક સમાજ વચ્ચે રહીને હું કામ ના કરી શકું. આવામાં વડીલોની ચિંતા મને યોગ્ય લાગી, ઘણાં બધા પ્રકલ્પો શિક્ષણ આરોગ્ય અને ખેતી જે દરેક સમાજને સ્પર્શવાના છે એટલે તે ક્ષેત્રે કામ જોઈએ. અગાઉ મેં જણાવ્યું હતું કે આ અંગે અમે એક સર્વે કરી રહ્યા છીએ. આ સર્વેનો રિપોર્ટ એવો છે કે વડીલો ખુબ ચિંતા કરે છે અને યુવાનો-બહેનો હજુ પણ ઈચ્છે છે કે હું રાજકારણમાં આવુ. બહેનો અને

કોઈપણ પાર્ટીમાં જોડાઉ તો એક પાર્ટીનો થઈ જાઉં, દરેક સમાજ વચ્ચે રહીને કામ ન કરી શકું : નરેશ પટેલ

પુરતો રાજકારણમાં જોડાવાનો નિર્ણય તેમણે મોકૂફ રાખ્યો છે. રાજકારણમાં આવવાથી તેઓ વહેંચાઈ જશે તેવી ભાવનાને ધ્યાનમાં રાખીને તેમણે આ નિર્ણય લીધો હોવાનું જણાવ્યું છે. નરેશ પટેલે રાજકારણમાં આવતા પહેલા કરાવેલા સર્વેમાં શું પરિણામ આવ્યું તે અંગે પણ જણાવ્યું છે. તેમણે એ પણ જણાવ્યું કે તેઓ રાજકારણમાં નથી આવવા માગતા અને યુવાનો આગળ વધે તેવા પ્રયાસો ખોડલધામના નેજા હેઠળ કરવા માગે છે. અત્રે ઉલ્લેખનીય છે કે પાછલા લાંબા સમયથી ખોડલધામના ચેરમેન નરેશ પટેલ રાજકારણમાં જોડાશે તેવી અટકળો લગાવવામાં આવી રહી હતી, તેઓ ભાજપ અને કોંગ્રેસના નેતાઓ સાથે દેખાતા વિવિધ અટકળો લગાવવામાં આવી રહી હતી, આ સાથે રાજ્યમાં પહેલું પગથિયું ચઢી રહેલી આમ આદમી પાર્ટીએ પણ નરેશ પટેલને આમંત્રણ આપ્યું હતું. જોકે, તેમણે જાહેર કરી દીધું છે કે તેઓ હાલ રાજકારણમાં જોડાવા માગતા નથી. ખોડલધામના નિર્માણથી જ આ સંસ્થા વિશ્વ સ્તરે પહોંચી છે. આટલું કહીને પોતાની વાત શરૂ કર્યા બાદ રાજકારણમાં જોડાવાનો નિર્ણય મોકૂફ રાખવાનો નિર્ણય લીધો હોવાનું નરેશ પટેલે જણાવ્યું હતું. તેમણે કહ્યું કે, હું કોઈ પણ પાર્ટીમાં જોડાઉ તો એક પાર્ટીનો કરી રહ્યા છીએ. પોતે ખોડલધામમાં શું કરવા માગે અને યુવાનો માટેની પ્રવૃતિઓ કરવા માગે છે તેવી જાણકારી આપીને જણાવ્યું કે હું રાજકારણમાં મારા પ્રવેશને હાલ પુરતો મોકૂફ રાખું છું. આ જાહેરાત કરતા પહેલા પોતાની વાત શરુ કરી ત્યારે તેમણે જણાવ્યું હતું કે, કોરોના કાળ દરમિયાન મારી પાસે ખુબ સમય હતો, ત્યારે મેં સરદાર સાહેબ અને સ્વતંત્ર સેનાનીઓને વાંચ્યા હતા, ત્યારે મને રાજકારણમાં જઈને સેવા થઈ શકે તેવું લાગતું હતું. આ મારો વ્યક્તિગત વિચાર હતો જ્યારે મેં આ વિચાર પાટીદાર સમાજ વચ્ચે મૂક્યો ત્યારે લોકોની લાગણી એવી હતી કે તમારે સમાજને પણ પૂછવું યુવાનોને જણાવતા મને આનંદ થાય છે કે ખોડલધામ જેમ અન્ય પરીક્ષાઓની તાલીમ આપે છે તેમ આજથી ખોડલધામના નેજા હેઠળ ખોડલધામ પોલિટિકલ એકેડમીની જાહેરાત કરીએ છીએ, અને ત્યાં જોડાવવા દરેક સમાજના યુવાનોને આમંત્રિત કરીએ છીએ. અત્રે ઉલ્લેખનીય છે કે, હાર્દિક પટેલ કોંગ્રેસને રામ-રામ કહીને ભાજપમાં જોડાયા તે પછી ઘણી અટકળો વહેતી થઈ હતી કે હવે ટૂંક સમયમાં જ ખોડલધામના નરેશ પટેલ પણ રાજકારણમાં પ્રવેશ કરશે. પરંતુ તેમણે જે સર્વેમાં વાત સામે આવી તેને માન આપીને રાજકારણમાં જોડાવાનો નિર્ણય આખરે પડતો મૂક્યો છે.

રાજ્યના શહેરોમાં ટ્રાફિકનો ઈ-મેમો આપ્યા બાદ વસૂલાત માટે યોગ્ય કાર્યવાહી નહીં થતી હોવાના મુદ્દે PIL

(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ, તા.૧૬

અમદાવાદ સહિતના શહેરોમાં ટ્રાફિકના નિયમોનો ભંગ કરનાર વાહન ચાલકોને ટ્રાફિક પોલીસ દ્વારા કાયદેસર કાર્યવાહી મુજબ ઈ-મેમો આપ્યા પછી તેનો યોગ્ય રીતે અમલ નહીં થતો હોવાના મુદ્દે ગુજરાત હાઈકોર્ટમાં જાહેરહિતની અરજી કરવામાં આવી હતી. અરજીની પ્રાથમિક સુનાવણી બાદ કોર્ટે રાજ્ય સરકાર, પોલીસ મહાનિર્દેશક, વાહન વ્યવહાર વિભાગના કમિશનર અને સુરત પોલીસ કમિશનરને નોટિસ પાઠવી છે. આ કેસની વધુ સુનાવણી આગામી દિવસોમાં હાથ ધરાશે. અરજદાર અને સુરતના રહીશ સંજીવ ઈઝાવાહ તરફથી રજૂઆત કરવામાં આવી હતી કે, અમદાવાદ અને સુરતમાં ટ્રાફિકના નિયમનો ભંગ કરનાર વાહન ચાલકોને પોલીસ મોટર વ્હીકલ એક્ટ હેઠળ સ્થળ પર અથવા તો તેમના ઘરના સરનામે ઈ-મેમો આપવામાં આવે છે. ત્યારબાદ દંડ ન ભરનારા વાહનચાલકો પાસેથી દંડની વસૂલી માટે ટ્રાફિક પોલીસ દ્વારા કોઈ કાર્યવાહી કરાતી નથી. તેમણે વધુમાં રજૂઆત કરી હતી, વસૂલાતની કાર્યવાહી નહીં કરવામાં આવતી હોવાથી સરકારી તિજોરીને રૂા.૧૨૨ કરોડનું નુકસાન થયું છે. ખાસ કરીને ઈ-મેમો ઈસ્યુ થયા બાદ ટ્રાફિકના નિયમનો ભંગ કરનારા લોકોએ નિર્ધારિત છ મહિનામાં દંડ ભરવાનો હોય છે. જો દંડ ના ભરવામાં આવે તો પોલીસ સંબંધિત ન્યાયાધીશ સમક્ષ જઈને આ વ્યક્તિ સામે સમન્સ ઈસ્યુ કરવા અરજી કરી શકે છે. ત્યારબાદ તેની સામે કાયદેસરની કાર્યવાહી કરવાની હોય છે. આ રજૂઆત બાદ હાઈકોર્ટ દ્વારા પણ ગંભીર ટકોર કરાઈ હતી કે, સામાન્ય રીતે ટુ વ્હીલર વાહનચાલકોની આદત હોય છે કે, તે ઝિબ્રા ક્રોસિંગ પર વાહન ઊભા રાખે છે, તેઓ નો-એન્ટ્રીમાં પ્રવેશ કરે છે. વાહન ચાલકોના આ વલણના લીધે ટ્રાફિક નિયમના ભંગના અસંખ્ય કેસ મેજિસ્ટ્રેટ સમક્ષ પડતર હોય છે. આમાં વાહન ચાલક વારંવાર ભંગ કરે અને પછી તેનો દંડ ભેગો થઈને મોટી રકમમાં પરિવર્તિત થાય છે. આ સમયે ટ્રાફિક પોલીસ તેની પાસે દંડની રકમ માંગે તો તે તેની સાથે સંઘર્ષમાં ઉતરે છે. ઉલ્લેખનીય છે કે, ટ્રાફિક પોલીસ દ્વારા દરેક ચાર રસ્તા ઉપર સીસીટીવી કેમેરા લગાવવામાં આવ્યા છે અને સંબંધિક કસૂરવારોના ઘરે દંડની રકમ ભરવા માટે ઈ-મેમો મોકલવામાં આવે છે.

ઈ-મેમો ન ભરનારા સામે FIR કરો : હાઈકોર્ટ

ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટિસે રાજ્યમાં ટ્રાફિક નિયમો કડક બનાવવા અંગે સૌથી મોટા સંકેત આપ્યા છે. રાજ્યમાં ટૂંક સમયમાં ઈ-કોર્ટ પ્રોજેક્ટ શરૂ કરાશે. જેમાં ટ્રાફિક નિયમનું પાલન ન કરનારા વિરૂદ્ધ FIR થશે. ટ્રાફિક નિયમનું પાલન નહીં કરનારા વિરુદ્ધ ઈ-મેમો સાથે ફરિયાદ થશે. ટ્રાફિક નિયમનું પાલન ન કરનારા લોકો વિરૂદ્ધ હાઈકોર્ટે સૌથી મોટી ટકોર કરી છે. હાઈકોર્ટે કહ્યું કે, 'ઈ-મેમો ન ભરનારા સામે FIR કરો.' ઉલ્લેખનીય છે કે, રાજ્યમાં ઉનાળુ વેકેશન પૂર્ણ થતાં જ ઓફલાઈન શિક્ષણ શરૂ થતાંની સાથે મોટા ભાગના સગીરો ટુ-વ્હીલર વાહનો લઈને શાળાએ જતા થયા છે. જેને લઈને અમદાવાદમાં ગઈકાલથી જ ટ્રાફિક પોલીસ દ્વારા અલગ-અલગ સ્કૂલ અને કોલેજ પાસે ટ્રાફિક ડ્રાઈવ હાથ ધરવામાં આવી તેમજ ટ્રાફિકના નિયમનું ઉલ્લંઘન કરતા વિદ્યાર્થીઓ અને વાલીઓને દંડ ફટકારવામાં આવ્યો છે. જે ટ્રાફિક ડ્રાઈવમાં સગીર વાહનચાલક લાઈસન્સ વગર ટુ-વ્હીલર હાંકતા ઝડપાશે તો ૨ હજાર દંડ વસૂલવામાં આવશે. જ્યારે ટુ-વ્હીલર કરતાં મોટું વાહન ચલાવતા ઝડપાશે તો રૂા.૩ હજાર દંડ વસૂલવામાં આવશે. જ્યારે પ્રથમ વખત ડાર્ક ફિલ્મ લગાવેલી કાર ઝડપાશે તો ૫૦૦ રૂપિયા અને બીજી વખત ઝડપાશે તો ૧ હજારનો દંડ ફટકારવામાં આવશે.

અન્ય રાજ્યના ઓપન બોર્ડમાંથી પાસ વિદ્યાર્થીને ગુજરાતમાં પ્રવેશ નહીં મળે

શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૧ના પ્રવેશને લઈને વિનિયમમાં સુધારો કર્યો

(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ, તા.૧૬

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના વિનિયમમાં સુધારો કરવામાં આવ્યો છે. જે મુજબ અન્ય રાજ્યોના ઓપન બોર્ડમાંથી ધોરણ-૧૦ની પરીક્ષા પાસ કરી ગુજરાતમાં ધોરણ-૧૧માં પ્રવેશ માટે આવતા વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવશે નહીં. માત્ર NIOSમાંથી

માત્ર NIOSમાંથી પાસ વિદ્યાર્થીઓને જ ધોરણ-૧૧માં પ્રવેશ માટે લાયક ગણાશે

પાસ થયેલા વિદ્યાર્થીઓ જ ગુજરાતમાં ધોરણ-૧૧માં પ્રવેશ માટે લાયક ગણાશે. ઉપરાંત અન્ય રાજ્યોના બોર્ડમાંથી ધોરણ-૧૦ પાસ કરી આવતા વિદ્યાર્થી ગણિત, સામાજિક વિજ્ઞાન, વિજ્ઞાન અને અંગ્રેજી સાથે પાસ હશે તો જ તેમને રાજ્યની ધોરણ-૧૧ની સ્કૂલોમાં પ્રવેશ ફાળવવામાં આવશે. પ્રાપ્ત માહિતી અનુસાર, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના વિનિયમ ક્રમાંક ૧૨ (૯) (ક)માં સુધારો કરવા માટે દરખાસ્ત કરવામાં આવી હતી. આ દરખાસ્ત સરકાર સમક્ષ વિચારણા હેઠળ હતી. સરકાર દ્વારા વિચારણાના અંતે હાલની જોગવાઈના બદલે સુધારેલી જોગવાઈને મંજૂરી આપી હોવાનું જાણવા મળે છે. જેથી ધોરણ-૧૧ના પ્રવેસને લઈને શિક્ષણ બોર્ડ દ્વારા હવે નવી જોગવાઈનો અમલ કરવામાં આવશે તેમ સુત્રોએ જણાવ્યું હતું. વિનિયમની હાલની જોગવાઈ અનુસાર, અન્ય કોઈ રાજ્યમાં સંઘ રાજ્ય ક્ષેત્રમાં આવેલી શાળામાંથી આવતા વિદ્યાર્થીને જો વિદ્યાર્થીના શાળા છોડ્યાના પ્રમાણપત્ર ઉપર તે રાજ્ય કે સંઘ રાજ્યક્ષેત્રના શિક્ષણ અધિકારીએ સામી સહી કરી હોય તો રજિસ્ટર થયેલી શાળામાં તેને દાખલ કરી શકાશે. પરંતુ શાળા છોડ્યાના પ્રમાણપત્ર પર તેવી રીતે સામી સહી કરેલી ન હોય ત્યારે શાળાના વડા આવી સામી સહી કરવામાં ન આવે ત્યાં સુધી વિદ્યાર્થીને કામચલાઉ ધોરણે દાખલ કરી શકશે અને એ કેસની પુરી વિગતોનો અધિકારીને રિપોર્ટ કરી શકશે. આ જોગવાઈમાં સુધારો કરવા માટે શિક્ષણ બોર્ડ દ્વારા દરખાસ્ત કરવામાં આવી હતી. જેમાં સરકાર દ્વારા નવી સુધારેલી જોગવાઈનો અમલ કરવાની મંજૂરી આપી છે. જેથી નવી જોગવાઈમાં અગાઉની જોગવાઈનો પુરેપુરો સમાવેશ કરવામાં આવ્યો છે. ઉપરાંત ધોરણ-૧૧ના પ્રવેશને લઈને તેમાં નવો મુદ્દો ઉમેરવામાં આવ્યો છે. જેથી હાલની જોગવાઈ ઉપરાંત ધોરણ-૧૧ના પ્રવેશ માટે વધારાની જોગવાઈનો સુધારો કરાયો હોવાનું જાણવા મળે છે. સુધારેલી જોગવાઈમાં ધોરણ-૧૧માં પ્રવેસ સંદર્ભે ભારતના અન્ય બોર્ડમાંથી આવતા વિદ્યાર્થીઓએ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના પ્રવેશ યોગ્યતા પ્રમાણપત્ર મેળવવા બાબતના વખતો વખતના પરિપત્ર અન્વયે પ્રવેશ યોગ્યતા પ્રમાણપત્ર માટે યોગ્ય જાહેર કરવામાં આવેલા હોય

અન્ય રાજ્યોના બોર્ડમાંથી ગણિત, વિજ્ઞાન, સામાજિક વિજ્ઞાન અને અંગ્રેજી સાથે ધો.૧૦ પાસ કરનારને જ ધો.૧૧માં પ્રવેશ મળશે

તેવા બોર્ડનો વિદ્યાર્થી હોવો જોઈએ. ઉપરાંત ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના વિષય માળખા મુજબ ગણિત, વિજ્ઞાન, સામાજિક વિજ્ઞાન અને અંગ્રેજી વિષય સાથે ધોરણ-૧૦ પાસ કરેલી હોય તો જ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની માન્યતા પ્રાપ્ત શાળામાં ધોરણ-૧૧માં પ્રવેશ આપી શકાશે. ઓપન સ્કૂલ તરીકે સમગ્ર દેશમાં NIOSનું કાર્યક્ષેત્ર હોવાથી NIOS સિવાયના અન્ય રાજ્યના ઓપન બોર્ડના વિદ્યાર્થી તરીકે ગુજરાત રાજ્યમાં વસવાટ કરતા વિદ્યાર્થી અન્ય રાજ્યના ઓપન બોર્ડની ધોરણ-૧૦ની પરીક્ષા પાસ કરો તો પણ તેને ધોરણ-૧૧માં પ્રવેશ માટે યોગ્ય ગણાય નહીં, કારણ કે અન્ય રાજ્યના ઓપન બોર્ડનું કાર્યક્ષેત્ર સંબંધિત રાજ્ય માટે જ હોય છે. જેથી ઓપન બોર્ડમાં માત્ર NIOSને જ માન્ય ગણવાનું રહેશે તેવી જોગવાઈ કરવામાં આવી છે. જેથી હવે અન્ય રાજ્યના ઓપન બોર્ડમાં ધોરણ-૧૦ પાસ કરી ગુજરાતમાં ધોરણ-૧૧માં પ્રવેશ માટે આવતા વિદ્યાર્થીઓને પ્રવેશ મળશે નહીં. માત્ર NIOSમાંથી જ ધોરણ-૧૦ પાસ કર્યુ હશે તેવા વિદ્યાર્થીઓ જ રાજ્યમાં ધોરણ-૧૧માં પ્રવેશ માટે લાયક ગણાવામાં આવશે.

રાજ્યમાં કોરોનાએ ફરી માથું ઉંચક્યું નવા કેસ ૨૦૦ને પાર થતાં ચિંતા વધી

ગુજરાતમાં કુલ ૨૨૮ લોકો સંક્રમિત થયા : સૌથી વધુ ૧૧૫ કેસ અમદાવાદમાં

(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ, તા.૧૬

ગુજરાતમાં કોરોનાના દૈનિક કેસો અગાઉના દિવસના રેકોર્ડ તોડી રહ્યાં છે, ત્યારે આજે ફરીથી રાજ્યમાં રેકોર્ડ બ્રેક કેસ નોંધાયા છે. આજે રાજ્યમાં કોરોનાના ૨૨૮ નવા કેસ નોંધાયા છે. નવા નોંધાયેલા કેસ પૈકી સૌથી વધુ ૧૧૫ કેસ માત્ર અમદાવાદમાં જ નોંધાયા છે. રાજ્યમાં કોરોનાનો રિકવરી રેટ ૯૯.૦૨ ટકા થયો છે તો એક્ટિવ કેસનો આંકડો ૧ હજારને પાર થયો છે અને હાલમાં ૧૧૦૨ એક્ટિવ કેસ છે. ૧૭ જિલ્લા અને ૬ કોર્પોરેશન વિસ્તારમાં નવા કેસ વડોદરા શહેરમાં ૨૬, સુરત શહેરમાં ૨૦, રાજકોટ શહેરમાં ૧૨, જામનગરમાં ૭, સુરત જિલ્લામાં ૬ તથા નવસારીમાં ૫ કેસ નોંધાયા છે. જ્યારે ભરૂચ ગાંધીનગર, ગાંધીનગર શહેર અને વડોદરા જિલ્લામાં ૪-૪, આણંદ, મહેસાણા અને વલસાડ જિલ્લામાં ૩-૩ નવા કેસ નોંધાયા છે. જ્યારે અમદાવાદ, અમરેલી, કચ્છ અને મોરબી જિલ્લામાં ૨-૨ કેસ નોંધાયો છે. તો ભાવનગર, જામનગર, પંચમહાલ, પાટણ અને પોરબંદર જિલ્લામાં ૧-૧ કેસ નોંધાયો છે.

રાજ્યના ૫૦૬૦ વિદ્યાર્થીઓને NMMSની સ્કોલરશીપ મળશે

● રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા NMMSની પરીક્ષાનું પરિણામ જાહેર કરાયું ● ૪૪ હજાર વિદ્યાર્થીઓ પાસ થયા, મેરિટમાં ૫૦૬૦ વિદ્યાર્થીઓનો સમાવેશ કરાયો

(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ, તા.૧૬

રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા લેવામાં આવેલી નેશનલ મીન્સ કમ મેરિટ સ્કોલરશીપની પરીક્ષાનું પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. સમગ્ર રાજ્યના ૧.૮૦ લાખ વિદ્યાર્થીઓ પૈકી પરીક્ષામાં ૪૪ હજાર જેટલા વિદ્યાર્થીઓ પાસ થવામાં સફળ રહ્યા હતા. જોકે, પાસ થયેલા વિદ્યાર્થીઓ પૈકી મેરિટમાં ૫૦૬૦ વિદ્યાર્થીઓનો સમાવેશ થયો છે. જેથી આ વિદ્યાર્થીઓને ધોરણ-૯થી સ્કોલરશીપ આપવામાં આવશે. રાજ્યના ૫૦૯૭ના ક્વોટા સામે આ વખતે ૫૦૬૦ વિદ્યાર્થીઓનો મેરિટમાં સમાવેશ થયો હોવાનું જાણવા મળે છે. પ્રાપ્ત માહિતી અનુસાર, રાજ્યમાં નબળી આર્થિક સ્થિતી ધરાવતા તેજસ્વી વિદ્યાર્થીઓ ધોરણ-૧૨ સુધી અભ્યાસ પૂર્ણ કરી શકે તે માટે ધોરણ-૮માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે નેશનલ મીન્સ કમ મેરિટ સ્કોલરશીપ (NMMS) યોજના કેન્દ્ર સરકાર દ્વારા અમલમાં મૂકવામાં આવેલી છે. આ વખતે સમગ્ર રાજ્યમાં ૧૭ એપ્રિલ ૨૦૨૨ના રોજ NMMSની પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું હતું. પરીક્ષા પૂર્ણ થયા બાદ ૧૭ એપ્રિલના રોજ પ્રોવિઝનલ આન્સર કી અને ૩૦ એપ્રિલના રોજ ઓએમઆર પ્રસિદ્ધ કરવામાં આવી હતી. ત્યારબાદ પ્રોવિઝનલ આન્સર કી સામે વાંધા હોય તો તે મંગાવવામાં આવ્યા હતા અને વિષય નિષ્ણાંતો પાસે તેની તપાસ કરાવી ૨૫ મેના રોજ ફાઈનલ આન્સર કી જાહેર કરવામાં આવી હતી. દરમિયાન રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા NMMSની પરીક્ષાનું પરિણામ અને મેરિટ યાદી જાહેર કરવામાં આવી હોવાનું જાણવા મળે છે. NMMSની પરીક્ષા માટે સમગ્ર રાજ્યમાંતી ૧૮૯૨૩૮ વિદ્યાર્થીઓ નોંધાયા હતા. જે પૈકી પરીક્ષા વખતે ૧૮૦૫૪૩ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા અને ૮૬૯૫ વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા હતા. રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા જાહેર કરવામાં આવેલા પરિણામમાં સમગ્ર રાજ્યમાં ૪૩૮૨૮ વિદ્યાર્થીઓ પાસ થવામાં સફળ રહ્યા છે. જોકે, આ પાસ થયેલા વિદ્યાર્થીઓ પૈકી મેરિટમાં ૫૦૬૦ વિદ્યાર્થીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. જેથી આ ૫૦૬૦ વિદ્યાર્થીઓ સ્કોલરશીપ માટે લાયક ગણાશે. ગુજરાત રાજ્યના વિદ્યાર્થીઓ માટે NMMS પરીક્ષામાં કુલ ૫૦૯૭નો ક્વોટા ફાળવવામાં આવ્યો છે. જેના આધારે રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા ૫૦૬૦ વિદ્યાર્થીઓની મેરિટ યાદી તૈયાર કરી હોવાનું જાણવા મળે છે. મેરિટમાં આવનારા તમામ ૫૦૬૦ વિદ્યાર્થીઓએ રાષ્ટ્રીયકૃત બેંકમાં ખાતા ખોલાવી રાખવાના રહેશે. મેરિટમાં આવેલા વિદ્યાર્થીઓ જો નિયતપાત્રતા ધરાવતા હોય તો તેઓને ધોરણ-૯થી શિષ્યવૃત્તિ મળવાપાત્ર થશે. મેરિટમાં આવનારા વિદ્યાર્થીઓ પૈકી ધોરણ-૯માં સરકારી શાળા, ગ્રાન્ટેડ શાળા અથવા લોકલ બોડી શાળામાં પ્રવેશ મેળવનારા વિદ્યાર્થીઓને જ શિષ્યવૃત્તિ મળવાપાત્ર થશે.

વડોદરાના કાર્યક્રમને સફળ બનાવવા હોદ્દેદારોને અપાયો ટાર્ગેટ !

વડાપ્રધાનના કાર્યક્રમમાં જનમેદની એકઠી કરવા અપાતી લાલચ અને ચીમકી

મહિલાઓને સાડીની લાલચ તો લારી-ગલ્લાવાળાઓને લોનની ચીમકી

(સંવાદદાતા દ્વારા)
વડોદરા, તા.૧૬

વડોદરામાં તારીખ ૧૮ મીએ યોજાનાર સંમેલનને પ્રધાનમંત્રી સંબોધન કરનાર છે ત્યારે જનમેદની એકઠી કરવા ભાજપના કેટલાક કોર્પોરેટરોએ મહિલાઓને સાડી આપી છે તો વહીવટીતંત્ર તરફથી જે લારી ગલ્લા વાળાઓની લોન મંજૂર થઈ છે તેઓને કાર્યક્રમમાં હાજરી આપ્યા બાદ જ લોનની રકમ મળશે તેવી ચીમકી આપવામાં આવી છે તો ભાજપના કેટલાક કોર્પોરેટરો એ તો તેમના વિસ્તારના લોકોને કાર્યક્રમમાં લઈ જવા માટે રૂપિયા ૩૦૦ની રકમ આપવાની લાલચ પણ આપી હોવાની ચોંકાવનારી વિગતો બહાર આવી છે.

તા. ૧૮ જુનના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આજવા રોડ ઉપર લેપ્રેસી ગ્રાઉન્ડમાં આયોજીત કાર્યક્રમમાં જનમેદની ભેગી કરવા માટે ભાજપાના સાસદો, ધારાસભ્યો, કાઉન્સિલરો, હોદ્દેદારોને ટાર્ગેટ આપવામાં આવ્યો છે. ત્યારે આર્થિક રીતે મજબૂત કેટલાક ધારાસભ્યો, કાઉન્સિલરો અને હોદ્દેદારો દ્વારા મહિલાઓને સાડીઓ આપવામાં આવી રહી છે તો યુવક મંડળ હોય કે મહિલા મંડળો હોય તેઓને રમત-ગમતના સાધનો કે પછી ભજન મંડળીના સાધનો હોય તે આપવાની લાલચ આપી છે તો કેટલાકે પ્રતિ વ્યક્તિ દીઠ રૂપિયા ૩૦૦ આપવાનું નકકી કરી સભામાં લઈ જવાનું આયોજન કરવામાં આવી રહ્યું હોવાનું બહાર આવ્યું છે.

વડોદરામાં આયોજીત કાર્યક્રમના પગલે તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ કરવામાં આવી રહી છે. વરસાદની આગાહી વચ્ચે આયોજીત કાર્યક્રમના પગલે લેપ્રેસી ગ્રાઉન્ડમાં વોટરપ્રૂફ સભામંડપ બનાવવામાં આવી રહ્યો છે. આ ઉપરાંત મોટી સંખ્યામાં જનમેદની એકઠી કરવાની હોવાથી સભાસ્થળની આસપાસ આવેલા આજવા રોડ અને વાઘોડિયા રોડ વિસ્તારમાં ૩૭ પાર્કિંગ પ્લોટ તૈયાર કરવામાં આવ્યા છે. જેમાં જનમેદની મહત્વની હોઈ માલેતુજાર કોર્પોરેટરો અને ધારાસભ્યો જનમેદની એકઠી કરવા લાગે તો લાલચ આપી રહ્યા છે ત્યારે જે હોદ્દેદારો, કાર્યકરો પાસે પૈસા આપવાની વ્યવસ્થા નથી, તેવા કાર્યકરો માટે સભામાં માણસો તૈયાર કરવા મુશ્કેલ બનતા ભાજપામાં જ કકળાટ શરૂ થયો હોવાનું જાણવા મળ્યું છે.

શિક્ષકો જોઈએ છે ઓપન ઈન્ટરવ્યૂ

ગુજરાતી માધ્યમ શાળા માટે

૧. B.Sc., B.Ed (વિષય ગણિત)
૨. B.A., B.Ed (વિષય અંગ્રેજી)

અંગ્રેજી માધ્યમ શાળા માટે

૧. B.A., B.Ed (વિષય અંગ્રેજી)
૨. B.A./ B.Com (ધો.૧ થી ૪ના ફિક્સ્ડ વર્ગો માટે)
૩. B.Sc., B.Ed (વિષય વિજ્ઞાન)
૪. B.A., B.Ed (વિષય સોશ્યલ સ્ટડીઝ)

ક્રમ (૧)થી (૪) અંગ્રેજી માધ્યમ શિક્ષણ મેળવેલ. ઉપરાંત PT શિક્ષકો તથા Drawing શિક્ષકો

તા.૨૦-૬-૨૦૨૨ સોમવારના રોજ સવારે ૧૧-૩૦ કલાકે અસલ સર્ટિફિકેટ્સ તથા અરજીઓ સાથે ઉમેદવારોએ નીચેના સરનામે હાજર રહેવું.

એફ.ડી.એજ્યુકેશન સોસાયટી,
એફ.ડી.કોલેજ રોડ, જમાલપુર ગેટ,
અમદાવાદ-૩૮૦૦૦૧

૭૮૬/૯૨

વ-ઈઝા મરિદતુ ફહુવ યશફીન ૦

અને જયારે હું બીમાર પડુછુ ત્યારે તેજ (અલ્લાહ ત્આલા)શિફા અતા ફરમાવે છે
(પારા નં.૧૯ સૂરએ શૂઅરા આયત નં.૮૦)

દુઆની ગુઝારિશ

તમામ સાદાતે કિરામ,ઉલ્માએ ઈઝામ દિની તમામ ભાઈઓ અને બહેનો થી પુરખુલુસ ગુઝારિશ છે કે આપ સહુ તમામ બિમારો માટે એહલે બાગે રહમત અને ખાસ મારા અહેલીયા અને સૈયદ અહમદ મુનીરબાપુ ના વાલિદા **સૈયદા તચ્ચિબા હાજીયાણી કુલસૂમ** માટે શિફા અને સિહતો સલામતી ની **ખાસમ ખાસ દુઆ કરો**. કે અલ્લાહ તઆલા સૈયદ અહમદ મુનીરબાપુ ના વાલિદા મોહતરમા ને પ્યારા હબીબે પાક સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ ના સદકા માં જલદી શિફાએ કામિલ અતા ફરમાવીને ખેરો આફિયત વાળી લાંબી ઉમર નસીબ ફરમાવે. આમીન...બેશક અલ્લાહ તઆલા દરેકની દુઆ સાંભળવાવાળો અને દુઆ કબુલ કરવાવાળો છે.
(પારા નં.૩ સૂરએ આલિ ઈમરાન આયત નં.૩૮ પારા નં.૧૨ સૂરએ હૂદ આયત નં.૬૧)

કેમ કે હદીષ શરીફ માં છે કે અલ્લાહ ના પ્યારા હબીબ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ ફરમાવ્યુ છે કે તકદીર અને અલ્લાહ ના ફેસલાને કોઈ વસ્તુ બદલી શકતિ નથી **પણ દુઆ** અને બંદાની ઉમરમાં કોઈ વસ્તુ વધારો નથી કરી શકતિ પણ નેકી.

બિજી હદીષે પાક માં છે કે અલ્લાહના પ્યારા રસુલ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ ફરમાવ્યુ છે કે બેશક તમારો રબ ખુબજ મોટો શરમ વાળો અને ખુબજ મોટો કરીમ(સખી)છે.કે તેને તેના બંદા થી શરમ આવે છે.કે જયારે બંદો એની સામે હાથ ઉઠાવે છે (દુઆ કરે છે) કે એના બન્ને હાથ ખાલી રહે(તેની દુઆ કબુલ ન કરે).

તો આપણે ઉપર ની બન્ને હદીષે પાક ને ધ્યાન માં રાખીને કે દુઆ કરવાવાળા ની દુઆ યકીન સાથે અલ્લાહ ત્આલા જરૂર જરૂર કબુલ ફરમાવે જ છે.તમા બિમારો માટે ખાસમ ખાસ માં સાહેબા ની શિફાએ કામિલ અને ખેરો આફિયત વાળી લાંબી ઉમર માટે દુઆ કરીએ અને કરાવીએ.

નોંધઃ- દરેક ચાહવાવાળા બિજા બિરાદરો ને દુઆની ગુઝારિશ કરવા અને દરેક મસ્જિદ માં દરેક નમાઝ પછી અને ખાસ કરીને જુમ્મા ની નમાઝ માં દુઆ કરાવવાની દિલી અપીલ છે.

:: દુઆની ગુઝારિશ કરનાર ::

ખાદિમ સૈયદ મુહંમદ(દાદાબાપુ) પીર સૈયદ ગુલામ અલીબાપુ કાદરી-ફાતમી
અને સૈયદ અહમદ મુનીરબાપુ કાદરી ફાતમી તથા
એહલે બાગે રહમત,સાવરકુંડલા.જી.અમરેલી.ગુજરાત

● આદ્યસ્થાપક : મર્હૂમ ભાઈખાનભાઈ એચ. બલુચ
● સહસ્થાપક : મર્હૂમ સિરાજુદ્દીન બી. તિરમીઝી
● મુદ્રક-પ્રકાશક : અઝીઝ ટંકારવી એ માલિક લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ વતી લોકહિત ઓફસેટ - ૩૩/૧, શાહેઆલમ, અમદાવાદ- ૩૮૦૦૨૮થી છપાવીને તે જ સ્થળેથી પ્રસિદ્ધ કર્યુ ● ફોન : ૨૫૩૨૦૩૩૦-૨૫૩૨૦૪૩૧-૨૫૩૨૮૮૨૫-૨૫૩૩૨૮૨૦ ● ફેક્સ : ૨૫૩૫૮૦૬૦-૨૫૩૨૬૨૭૩ ● Posting at Ahd. RMS